श्रीमद्भगवद्गीता

(સચિત્ર)

श्रीमद्

भगवद्गीता

નું

ગુજરાતી ભાષાંતર કર્તા

મણિલાલ ઇચ્છારામ દેશાઈ

"ગુજરાતી"નો તંત્રી

સંવત્ ૧૯૮૧ ઇ. સ. ૧૯૨૫

કિમ્મત ૬ આના

પ્રકાશક
"ગુજરાતી" ન્યુસ પ્રિન્ટીંગ પ્રેસ
અને
મેસર્સ એન. એમ. ત્રિપાઠીની કંપની

મળવાનાં ઠેકાણાં –

૧ મેસર્સ એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની,
બુકસેલર્સ અને પબ્લીશર્સ
પ્રિન્સેસ સ્ટ્રીટ, કાલબાદેવી રોડ, મુંબઈ નં. ૨

૨ "ગુજરાતી" ન્યુસ પ્રિન્ટીંગ પ્રેસ,
નં. ૨૦–૨૮ બેક–હાઉસ લેન,
મેડોઝ સ્ટ્રીટ, કોટ, મુંબઈ નં. ૧

"ગુજરાતી" ન્યુસ પ્રિન્ટિંગ પ્રેસમાં
મણિલાલ ઈચ્છારામ દેસાઈએ છાપી પ્રસિદ્ધ કીધું
નં. ૨૦–૨૪ બેક–હાઉસ લેન, મેડોઝ સ્ટ્રીટ,
કોટ, મુંબઈ

શ્રી ગોવર્ધનનાથજી

પ્રાકટ્ય સ ૧૪૬૬ શ્રાવણ વદ ૩ રવિ



મહોત્સવ માહ વદ ૭

હાલ મેવાડમા સિહાડ(નાથદ્વારા)ના પહાડમા બીરાજે છે

અનુક્રમણિકા

અધ્યાય	વિષય	પૃષ્ઠ
૧	ભાષાંતરકર્તાની નોંધ	૭–૯
૨	શ્રીગીતા વિષે કાંઈ જાણવા યોગ્ય	
૧	શ્રીગીતાનો ઉદ્ભવ	૧૦
૨	શ્રીગીતાનો સંગ્રહકાર	
૩	શ્રીગીતાની શ્લોક-સંખ્યા	૧૧
૪	અર્જુને ગીતા કેમ સાંભળી અને તેના રથ ધ્વજનું ચિહ્ન	૧૨
૫	શ્રીગીતામાં પૂછાયેલા પ્રશ્નો	૧૩
૬	શ્રીગીતાના રહસ્યના શ્લોકો	૧૪
૭	જગતમાં જ્ઞેય શું છે?	૧૫
૮	ગુહ્ય જ્ઞાનનો જન્મ અને લોપ ૧ કૃતયુગમાં, ૨ ત્રેતામાં અને ૩ દ્વાપરમાં	૧૬
૯	અર્જુનને શ્રીકૃષ્ણે ગુહ્ય જ્ઞાન શા માટે કહ્યું?	૧૭
૧૦	શ્રીકૃષ્ણવચનનો મહિમા	
૧૧	કર્મ-જ્ઞાનયજ્ઞની શ્રેષ્ઠતા અને નિષ્કામ કર્મયોગ અને કર્મત્યાગ અને ... વ્યવસાયાત્મિકા બુદ્ધિ અને ભાવોની સમતા	૧૮
૧૨	શ્રેષ્ઠ કોણ? તપસ્વી, સન્યાસી, કર્મયોગી શ્રદ્ધાવાન ભક્ત કે જ્ઞાની?	૧૯

૧૩ ભક્તનો પ્રભુકૃપા ઉપર આધાર ૨૦
૧૪ સ્વધર્મ શ્રેષ્ઠ છે, ,,
૧૫ કર્તવ્યાકર્તવ્યમાં શાસ્ત્રપ્રમાણ
૧૬ ભક્તિ કોને માટે? ૨૧
૧૭ યુદ્ધ કરવાને શ્રીકૃષ્ણના પ્રેરક શ્લોકાદિ ૨૨
૧૮ શ્રીકૃષ્ણના સંબોધનો ૨૭
૧૯ અર્જુનના સંબોધનો ૨૯
૨૦ શ્રીગીતામાં કહેલા રાજાઓના નામો ૩
૨૧ શ્રીગીતામાં શખાદિના વિશેષ નામો ૩૧
૨૨ અક્ષૌહિણી એટલે શું? ,,
૨૩ મહાભારતનું યુદ્ધ ક્યારે થયું? ૩૨
૩ શ્રીમંગલાચરણ ૧
૪ શ્રીગીતામાહાત્મ્ય ૨
ઈશ્વરની વાઙ્ગમયમૂર્તિ તે ગીતા ૯
વ્યાસવદન ૧૧
શ્રીકૃષ્ણકીર્તન ૧૧
મંત્ર ન્યાસ અને ન્યાસના વિધિ અને સમજણ ૧૩
શ્રીગીતાના છંદ ૧૪
ન્યાસની સમજણ ૧૫
કરન્યાસવિધિ ૧૬
હૃદયાદિન્યાસ ૧૭
અંગન્યાસ ૧૭
ધ્યાનની સમજણ ૧૮
ધ્યાન ૨૦

અનુક્રમણિકા

૪	૧ લો	અધ્યાય	અર્જુનવિષાદયોગ	૨૧
૫	૨ જો	અધ્યાય	સાંખ્યયોગ	૩૫
૬	૩ જો	અધ્યાય	કર્મયોગ	૫૯
૭	૪ થો	અધ્યાય	કર્મબ્રહ્માર્પણયોગ	૭૨
૮	૫ મો	અધ્યાય	કર્મસંન્યાસયોગ	૮૬
૯	૬ ઠ્ઠો	અધ્યાય	ધ્યાનયોગ	૯૩
૧૦	૭ મો	અધ્યાય	વિજ્ઞાનયોગ	૧૦૮
૧૧	૮ મો	અધ્યાય	તારકબ્રહ્મયોગ	૧૧૭
૧૨	૯ મો	અધ્યાય	રાજવિદ્યા—રાજગુહ્યયોગ	૧૨૮
૧૩	૧૦ મો	અધ્યાય	વિભૂતિયોગ	૧૩૭
૧૪	૧૧ મો	અધ્યાય	વિશ્વરૂપદર્શનયોગ	૧૪૯
૧૫	૧૨ મો	અધ્યાય	ભક્તિયોગ	૧૬૧
૧૬	૧૩ મો	અધ્યાય	ક્ષેત્રક્ષેત્રજ્ઞવિભાગયોગ	૧૭૬
૧૭	૧૪ મો	અધ્યાય	ગુણત્રયવિભાગયોગ	૧૮૮
૧૮	૧૫ મો	અધ્યાય	પુરુષોત્તમયોગ	૧૯
૧૯	૧૬ મો	અધ્યાય	દૈવાસુરસંપદ્વિભાગયોગ	૨ ૩
૨૦	૧૭ મો	અધ્યાય	શ્રદ્ધાત્રયવિભાગયોગ	૨૧૦
૨૧	૧૮ મો	અધ્યાય	મોક્ષસંન્યાસયોગ	૨૧૮

આ નવા ભાષાંતર વિષે નોધ

ગુજરાતીમા શ્રીકૃષ્ણની ગીતાના ભાષાતરો ઘણા થયા છે મૂળ સાથે વાચતા એમાના કોઈ પણ ભાષાતરથી સતોષ ન થયો એકબે સારા ભાષાતરો છે તેમા પણ દોષો થયેલા નજરે આવ્યા એક આવૃત્તિમા તો ભાષાતરકારે મૂળની સાથે ટીકાની વાલમેલ કરેલી જણાઈ એક બીજીમા મૂળ ન સમજવાના દોષો જણાયા ત્રીજીમા ભાષાતર બદલે કોઈ કોઈ સ્થળે ભાવાર્થ કે શ્લોકનો સાર જ આપેલો જણાયો એક શ્રીગીતા પચરત્નમા તેના એક ભાગ શ્રીવિષ્ણુસહસ્રનામનુ ભાષાતર શ્રીપૂજ્યપાદ શકરાચાર્યની ટીકાઅનુસાર કરેલુ જણાવેલુ છે, પણ શ્રીપૂજ્યપાદ શકરાચાર્યની ટીકા સાથે સરખાવતા જણાયુ કે તેના મુખપૃષ્ઠ પર છાપેલી જાહિરાત સત્ય નથી આવા કારણોએ એક સારૂ ભાષાતર કરવુ તેવી પ્રેરણા થઈ એ પ્રેરણા પ્રમાણે આ ભાષાતર કરવાનુ સાહસ કર્યું છે ભાષાતર કરતા સમજાયુ છે તેમ આ મહાન સવાદનો હેતુ, અર્જુને છોડેલા શસ્ત્રો અર્જુન પાસે પાછા ઉપાડાવવા અને શસ્ત્રો ઉપાડી સગાઓ સાથે યુદ્ધ કરવામા કોઈ પ્રકારનો દોષ નથી એવુ જ્ઞાનની સર્વ દૃષ્ટિએ શ્રીકૃષ્ણભક્ત અર્જુનના હૃદયમા ઠસાવવુ, એ છે આ ભાષા-

તરનો હેતુ શ્રીકૃષ્ણના હેતુથી વિશેષ નથી શ્રીકૃષ્ણ ભગવાનની વાણી જો સમજાઇ હોય અને યથાર્થ ગુજરાતીમા ઉતારાઈ હોય તો તમા શ્રીકૃષ્ણનીજ કૃપા સમજવી જ્યા તવુ ન બન્યુ હોય ત્યા દોષ ભાષાતરકાર દેહીનો માનવો જો દોષ જણાય તો તે જણાવવા કૃપા કરવી


વાણી શ્રીકૃષ્ણ ભગવાનની, ભાષાતર માત્ર તેના એક અતિઅલ્પ અશીનુ એમા ફળની ઇચ્છા એટલીજ છે કે આ ભાષાતર લોકમાન્ય થાય, લોકોને ઉપયોગી થાય અને લોકોને સન્માર્ગ પ્રેરનારૂ થાય મૂળમા જો કોપીરાઇટ નહિં તો ભાષાતરમા કોપીરાઈટ અશીનો કેમ હોય? આ ભાષાતરનો કોપીરાઇટ જો હોય તો શ્રીકૃષ્ણને અર્પુ છુ

શ્રીકૃષ્ણની કૃપાનો આકાક્ષી

મણિલાલ ઇચ્છારામ દેશાઈ

વૈશાખ સુદિ અક્ષયતૃતિયા,
વિ સ ૧૯૬૧, મુબઈ

શ્રીગીતાજી



પ્રાકટ્ય માર્ગશીર્ષ સુદ ૧૩

શ્રીગીતા વિષે કાઇક જાણવા યોગ્ય

૧ શ્રીગીતાનો છદ અનુષ્ટુપ છદ છે એ છદના દરેક ચરણમા આઠઆઠ અક્ષરો હોય છે પણ શ્રીગીતામા અગ્યારઅગ્યાર અક્ષરોના શ્લોકો છે તેથી તેનો છદ બીજો માનવાનો નથી, પણ તે અપવાદ ગણવાના છે વેદમા ૮ અક્ષરોના અને ૧૧ અક્ષરોના એમ બે પ્રકારના અનુષ્ટુપ છદો કહ્યા છે, તેમાથી માત્ર ૮ અક્ષરોના ચરણવાળો છદ સસ્કૃત કાવ્યોમા વપરાયો છે શ્રી વાલ્મીકિએ मा निषाद प्रतिष्ठा त्वमगम મા ૧૧ અક્ષરો લીધા છે ચાર ચરણવાળા ૪૪ અક્ષરોના શ્લોકોમા ૩૨ અર્જુનના, ૨૧ શ્રીકૃષ્ણના અને ૨ સજયના મળી કુલ ૫૫ છે ૨ જા અ મા ૮, ૮ મા અ મા ૪, ૯ મા અ મા ૨, ૧૧ મા અ મા ૩૬ અને ૧૫ મા અ મા ૫ એ પ્રમાણે છે

૨ આમા શ્રીકૃષ્ણના વચનો ભારતના કર્તા શ્રી કૃષ્ણદ્વૈપાયન વ્યાસના નહિ, પણ શ્રીકૃષ્ણના પોતાના જ વચનો માનવાના છે શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસે પ્રથમ સગ્રહ કર્યો માટે વ્યાસ ઋષિને द्रष्टा કહ્યા છે

૩ શ્રીગીતાના શ્લોકોની સખ્યા ૭૪૫ ની છે, એવુ શ્રીભારતના ભીષ્મપર્વના ૪૩ મા અધ્યાય-

મા કહ્યુ છે પણ મળે છે માત્ર ૭૦૦ મૂળમા ૬૨૦ શ્લોકો શ્રીકેશવના છે, ૫૭ અર્જુનના છે, ૬૭ સજયના અને ૧ શ્લોક ધૃતરાષ્ટ્રનો છે બીજા કહેલા ૪૬ શ્લોકો મળતા નથી શા કારણે તે લુપ્ત થયા તે પ્રભુ જાણે મળે તો અનન્ય આનદ બીજુ સાપ્રત પ્રતોમા અર્જુનના શ્લોકોમા ૨૭ વધારે છે એટલે કે ૮૫ છે અને સજયના ૬૭ ને બદલે ૪૧ મળે છે અર્જુનના શ્લોકોની સખ્યા વધી, તો તે સ્પષ્ટાર્થ કરવાના હેતુએ શુ વધી, અને કોણે અને ક્યારે વધારી? સજયના શ્લોકો કાહાડી નાખ્યા શા માટે? કોણે કાહાડી નાખ્યા? ક્યારે કાહાડી નાખ્યા? સજયના શ્લોકો વસ્તુસકલનાના અને અર્જુનના પ્રશ્નના કે સમજના છે પણ શ્રીકૃષ્ણના વચનો તો રહસ્યવાળા છે, અને તેના જ ૪૬ શ્લોકો મળતા નથી, એ અસાધારણ હાનિ છે

ગીતાની શ્લોક સખ્યા

અધ્યાય	વિષય	શ્લોક સખ્યા	કોના?		
૧	અર્જુવિષાદ યોગ	૪૭	૧ ધૃ	૨૫ સ	૨૧ અ
૨	સાખ્ય-	૭૨	૬૩ કૃ	૩ સ	૬ અ
૩	કર્મ	૪૩	૪૦		૩ ,,

૪ જ્ઞાનકર્મ સન્યાસ	૪૨	૪૧		૧ ,,
૫ સન્યાસ	૨૯	૨૮		૧ ,,
૬ ધ્યાન	૪૭	૪૨		૫ ,,
૭ જ્ઞાનવિજ્ઞાન	૩૦	૩૦		૦
૮ અક્ષરબ્રહ્મ	૨૮	૨૬		૨ ,,
૯ રાજવિદ્યારાજગુહ્ય	૩૪	૩૪		૦
૧૦ વિભૂતિ	૪૨	૩૫		૭ ,,
૧૧ વિશ્વરૂપદર્શન	૫૫	૧૪	૮	૩૩ ,,
૧૨ ભક્તિ	૨૦	૧૯		૧ ,,
૧૩ ક્ષેત્રક્ષેત્રજ્ઞવિભાગ	૩૪	૩૩		૧
૧૪ ગુણત્રયવિભાગ	૨૭	૨૬		૧ ,,
૧૫ પુરુષોત્તમ	૨૦	૨૦		૦
૧૬ દૈવાસુરસંપદ્ વિ	૨૪	૨૪		૦
૧૭ શ્રદ્ધાત્રયવિભાગ	૨૮	૨૭		૧ ,,
૧૮ મોક્ષસન્યાસ	૭૮	૭૧	૫	૨ ,
	૭૦૦	૫૭૪	૪૧	૮૫
અસલ પ્રમાણે	૭૪૫	૬૨૦	૬૭	૫૭

૪ અર્જુને ગીતા શ્રીકૃષ્ણને મુખે રથમાંથી ઉતરીને નહિ પણ રથમાં બેઠાબેઠાં સાંભળી છે, તેમજ તેના રથનો ધ્વજ હનુમાનવાળો હતો

(જુઓ ૧ લા અધ્યાયમા ૨૦ મો અને ૪૭ મો શ્લાક)

૫ શ્રીગીતામા પૂછાયેલા પ્રશ્નો –

ધૃતરાષ્ટ્ર –હે સજય, કુરુક્ષેત્રમા શુ બન્યુ તે કહો ૧ અ ૧

અર્જુન –રાજ્યથી શો લાભ? ભોગોથી શો લાભ? કૌરવોને મારીને અમારુ શુ ભલુ થશે? સબધીઓને મારીને અમારુ શુ ભલુ થશે? અમારે સમજુઓએ શા માટે પાપ કરવુ અને લોહીથી હાથ ખરડવા? ૧ અ ૩૨–૩૯

શ્રી કૃષ્ણનો પ્રતિપ્રશ્ન –તને આ મોહ ક્યાથી? આ હૃદયદૌર્બલ્ય ક્યાથી? ૨ અ ૨

અર્જુનનો પ્રશ્ન ગુરુઓને કેમ મરાય? ૨ અ ૪

,, સ્થિતપ્રજ્ઞ કોને કહે? તે કેમ રહે છે? ૨ અ ૫૪

,, આ ઘોર કર્મમા મને શા માટે લગાડો છો? ૩ અ ૧

,, ઇચ્છા ન હોતા પણ માણસ પાપ કેમ કરે છે? ૩ અ ૩૬

,, તમે દ્વાપર ત્રેતા આદિ યુગોમા હતા તે કેમ મનાય? તમે જ્ઞાન આપ્યુ તેની શી ખાતરી? ૪ અ ૪

,, કર્મસન્યાસ અને કર્મયોગ એ બેમા શ્રેષ્ઠ શુ?
૫ અ ૧
,, ચિત્ત તો ચચલ છે તને કેમ રોકાય? ૬ અ
૩૩–૩૪
,, યોગભ્રષ્ટની કેવી ગતિ ૬ અ ૩૭–૩૮–૩૯
,, બ્રહ્મ શુ છે? અધ્યાત્મ શુ છે? કર્મ શુ છે?
અધિભૂત અને અધિદૈવત કોને કહે? ૮ અ ૧ ૨
,, તમારી દિવ્ય ભૂતિ કેવી છે ત બતાવો, તમારુ
ધ્યાન કેમ કરવુ? ૧૦ અ ૧૬–૧૭–૧૮
,, તમારુ વિશ્વરૂપ મારે જોવુ છે ૧૧ અ ૩
,, ઉત્તમ યોગવેત્તા કોણ? ૧૨ અ ૧
,, ગુણાતીત કોણ? ૧૪ અ ૨૧
,, શ્રદ્ધા સહિત પણ વિધિહીન યજન કરનારની
માનસિક અવસ્થા કેવી છે? ૧૭ અ ૧
,, સન્યાસત્યાગ યોગનુ તત્ત્વ શુ છે? ૧૮ અ ૧

૬ શ્રી ગીતાનુ રહસ્ય કેવુ મોટુ છે ત માટે નીચેના શ્લોકો છે –

भक्तोऽसि मे सखा चेति रहस्य ह्येतदुत्तमम् । ४थो ।
ज्ञान तेऽह सविज्ञानमिद वक्ष्याम्यशेषत ।
यज्ज्ञात्वा नेह भूयोऽन्यज्ज्ञातव्यमवशिष्यते॥७मो । २
इदतु ते गुह्यतम प्रवक्ष्याम्यनसूयवे ।

ज्ञान विज्ञानसहित यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात्॥९મે।૧
राजविद्या राजगुह्य पवित्रमिदमुत्तमम् ।
प्रत्यक्षावगम धर्म्यं सुसुख कर्तुमव्ययम् ॥ ९મે।૨
हन्त ते कथयिष्यामि दिव्या ह्यात्मविभूतय ।
प्राधान्यत कुरुश्रेष्ठ नास्त्यन्तो विस्तरस्य मे॥१०મે। ૧
ज्ञान ज्ञानवतामहम्॥ ૧૦મે। ૩૮
नान्तोऽस्ति मम दिव्याना विभूतीना परतप ।
एष तूद्देशत प्रोक्तो विभूतेर्विस्तरो मया। ૧૦મે। ૪૦
पर भूय प्रवक्ष्यामि ज्ञानाना ज्ञानमुत्तमम् ।
यज्ज्ञात्वा मुनय सर्वे परा सिद्धिमितो गता ૧૪મે। ૧
इद ज्ञानमुपाश्रित्य मम साधर्म्यमागता ।
सर्गेऽपि नोपजायन्ते प्रलये न व्यथन्ति च ॥ ૧૪મે। ૨
मदनुग्रहाय परम गुह्यमध्यात्मसज्ञितम् ।
यत्त्वयोक्त वचस्तेन मोहोऽय विगतो मम ॥ ૧૧મે। ૧
माहात्म्यमपि चाव्ययम् । ૧૧ મે। ૨
दिव्य ददामि ते चक्षु पश्य मे योगमैश्वरम्॥ ૧૧મે। ૮
इति गुह्यतम शास्त्रमिदमुक्त मयानघ । ૧૫ મે। ૨૦
इति ते ज्ञानमाख्यात गुह्याद्गुह्यतर मया ।૧૮મે। ૬૩
सर्वगुह्यतम भूय शृणु मे परम वच । ,, ૬૪
इद ते नातपस्काय नाभक्ताय कदाचन ।
न चाशुश्रूषवे वाच्य न च मा योऽभ्यसूयति॥,, ૬૭

य इद परम गुह्य ,, ६८
अध्येष्यते च य इम धर्म्य सवादमावयो ।
ज्ञानयज्ञेन तेनाहमिष्ट स्यामिति मे मति ॥ ७०
सवादमिममश्रौषमद्भुत रोमहर्षणम् । ७४
व्यासप्रसादाच्छ्रुतवानेतद्गुह्यमह परम् । ७५
सवादमिम मद्भुतम् । ७६

ફરીફરીને પરમ ગુહ્ય, ગુહ્યતર, ગુહ્યતમ જ્ઞાન, અવ્યય માહાત્મ્ય, ઐશ્વર્યવાળો યોગ, અદ્‌ભુત સવાદ વગેરે કહ્યુ છે તે વિચારવા જેવુ છે

૭ આ જગતમા જાણવા જેવુ કોઈ હોય તો તે ઇશ્વર સબધી જ્ઞાન છે, એવુ પણ ૧૫ મા અધ્યાયમા કહ્યુ છે અને તેથી એમ સ્પષ્ટ થાય છે કે ઇશ્વર સબધી જ્ઞાન જ સવ જ્ઞાનોમા શ્રેષ્ઠ છે એ જ્ઞાન તે રાજવિદ્યા એટલે કે સર્વ વિદ્યાઓમા શ્રેષ્ઠ વિદ્યા અને સર્વ ગુહ્યોમા શ્રેષ્ઠ ગુહ્ય છે

૮ **ગુહ્ય જ્ઞાનની પરપરા**—ચોથા અધ્યાયના પ્રારભમા શ્રીકૃષ્ણ કહે છે કે આ નિષ્કામ કર્મયોગ અને સન્યાસની પરપરા પૂર્વે મેં કહી હતી અને તેનો પછી કાલે કરીને લોપ થયો તે વિષેની વાર્તા આ પ્રમાણે છે —

૧ કૃતયુગમા નારાયણે બ્રહ્માને, બ્રહ્માએ સનત્કુમારને, સનત્કુમારે વીરણ પ્રજાપતિને, વીરણે રૈભ્યને, રૈભ્યે કુક્ષિપાલને વાત કહેલી અને પછી તેનો અત આવ્યો, પછી તેનો ઉદ્ધાર અને લોપ લોપ આ પ્રમાણે થયો નારાયણે બ્રહ્માને, બ્રહ્માએ બર્હિષદ નામના મુનિઓને, તેઓએ સામડા જ્યેષ્ઠને, તેણે રાજા અવિકમ્પનને કહ્યુ અને પાછો લોપ થયો

૨ ત્રેતાયુગમા નારાયણે બ્રહ્માને, બ્રહ્માએ દક્ષને અને દક્ષે જ્યેષ્ઠ દૌહિત્ર આદિત્યને કહ્યા પછી લોપ થયો અને વળી નારાયણે વિવસ્વાને, વિવસ્વાને ને મનુએ મનુને અને ઇક્ષ્વાકુને કહી ઉદ્ધાર કર્યો અને તે પછી લોપ થયો

૩ તે પછી દ્વાપરમા પાછુ તેમ જ થયુ અને કલિયુગના આરભમા શ્રીકૃષ્ણે પોતાના ભક્ત અર્જુનને કહીને આ ઉત્તમોત્તમ જ્ઞાનનો ઉદ્ધાર કર્યો અને તે હાલ ચાલુ છે જો કે તેમાથી કાળ બળે કરીને ૪૬ શ્લોકો તો ઉડી ગયા છે એ ૪૬ શ્લોકોમા શુ કહ્યુ હશે તેની કલ્પના કરી શકાતી નથી જ્યારે જ્યારે ધર્મનો નાશ થાય ત્યારે ત્યારે હુ પાછો અવતાર લઉ છુ તે આ પ્રમાણે

૯ અર્જુનપર શ્રીકૃષ્ણની પરમ કૃપા હતી, અર્જુનની શ્રીકૃષ્ણમા પરમ શ્રદ્ધા હતી, અર્જુન શ્રીકૃષ્ણનો ભક્ત હતો માટે જ શ્રીકૃષ્ણે તેને પોતાની દિવ્ય વિભૂતિઓના દર્શન કરાવ્યા, આ અતિ ગુહ્ય જ્ઞાન સમજાવવાનુ પાત્ર બનાવ્યો આથી એમ પણ સમજવાનુ છે કે જે ઈશ્વરનો અનન્ય ભક્ત હોય, ઈશ્વરમા જેની અનન્ય શ્રદ્ધા હોય, અને જેનાપર ઈશ્વરની કૃપા હોય તેને જ સત્ય સ્વરૂપ જણાય છે અર્જુને જે વિશ્વસ્વરૂપ જોયુ તેવુ કોઇ બીજા ભક્તે જોયુ હોય તેવુ જણાયુ નથી બીજા ભક્તોએ માત્ર એકજ ભયનુ સ્વરૂપ જોયુ છે ભગવાનને ભક્ત, જ્ઞાની, શ્રદ્ધાળુ, નિષ્કામ કર્મી ભક્ત પ્રિય છે

૧૦ શ્રીગીતાના વાચનમા શ્રીકૃષ્ણે વારવાર એમ કહ્યુ છે કે જે મારુ વચન માને છે તેનો જ મોક્ષ છે

૧૧ પ્રારભમા શ્રીકૃષ્ણે જ્ઞાનયજ્ઞ શ્રેષ્ઠ છે એ પ્રતિપાદન કર્યું છે પણ અર્જુનથી તે સમજાયુ નહિ ત્યારે કર્મોનો ત્યાગ શ્રેષ્ઠ કે કર્મોનો યોગ શ્રેષ્ઠ તેવો પ્રશ્ન કર્યો ત્યારે શ્રીકૃષ્ણે તેનુ સમાધાન કર્યું છે કે ઉભય શ્રેષ્ઠ છે, પણ ત્યાગ કરતા યોગ શ્રેષ્ઠ છે એમ કહેવુ પડ્યુ છે, કારણ કે તે વિના અર્જુન શસ્ત્ર ઉપાડે નહિ

વળી જ્ઞાન ન હોય અને નિષ્કામ કર્મયોગ કે કર્મત્યાગ ન હોય ત્યા શુ કરવુ તેના સમાધાન માટે નિષ્કામ અનન્ય ભક્તિને સાધન જણાવેલુ છે

શ્રીકૃષ્ણે વ્યવસાયાત્મિકા અથવા નિશ્ચયાત્મિકા બુદ્ધિપર પણ તેમ ભાવોના સમત્વપર ભાર મૂકેલો છે તે પણ ધ્યાનમા રાખવાનુ છે

વ્યવહારમા ફળની આસક્તિવાળા અજ્ઞાની ઓમા જેઓ ભેદભાવ ઉત્પન્ન કરે છે તે માટે શ્રી-કૃષ્ણના વચન વિચારવા જેવા છે શ્રીકૃષ્ણે તેમના સબધમા કર્મ કરાવવા પર ભાર મૂક્યો છે શ્રીકૃષ્ણે જે જનકાદિનો દાખલો આપ્યો છે તેઓ તો લોકોને અનુસરવા યોગ્ય હોય તેમા શકા હોય જ નહિ પણ શ્રીકૃષ્ણ પોતે પણ કર્મ કરે છે, શાસ્ત્રાનુસાર, નિયમાનુસાર કર્મ કરે છે એમ કહ્યુ છે તે પણ ભૂલવા જેવુ નથી અર્થાત્ કર્મવિહીન બનવુ તે પ્રભુ ને ઇષ્ટ નથી

૧૨ આ દુનિયામા શ્રેષ્ઠ કોણ, તપસ્વી, સન્યાસી કર્મયોગી, જ્ઞાની, શ્રદ્ધાળુ ભક્ત એવો પ્રશ્ન થાય તો તે સર્વમા આસક્તિ વિનાનો, નિત્યયુક્ત, સમત્વ-વાન, જ્ઞાનવાન, આત્મવાન, ભાવોનો ત્યાગી ઇત્યા દિક ગુણો તો જોઇએ જ

૧૩ ૭મા અધ્યાયના ૧૮મા અને ૧૯ મા શ્લો કોમા **ज्ञानी त्वात्मैव** અને **बहूना जन्मनामन्ते ज्ञानवान्मा प्रपद्यते। वासुदेव सर्वमिति स महात्मा सुदुलभ ॥** આ વચનોથી હદ કરી છે સમજીને નિષ્કામ ભક્તિ કરવી વાસુદેવ એજ સર્વ છે એ સમજવુ, આપણે તો માત્ર તેના આડતિયા છીએ એમ માની તેને શરણ જવુ એ એક વાર્તા છે, અને અજ્ઞાન રહી નિષ્કામ શ્રદ્ધા વાન ભક્ત થવુ, પ્રભુની દયાપર આધાર રાખવો, એ બીજી વાર્તા છે આ બેમા શ્રેષ્ઠ કોણ, એનો નિર્ણય તો જેવો પ્રસગ તેવી વાત

૧૪ પણ શ્રીકૃષ્ણ એક વાત સારી કહે છે કે મને તો સ્ત્રી, વૈશ્ય, શૂદ્ર સમાન છે અને તમો પરસ્પર સમાન દૃષ્ટિ રાખો પણ તેની સ્વધર્મત્યાગ કરવાની ચોખ્ખી ના છે અને તેવુ બે વાર, ૭ મા અને ૧૮ મા અધ્યા યમા, કહ્યુ છે, કે આપણો ધર્મ ઉતરતો હોય અને પારકાનો સ્વનુષ્ઠિત હોય તોપણ પોતાનો ધર્મ છો ડવો નહિ, અને પારકો ધર્મ અગીકાર કરવો એ ભયાવહ છે

૧૫ વળી શ્રીકૃષ્ણે એ પણ કહ્યુ છે કે કર્તવ્યાકર્ત-વ્યમા શાસ્ત્રને પ્રમાણ માનવુ અને શાસ્ત્રવિહિત કર્મો કરવા જ્ઞાનીનુ અ શ્રદ્ધાથી કરેલુ કર્મ ફળ ન આપે,

પણ અજ્ઞાનીનુ શ્રદ્ધાવાળુ કેમ આપે છે મનુષ્યે પોતાનુ સહજ કર્મ, સ્વાભાવિક કર્મ તજવુ નહિ

૧૬ શ્રીકૃષ્ણે જ્ઞાનીનુ, કર્મત્યાગી અને કર્મયોગીનુ, અને અનન્ય ભક્ત અને નિશ્ચયાત્મિકા બુદ્ધિવાળાનુ એ સર્વના સ્વરૂપો સમજાવેલા છે તેણે વળી કહ્યુ છે કે અભ્યાસથી જ્ઞાન ચઢે, જ્ઞાનથી ધ્યાન, ધ્યાનથી કર્મફળનો સન્યાસ એ શ્રેષ્ઠ છે અને તેથી અનત શાન્તિ મળે છે ત્યારે ભક્તિ કોને માટે ? ચિત્ત સ્થિર ન થાય તો અભ્યાસ, અભ્યાસ ન થાય તો મમ પ્રીત્યર્થ કર્મ, મમ પ્રીત્યર્થ કર્મ પણ ન થાય તો કર્મફળનો ત્યાગ અને શ્રદ્ધા અથવા ભક્તિ ભક્તનો મોક્ષ પ્રભુની કૃપા, દયા, પુષ્ટિ, અનુગ્રહથી થાય છે

આ સર્વ ઉપદેશના પરિણામે અર્જુન જ્ઞાની થયો, કર્મફળનો ત્યાગી થયો, કર્મયોગી થયો, અનન્ય ભક્ત થયો અને લડ્યો

૧૭ યુદ્ધ કરવા માટે શ્રીકૃષ્ણના પ્રેરક વચનો –

क्षुद्र हृदयदौर्बल्य त्यक्त्वोत्तिष्ठ परतप २ અ ૩, अशोच्यानन्वशोचस्त्वम। ૨ અ ૧, मात्रास्पर्शास्तु तितिक्षस्व । ૨ અ ૧૪ तस्माद्युध्यस्व भारत । ૨ અ ૧૮, प्रज्ञावादांश्च भाषसे ૨ અ ૧૧, नानुशोचितुमर्हसि । ૨

અ–૨૫–૨૬–૨૭, ૩૦, न त्वं पितुमर्हसि। धर्म्याद्धि युद्धाच्छ्रेयोऽन्यत्क्षत्रियस्य न विद्यते। ૨ અ ૩૧, ક્ષત્રિયને માટે તો આ સ્વર્ગનું દ્વાર ઉઘડ્યું છે માટે તું જો धर्म्यं संग्राम न करिष्यसि તો સ્વધર્મ અને કીર્તિનો નાશ થશે અને પાપી બનશે, તારી નિંદા થશે, સંભાવિતની અપકીર્તિ થશે ૨ અ ૩૩–૩૪ ડરીને રણમાંથી નાસી ગયો કહેવાશે ૨ અ ૩૫, ૩૬ તું જિતશે તો પૃથ્વી ભોગવીશ અને હારશે તો સ્વર્ગ મળશે ૨ અ ૩૭, માટે સુખદુઃખ અને જયાજય અને લાભાલાભને સમાન કરીને લડ, લડવાથી પાપ નથી ૨ અ ૩૮, લડશે તો કર્મબંધનોનો નાશ થશે ૨ અ ૩૯, અર્જુન તું નિસ્ત્રૈગુણ્ય થા, નિર્દ્વંદ્વ થા, નિત્યસત્વસ્થ, નિર્યોગક્ષેમ અને આત્મવાન થા ૨ અ ૪૫, તારો ક્ષત્રિયનો અધિકાર કર્મનો છે, ફળનો નથી ૨ અ ૪૭, કર્મયોગસ્થ થઈ કર્મ કર, સંગને છોડી દે ૨ અ ૪૮, બુદ્ધિમાં શરણ લે અર્થાત્ કર્મ કર ૨ અ ૪૯, तस्माद्योगाय युज्यस्व, योग कर्मसु कौशलम् ૨ અ ૫૦, તું મોહરૂપી કીચડનો પાર ઉતરશે ત્યારે સમજશે ૨ અ ૫૨, અને સમાનપણાવાળા યોગને પામીશ ૨ અ ૫૩, અસક્ત કર્મયોગી શ્રેષ્ઠ છે ૩ અ ૭, नियत कुरु

कर्म त्वं તારા માટે ઠરાવેલું ક્ષત્રિયનું કર્મ કર ૩ અ ૮, मुक्तसंग समाचर ૩ અ ૯, तस्मादसक्त सततं कार्यं कर्म समाचर ૩ અ ૧૯ અને જનકાદિનો દાખલો લેઇને તું લોકસંગ્રહને માટે કર્મ કર ૩ અ ૨૦, તું જો કે મારે કંઈ લેવાદેવાનું નથી, પણ હું પણ કર્મ કરું છું वर्त एव च कर्मणि ૩ અ ૨૨, તું જો કર્મ ન કરશે તો ઇશ્વરવિરુદ્ધ જનારો થશે ૩ અ ૨૬, કારણ કે પ્રકૃતિના ગુણોવડે કર્મો થાય છે ૩ અ ૨૭, માટે निराशी निर्ममो भूत्वा युद्धस्व विगत-ज्वरः । ૩ અ ૩૦ મારો મત માને તેનો મોક્ષ થાય છે ૩ અ ૩૧, સ્વધર્મપાલન શ્રેષ્ઠ છે, માટે તું તેમ કર ૩ અ ૩૫, जहि शत्रु महाबाहो कामरूपं दुरासदम् ૩ અ ૪૩, कुरु कर्मैव तस्मात्त्वं पूर्वैः पूर्वतरं कृतम् । ૪ અ ૧૫, तत्ते कर्म प्रवक्ष्यामि यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् । ૪ અ ૧૬, કર્મયજ્ઞથી મોક્ષ છે ૪ અ ૩૨, કે જે જાણ્યાથી તારો મોહ દૂર થશે ૪ અ ૩૫ અને તું પાપી હશે તોપણ તું જ્ઞાનનૌકાથી તરી જઇશ ૪ અ ૩૬, માટે તું छित्त्वैनं संशयं योगमातिष्ठोत्तिष्ठ भारत । ૪ અ ૪૨, સંશય છેદીને કર્મયોગનો આશ્રય કર અને લડવાને ઉભો થા, કલ્યાણ કરનારની દુર્ગતિ કદી થતી નથી ૬ અ ૪૦ અને તું તો

કલ્યાણ કરે છે માટે તુ નિષ્કામ કર્મયોગી થા ૬ અ ૪૬ વળી तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर युद्धय च । ૮ અ ૭, तस्मात्सर्वेषु कालेषु योगयुक्तो भवार्जुन ૮ અ ૨૭, यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् । ૯ અ ૧, સર્વ ભૂતો મારામા છે તે તુ જાણ અને ૭ ના ૯ અ ૬, તુ જે કાઈ કરે, ભોગવે, હોમે, આપે, તપ કરે તે મને આપ ૯ અ ૨૭, અર્થાત્ કે તુ લડે તે પણ મને આપી દે, એટલે તુ શુભાશુભ ફળોના બધનમાથી છૂટીશ અને મુક્ત થઇશ ૯ અ ૨૮, મારો આશ્રય કરનારા મોક્ષ પામે છે ૯ અ ૩૨, આ અનિત્ય લોક પામીને તુ મને ભજ ૯ અ ૩૩, આત્માને મારામા જોડીને મારે શરણ આવેલો તુ મુક્ત થઇશ, કારણ કે હુ જ ઇશ્વર છુ ૯ અ ૩૪, હુ જ આખા જગતને ધારી રહ્યો છુ ૧૦ અ ૪૨, તુ લડે નહિ તોપણ એ જીવતા રહેશે નહિં ૧૧ અ ૩૨, માટે તુ તારે ઉભો થા, લડ, યશ મેળવ, શત્રુઓને માર અને રાજ્ય ભોગવ, એમને મે હણેલા છે, પણ તુ હવે તેમા નિમિત્ત થા ૧૧ અ ૩૩, મે હણેલાને તુ હણ, તુ વ્યથા ન પામ અને યુદ્ધ કર, તુ જીતીશ ૧૧ અ ૩૪, મારામા મનને લગાડ, મારામા બુદ્ધિ દૃઢ કર, આ શરીર પડ્યા

પછી તુ મારે વિષે સહવાસ કરીશ એમા સશય નથી ૧૨ અ ૮, મને સર્વ કર્મ અર્પણ કરનારાનો હુ ઉદ્ધાર કરુ છુ, તુ પણ તેમ મારી પ્રીત્યર્થે કર્મ કર, તુ સિદ્ધિને પામીશ ૧૨ અ ૯–૧૦–૧૧, આ ગુહ્યતમ શાસ્ત્ર જાણીને બુદ્ધિમાનો કૃતકૃત્ય થાય છે અને તુ તો મારો ભક્ત છે, બુદ્ધિમાન છે, દૈવી સપત્તિમા જન્મેલો છે માટે તારે તો ભય નથી, તુ લડ ૧૬ અ ૫, તારે માટે લડવાનો ધર્મ શાસ્ત્રે કહ્યો છે, તુ તને પ્રમાણ માનીને કર્મ કર ૧૬ અ ૨૪, ક્ષત્રિયનો ધર્મ લડવાનો છે, પાછા હઠવાનો નથી ૧૮ અ ૪૩, પોતપોતાના કર્મમા મચેલાનો મોક્ષ છે ૧૮ અ ૪૫, સ્વભાવે, જન્મે નક્કી કરેલા કર્મ કરવામા દોષ નથી ૧૮ અ ૪૭, સહજ કર્મ દોષવાળુ હોય પણ ત્યજવુ નહિ ૧૮ અ ૪૮, તુ બ્રહ્મભૂત થા, શોક ના કર, કાક્ષા ના કર, મારામા સર્વ કર્મોનો સન્યાસ કર, બુદ્ધિયોગ કર અને મત્પરાયણ થા ૧૮ અ ૫૭, મારામા મન લગાડીને તુ સર્વ કર્મોને તરી જશે, અને જો તુ અહકારથી આ ઉપદેશ સાભળીશ નહિ તો વિનાશ પામીશ ૧૮ અ ૫૨, જો તુ અહકારથી હુ યુદ્ધ ન કરુ એમ માનશે તો તે તારો નિશ્ચય ખોટો થશે, કારણ કે તને તારી ક્ષત્રિયની પ્રકૃતિ નક્કી યુદ્ધમા

ઉતારશે ૧૮ અ ૫૯, સ્વભાવજન્ય કર્મો વડે નિરતર બધાયેલો તુ મોહને લીધે જે નથી કરવા ઇચ્છતો તે તુ પરાણે કરીશ ૧૮ અ ૬૦, ઇશ્વર સર્વને રમાડે છે તેને તુ શરણે જા અને તેની કૃપાથી પરા શાતિ અને શાશ્વત સ્થાન પામીશ ૧૮ અ ૬૨, તુ મારો ભક્ત છે માટે હુ તને કહુ છુ, હુ તારો મોક્ષ કરીશ, તુ શોક ના કર, સવ ધર્મોનો ત્યાગ કરી મારે શરણે આવ ૧૮ અ ૬૬

૧૦ આમ કર્મયોગી થવાને, જ્ઞાનયોગી થવાને, ફળોનો ત્યાગી થવાને અને શ્રીકૃષ્ણમા શ્રદ્ધા રાખી ભક્ત થવાને સમજાવી શ્રીકૃષ્ણે છેવટે અર્જુનને પૂછ્યુ કે તે એકાગ્ર ચિત્તે સાભળ્યુ કે કેમ ? તારો સમોહ સારી રીતે નાશ પામ્યો કે કેમ ?

અર્જુને કહ્યુ આપની કૃપાથી મારો મોહ નાશ પામ્યો છે, અને સ્મૃતિ પ્રાપ્ત થઇ છે, સદેહરહિત થયો છુ, હવે આપના વચન પ્રમાણે ચાલીશ, લડીશ

જ્યા યોગેશ્વર શ્રીકૃષ્ણ આવો ઉપદેશ કરનારા અને જ્યા જ્ઞાની ભક્ત અર્જુન જેવા ધનુર્ધર હોય ત્યા પરિણામ શુ હોય ? લક્ષ્મી, વિજય સપત્તિ અને અચલ નીતિ એવો મારો દૃઢ અભિપ્રાય છે

इति श्रीकृष्णाय नम ॥

૧૮. શ્રીકૃષ્ણનાં સંબોધનો

૧ અચ્યુત=જેની ચ્યુતિ (ક્ષય) કદિ પણ નથી તે
૨ અનંત=જેનો અંત (પાર) નથી એવા
૩ અપ્રતિમપ્રભાવ=અતુલ્ય પ્રભાવાળા
૪ અરિસૂદન=શત્રુને હણનાર
૫ આદ્ય=સર્વના આદિકારણરૂપ
૬ કમલપત્રાક્ષ=કમલના પત્ર જેવા નેત્રવાળા
૭ કૃષ્ણ=શ્યામસ્વરૂપ અથવા સદાનંદ પરબ્રહ્મ
૮ કેશવ=(ક+ઈશ+વ) બ્રહ્મા અને મહેશને આનંદકર્તા, નવરૂપ, કેશિ દૈત્યને મારનાર, જળમાં જેનું શયન છે તે
૯ કેશિનિષૂદન=કેશિ નામના દાનવને મારનાર
૧૦ ગોવિંદ=(ગો=ઇંદ્રિય,વિંદ=જ્ઞાતા,નિયામક) ઇંદ્રિયોના સ્વામી, જ્ઞાતા અથવા ગાયોના [પાળનાર
૧૧ જગત્પતિ=જગતના નાથ
૧૨ જગન્નિવાસ=જગતમાં નિરંતર વસનાર
૧૩ જનાર્દન=(જના+અર્દન) જના(માયા)ને [પીડનાર
૧૪ દેવ=દિવ્ય, તેજસ્વી
૧૫ દેવદેવ, દેવેશ=દેવોના દેવ, દેવોના ઇશ, દેવતાઓના પણ નિયામક, સૂર્ય વગેરે પ્રકાશક વસ્તુઓના પણ પ્રકાશક.

૧૬ દેવવર=દેવતાઓમા ઉત્તમ
૧૭ પરમેશ્વર=(પરમ+ઇશ+વર) મોટા ઐશ્વર્ય-
વાળા, સવ દેવથી પણ ઉત્તમ
૧૮ પુરુષોત્તમ=ક્ષર અને અક્ષર એ બે પુરુષોથી ઉત્તમ
૧૯ પ્રભુ=સમથ
૨૦ ભગવાન્=ઐશ્વય, વીય, યશ શ્રી, જ્ઞાન, અને વૈરાગ્ય, એ છ સપત્તિથી યુક્ત *
૨૧ ભૂતભાવન=ભૂત એટલે જડ તથા ચેતન પચમહાભૂત જીવોના ઉત્પાદક
૨૨ ભૂતેશ=ભૂતોના નિયામક
૨૩ મધુસૂદન=મધુ નામના દૈત્યને મારનાર
૨૪ મહાત્મા=મોટા આત્મા (પરમાત્મા)
૨૫ મહાબાહૂ=મોટા હાથવાળા
૨૬ માધવ=(મા+ધવ) લક્ષ્મીના પતિ
૨૭ યાદવ=યદુવશોદ્‌ભવ, યદુવશી જાદવ
૨૮ યોગી, યોગેશ્વર=યોગની સિદ્ધિવાળા, યોગીઓના પણ ઇશ્વર
૨૯ વાસુદેવ=વસુદેવના પુત્ર અથવા સર્વવ્યાપી
૩૦ વાર્ષ્ણેય=વૃષ્ણી યાદવના કુળમા પ્રકટેલા

---

* ऐश्वर्यस्य समग्रस्य वीर्यस्य यशस श्रिय ।
ज्ञानवैराग्ययोश्चैव षण्णा भग इतीरत ॥ विष्णुपुराण

૩૧ વિશ્વેશ્વર=જગતના ઈશ્વર
૩૨ વિશ્વમૂર્તિ=વિશ્વરૂપ શરીરવાળા
૩૩ વિષ્ણુ=વ્યાપક [રૂપ)
૩૪ સર્વ=સર્વ (જે કાંઈ સત્ય પદાર્થો છે તે બધા)
૩૫ સહસ્રબાહુ=હજારો (અનત) હાથવાળા
૩૬ હૃષીકેશ=ઇંદ્રિયોના નિયામક

૧૯. અર્જુનના સબોધનો

૧ અનઘ (અન્+અઘ)=નિષ્પાપ, પાપરહિત
૨ અર્જુન=શુચિ, પવિત્ર અત કરણનો આત્મા
૩ કુરુનદન=કુરુકુલનો પુત્ર વા કુરુને આનદદાતા
૪ કુરુપ્રવીર=કુરુવશમા મહાવીર
૫ કુરુશ્રેષ્ઠ, કુરુસત્તમ=કુરુકુળમા ઉત્તમ
૬ કૌતેય=કુતીના પુત્ર
૭ ગુડાકેશ=ગુડાકા=નિદ્રા,ઊંઘને જિતનાર,જ્ઞાની
૮ તાત=પિતા (બાલકને લાડમા બાપ (કહે છે)
૯ ધનજય=શત્રુના ધનને જિતનાર * [વાળા
૧૦ પરતપ=શત્રુને તપાવનાર અથવા મોટા તપ
૧૧ પાડવ=પાડુરાજાના પુત્ર [કરનાર)

---

* सर्वाञ्जनपदाञ्जित्वा वित्तमादाय केवलम् ।
मध्ये धनस्य तिष्ठामि तेनाहुर्मां धनञ्जयम् ॥ (महाभारत)

૧૨ પાર્થ=પૃથા(કુંતી)ના પુત્ર
૧૩ પુરુષર્ષભ=પુરુષોમાં શ્રેષ્ઠ
૧૪ પુરુષવ્યાઘ્ર=પુરુષોમાં સિંહરૂપ [શમાં ઉત્તમ
૧૫ ભરતર્ષભ, ભરતશ્રેષ્ઠ, ભરતસત્તમ=ભરત વ-
૧૬ ભારત=ભરતવંશોત્પન્ન, ભા(જ્ઞાન)માં પ્રીતિ-
૧૭ મહાબાહુ=મોટા હાથવાળો [વાળો
૧૮ સવ્યસાચી=ડાબે હાથે પણ જમણા હાથ પેઠે બાણ સજનાર
૧૯ કપિધ્વજ જેના ધ્વજમાં કપિ=હનુમાન છે તે

૨૦. રાજાઓના વિશેષ નામો

પાંડવ (પાંચ પાંડવ અથવા એકેક)	કર્ણ	ધૃતરાષ્ટ્ર
	કૃપ	કપિધ્વજ
દુર્યોધન	સમિતિંજય	દ્રોણ
ભીમ	અશ્વત્થામા	વૃકોદર (ભીમ)
દ્રુપદ	વિકર્ણ	પાંડવ (પાંડવોના પક્ષકાર)
ધૃષ્ટકેતુ	સૌમદત્તિ	
ચેકિતાન	પિતામહ	ધાર્તરાષ્ટ્ર (ધૃતરાષ્ટ્રના પક્ષકાર)
કાશિરાજ	હૃષીકેશ	
પુરુજિત્	ધનંજય	યુયુધાન
કુંતિભોજ	ભીમકર્મ	ભૂરિશ્રવા

શૈબ્ય	યુધિષ્ઠિર	જનક
યુધામન્યુ	નકુલ	મનુ
ઉત્તમૌજા	સહદેવ	વિવસ્વાન
સૌભદ્ર	કાશ્યપ	જયદ્રથ
(અભિમન્યુ)	શિખંડી	કૌંતેય (કુંતીના
દ્રૌપદેય (દ્રૌપદી-	ધૃષ્ટદ્યુમ્ન	પુત્ર)
ના પાંચ પુત્રો)	વિરાટ	સંજય
ભીમ	સાત્યકિ	

૨૧. શંખાદિનાં વિશેષ નામો

શંખો	પાંચજન્ય	દેવદત્ત	પૌંડ્ર
મહાશંખ	અનંતવિજય	સુઘોષ	મણિપુષ્પક

૨૨ કુરુક્ષેત્રની સેના–૧૮ અક્ષૌહિણી

પાણ્ડવ		કૌરવ	
સાત્યકિ	૧	ભગદત્ત	૧
ધૃષ્ટકેતુ	૧	ભૂરિશ્રવા	૧
જયત્સેન	૧	શલ્ય	૧
પાણ્ડવ	૧	કૃતવર્મા	૧
દ્રુપદ	૧	જયદ્રથ	૧
વિરાટ	૧	સુદક્ષિણ	૧

મિશ્રિત	૧	વિન્દ	૧
	—	અનુવિન્દ	૧
	૭	પાચ કકય	૧
		મિશ્રિત	૧
			૧૧

૪ લાખ રથ, ૪ લાખ હાથી, ૧૦ લાખ ઘોડા, ૨૦ લાખ યોદ્ધા એટલાની હાનિ ૧૮ દિવસમા થઇ હતી અક્ષૌહિણી માટે ભિન્ન ભિન્ન મત છે આદિ પર્વના ૨જા અધ્યાયમા આ પ્રમાણે છે –

એક રથ, એક હાથી, પાચ પાળા અને ત્રણ ઘોડાની એક પત્તિ, એવા ત્રણ પત્તિની એક સેનામુખ, ત્રણ સેનામુખનો એક ગુલ્મ, ત્રણ ગુલ્મનો એક ગણ, ત્રણ ગણની એક વાહિની, ત્રણ વાહિનીની એક પૃતના, ત્રણ પૃતનાનો એક ચમૂ, ત્રણ ચમૂની એક અનીકિની અને દશ અનીકિની એક અક્ષૌહિણી કહેવાય છે એટલે એક અક્ષૌહિણીમા ૨૧,૮૭૦ રથ, ૨૧,૮૭૦ હાથી, ૧,૦૯,૩૫૦ પાળા, તથા ૬૫,૬૧૦ ને ઘોડાઓ હોય છે

૨૩ મહાભારતનુ ધર્મયુદ્ધ આજથી ૫,૦૦૦ વર્ષ પર અથવા ઇ સ પૂર્વે ૩,૦૦૦ વર્ષ પર થયુ હતુ

अथ

श्रीमद् भगवद्गीता

॥ श्रीगणेशाय नमः ॥

શ્રી મંગલાચરણ

शुक्लाम्बरधर विष्णुं, शशिवर्णं चतुर्भुजम् ।
प्रसन्नवदनं ध्यायेत्, सर्वविघ्नोपशान्तये ॥१॥
व्यास वसिष्ठनप्तार, शक्तेः पुत्रमकल्मषम् ।
पराशरात्मजं वन्दे, शुकतातं तपोनिधिम् ॥२॥
व्यासाय विष्णुरूपाय, व्यासरूपाय विष्णवे ।
नमो वै ब्रह्मनिधये, वासिष्ठाय नमो नमः ॥३॥
अचतुर्वदनो ब्रह्मा, द्विबाहुरपरो हरिः ।
अभाललोचनः शंभुर्भगवान् बादरायणः ॥ ४ ॥

સર્વ વિઘ્નોની સારી રીતે શાંતિ માટે શ્વેત અમ્બર ધરનારા, શશિના જેવા વર્ણવાળા, ચાર ભુજવાળા, પ્રસન્ન વદનવાળા વિષ્ણુનું ધ્યાન ધરવું ૧

વ્યાસને, વસિષ્ઠના નપ્તાને, શક્તિના પુત્રને, પાપ વિનાનાને, તપના સંગ્રહરૂપ શુકના પિતાને, પરાશરના પુત્રને હું નમન કરું છું ૨

શ્રીવિષ્ણુસ્વરૂપ વ્યાસને, વ્યાસસ્વરૂપ શ્રીવિષ્ણુને, બ્રહ્મનિધિને અમારા નમસ્કાર છે, વસિષ્ઠના પુત્રને અમારા ફરી ફરીને નમસ્કાર છે ૩

ચતુર્મુખ બ્રહ્મા કરતા એક મુખવાળા તમો બ્રહ્મ શ્રેષ્ઠ છો, તમો બે હાથવાળા હરિ શ્રેષ્ઠ છો, શંભુને ત્રણ લોચન છે પણ તમો તો કપાળમા લોચન વિનાના છો, તમો ભગવાન બાદરાયણ શ્રેષ્ઠ છો ૪

ભગવદ્ગીતા માહાત્મ્ય

धरोवाच । ધરા પૂછે છે કે–

भगवन्परमेशान भक्तिरव्यभिचारिणी ।
प्रारब्धं भुज्यमानस्य कथ भवति हे प्रभो ॥१॥

હે ભગવન્, હે પ્રભો, પ્રારબ્ધને ભોગવી રહેલા માણસને અનન્ય ભાવવાળી ભક્તિ કેવી રીતે ઉત્પન્ન થાય, હે પરમેશાન, તે મને કહો ૧

श्रीविष्णुरुवाच ।

प्रारब्ध भुज्यमानो हि गीताभ्यासरतः सदा ।
स मुक्तः स सुखी लोके कर्मणा नोपलिप्यते ।२।

શ્રીવિષ્ણુ ભગવાન બોલ્યા કે–પ્રારબ્ધ કર્મને ભોગવી રહેલા માણસ જો સદા ગીતાભ્યાસ ઉપર

પ્રીતિ રાખે તો તે અવશ્ય આલોકમા સુખી અને મુક્ત રહે, અને કર્મથી લેપાય પણ નહિ ૨

महापापादिपापानि गीताध्यानं करोति चेत् ।
क्वचित्स्पर्शं न कुर्वंति नलिनीदलमम्बुवत् ॥३॥

કમળપત્રને જેમ જળ સ્પર્શ કરી શકતુ નથી, તેમ ગીતાજીનુ ધ્યાન કરનાર માણસને મહા પાતકાદિ જેવા પાપો પણ કદાપિ સ્પર્શ કરતા નથી ૩

गीतायाः पुस्तकं यत्र यत्र पाठः प्रवर्तते ।
तत्र सर्वाणि तीर्थानि प्रयागादीनि तत्र वै ॥४॥
सर्वे देवाश्च ऋषयो योगिनः पन्नगाश्च ये ।
गोपाला गोपिका वापि नारदोद्धवपार्षदैः ॥५॥
सहायो जायते शीघ्रं यत्र गीता प्रवर्तते ।

જ્યા જ્યા ગીતાનુ પુસ્તક હોય અને જ્યા જ્યા તેનો પાઠ થયા કરતો હોય ત્યા ત્યા પ્રયાગાદિ સર્વે તીર્થો, અને સર્વે દેવો, ઋષિઓ, યોગીઓ, પન્નગો, ગોપાલો, ગોપિકાઓ તેમજ નારદ, ઉદ્ધવ અને પાર્ષદો રહે છે એમ જાણવુ જ્યા ગીતાનો પ્રચાર છે, ત્યા (પ્રભુની) સહાય સત્વર મળે છે ૪-૫

यत्र गीताविचारश्च पठनं पाठनं श्रुतम् ।
तत्राहं निश्चितं पृथ्वि निवसामि सदैव हि ॥६॥

વળી હે પૃથિવ, જ્યા ગીતા સબધી વિચાર ચાલે છે અને જ્યા તેનુ પઠન, પાઠન તથા શ્રવણ થાય છે, ત્યા જ હુ સદૈવ રહુ છુ ૬

गीताश्रयेऽहं तिष्ठामि गीता मे चोत्तमं गृहम् ।
गीताज्ञानमुपाश्रित्य त्रींल्लोकान्पालयाम्यहम् ।७।
गीता मे परमा विद्या ब्रह्मरूपा न संशयः ।
अर्धमात्राक्षरा नित्या स्वानिर्वाच्यपदात्मिका ८

હુ ગીતાને આશ્રયે રહેલો છુ, ગીતા મારુ ઉત્તમ ધામ છે, અને ગીતાના જ્ઞાનનો આશ્રય લઇને જ હુ ત્રણે લોકને પાળુ છુ ગીતા એ જ મારી બ્રહ્મ-રૂપા પરમ વિદ્યા છે એમા સશય નથી વળી તે નિત્ય, અર્ધ માત્રા વાળી, અવિનાશી અને મારાથી પણ જેના પદનો યથાર્થ અર્થ થઇ શકે નહિ એવી અનિવાર્ચ્ય પદ વાળી છે ૭-૮

चिदानदेन कृष्णेन मोक्ता स्वमुखतोऽर्जुनम् ।
दत्रयी परानंदा तत्त्वार्थज्ञानसंयुता ॥ ९ ॥

ચિદાનદ શ્રીકૃષ્ણે સ્વમુખે અર્જુનને કહેલી આ ગીતા ત્રણ વેદ જેવી, પરમાનદ સ્વરૂપ અને તત્ત્વના અર્થજ્ઞાનથી ભરેલી છે ૯

योऽष्टादशजपो नित्यं नरो निश्चलमानसः ।
ज्ञानसिद्धिं स लभते ततो याति परं पदम् ।१०।

નિશ્ચલ મન રાખી જે માણસ નિત્ય તેના અઢાર (વાર કે અધ્યાયનો) જપ કરે છે તેને જ્ઞાનસિદ્ધિ પ્રાપ્ત થાય છે, અને તેવડે પરમ પદને પામે છે ૧૦

पाठेऽसमर्थः संपूर्णे ततोऽर्धं पाठमाचरेत् ।
तदा गोदानजं पुण्यं लभते नात्र संशयः ॥११॥

સંપૂર્ણ પાઠ કરવાનું સામર્થ્ય ન હોય અને અર્ધો જ પાઠ કરે તોપણ તેને ગોદાનથી થતું પુણ્ય પ્રાપ્ત થાય એમાં સંશય નથી ૧૧

त्रिभागं पठमानस्तु गंगास्नानफलं लभेत् ।
षडंशं जपमानस्तु सोमयागफलं लभेत् ॥१२॥

ત્રીજા ભાગનું પઠન કરનારને ગંગાસ્નાનનું ફળ મળે છે અને છઠ્ઠા ભાગનો જપ કરનારને સોમયાગનું ફળ પ્રાપ્ત થાય છે ૧૨

एकाध्यायं तु यो नित्यं पठते भक्तिसंयुतः ।
रुद्रलोकमवाप्नोति गणो भूत्वा वसेच्चिरम् ॥१३॥

ભક્તિપૂર્વક જે માણસ ગીતાના માત્ર એક જ અધ્યાયનું નિત્ય પઠન કરે છે તે રુદ્રલોકને પામે

છે, અને આખરે ગણ થઇને ચિરકાળ પર્યંત રુદ્ર-લોકમા વસે છે ૧૩

अध्यायं श्लोकपाद वा नित्यं यः पठते नरः ।
यावन्मन्वन्तरं याति नरता स वसुधरे ॥ १४ ॥

હે વસુન્ધરે, જે માણસ ગીતાના એક અધ્યાયનુ, એક શ્લોકનુ અથવા તેના ચતુર્થ પદનુ પણ નિત્ય પઠન કરે છે તે માણસ મન્વન્તર લગી નરત્વ–માણસપણામા રહે છે (અર્થાત્ કીટ, પતગાદિક અધમ જાતિમા જન્મ પામતો નથી) ૧૪

गीतायाः श्लोकदशक सप्तपंचचतुष्टयम् ।
द्वौ त्रीनेक तदर्ध वा श्लोकाना यः पठेन्नरः ।१५।
चद्रलोकमवाप्नोति वर्षाणामयुतं ध्रुवम् ।

જે માણસ ગીતાના દશ, સાત, પાચ, ચાર, ત્રણ, બે, એક કે છેવટ અધા શ્લોકનો પણ નિત્ય પાઠ કરે છે (૧૫) તે અવશ્ય ચદ્રલોકને પામી અયુત (૧૦૦૦૦) વર્ષો સુધી ત્યા વાસ કરે છે

गीतापाठसमायुक्तो मृतो मानुषता व्रजेत् ॥१६॥
गीताभ्यासं पुनः कृत्वा लभते मुक्तिमुत्तमाम् ।
गीतेत्युच्चारसंयुक्तो म्रियमाणो गतिं लभेत् ।१७।

ગીતાનો પાઠ કરતા કરતા મરનાર ફરીને પણ મનુષ્યપણાને પામે છે, (૧૬) વળી તે નવા જન્મમા ફરીને ગીતાભ્યાસ કરીને ઉત્તમ મુક્તિ મેળવે છે, અને "ગીતા" એવો ઉચ્ચાર માત્ર કરનાર પણ મરણ પામતા ઉત્તમ ગતિને પ્રાપ્ત થાય છે ૧૭

गीतार्थश्रवणासक्तो महापापयुतोऽपि वा ।
वैकुंठ समवाप्नोति विष्णुना सह मोदते ॥१८॥

ગીતાના અર્થ સાભળવા ઉપર પ્રેમવાળો માણસ મહા પાપી હોય તોપણ વૈકુઠમા જાય છે અને ત્યા શ્રી વિષ્ણુ સાથે આનદ કરે છે ૧૮

गीतार्थं ध्यायते नित्य कृत्वा कर्माणि भूरिशः ।
जीवन्मुक्तः स विज्ञेयो देहाते परमं पदम् ॥१९॥

ઘણુ કર્મ કરવા છતા પણ ગીતાર્થનુ નિત્ય ધ્યાન કરનાર જીવન્મુક્ત થાય છે, અને જ્યારે તેનો દેહ પડે છે ત્યારે પણ તે પરમ પદને પ્રાપ્ત થાય છે ૧૯

गीतामाश्रित्य बहवो भूभुजो जनकादयः ।
निर्धूतकल्मषा लोके गीता याताः परं पदम् २०

ગીતાનો આશ્રય કરવાથી જનકાદિ ઘણા ભૂપાળો નિષ્પાપ થઈ તથા આલોકમા વખણાઈ અતે પરમ પદને પામી ગયા છે ૨૦

गीतायाः पठनं कृत्वा माहात्म्यं नैव यः पठेत् ।
वृथा पाठो भवेत्तस्य श्रम एव ह्युदाहृतः ॥२१॥

ગીતાનો પાઠ કરે અને આ માહાત્મ્યનો પાઠ ન કરે તેનો ગીતાપાઠ કર્યાનો શ્રમ વૃથા જાય છે, એમ કહેલું છે ૨૧

एतन्माहात्म्यसंयुक्तं गीताभ्यासं करोति यः ।
स तत्फलमवाप्नोति दुर्लभां गतिमाप्नुयात् ॥२२॥

આ માહાત્મ્ય સાથે જે માણસ ગીતાભ્યાસ કરે છે તે તેનું ફળ અને દુર્લભ એવી મુક્તિ મેળવે છે ૨૨

सूत उवाच ।

माहात्म्यमेतद्गीताया मया प्रोक्तं सनातनम् ।
गीतान्ते च पठेद्यस्तु यदुक्तं तत्फलं लभेत् ॥२३॥

સૂત કહે છે કે—ગીતાનું આ સનાતન માહાત્મ્ય જે મેં કહ્યું તેનો ગીતાને અંતે જે માણસ પાઠ કરે છે તે, ઉપર કહ્યા તે સર્વ ફળ પ્રાપ્ત કરે છે ૨૩

इति श्रीवाराहपुराणे गीतामाहात्म्यं सम्पूर्णम् ।

શ્રીવારાહપુરાણમાં કહેલું ગીતાનું માહાત્મ્ય સંપૂર્ણ

ઈશ્વરની વાઙ્મયમૂર્તિ તે ગીતા

वक्त्राणि पच जानीहि पचाध्यायाननुक्रमात् ।
दशाध्याया भुजाश्चैकमुदरं द्वौ पदाम्बुजे ॥१॥
एवमष्टादशाध्यायी वाङ्मयी मूर्तिरैश्वरी ।
जानीहि ज्ञानमात्रेण महापातकनाशिनी ॥२॥

પહેલા પાચ અધ્યાયરૂપી પાચ મુખવાળી, ત્યા પછી લગીના દશાધ્યાયોરૂપી દશ હાથવાળી, સાળમા અધ્યાયરૂપી ઉદરવાળી અને સત્તર તથા અટારમા અધ્યાયરૂપી બે ચરણવાળી, ૧ એમ સપૂર્ણ અઢારે અધ્યાયોવાળી જ્ઞાનમાત્રથી મહાપાતકોનો નાશ કરનારી શ્રીગીતાજીરૂપી આ વાઙ્મયીને ઈશ્વરની મૂર્તિજ જાણવી ૨

भीष्मद्रोणतटा जयद्रथजला गाधारनीलोत्पला ।
शल्यग्राहवती कृपेण वहनी कर्णेन वेलाकुला ॥
अश्वत्थामविकर्णघोरमकरा दुर्योधनावर्तिनी ।
सोत्तीर्णा खलु पाडवै रणनदी कैवर्त्तकः केशवः ३
पाराशर्यवचः सरोजममल गीतार्थगन्धोत्कटम् ।
नानाख्यानककेसर हरिकथासबोधनाबोधितम्

लोके सज्जनषट्पदैरहरहः पेपीयमानं मुदा ।
भूयाद्भारतपंकज कलिमलप्रध्वंसि नः श्रेयसे ॥४॥

ભીષ્મ ને દ્રોણરૂપી તટવાળી, જયદ્રથરૂપી જળવાળી, ગાંધારોરૂપી કાળા કમળવાળી, શલ્યરૂપી ગ્રાહવાળી, કૃપાચાર્યરૂપી વહેણવાળી, કર્ણરૂપી વેલાકુળ, અશ્વત્થામા ને વિકર્ણરૂપી ઘોર મધરોવાળી ને દુર્યોધનરૂપી વમળોવાળી, મહાભારતના યુદ્ધ કાળની રણરૂપી નદી શ્રીકૃષ્ણ સુકાની હોવાથી જ પાંડવો તરી ગયા ૩ પરાશરના પુત્ર શ્રીવ્યાસની વાણીરૂપી નિર્મળ સરોવરમાં ખીલેલુ ગીતાર્થરૂપી ગંધથી મઘમઘતુ, નાના પ્રકારના આખ્યાનોરૂપી કેસરા (કમળમાના રેસા) વાળુ, હરિકથાના સબોધથી બોધિત, સજ્જનરૂપી ભમરાઓથી આનદે જેનુ નિત્ય પાન થયા કરે છે એવુ, અને કલિકાળના મલને નાશ કરનાર આ ભારતરૂપી પંકજ કમળ વારવાર અ મારા શ્રેયને માટે હો ૪

गीता सुगीता कर्तव्या किमन्यैः शास्त्रसंग्रहैः ।
या स्वयं पद्मनाभस्य मुखपद्माद्विनिःसृता ॥५॥
सर्वशास्त्रमयी गीता सर्वदेवमयो हरिः ।
सर्वतीर्थमयी गंगा सर्ववेदमयो मनुः ॥ ६ ॥

જે સ્વયં પદ્મનાભના મુખકમળમાંથી નિકળેલી છે તે ગીતાનેજ સુગીત કરવી, રટવી એટલે બીજા શાસ્ત્રો એકઠા કરવાનું કંઈ પ્રયોજન નથી. કારણ કે, મનુ (ગાયત્રી મંત્ર) સર્વ વેદમય છે, ગંગા સર્વ તીર્થમય છે. શ્રીહરિ સર્વ દેવમય છે અને ગીતા સર્વ શાસ્ત્રમય છે.

વ્યાસવંદન

नमोऽस्तु ते व्यास विशालबुद्धे फुल्लारविंदायतपत्रनेत्र । येन त्वया भारततैलपूर्णः प्रज्वालितो ज्ञानमयः प्रदीपः ॥ १ ॥

ખીલેલા કમળના પત્ર જેવા લાંબા નેત્રવાળા અને વિશાળ બુદ્ધિવાળા હે વ્યાસ, તમે કે જેમણે ભારત રૂપી તેલથી પરિપૂર્ણ જ્ઞાનમય આ પ્રદીપ અજવાળેલો છે તેવા તમોને મારા નમસ્કાર છે. ૧

શ્રી કૃષ્ણકીર્તન

सर्वोपनिषदो गावो दोग्धा गोपालनंदनः ।
पार्थो वत्सः सुधीर्भोक्ता दुग्धं गीतामृतं महत् १
वसुदेवसुतं देवं कंसचाणूरमर्दनम् ।
देवकीपरमानन्दं कृष्णं वंदे जगद्गुरुम् ॥ २ ॥

સર્વ ઉપનિષદોરૂપી ગાયો, ગોપાળ નંદના પુત્ર શ્રીકૃષ્ણ દોહનાર, પાર્થ (અર્જુન) વત્સ, સુબુદ્ધિમાન ભોક્તા અને મોટું ગીતામૃત દૂધ છે (૧) વસુદેવના પુત્ર, કંસ અને ચાણુર જેવાઓનું મર્દન કરનાર, દેવકીજીને પરમ આનંદ આપનાર અને જગતના ગુરુ એવા દેવ શ્રીકૃષ્ણ પરમાત્માને મારાં વંદન છે ૨

प्रपन्नपारिजाताय तोत्रवेत्रैकपाणये ।
ज्ञानमुद्राय कृष्णाय गीतामुतदुहे नमः ॥ ३ ॥

શરણાગતના પારિજાત—કલ્પવૃક્ષ રૂપ, જેના હાથમાં ચાબુક છે એવા, ગીતારૂપી અમૃતને દોહનાર અને જ્ઞાનરૂપ મુદ્રાવાળા શ્રીકૃષ્ણને નમસ્કાર છે ૩

मूक करोति वाचाल पगु लघयते गिरिम् ।
यत्कृपा तमह वदे परमानन्दमाधवम् ॥ ४ ॥

જેની કૃપા મુંગાને બોલતો કરે છે, અને પાંગળાને પર્વત ઓળંગાવે છે એવા પરમાનંદરૂપ માધવ શ્રીકૃષ્ણને મારાં વંદન છે ૪

यं ब्रह्मा वरुणेद्ररुद्रमरुतः स्तुन्वति दिव्यैः स्तवै-
र्वेदैः सागपदक्रमोपनिषदैर्गायति य सामगाः ॥
ध्यानावस्थिततद्गतेन मनसा पश्यति यं योगिनो
यस्यात न विदुः सुरासुरगणा देवाय तस्मै नमः ५

જેનુ બ્રહ્મા, વરુણ, ઈંદ્ર, રુદ્ર અને મરુતો દિવ્ય સ્તોત્રોવડે સ્તવન કરે છે, જેનુ અગ, પદ ક્રમ, અને ઉપનિષદ્યુક્ત વેદના સ્તવનોવડે સામ ગાનારા ગાન કરે છે, અને ધ્યાનમા ઉતારેલા મનવડે યોગીઓ જેને જુએ છે તથા દેવ અને રાક્ષસોના ગણ જેના અતને જાણી શકતા નથી એવા તે પરબ્રહ્મ દેવને મારા નમસ્કાર છે ૫

અથ મત્ર, ન્યાસ અને ધ્યાનનો વિધિ

સમજણ

કોઈ પણ દેવનુ આહ્વાન કરવાને ભણાતા વેદના સૂક્તને મત્ર કહે છે એવા મત્રો ઋક્, યજુષ અને સામ એ નામના ત્રણ વેદોમા છે અને મત્રોના સમૂહને મત્રસહિતા કહે છે એ સમૂહમા બ્રાહ્મણાદિ ગ્રન્થોની ગણના નથી થતી આ મત્રોને વૈદિક મત્રો કહે છે ત્યારે અન્ય તત્રગ્રન્થોમાના મત્રોને તાત્રિક મત્રો કહે છે વેદ સાક્ષાત પરમાત્માના મુખમાથી નીકળ્યા છે તેથી તેના સૂક્તોમા દેવતાહ્વાનની ચૈતન્ય શક્તિ છે તેમ જ શ્રીગીતા પણ શ્રી કૃષ્ણ પરમાત્માના શ્રીમુખની છે તેથી તેમા પણ મત્રત્વ ધર્મ રહ્યો છે જ્યા મત્ર હોય ત્યા તેના ઋષિ,

છંદ, દેવતા, બીજ, શક્તિ અને કીલક* પણ સાથે હોય છે શ્રીગીતામા તે આ પ્રમાણે છે–

શ્રી ગીતાના ઋષિ છંદ આદિ

ॐअस्य श्रीभगवद्गीतामालामंत्रस्य भगवान् वेदव्यास ऋषिः ॥ अनुष्टुप्छंदः ॥ श्रीकृष्णपरमात्मा देवता ॥ अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादाश्च भाषम इति बीजम् ॥ सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रजेति शक्तिः ॥ अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुच इति कीलकम् ॥

ૐ આ શ્રીમદ્ભગવદ્ગીતારૂપ માળા મન્ત્રના ઋષિ (દ્રષ્ટા) ભગવાન વેદવ્યાસ છે, તેનો છંદ અનુષ્ટુપ છે, તેના દેવતા શ્રીકૃષ્ણ પરમાત્મા છે, 'શોક કરવાને યોગ્ય નહિં તેનો તુ શોક કરી રહ્યો છે અને મોટા જ્ઞાનીની પેઠે વાતો કરે છે, એ તેનુ બીજ (કારણ) છે, 'સર્વ ધર્મોનો સપૂર્ણ ત્યાગ કરી એક

---

* કીલક એટલે ખીલો ખીલો એ જુદીજુદી વસ્તુઓને સાથે પકડી રાખી સ્થિર કરે છે, તેમ શ્રીગીતામા પાપમાથી મુક્તિ કરવા રૂપ ખીલો મહત્વનો છે કીલક વિના મંત્રની સિદ્ધિ નથી

મારે શરણુ આવ' એ તેની શક્તિ સત્ત છે, અને 'હુ તને સર્વ પાપમાથી મુક્ત કરીશ, માટે તુ શોક કર મા' એ તેનુ કીલક છે

ન્યાસની સમજણ

વૈદિક કે તાત્રિક કોઈ પણ મત્રથી દેવની પૂજા, જપ આદિ કર્યા પૂર્વે કર્મકર્તા યજમાને અને ઋત્વિજોએ શુદ્ધ થઈ શરીરના ભિન્નભિન્ન મુખ્ય અવયવોમા અમુકઅમુક મત્રોનુ આરોપણ કરી મત્રની મૂર્તિરૂપ થવુ પડે છે, અને તેથી શરીરના ભિન્ન ભિન્ન અવયવોમા મત્રોના ભિન્નભિન્ન પદોનુ અને અક્ષરોનુ આરોપણ કરવાના વિધિને ન્યાસ કહે છે તે ન્યાસ ત્રણ પ્રકારના છે કરન્યાસ, અગન્યાસ, તથા બીજન્યાસ મત્રની વિધિ કર્યા પછી ન્યાસ અને ધ્યાન અનુક્રમે થાય છે

नैन छिन्दति शस्त्राणि नैनं दहति पावकइत्यंगुष्ठाभ्या नमः ॥ न चैन क्लेदयंत्यापो न शोषयति मारुत इति तर्जनीभ्या नमः ॥ १ ॥ अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव चेति मध्यमाभ्या नमः ॥ नित्यः सर्वगतः स्थाणुरचलोऽय सनातन इत्यनामिकाभ्या नमः ॥२॥ पश्य मे पार्थ रूपाणि

शतशोऽथ सहस्रश इति कनिष्ठिकाभ्या नमः ॥ नानाविधानि दिव्यानि नानावर्णाकृतीनि चेति करतलकरपृष्ठाभ्या नमः ॥३॥ इति करन्यासः ।

કરન્યાસનો વિધિ

"આને (આત્માને) શસ્ત્રો છેદતા નથી તેમ પાવક આને (આત્માને) બાળી શકતો નથી," એટલુ ભણીને બન્ને હાથના અંગુઠાઓને પોતપોતાના મૂળમા સ્પર્શ કરી નમસ્કાર કરવા ૧

"જળ આને (આત્માને) ભીજવી શકતુ નથી તેમ પવન તેને શોષી શકતો નથી," એટલુ ભણીને બન્ને હાથની તર્જનીઓ છેડાનો અંગુઠા સામે સ્પર્શ કરી નમસ્કાર કરવા ૨

"આ (આત્મા) કપાય નહિં તેવો, બળાય નહિં તેવો, ભીજવી શકાય નહિં તેવો તેમ જ શોષવી ન શકાય તેવો છે," એટલુ ભણીને મધ્યમા (વચલી) આગળીઓના છેડાનો અંગુઠાથી સ્પર્શ કરી નમસ્કાર કરવા

"આ (આત્મા) નિત્ય છે, સર્વગત (સર્વસ્થાને જવાની ગતિવાળો) છે અને સ્થિર છે, અચળ છે અને સનાતન છે," એટલુ ભણીને બન્ને હાથની અનામિકાઓનો અંગુઠા સાથે સ્પર્શ કરી નમસ્કાર કરવા ૪

"હે પાર્થ, તું મારાં સેંકડો અને હજારો રૂપો જો," એટલું ભણીને બન્ને હાથની છેલ્લી આંગળીઓના છેડાઓનો અંગુઠાવડે સ્પર્શ કરી નમસ્કાર કરવા ૫

"મારા રૂપો નાનાવિધ છે, દિવ્ય છે નાના વર્ણના અને આકૃતિના છે," એટલું ભણીને હાથના બન્ને તળિયાનો (હથેલીનો) અને પાછળના ભાગનો સ્પર્શ કરી નમસ્કાર કરવા ૬

अथ हृदयादिन्यास

नैन छिन्दति शस्त्राणि नैनं दहति पावक इति हृदयाय नमः ॥ न चैन क्लेदयन्त्यापो न शोषयति मारुत इति शिरसे स्वाहा ॥ अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव चेति शिखायै वषट् ॥ नित्यः सर्वगतः स्थाणुरचलोऽय सनातन इति कवचाय हुम् ॥ पश्य मे पार्थ रूपाणि शतशोऽथ सहस्रश इति नेत्रत्रयाय वौषट् ॥ नानाविधानि दिव्यानि नानावर्णाकृतीनि चेति अस्त्राय फट् ॥ इति हृदयादिन्यासः ।

અંગન્યાસ

"આને (આત્માને) શસ્ત્રો છેદતાં નથી તેમ પાવક આને (આત્માને) બાળી શકતો નથી" એટલું ભણીને

हृदयाय नमः એમ બોલી બે હાથના અગ્ર ભાગવડે હૃદયનો સ્પર્શ કરી નમસ્કાર કરવા.

"જળ આને (આત્માને) ભીંજવી શકતું નથી તેમ પવન તેને શોષી શકતો નથી" એટલું ભણી **शिरसे स्वाहा** એમ બોલી બે હાથના અગ્ર ભાગવડે મસ્તકનો સ્પર્શ કરી નમસ્કાર કરવા.

"આ (આત્મા) કપાય નહિ તેવો, બળાય નહિ તેવો ભીંજવી શકાય નહિ તેવો તેમ જ શોષવી ન શકાય તેવો છે" એટલું ભણી **शिखायै वषट्** એમ બોલી બે હાથના અગ્ર ભાગવડે શિખાનો સ્પર્શ કરી નમસ્કાર કરવા.

"આ (આત્મા) નિત્ય છે, સર્વગત (સર્વ સ્થાને જવાની ગતિવાળો) છે અને સ્થિર છે, અચળ છે અને સનાતન છે" એટલું ભણી **कवचाय हुम्** એમ બોલી બે હાથની હથેલીઓનો બન્ને ખભાને સામસામી સ્પર્શ કરી અદબવાળી, કવચ પેહેરવાની ભાવના કરી નમસ્કાર કરવા.

"હે પાર્થ, તું મારા સેકડો અને હજારો રૂપો જો" એટલું ભણી **नेत्रत्रयाय वौषट्** એમ બોલી બે હાથના અગ્રભાગવડે ઉભય નેત્રોનો તથા ભમર વચ્ચેના અદૃષ્ટ ત્રીજા નેત્રનો સ્પર્શ કરી નમસ્કાર કરવા.

"માગ ગો નાનાવિધ છે, દિવ્ય છે, નાના વણના અને નાનાઆકૃતિના છે" એટલુ ભણી **अस्त्राय फट्** એમ બોલી જમણો હાથ માથા ઉપરથી ફેરવીને તેવડે ડાબા હાથની હથેલીમા તાલી પાડી નમસ્કાર કરવા

श्रीकृष्णप्रीत्यर्थे पाठे विनियोगः ॥

શ્રીકૃષ્ણ પરમાત્માની પ્રીતિને અર્થે જ આ પાઠ કરુ છુ એમ નિશ્ચય કરવો

ધ્યાનની સમજણ

ન્યાસવિધિ પૂર્ણ થતા આરાધ્ય દેવનુ ધ્યાન કરવા માટે અગ્નિપુરાણમા કહ્યુ છે કે,

ध्यै चिंतायां स्मृतो धातुर्विष्णुचिन्ता मुहुर्मुहुः ।
अनाक्षिप्तेन मनसा ध्यानमित्यभिधीयते ॥

ध्यै ધાતુનો અર્થ ચિત્તમા સ્મરણ કરી મનન કરવુ, વિચારવુ એવો છે, દાખલા તરીકે, શ્રીવિષ્ણુની ચિન્તા, વિચાર વારવાર કરવો એ વિચાર કોઈ પણ પ્રકારના આક્ષેપવિક્ષેપ વિના કરવો આમ કરે તેને ધ્યાન કહે છે

ध्येय વસ્તુ જગતમા **पुरुष** છે તેનુ ચિન્તન કરતા કરતા તદાકાર થઈ જવાય અને બાહ્યેન્દ્રિયોના વિષ

યોની નિવૃત્તિ થઈ જાય અને માત્ર અંતરાત્માવાળી બની જાય ત્યારે ધ્યાન

ધ્યાન

ॐ पार्थाय प्रतिबोधितां भगवता नारायणेन स्वयं व्यासेन ग्रथितां पुराणमुनिना मध्येमहाभारतं अद्वैतामृतवर्षिणीं भगवतीमष्टादशाध्यायिनीमंब त्वामनुसंदधामि भगवद्गीते भवद्वेषिणीम् ॥

ॐ ભગવાન નારાયણે પોતેજ પાર્થને—અર્જુનને પ્રબોધેલી, પુરાણ મુનિ એવા વ્યાસે મહાભારતના મધ્ય ભાગે ગુંથેલી, અદ્વૈતામૃતને વર્ષાવનારી, અઢાર અધ્યાય વાળી અને ભવ(સંસાર)નો દ્વેષ(છેદ) કરનારી ભગવતી (ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ ૬ ભગવાળી) ભગવદ્ગીતા માતા! હે અંબા, હું તારી આરાધના કરૂં છું.

ॐ

अथ श्रीमद्भगवद्गीताप्रारंभः

नारायणं नमस्कृत्य, नरं चैव नरोत्तमम् ।
देवीं सरस्वतीं व्यासं ततो जयमुदीरयेत् ॥

શ્રી નારાયણને તથા નરને તથા નરમા ઉત્તમને તથા દેવી સરસ્વતી(વાણી)ને તથા વ્યાસને નમસ્કાર કરીને જયજયકાર કરવો

પ્રથમ અધ્યાય, અર્જુનવિષાદ

धृतराष्ट्र उवाच । ધૃતરાષ્ટ્રે પૂછ્યુ–

धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेता युयुत्सवः ।
मामकाः पाडवाश्चैव किमकुर्वत सजय ॥ १ ॥

“હે સજય, ધર્મક્ષેત્ર એવા કુરુક્ષેત્રમા યુદ્ધ કરવાની ઇચ્છાએ ભેગા થયેલા મારા તેમ જ પાડુના પુત્રોએ શુ કર્યુ તે કહે १

सजय उवाच । સજય બોલ્યા–

दृष्ट्वा तु पाडवानीक व्यूढ दुर्योधनस्तदा ।
आचार्यमुपसंगम्य राजा वचनमब्रवीत् ॥ २ ॥

પાડવોની સેનાને ત્યા વ્યૂહબદ્ધ થયેલી જોઈ, આચાર્ય દ્રોણ પાસે જઇ દુર્યોધન રાજા આમ કહેવા લાગ્યો ૨

पश्यैतां पाडुपुत्राणामाचार्य महती चमूम् ।
व्यूढा द्रुपदपुत्रेण तव शिष्येण धीमता ॥ ३ ॥

હે આચાર્ય, દ્રુપદરાજાના પુત્ર ધૃષ્ટદ્યુમ્ન તે તારા બુદ્ધિમાન્ શિષ્યે વ્યૂહમા ગોઠવેલી પાડવોની આ મોટી સેનાને જુઓ ૩

अत्र शूरा महेष्वासा भीमार्जुनसमा युधि ।
युयुधानो विराटश्च द्रुपदश्च महारथः ॥ ४ ॥
धृष्टकेतुश्चेकितानः काशिराजश्च वीर्यवान् ।
पुरुजित्कुतिभोजश्च शैब्यश्च नरपुगवः ॥ ५ ॥
युधामन्युश्च विक्रात उत्तमौजाश्च वीर्यवान् ।
सौभद्रो द्रौपदेयाश्च सर्व एव महारथाः ॥ ६ ॥

અહિં રણસગ્રામમા ભીમ અને અર્જુન જેવા મોટા ધનુષવાળા વીરો તથા યુયુધાન અને વિરાટ

અને મહારથ દ્રુપદ, ધૃષ્ટકેતુ, ચેકિતાન, વીર્યવાન કાશિરાજ તથા પુરુજિત્ તથા કુંતિભોજ અને નરોમા ઉત્તમ એવો શૈબ્ય, વળી પરાક્રમી યુધામન્યુ અને વીર્યવાન ઉત્તમૌજા તથા સુભદ્રાનો પુત્ર અભિમન્યુ અને દ્રૌપદીના પુત્રો જેવા સર્વ મહારથીઓ છે ૪-૫-૬

अस्माकं तु विशिष्टा ये तान्निबोध द्विजोत्तम ।
नायका मम सैन्यस्य संज्ञार्थं तान्ब्रवीमि ते ॥७॥

ત્યારે હે દ્વિજોત્તમ, આપણામા પણ જે મોટા મોટા છે, તેમના નામ સાભળો મારી સેનાના (મુખ્ય) નાયકોના નામ હુ ટુકમા કહુ છુ ૭

भवान्भीष्मश्च कर्णश्च कृपश्च समितिंजयः ।
अश्वत्थामा विकर्णश्च सौमदत्तिस्तथैव च ॥८॥
अन्ये च बहवः शूरा मदर्थे त्यक्तजीविताः ।
नानाशस्त्रप्रहरणाः सर्वे युद्धविशारदाः ॥ ९ ॥

આપ અને ભીષ્મ અને કર્ણ અને સગ્રામ જીતનારા કૃપાચાર્ય તથા અશ્વત્થામા અને વિકર્ણ અને તેવા જ ભૂરિશ્રવા છે તેમજ મારે માટે પોતાનુ જીવિત તજી દેનાર બીજા પણ ઘણા વીરો

છે, જેઓ સઘળા નાના પ્રકારના શસ્ત્ર વાપરી જાણનાર અને યુદ્ધવિદ્યામા પ્રવીણ છે ૮-૯

अपर्याप्तं तदस्माकं बलं भीष्माभिरक्षितम् ।
पर्याप्तं त्विदमेतेषां बलं भीमाभिरक्षितम् ॥१०॥

આપણી સેના અગણિત છે અને ભીષ્મ તેનુ રક્ષણ કરે છે અને તેમની સેના તો ગણી શકાય એટલી થોડી છે અને ભીમ તેનુ રક્ષણ કરે છે ૧૦

अयनेषु च सर्वेषु यथाभागमवस्थिताः ।
भीष्ममेवाभिरक्षन्तु भवन्तः सर्व एव हि ॥११॥

આમ છે માટે વ્યૂહમા પેસવાના સઘળા માર્ગોમા પોતપોતાને યોગ્ય ઠેકાણે ઉભા રહીને, આપ સર્વે ભીષ્મનુ જ ચારે તરફથી રક્ષણ કરો ૧૧

तस्य संजनयन्हर्षं कुरुवृद्धः पितामहः ।
सिंहनादं विनद्योच्चैः शंखं दध्मौ प्रतापवान् ॥१२॥

તેને હર્ષ ઉપજાવવા માટે તે પછી કુરુઓમા વૃદ્ધ અને પ્રતાપી એવા ભીષ્મે સિંહના જેવી ગર્જના કરીને મોટેથી પોતાનો શંખ વગાડ્યો ૧૨

ततः शंखाश्च भेर्यश्च पणवानकगोमुखाः ।
सहसैवाभ्यहन्यन्त स शब्दस्तुमुलोऽभवत् ॥१३॥

તે સાભળી શંખો અને ભેરિઓ અને પણવો, નગારા તથા ગોમુખો એકદમ વાગવા લાગ્યા અને તેનો મોટો ઘોંઘાટ થઈ રહ્યો ૧૩

ततः श्वेतैर्हयैर्युक्ते महति स्यन्दने स्थितौ ।
माधवः पाडवश्चैव दिव्यौ शंखौ मदध्मतुः ॥१४॥

તે સાભળી (ચાર) ધોળા ઘોડા જોડેલા એક મોટા રથમા બેઠેલા માધવ (શ્રીકૃષ્ણ ભગવાન) અને અર્જુન પણ પોતપોતાના દિવ્ય શંખો (પોતાના પક્ષને જાગૃત કરવાને) (સામા જોરથી) વગાડવા લાગ્યા ૧૪

पाचजन्यं हृषीकेशो देवदत्त धनंजयः ।
पौंड्रं दध्मौ महाशख भीमकर्मा वृकोदरः ॥१५॥
अनंतविजय राजा कुंतीपुत्रो युधिष्ठिरः ।
नकुलः सहदेवश्च सुघोषमणिपुष्पकौ ॥ १६ ॥
काश्यश्च परमेष्वास. शिखडी च महारथः ।
धृष्टद्युम्नो विराटश्च सात्यकिश्चापराजितः॥१७॥
द्रुपदो द्रौपदेयाश्च सर्वशः पृथिवीपते ।
सौभद्रश्च महाबाहुःशंखान्दध्मुःपृथक्पृथक्॥१८॥

હૃષીકેશ શ્રીકૃષ્ણે પાંચજન્ય, અર્જુને દેવદત્ત અને ભયંકર કામ કરનાર વૃકોદરે (ભીમે) પૌંડ્ર નામનો પોતાનો મોટો શંખ વગાડ્યો કુંતીના પુત્ર યુધિષ્ઠિર રાજાએ અનંતવિજય, નકુલે સુઘોષ અને સહદેવે મણિપુષ્પક નામના પોતપોતાના શંખો વગાડ્યા, વળી ઉત્તમ ધનુષવાળા કાશિરાજ અને મહારથી શિખંડી, ધૃષ્ટદ્યુમ્ન અને વિરાટ તથા કોઈથી હાર ન ખાય એવા સાત્યકિ, તથા હે પૃથિવીપતિ, દ્રુપદ રાજા અને દ્રૌપદીના પુત્રો તથા સુભદ્રાના પુત્ર મહાબાહુ અભિમન્યુ એ સર્વે પોતપોતાના જુદાજુદા શંખો વગાડવા લાગ્યા ૧૫-૧૬-૧૭-૧૮

स घोषो धार्तराष्ट्राणा हृदयानि व्यदारयत् ।
नभश्च पृथिवीं चैव तुमुलो व्यनुनादयन्॥ १९ ॥

આકાશ અને પૃથિવીને ગજવી મૂકતા એ પ્રચંડ શંખનાદે આમ ધૃતરાષ્ટ્રના પુત્રોના પક્ષકારોના કાળજા ફાડી નાખ્યા ૧૯

अथ व्यवस्थितान्दृष्ट्वा धार्तराष्ट्रान्कपिध्वजः ।
प्रवृत्ते शस्त्रसंपाते धनुरुद्यम्य पाडवः ॥ २० ॥
हृषीकेशं तदा वाक्यमिदमाह महीपते ।

પછી ધૃતરાષ્ટ્રના પુત્રોના પક્ષકારોને યુદ્ધ માટે ગોઠવાયેલા જોઈ જ્યારે શસ્ત્રોની અથડાઅથડી થવાનો વખત આવ્યો ત્યારે હનુમાનની ધ્વજાવાળા પાંડવ અર્જુને પોતાનુ ધનુષ ઉપાડતા, હે મહીપતિ, હૃષીકેશ શ્રીકૃષ્ણને આ વાક્ય કહ્યુ —

अर्जुन उवाच । અર્જુન કહે છે કે,

सेनयोरुभयोर्मध्ये रथं स्थापय मेऽच्युत ॥२१॥
यावदेतान्निरीक्षेऽहं योद्धुकामानवस्थितान् ।
कैर्मया सह योद्धव्यमस्मिन्रणसमुद्यमे ॥२२॥

"હે અચ્યુત, બેઉ સેનાની વચ્ચે મારા રથને ઉભો કરો, (૨૧) કારણ કે તેથી યુદ્ધની કામનાવાળા તૈયાર ઉભેલા આ સર્વેને હુ સારી રીતે જોઉ આ રણરૂપ ઉદ્યમમા મારે કોની સાથે લડવાનુ છે તે મારે જોવુ છે ૨૨

योत्स्यमानानवेक्षेऽहं य एतेऽत्र समागताः ।
धार्तराष्ट्रस्य दुर्बुद्धेर्युद्धे प्रियचिकीर्षवः ॥ २३ ॥

જેઓ ધૃતરાષ્ટ્રના દુષ્ટ બુદ્ધિવાળા પુત્ર દુર્યોધનનુ યુદ્ધમા પ્રિય કરવાની ઇચ્છાવાળા, લડવાની ઇચ્છાથી અત્રે ભેગા થયેલાઓને મારે જોવા છે. ૨૩

सजय उवाच । સંજય કહે છે કે,

एवमुक्तो हृषीकेशो गुडाकेशेन भारत ।
सेनयोरुभयोर्मध्ये स्थापयित्वा रथोत्तमम् ॥२४॥
भीष्मद्रोणप्रमुखतः सर्वेषा च महीक्षिताम् ।
उवाच पार्थ पश्यैतान्समवेतान्कुरूनिति ॥२५॥

"હે ભરતકુલોત્પન્ન ધૃતરાષ્ટ્ર, ગુડાકેશ (જિતેન્દ્રિય) અર્જુને એ પ્રમાણે હૃષીકેશ (ઇંદ્રિયોના સ્વામી) શ્રીકૃષ્ણને કહ્યુ એટલે તેણે બેઉ સેનાની વચ્ચે પોતાનો ઉત્તમ રથ લાવીને ઉભો કરીને ભીષ્મ અને દ્રોણ આદિ સર્વે રાજાઓના દેખતા, "હે પૃથાપુત્ર અર્જુન, આ એકઠા થયેલા કૌરવોને જો," એમ કહ્યુ ૨૪-૨૫

तत्रापश्यत्स्थितान्पार्थः पितॄनथ पितामहान् ।
आचार्यान्मातुलान्भ्रातॄन्पुत्रान्पौत्रान्सखींस्तथा
श्वशुरान्सुहृदश्चैव सेनयोरुभयोरपि ।
तान्समीक्ष्य स कौंतेयः सर्वान्बधूनवस्थितान् २७
कृपया परयाविष्टो विषीदन्निदमब्रवीत् ।

પાર્થ (અર્જુને) ત્યા સેનાઓમા કાકા (પિતરાઇઓ), દાદાઓ આચાર્યો, મામાઓ (મોસાળિ-

યાઓ) ભાઇઓ, પુત્રો, પૌત્રો તથા સખાઓને તથા સસરાઓ (સાસરિયાઓ) અને મિત્રોને એ સેનાની વચમા ઉભેલા જોયા સર્વ સગાવહાલાને ત્યા લડવાને ઉભેલા જોઈ (૨૬–૨૭) કુતીપુત્ર અર્જુન પરમ કૃપાવશ બની ખેદ પામતો આ પ્રમાણે બોલ્યો

अर्जुन उवाच । અર્જુન પૂછે છે,

दृष्ट्वेमं स्वजन कृष्ण युयुत्सु समुपस्थितम् ॥२८॥
सीदंति मम गात्राणि मुख च परिशुष्यति ।
वेपथुश्च शरीरे मे रोमहर्षश्च जायते ॥ २९ ॥
गाडीव स्रसते हस्तात्त्वक्चैव परिदह्यते ।
न च शक्नोम्यवस्थातु भ्रमतीव च मे मनः॥३०॥

હે કૃષ્ણ, યુદ્ધની ઇચ્છાવાળા સામે ઉભેલા આ સ્વજનોને જોઇ, મારા ગાત્રો ગળે છે અને મુખ અત્યત સુકાય છે તથા શરીરમા કપારો આવી રૂવા ઉભા થાય છે અને હાથમાથી ગાડીવ ધનુષ સરી પડે છે, તેમ જ ચામડીમા ચારે તરફથી દાહ ઉઠ્યો છે, અને હુ ઉભો રહી શકતો નથી અને મારૂ મન ભમતુ હોય એમ લાગે છે ૨૮–૨૯–૩૦

निमित्तानि च पश्यामि विपरीतानि केशव ।
न च श्रेयोऽनुपश्यामि हत्वा स्वजनमाहवे॥३१॥
न कांक्षे विजय कृष्ण न च राज्यं सुखानि च ।
किं नो राज्येन गोविंद किं भोगैर्जीवितेन वा ३२

વળી હે કેશવ, હું વિપરીત નિમિત્ત (શુકનો) જોઉં છું તેમ યુદ્ધમાં સ્વજનને મારવામાં પણ હું કંઈ શ્રેય (પુરુષાર્થ) જોતો નથી હે કૃષ્ણ, (એમને મારી) હું વિજય, રાજ્ય કે સુખને ઇચ્છતો નથી હે ગોવિંદ, (એવા) રાજ્યથી, ભોગથી કે જીવિતથી લાભ શો છે? ૩૧–૩૨

येषामर्थे कांक्षितं नो राज्यं भोगाः सुखानि च ।
त इमेऽवस्थिता युद्धे प्राणास्त्यक्त्वा धनानि च॥

જેમને માટે આ રાજ્ય, ભોગ અને સુખ ઇચ્છીએ છીએ, તેઓ તો પ્રાણ તથા ધન છોડીને સંગ્રામમાં આવી ઉભા છે ૩૩

आचार्याः पितरः पुत्रास्तथैव च पितामहाः ।
मातुलाःश्वशुराःपौत्राःश्यालाःसंबंधिनस्तथा ३४
एतान्न हंतुमिच्छामि घ्नतोऽपि मधुसूदन ।
अपि त्रैलोक्यराज्यस्य हेतोः किं नु महीकृते३५

આચાર્યો, કાકાઓ (પિત્રાઇઓ) અને તેમના પુત્રો તેમજ દાદાઓ, મામાઓ(મોસાળિયાઓ), સસરા(સાસરિયા), પૌત્રો, સાળાઓ તથા તેમના બીજા સબંધીઓ (આવી ઉભા છે), એમને હાથે હુ હણાઉ તોપણ હે મધુસૂદન, હુ તેમને હણવા ઇચ્છતો નથી એમને હણ્યાથી મને ત્રણ લોકનુ રાજ્ય મળે તોપણ (હુ એમને હણવા ઇચ્છતો નથી) તો પછી એકલી પૃથ્વિ માટે તો કેમ જ હણુ? ૩૪–૩૫

निहत्य धार्तराष्ट्रान्नः का प्रीतिःस्याज्जनार्दन ।
पापमेवाश्रयेदस्मान्हत्वैतानाततायिनः ॥ ३६ ॥
तस्मान्नार्हा वयं हंतु धार्तराष्ट्रान्स्वबाधवान् ।
स्वजनं हि कथं हत्वा सुखिनः स्याम माधव।३७।

હે જનાર્દન, ધૃતરાષ્ટ્રના પુત્રોને હણીને અમને કયો આનદ મળવાનો હતો? ઉલટુ એ આતતાયીઓ છે, છતા તેમને હણવાથી તો અમને પાપજ લાગશે એટલા માટે અમારા બાધવો ધૃતરાષ્ટ્રના પુત્રોને અમારે મારવા ઘટારત નથી હે માધવ, સ્વજનોને અમે કેમ મારીએ અને કેમ સુખી થઇએ? ૩૬–૩૭

यद्यप्येते न पश्यंति लोभोपहतचेतसः ।
कुलक्षयकृतं दोषं मित्रद्रोहे च पातकम् ॥ ३८ ॥
कथं न ज्ञेयमस्माभिः पापादस्मान्निवर्तितुम् ।
कुलक्षयकृतं दोषं प्रपश्यद्भिर्जनार्दन ॥ ३९ ॥

જો કે લોભથી બુદ્ધિ ફરી ગઈ છે એવા એઓ કુળનો ક્ષય કર્યાના દોષને તથા મિત્રદ્રોહના પાપને જોતા નથી, તોપણ હે જનાર્દન, કુલક્ષયથી થતા દોષ જોઈ શકનાર એવા અમોએ તો આ પાપથી દૂર રહેવુ એ વાત કેમ ન જાણવી ? ૩૮–૩૯

कुलक्षये प्रणश्यंति कुलधर्माः सनातनाः ।
धर्मे नष्टे कुलं कृत्स्नमधर्मोऽभिभवत्युत ॥ ४० ॥
अधर्माभिभवात्कृष्ण प्रदुष्यंति कुलस्त्रियः ।
स्त्रीषु दुष्टासु वार्ष्णेय जायते वर्णसंकरः ॥४१॥

કુલક્ષય થવાથી કુલના સનાતન ધર્મો નાશ પામે છે, અને કુલધર્મ નાશ પામવાથી તો આખા કુલમા અધર્મ વર્તી રહે છે હે કૃષ્ણ, એકવાર અધર્મથી હાર્યો એટલે કુલની સ્ત્રીઓ વધારે દોષ કરવા માડે છે અને હે વાર્ષ્ણેય, સ્ત્રીઓ દુષ્ટ થઇ એટલે વર્ણસંકર પ્રજા ઉત્પન્ન થાય છે ૪૦–૪૧

सकरो नरकायैव कुलघ्नाना कुलस्य च ।
पतन्ति पितरो ह्येषा लुप्तपिंडोदकक्रियाः ॥४२॥
दोषैरेतैः कुलघ्नाना वर्णसकरकारकैः ॥
उत्साद्यन्ते जातिधर्माः कुलधर्माश्च शाश्वताः ४३

વર્ણસકર પ્રજા કુલનો ક્ષય કરનારને તેમ જ કુલને નરકમા નાખે છે, કારણ કે પિડ તથા તર્પ-ણની ક્રિયા(શ્રાદ્ધ)નો લોપ થવાથી તેમના પિતૃઓ નીચ ગતિ પામે છે (૪૨) કુલઘાતકીના આવા વર્ણસકરકારક દોષોથી સનાતન જાતિ(વર્ણાશ્રમ) ધર્મોનો તથા કુલધર્મોનો ઉચ્છેદ થાય છે ૪૩

उत्सन्नकुलधर्माणा मनुष्याणा जनार्दन ।
नरके नियत वासो भवतीत्यनुशुश्रुम ॥ ४४ ॥

જે મનુષ્યોના કુલધર્મો નાશ પામ્યા હોય તેમનો હે જનાર્દન, નરકમા નિશ્ચય વાસ થાય છે, એવુ અમે સાભળતા આવ્યા છીએ ૪૪

अहो बत महत्पापं कर्तु व्यवसिता वयम् ।
यद्राज्यसुखलोभेन हन्तु स्वजनमुद्यताः ॥ ४५ ॥

અહો ! અરે ! રાજ્યસુખના લોભથી સ્વજનોને મારવાનો ઉદ્યમ કરનારા અમે મોટુ પાપ કરવાનો ઉદ્યમ માડ્યો છે ૪૫

यदि मामप्रतीकारमशस्त्रं शस्त्रपाणयः ।
धार्तराष्ट्रा रणे हन्युस्तन्मे क्षेमतरं भवेत् ॥४६॥

કદાપિ સામો અટકાવ નહિ કરતો અને શસ્ત્ર વગરનો એવો જે હું તેને ધૃતરાષ્ટ્રના પુત્રના પક્ષકારો હાથમાં શસ્ત્ર લઈને રણમાં મારશે તો તેથી મારું આ(રાજ્યલાભ)ના કરતાં વધારે શ્રેમ થશે ૪૬

संजय उवाच । સંજય કહે છે કે,

एवमुक्त्वाऽर्जुनः संख्ये रथोपस्थ उपाविशत् ।
विसृज्य सशरं चापं शोकसंविग्नमानसः ॥४७॥

એમ કહી શોકથી વ્યાકુળ મનવાળો અર્જુન બાણ સહિત ધનુષ છોડી રણભૂમિમાં રથમાં ઉભેલો હતો તે બેસી ગયો ૪૭

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादेऽर्जुनविषादयोगो नाम प्रथमोऽध्यायः ॥ १ ॥

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતારૂપ ઉપનિષદોમાં બ્રહ્મવિદ્યા અને યોગશાસ્ત્રરૂપ શ્રીકૃષ્ણાર્જુનના સંવાદમાં અર્જુનવિષાદ યોગ નામનો પહેલો અધ્યાય ॥ ૧ ॥

અધ્યાય ૨ જો, સાંખ્યયોગ

सञ्जय उवाच। સંજય કહે છે કે,

तं तथा कृपयाविष्टमश्रुपूर्णाकुलेक्षणम्।
विषीदन्तमिदं वाक्यमुवाच मधुसूदनः॥ १॥

આમ કૃપાભાવથી ભરેલા, આંસુથી પૂર્ણ થવાથી વ્યાકુલ નેત્રવાળા તથા ખેદ કરતા અર્જુનને મધુસૂદન ભગવાને આ વાક્ય કહ્યું ૧

श्रीभगवानुवाच। શ્રીભગવાન કહે છે કે,

कुतस्त्वा कश्मलमिदं विषमे समुपस्थितम्।
अनार्यजुष्टमस्वर्ग्यमकीर्तिकरमर्जुन॥ २॥

આ વિષમ પ્રસંગમાં અનાર્ય લોકોએ સેવેલું, સ્વર્ગને નહિ આપનારું તથા અકીર્તિ કરનારું આ મૂઢપણું, હે અર્જુન, તને ક્યાંથી વળગ્યું? ૨

क्लैब्यं मा स्म गमः पार्थ नैतत्त्वय्युपपद्यते।
क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ परंतप॥ ३॥

તું અધીરપણાને ન પામ હે પાર્થ, તારામાં આમ ઉત્પન્ન થવું જોઇતું નથી હૃદયની આ ક્ષુદ્ર દુર્બળતા તજીને હે પરંતપ, ઉભો થા ૩

अर्जुन उवाच । અર્જુન કહે છે કે,

कथं भीष्ममहं संख्ये द्रोणं च मधुसूदन ।
इषुभिः प्रतियोत्स्यामि पूजार्हावरिसूदन ॥ ४ ॥

(પણ) સંગ્રામમાં હે મધુસૂદન, હું ભીષ્મને તથા દ્રોણાચાર્યને સામો બાણોથી કેમ મારું? હે અરિસૂદન, તેઓ તો પૂજાને યોગ્ય છે ૪

गुरूनहत्वा हि महानुभावान् श्रेयो भोक्तुं भैक्ष्यमपीह लोके । हत्वार्थकामांस्तु गुरूनिहैव भुंजीय भोगान् रुधिरप्रदिग्धान् ॥ ५ ॥

કારણ કે, મોટા પ્રભાવવાળા ગુરુઓને નહિ મારીને આ લોકમાં ભીખ માગીને ભોગવવું તે વધારે સારું છે પણ (તમે કહેશો કે આ લોકમાં આ ગુરુઓ તો અર્થની ઈચ્છાવાળા છે તેમને હણવામાં પાપ નથી, પણ હું કહું છું કે ગમે તેવા પણ તે ગુરુઓ છે માટે) આ લોકમાં અર્થની કામનાવાળા ગુરુઓને હણ્યાથી પણ લોહીથી પૂરા ખરડાયેલા ભોગ અમારે ભોગવવા પડશે ૫

न चैतद्विद्मः कतरन्नो गरीयो यद्वा जयेम यदि वा नो जयेयुः । यानेव हत्वा न जिजीविषामस्तेऽवस्थिताः प्रमुखे धार्तराष्ट्राः ॥ ६ ॥

વળી આ બેમાંથી ચઢિયાતું શું છે તેમ તેઓ અમને જિતશે કે અમે એમને જિતીશું તે પણ અમે જાણતા નથી (પણ) જેમને મારી અમે જીવવાની ઈચ્છા રાખતા નથી તે ધૃતરાષ્ટ્રના પુત્રો તો અમારી સામેજ આવીને ઉભા છે ૬

कार्पण्यदोषोपहतस्वभावः पृच्छामि त्वां धर्मसमूढचेताः । यच्छ्रेयः स्यान्निश्चितं ब्रूहि तन्मे शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् ॥ ७ ॥

દીનતા, નમ્રતારૂપ દોષો વડે મારો (ક્ષાત્ર યોગ્ય શૌર્યાદિનો) સ્વભાવ હણાયો છે તેમ અત્રે ધર્મ શો છે તે સમજવામાં મારું ચિત્ત અતિ મૂઢ બન્યું છે, તેથી હું આપને આમ પૂછું છું, માટે જેમાં મારું શ્રેય નિશ્ચિત હોય તે મને કહો હું આપનો શિષ્ય છું, આપને શરણે છું, માટે મને ઉપદેશ કરો ૭

नहि प्रपश्यामि ममापनुद्याद्यच्छोकमुच्छोषणमिन्द्रियाणाम् । अवाप्य भूमावसपत्नमृद्धं राज्यं सुराणामपि चाधिपत्यम् ॥ ८ ॥

વળી ઇન્દ્રિયોને સૂકવી નાખનાર મારા શોકને શમાવે તેવું કાંઈ મને જણાતું નથી. આ ભૂમિપર

હરીફ વગરનુ,સમૃદ્ધિવાળુ રાજ્ય અને દેવોનુ આધિ-
પત્ય મળે તો પણ (મારા શોકને શમાવે તેવુ નથી) ૮

संजय उवाच । સંજય કહે છે કે,

एवमुक्त्वा हृषीकेशं गुडाकेशः परंतपः ।
न योत्स्य इति गोविंदमुक्त्वा तूष्णीं बभूव ह ॥९॥

હૃષીકેશને આમ કહીને ગુડાકેશ (નિદ્રાજિત)
અને પરંતપ એવો અર્જુન, 'હુ લડીશ નહિ' એમ
ગોવિંદને કહી મૌન રહ્યો ૯

तमुवाच हृषीकेशः प्रहसन्निव भारत ।
सेनयोरुभयोर्मध्ये विषीदंतमिदं वचः ॥ १० ॥

બે સેનાઓની મધ્યે આમ વિષાદ કરતા અર્જુ-
નને હૃષીકેશે હે ધૃતરાષ્ટ્ર ભારત, જાણે ખડખડ
હસીને આ પ્રમાણે વચન કહ્યુ ૧૦

श्रीभगवानुवाच । શ્રીભગવાન કહે છે કે,

अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे ।
गतासूनगतासूंश्च नानुशोचन्ति पंडिताः ॥११॥

જેઓ શોક કરવા યોગ્ય નથી તેમનો તુ શોક કરે
છે, અને પંડિતો જેવુ ડાહ્યુ ડાહ્યુ બોલે છે, પરન્તુ
પંડિતો તો મુએલાનો કે જીવતાનો શોક જ કરતા
નથી ૧૧

नत्वेवाहं जातु नास न त्वं नेमे जनाधिपाः ।
न चैव न भविष्यामः सर्वे वयमतः परम् ॥१२॥

વળી હું ક્યારે પણ ન હતો એમ નથી તેમ તું ન હતો એમ નથી તેમ આ રાજાઓ કદિ નહિ હતા એમ નથી અને તેમ જ પછી આપણે બધા હઇશું નહિ એમ પણ નથી ૧૨

देहिनोऽस्मिन्यथा देहे कौमारं यौवनं जरा ।
तथा देहांतरप्राप्तिर्धीरस्तत्र न मुह्यति ॥ १३ ॥

દેહી(આત્મા)ને જેમ આ દેહમાં કૌમાર, યૌવન અને જરા આવે છે તેમ જ બીજા દેહની પ્રાપ્તિ પણ થાય છે, એમાં જ્ઞાની પુરુષને જરાએ મોહ થતો નથી ૧૩

मात्रास्पर्शास्तु कौंतेय शीतोष्णसुखदुःखदाः ।
आगमापायिनोऽनित्यास्तांस्तितिक्षस्व भारत१४
यं हि न व्यथयंत्येते पुरुषं पुरुषर्षभ ।
समदुःखसुखं धीरं सोऽमृतत्वाय कल्पते ॥ १५॥

માત્રા(ઇંદ્રિયો)ના સ્પર્શો તો હે કૌંતેય, શીત અને તાપ, સુખ અને દુઃખ એવું ભાન કરાવનારા છે, તેઓ આવે તથા જાય એવા સ્વભાવવાળા

છે, અનિત્ય છે, માટે હે ભારત, તુ તેને સહન કર (૧૪) કારણ કે સુખદુ ખ જેને સમાન છે એવા ધીર (બુદ્ધિમાન) પુરુષને (ઇંદ્રિયોના) હે પુરુષર્ષભ, આ સ્પર્શ પીડાકારી થતા નથી, (અને) તે જ અમરપણા(ન મરવાપણા)ને યોગ્ય ગણાય છે ૧૫

नासतो विद्यते भावो नाभावो विद्यते सतः ।
उभयोरपि दृष्टोऽन्तस्त्वनयोस्तत्त्वदर्शिभिः ॥१६॥

અસત(મિથ્યા)માથી સતભાવ નથી હોતો અને સતભાવમાથી અસતનો ભાવ નથી હોતો, એવો એ બન્નેનો નિશ્ચય તો તત્ત્વદર્શી પુરુષો જ કરી શકયા છે ૧૬

अविनाशि तु तद्विद्धि येन सर्वमिदं ततम् ।
विनाशमव्ययस्यास्य न कश्चित्कर्तुमर्हति ॥१७॥
अंतवन्त इमे देहा नित्यस्योक्ताः शरीरिणः ।
अनाशिनोऽप्रमेयस्य तस्माद्युद्ध्यस्व भारत ।१८।

જે(આત્મા)થી આ સર્વ (જગત) વ્યાપ્ત છે, તેને તુ અવિનાશી જાણ એ અવ્યય(અવિનાશી)નો કોઈ પણ વિનાશ કરી શકે એમ નથી (૧૭) શરીરવાળાઓનો એ આત્મા નિત્ય છે, નાશ વિનાનો છે, માપી ન શકાય તેવો છે તેવા આત્માના

આ દેહો નાશવંત છે માટે (દેહનો વિચાર ન કરતા આત્માનો માત્ર વિચાર કરી) હે ભારત, તું યુદ્ધ કર ૧૮

य एनं वेत्ति हतार यश्चैन मन्यते हतम् ।
उभौ तौ न विजानीतो नाय हन्ति न हन्यते । १९।
न जायते म्रियते वा कदाचिन्नायं भूत्वा भविता
वा न भूयः । अजो नित्यः शाश्वतोऽय पुराणो
न हन्यते हन्यमाने शरीरे ।। २० ।।
वेदाविनाशिन नित्यं य एनमजमव्ययम् ।
कथं स पुरुषः पार्थ कं घातयति हन्ति कम् ।।२१।।

જે એને હણનાર સમજે છે અને જે એને હણાયેલો માને છે તે બંને જણ (એને માટે) કાંઈ વિશેષ સમજતા જ નથી કેમકે એ પોતે કાઇને હણતોએ નથી કે કોઇથી હણાતોએ નથી, (૧૯) તે જન્મતોએ નથી કે મરતોએ નથી, ભૂતકાળમા તે નહતો કે ભવિષ્યમા ફરી હોશે નહિ (અર્થાત્ તે કાલનો વિકાર પામતો નથી.) એ તો જન્મરહિત છે, નિત્ય છે, શાશ્વત છે તેમ જ પુરાતન છે શરીર હણાય એટલે કાંઈ તે હણાતો નથી (અથવા હણાયેલા શરીરમા રહ્યા છતા તે હણાતો નથી)

(૨૦) જે એને અવિનાશી, નિત્ય, જન્મરહિત અને અવિકારી જાણે છે તે પુરુષ હે પાર્થ, કયી રીતે કોને હણાવે છે અને કોને હણે છે ? ૨૧

वासांसि जीर्णानि यथा विहाय नवानि गृह्णाति नरोऽपराणि । तथा शरीराणि विहाय जीर्णा-न्यन्यानि संयाति नवानि देही ॥ २२ ॥

જેમ મનુષ્ય જુના વસ્ત્ર ઉતારી નવા ધારણ કરે છે તેમ આત્મા જુના દેહો તજી નવા દેહોને ધારણ કરે છે ૨૨

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥ २३ ॥

अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च ।
नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः ॥२४॥

अव्यक्तोऽयमचिन्त्योऽयमविकार्योऽयमुच्यते ।
तस्मादेवं विदित्वैनं नानुशोचितुमर्हसि ॥२५॥

अथ चैनं नित्यजातं नित्यं वा मन्यसे मृतम् ।
तथापि त्वं महाबाहो नैनं शोचितुमर्हसि ॥२६॥

जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥२७॥

આ આત્માને શસ્ત્રો છેદી શકતા નથી, અગ્નિ બાળી શકતો નથી, તેમ પાણી પલાળી શકતુ નથી, કે વાયુ સૂકવી શકતો નથી (૨૩) આ આત્મા તો છેદાય નહિ તેવો છે, બળાય નહિ તેવો છે, પલાળાય નહિ તેવો છે તથા સુકવાય નહિ તેવો છે વળી તે નિત્ય છે, સર્વવ્યાપી છે, સ્થિર છે, અચળ છે અને સનાતન છે (૨૪) આને અવ્યક્ત (ઇન્દ્રિયોથી ન જણાય તેવો) કહ્યો છે અચિંત્ય (મનમા ચિંતવી ન શકાય તેવો) કહ્યો છે, આને અવિકાર્ય (જેમા વિકાર કરી કરાવી ન શકાય તેવો) કહ્યો છે, માટ તારે એને એવો જાણીને એની પાછળ શોક કરવો યોગ્ય નથી (૨૫) વળી એને તુ નિત્ય જન્મતો કે નિત્ય મરતો માને તોપણ હે મહાબાહો, તારે એનો શોક કરવો યોગ્ય નથી, (૨૬) કારણ કે જેનો જન્મ તેનુ જ જરૂર મરણ હોય અને જેનુ મરણ તેનો જ જરૂર જન્મ હોય, માટે ન ટળે એવી આ બાબતમા શોક કરવો તને ઉચિત નથી ૨૭

अव्यक्तादीनि भूतानि व्यक्तमध्यानि भारत ।
अव्यक्तनिधनान्येव तत्र का परिदेवना ॥२८॥

સર્વે ભૂતો(શરીરો)નો આરભ અવ્યક્તમાથી થાય છે, હે ભારત, તે વચલા સમયમા વ્યક્ત

(સ્પષ્ટ) થાય છે, અને અંતે તેનો લય પણ અવ્યક્ત
માં જ થાય છે તો પછી ત્યાં કોનો પરિતાપ
કરવો ? ૨૮

आश्चर्यवत्पश्यति कश्चिदेनमाश्चर्यवद्वदति तथैव चान्यः । आश्चर्यवच्चैनमन्यः शृणोति श्रुत्वाप्येनं वेद न चैव कश्चित् ॥ २९ ॥

કોઈ આત્માને આશ્ચર્યવત્ (આશ્ચર્યની વસ્તુ તરીકે) જુએ છે તો કોઈ તેને આશ્ચર્ય (પામવા) જેવો કહે છે, કોઈ આશ્ચર્યવત્ (આશ્ચર્યની વાત તરીકે) તેને વિષે સાંભળે છે અને કોઈ એને માટે સાંભળ્યા છતાં પણ એને સમજતા નથી ૨૯

देही नित्यमवध्योऽयं देहे सर्वस्य भारत ।
तस्मात्सर्वाणि भूतानि न त्वं शोचितुमर्हसि ३०

સર્વના દેહમાં રહેલો આ દેહી (આત્મા) હે ભારત, નિત્ય છે, અવધ્ય છે, માટે કોઈ પણ ભૂતોનો તારે તો શોક કરવો યોગ્ય નથી ૩૦

स्वधर्ममपि चावेक्ष्य न विकम्पितुमर्हसि ।
धर्म्याद्धि युद्धाच्छ्रेयोऽन्यत्क्षत्रियस्य न विद्यते ३१
यदृच्छया चोपपन्नं स्वर्गद्वारमपावृतम् ।
सुखिनः क्षत्रियाः पार्थ लभन्ते युद्धमीदृशम् ।३२।

વળી સ્વધર્મનો પણ પૂર્ણ વિચાર કર્યા પછી તારે ખૂબ કંપવું જોઈતું નથી, કેમકે, ક્ષત્રિયને માટે ધર્મયુદ્ધથી બીજું કંઈ વધારે શ્રેય છે જ નહિ (૩૧) વળી દૈવઇચ્છાથી આ યુદ્ધ આવી મળેલું છે, સ્વર્ગનું દ્વાર તેણે ઉઘાડી નાખ્યું છે, હે પાર્થ, આવું યુદ્ધ જે ક્ષત્રિયોને પ્રાપ્ત થાય છે તેને ભાગ્યશાળી જાણવા ૩૨

अथ चेत्त्वमिमं धर्म्यं संग्रामं न करिष्यसि ।
ततः स्वधर्मं कीर्तिं च हित्वा पापमवाप्स्यसि ।३३।
अकीर्तिं चापि भूतानि कथयिष्यन्ति तेऽव्ययाम् ।
संभावितस्य चाकीर्तिर्मरणादतिरिच्यते ॥३४॥

પણ જો તું આ ધર્મયુદ્ધ નહિ કરે તો પછી સ્વધર્મ અને કીર્તિ ગુમાવી પાપનો ભોક્તા થઇશ (૩૩) અને વળી સર્વે ભૂતો નિરંતર તારી અકીર્તિ ગાશે, અને સંભાવિત પુરુષને અકીર્તિ એ મરણથી પણ વધારે છે ૩૪

भयाद्रणादुपरतं मंस्यन्ते त्वां महारथाः ।
येषां च त्वं बहुमतो भूत्वा यास्यसि लाघवम् ३५

ભયને લીધે રણમાંથી હઠી ગયો, એવું મહારથીઓ માનશે, અને જેમના મનમાં તારે માટે બહુ માન છે, તેમને મન તું હલકો ગણાઇશ ૩૫

अवाच्यवादांश्च बहून्वदिष्यन्ति तवाहिताः ।
निंदन्तस्तवसामर्थ्यं ततो दुःखतरं नु किम् ।३६।

વળી તારા સામર્થ્યની નિંદા કરતા તારા શત્રુઓ બીજી ન કહેવા જેવી વાતો પણ બહુ કહેશે, (એટલે) આથી તને બીજું વધારે દુઃખ તે શું થવાનું છે? ૩૬

हतो वा प्राप्स्यसि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महीम् ।
तस्मादुत्तिष्ठ कौंतेय युद्धाय कृतनिश्चयः ॥३७॥

જો તું હણાયો તો સ્વર્ગ પામીશ અને જિત્યો તો પૃથ્વી ભોગવીશ, માટે હે કૌંતેય, યુદ્ધ કરવાનો નિશ્ચય કરીને ઉભો થા ૩૭

सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ ।
ततो युद्धाय युज्यस्व नैवं पापमवाप्स्यसि ।३८।

સુખ અને દુઃખ, લાભ અને અલાભ, જય અને અજય, સર્વ સમાન ગણીને પછી આ યુદ્ધમાં સામેલ થા, લડવાથી તને પાપ લાગશે નહિ ૩૮

एषा तेऽभिहिता सांख्ये बुद्धिर्योगे त्विमां शृणु ।
बुद्ध्या युक्तो यया पार्थ कर्मबंधं प्रहास्यसि ।३९।

આ બુદ્ધિ (સલાહ) સાંખ્ય(પરમાર્થ વસ્તુ આત્મા)ની દૃષ્ટિએ તને મેં કહી (હવે ઈશ્વરના આરાધનરૂપ) કર્મ અને સમાધિ યોગની દૃષ્ટિએ

તુ એ(આત્મા)ની વાત સાભળ હે પાર્થ, બુદ્ધિથી જો તુ યુક્ત (સિદ્ધ) થયો હશે તો તુ કર્મબધને સપૂર્ણ છોડી શકીશ ૩૯

नेहाभिक्रमनाशोऽस्ति प्रत्यवायो न विद्यते ।
स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् ॥४०॥

અહિ (મોક્ષમાર્ગના કર્મયોગમા) આરભનો નાશ થતો નથી કે પ્રત્યવાય (મુશ્કેલી) પણ લાગતો નથી ધર્મ થોડો ઘણો પણ પળાયો હોય તો તે માણસને મોટા ભયથી ઉગારે છે ૪૦

व्यवसायात्मिका बुद्धिरेकेह कुरुनंदन ।
बहुशाखा ह्यनताश्च बुद्धयोऽव्यवसायिनाम् ।४१।

અહિ (કર્મ)યોગમા હે કુરુનદન, એક બુદ્ધિ જ વ્યવસાયાત્મિકા (વ્યવસાય કરવાવાળી, નિશ્ચય કરવાવાળી) છે પણ અવ્યવસાયીઓની (એટલે કે જેમનો કોઈ નિશ્ચય જ નથી, વાતો કરે છે તેમની) બુદ્ધિ બહુ શાખાવાળી અને અનત હોય છે ૪૧

यामिमा पुष्पिता वाचं प्रवदत्यविपश्चितः ।
वेदवादरताः पार्थ नान्यदस्तीति वादिनः॥४२॥

વેદમા શુ-કહ્યુ છે તેના વાદ કરવામા પ્રીતિ રાખનારા અવિવેકી વાદીઓ (તકરારીઓ) હે

પાર્થ, 'વેદમા કાઇ બીજુ છે જ નહિ, એવી આ પુષ્પિતા (સુગધીદાર, છટાદાર) વાણી બોલે છે ૪૨

कामात्मानः स्वर्गपरा जन्मकर्मफलप्रदाम् ।
क्रियाविशेषबहुला भोगैश्वर्यगति प्रति ॥ ४३ ॥

ત્યારે કામનાથી ભરેલા અને સ્વર્ગને જ શ્રેષ્ઠ માનનારાઓ જન્મ, કર્મ તથા ફળને આપનારી ભોગ અને ઐશ્વર્યવાળી ગતિની પ્રાપ્તિ માટે નાના પ્રકારની ક્રિયાઓ કરવાકરાવવાવાળી (પુષ્પિતા=છટાદાર) વાણી (વાતો) બોલે છે ૪૩

भोगैश्वर्यप्रसक्ताना तयापहृतचेतसाम् ।
व्यवसायात्मिका बुद्धिः समाधौ न विधीयते ४४

ભોગ તથા ઐશ્વર્યમા આસક્ત મનવાળાની તથા એવી કામના બુદ્ધિવાળી વાણીથી મોહ પામેલા ચિત્તવાળાઓની બુદ્ધિ સમાધિ(અત કરણ)મા વ્યવસાયાત્મિકા (એક નિશ્ચય કરવાવાળી) હોતી નથી ૪૪

त्रैगुण्यविषया वेदा निस्त्रैगुण्यो भवार्जुन ।
निर्द्वंद्वो नित्यसत्वस्थो निर्योगक्षेम आत्मवान् ४५

(કર્મઠોની નજરમા) વેદો (સત્ત્વ, રજસ અને તમસ એ) ત્રણ ગુણવાળા (સસારના) વિષયોથી જ

ભરેલા છે, માટે હે અર્જુન, તુ (તેમની તેવી વાત છોડી) એ ત્રણ ગુણો વિનાનો થા, (સુખ દુ ખ એવા વિરોધી) દ્વન્દ્વો વિનાનો થા, નિત્ય સત્ત્વ ગુણના આશ્રયવાળો થા, (અપ્રાપ્તને પ્રાપ્ત કરવાવાળા) યોગ અને (પ્રાપ્તને રક્ષવાવાળા) ક્ષેમ વિનાનો થા, તુ આત્મવાન (આત્માવાળો એટલે પોતાનામા શ્રદ્ધા, નિષ્ઠાવાળો, પોતાનુ સ્વરૂપ સમજનારો) થા ૪૫

यावानर्थ उदपाने सर्वतः सम्प्लुतोदके ।
तावान्सर्वेषु वेदेषु ब्राह्मणस्य विजानतः ॥४६॥

ચોતરફથી ભરેલા જળાશય આગળ એક નાના જળાશયની જેટલી ગરજ રહે તેમ બ્રહ્મને જાણવાવાળા બ્રાહ્મણને સર્વ વેદોના સબધે છે (અર્થાત્ અર્જુને વેદોના કરતા પણ બ્રહ્મને સમજવાની ગરજ વધારે કરવી) ૪૬

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूर्मा ते संगोऽस्त्वकर्मणि ॥४७॥

(બ્રહ્મજ્ઞાન સર્વથી શ્રેષ્ઠ છે) તારો (ક્ષત્રિયનો) અધિકાર (ક્ષાત્ર) કર્મ કરવામા છે, ફળોની પ્રાપ્તિમા તારો કદી અધિકાર થાઓ મા, કર્મના ફળમા હેતુ-

વાળો તુ થા મા, તારો સગ (ઇચ્છા) અકર્મ(કર્મ ન કરવા)મા થાઓ મા ૪૭

योगस्थः कुरु कर्माणि सग त्यक्त्वा धनंजय ।
सिद्ध्यसिद्ध्योः समो भूत्वा समत्वं योग उच्यते॥

ઉપર કહેલી યોગ બુદ્ધિવાળો (કર્મયોગ કરવામા વ્યવસાયાત્મિકા=નિશ્ચયવાળી બુદ્ધિવાળો) થઇને સગ (ઇચ્છા, પ્રેમાસક્તિ) ત્યજીને અને સિદ્ધિ અને અસિદ્ધિમા સમાન બુદ્ધિવાળો થઇને હે ધનજય, તુ તારા કર્મો કર (વિરોધી દ્વન્દ્વોમા) સમાન બુદ્ધિ રાખવાપણાને યોગ કહેવામા આવે છે ૪૮

दूरेण ह्यवर कर्म बुद्धियोगाद्धनंजय ।
बुद्धौ शरणमन्विच्छ कृपणाः फलहेतवः ॥४९॥

(સમાનપણાની) બુદ્ધિવાળા કર્મયોગથી (એટલે કે લાભાલાભના વિચાર વિનાની, લાભાલાભાદિમા સમાનપણાવાળી બુદ્ધિના યોગે) કરેલા (નિષ્કામ) કર્મો સિવાય બીજા સકામ કર્મો હે ધનજય, અધમ છે, માટે તુ તો સમાનપણાવાળી બુદ્ધિનો, નિષ્કામ બુદ્ધિનો જ આશ્રય લે ફળના હેતુથી કામ કરનારાઓ તો ભીખારી છે ૪૯

बुद्धियुक्तो जहातीह उभे सुकृतदुष्कृते ।
तस्माद्योगाय युज्यस्व योगः कर्मसु कौशलम् ५०

સમાનપણાની (કર્મ)બુદ્ધિવાળો પુરુષ આલોક(કર્મ)મા સુકૃત અને દુષ્કૃત બન્નેનો ત્યાગ કરે છે, માટે તુ (તો તે સમપણાની બુદ્ધિવાળા) યોગ માટે પ્રવૃત્ત થા કર્મોમા (સમાનપણાવાળી) કુશળતા યુક્ત બુદ્ધિ એ જ કર્મયોગ ૫૦

कर्मज बुद्धियुक्ता हि फलं त्यक्त्वा मनीषिणः ।
जन्मबधविनिर्मुक्ताः पद गच्छंत्यनामयम् ॥५१॥

સમત્વવાળી બુદ્ધિયુક્ત જ્ઞાનીઓ તો કર્મથી થતા ફળોનો ત્યાગ કરી જન્મબધથી છૂટી દુખ વિનાના પરમ પદે પામે છે ૫૧

यदा ते मोहकलिलं बुद्धिर्व्यतितरिष्यति ।
तदा गन्तासि निर्वेद श्रोतव्यस्य श्रुतस्य च ५२

જ્યારે તારી (સમત્વવાળી) બુદ્ધિ મોહરુપી કીચડને ઓળંઘી જશે, ત્યારે સાભળેલા અને સાભળવાના વિષયોમા તને નિર્વેદ (વિરાગ) ઉત્પન્ન થશે ૫૨

श्रुतिविप्रतिपन्ना ते यदा स्थास्यति निश्चला ।
समाधावचला बुद्धिस्तदा योगमवाप्स्यसि ॥५३॥

નાના પ્રકારની બીજી વાતો સાભળી સશયવાળી થયેલી તારી બુદ્ધિ સમાધિ(કર્મના ફલા-

ફલની સમતા કરવા)મા નિશ્ચળ (વિક્ષેપ વિનાની) થશે અને અચળ (વિકલ્પ વિનાની) થશે ત્યારે તુ (સમાનપણુ કરવાવાળા) યોગને પામીશ (સમાધિપ્રજ્ઞ, સ્થિતપ્રજ્ઞ થઇશ) ૫૩

अर्जुन उवाच । અર્જુન પૂછે છે કે,

स्थितप्रज्ञस्य का भाषा समाधिस्थस्य केशव ।
स्थितधीः किं प्रभाषेत किमासीत व्रजेत किम् ५४

સ્થિત પ્રજ્ઞની, સમતા કરનારાની હે કેશવ, ભાષા (લક્ષણ) શી છે? સ્થિતધી (સ્થિત બુદ્ધિવાળો) કેમ બોલે છે? શી રીતે બેસે છે? બાહ્યેન્દ્રિયોનો નિગ્રહ કવી રીતે કરે છે, કવી રીતે વિષયોને પાળે છે? ૫૪

श्रीभगवानुवाच । શ્રીભગવાન કહે છે કે,

प्रजहाति यदा कामान्सर्वान्पार्थ मनोगतान् ।
आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ५५

માણુસ મનમા આવેલી સર્વ કામનાને હે પાર્થ, જ્યારે તજી દે છે, અને આત્મામા આત્મા વડે સતાષ પામે છે ત્યારે તે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે ૫૫

दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ।
वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ॥५६॥

દુઃખમાં જેના મનને ઉદ્વેગ થતો નથી, સુખમાં જે નિઃસ્પૃહ રહે છે ને રાગ, ભય, ને ક્રોધ જેના છૂટી ગયેલા છે એવો મુનિ (મનન કરનારો) સ્થિતધી કહેવાય છે ૫૬

યઃ સર્વત્રાનભિસ્નેહસ્તત્તત્પ્રાપ્ય શુભાશુભમ્ ।
નાભિનન્દતિ ન દ્વેષ્ટિ તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥૫૭॥

જે સર્વત્ર સ્નેહ વગરનો છે અને તેને શુભ પ્રાપ્ત થતાં હરખતો નથી અથવા તેને અશુભ પ્રાપ્ત થતાં દ્વેષ કરતો નથી, તેની પ્રજ્ઞા (બુદ્ધિ) પ્રતિષ્ઠિતા (સ્થિર) છે (તેને સ્થિતપ્રજ્ઞ કહે છે) ૫૭

યદા સંહરતે ચાયં કૂર્મોઽઙ્ગાનીવ સર્વશઃ ।
ઇન્દ્રિયાણીન્દ્રિયાર્થેભ્યસ્તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ।૫૮।

અને કાચબો જેમ પોતાના શરીરને સર્વ બાજુએથી (કોટલામાં) ખેંચી લે છે તેમ મનુષ્ય જ્યારે ઇન્દ્રિયોના વિષયોમાંથી ઇંદ્રિયોને પાછી (પોતામાં) ખેંચી લે છે ત્યારે તેની બુદ્ધિને સ્થિરપ્રજ્ઞ કહે છે (તેને સ્થિતપ્રજ્ઞ કહે છે) ૫૮

વિષયા વિનિવર્તન્તે નિરાહારસ્ય દેહિનઃ ।
રસવર્જં રસોઽપ્યસ્ય પરં દૃષ્ટ્વા નિવર્તતે ॥ ૫૯ ॥

(રોગી જેવા) નિરાહાર દેહીના ઇન્દ્રિયોના વિષયો કે ઇન્દ્રિયો પોતાની મેળે રાગ (આસક્તિ, પ્રેમ) છોડ્યા વિના નિવૃત્ત થાય છે (અર્થાત્ તને સુખદુઃખની બુદ્ધિ તો રહે છે), પણ આ(સ્થિતપ્રજ્ઞ)નો રાગ (આસક્તિ) તો પરમાત્માના દર્શન થતા જ જતો રહે છે (અર્થાત્ તે પછી તે સુખદુઃખની બુદ્ધિથી પર થાય છે, સુખદુઃખમાં તેની બુદ્ધિ ભેદ કરતી નથી, સમતા રાખે છે) ૫૯

यततो ह्यपि कौंतेय पुरुषस्य विपश्चितः ।
इन्द्रियाणि प्रमाथीनि हरन्ति प्रसभं मनः॥६०॥

કારણ કે હે કૌંતેય, સર્વને મથી નાખનારી ઇન્દ્રિયો તો યત્ન કરનારા વિવેકી પુરુષના મનને બળાત્કારે પણ વિષયો તરફ ખેંચી જાય છે ૬૦

तानि सर्वाणि संयम्य युक्त आसीत मत्परः ।
वशे हि यस्येंद्रियाणि तस्य प्रज्ञा प्रतिष्ठिता॥६१॥

જે યોગીપુરુષ એ સર્વે ઇન્દ્રિયોનો સંયમ કરીને મત્પરાયણ થાય છે તે સમાનપણાની બુદ્ધિવાળો (સ્થિતપ્રજ્ઞ)છે, કારણ કે તેની ઇન્દ્રિયો વશ જ છે ૬૧

ध्यायतो विषयान्पुंसः संगस्तेषूपजायते ।
संगात्संजायते कामः कामात्क्रोधोऽभिजायते ६२

क्रोधाद्भवति संमोहः संमोहात्स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद्बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ॥

વિષયોનું ધ્યાન કરનાર પુરુષને તે તે વિષયોમાં પ્રીતિ થાય છે, પ્રીતિથી કામ ઉપજે છે અને કામથી ક્રોધ ઉપજે છે, (૬૨) ક્રોધથી સંમોહ થાય છે, સંમોહથી સ્મૃતિમાં વિભ્રમ થાય છે, સ્મૃતિભ્રંશથી બુદ્ધિ નાશ પામે છે, બુદ્ધિનો નાશ થતાં તે પોતે પણ નાશ પામે છે ૬૩

रागद्वेषवियुक्तैस्तु विषयानिन्द्रियैश्चरन् ।
आत्मवश्यैर्विधेयात्मा प्रसादमधिगच्छति ॥६४॥
प्रसादे सर्वदुःखानां हानिरस्योपजायते ।
प्रसन्नचेतसो ह्याशु बुद्धिः पर्यवतिष्ठते ॥ ६५ ॥

રાગદ્વેષ વગરની તથા આત્માને વશ એવી ઇન્દ્રિયોથી જે પુરુષ વિષયોને સેવે છે તે પ્રસાદ (સ્વસ્થતા)ને પામે છે (૬૪) પ્રસાદથી (ચિત્તની નિર્મળતા હોય ત્યારે) તેના સઘળા (સુખ) દુઃખોનો નાશ થાય છે, તથા તે પ્રસન્ન ચિત્તવાળાની બુદ્ધિ ઝટ સ્થિર થાય છે ૬૫

नास्ति बुद्धिरयुक्तस्य न चायुक्तस्य भावना ।
न चाभावयतः शान्तिरशान्तस्य कुतः सुखम् ६६

इन्द्रियाणां हि चरतां यन्मनोऽनुविधीयते ।
तदस्य हरति प्रज्ञां वायुर्नावमिवाम्भसि ॥ ६७ ॥

અયુક્તને એટલે જેણે સમાનપણાવાળી બુદ્ધિ કરી નથી તેને (વ્યવસાયાત્મિકા) બુદ્ધિ હોતી નથી, તેમ તે અયુક્તને ભાવના (ભક્તિ, દૃઢતા, શ્રદ્ધા) પણ હોતી નથી અને ભાવના ન રાખનારને શાન્તિ મળતી નથી, ત્યારે શાન્તિ વગરનાને સુખ ક્યાંથી હોય? (૬૬) કારણ કે જેમ જળમાં નાવને વાયુ ખેંચી જાય છે તેમ વિષયોમાં ભટકતી ઇન્દ્રિયોની સાથે જે મન ઘસડાય છે તે મન આ(અયુક્ત પુરુષ)ની બુદ્ધિને ખેંચી જાય છે, ૬૭

तस्माद्यस्य महाबाहो निगृहीतानि सर्वशः ।
इन्द्रियाणींद्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ६८

માટે હે મહાબાહો, જેની ઇન્દ્રિયોનો સર્વે બાજુથી ઇન્દ્રિયોના વિષયોમાંથી દૃઢ નિગ્રહ થયેલો હોય તેની પ્રજ્ઞાજ સ્થિર છે (તે સ્થિતપ્રજ્ઞ છે) ૬૮

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः६९

સર્વ ભૂતોની જે રાત્રી તેમાં સંયમી (યુક્ત બુદ્ધિવાળો યોગી) જાગે છે અને જેમાં સર્વ ભૂતો

જાગે છે તેને મનન કરનારા વિવેકી પુરુષો નિશા દેખે છે અથવા સર્વ ભૂતોને સમાનપણાની બુદ્ધિવાળી સ્થિતિરૂપી રાત્રિ જે અગમ્ય છે તે સયમી પુરુષને દિવસ જેવી જાગવાની વેળા છે, અને રાગ દ્વેષવાળી સર્વભૂતોની જાગૃત અવસ્થા તે સયમી મુનિને રાત્રિ જેવી લાગે છે ૬૯

आपूर्यमाणमचलप्रतिष्ठं समुद्रमापः प्रविशन्तियद्वत्। तद्वत्कामा यं प्रविशन्ति सर्वे स शान्तिमाप्नोति न कामकामी ॥ ७० ॥

પરિપૂર્ણ ભરાતા છતા પોતાની પ્રતિષ્ઠામા અચલ એવા સમુદ્રમા જેમ બીજુ જળ આવે છે તેમ સવ કામના જેના ચિત્તમા દાખલ થાય છે તેવો તે તો શાન્તિ જ પામે છે, કામભોગની કામનાવાળો શાન્તિ પામતો નથી ૭૦

विहाय कामान्यः सर्वान्पुमाश्चरति निःस्पृहः ।
निर्ममो निरहङ्कारः स शातिमधिगच्छति॥७१॥
एषा ब्राह्मी स्थितिः पार्थ नैना प्राप्य विमुह्यति।
स्थित्वास्यामंतकालेऽपि ब्रह्मनिर्वाणमृच्छति ७२

જે સર્વ કામનાઓ તજી નિસ્પૃહ, નિર્મમ અને નિરહકાર થઈ ફરે છે તે જ શાન્તિ પામે છે ૭૧

આ બ્રાહ્મી(બ્રહ્મનિષ્ઠા રૂપ) સ્થિતિ છે હે પાર્થ,
એને પામ્યા પછી મોહ થતા નથી વળી (તે એવી
મહત્ત્વવાળી છે કે) મરણ સમયે આ સ્થિતિમા
રહેલા હોય તો પણ તે બ્રહ્મનિર્વાણને પામે છે ૭૨

**इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्याया
योगशास्त्रे श्रीकृष्णार्जुनसवादे साख्ययोगो
नाम द्वितीयोऽध्याय. ।**

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતારૂપ ઉપનિષદોમા બ્રહ્મવિદ્યા અને
યોગશાસ્ત્રરૂપ શ્રીકૃષ્ણાર્જુનના સવાદમા સાખ્યયોગ
યોગ નામનો બીજો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૩ જો, કર્મયોગ

अर्जुन उवाच। અર્જુન કહે છે કે,

ज्यायसी चेत्कर्मणस्ते मता बुद्धिर्जनार्दन ।
तत्किं कर्मणि घोरे मां नियोजयसि केशव॥१॥

હે જનાર્દન, જો તમારો એવો જ મત હોય કે, કર્મયોગ કરતા આત્મજ્ઞાનના નિશ્ચયવાળી બુદ્ધિનો યોગ શ્રેષ્ઠ છે તો હે કેશવ, શા માટે તમે મને (યુદ્ધરૂપી) ઘોર કર્મમા જોડો છો? ૧

व्यामिश्रेणेव वाक्येन बुद्धिं मोहयसीव मे ।
तदेकं वद निश्चित्य येन श्रेयोऽहमाप्नुयाम् ॥२॥

જ્ઞાન અને કર્મ એ બન્નેના મિશ્રણવાળા વાક્યને કહીને જાણે મારી બુદ્ધિને મોહ પમાડો છો, માટે એક જ વાતનો નિશ્ચય કરીને કહો કે જેથી મારુ શ્રેય થાય ૨

श्रीभगवानुवाच। શ્રીભગવાન કહે છે કે,

लोकेऽस्मिन्द्विविधा निष्ठा पुरा प्रोक्ता मयानघ ।
ज्ञानयोगेन सांख्यानां कर्मयोगेन योगिनाम् ३

હે અનઘ (પાપ વિનાના), આ લોકમા બે પ્રકારની નિષ્ઠાઓ છે (જ્ઞાનનિષ્ઠા અને કર્મનિષ્ઠા) એમ

પહેલા કહ્યુ છે આત્મામા નિશ્ચયાત્મક બુદ્ધિ જ્ઞાન યોગ વડે કરવાની સાંખ્યોની અને (ક્ષાત્રધર્મના પાલનથી) કર્મયોગ વડે યોગીઓની નિષ્ઠા કહી છે ૩

न कर्मणामनारम्भान्नैष्कर्म्यं पुरुषोऽश्नुते ।
न च संन्यसनादेव सिद्धिं समधिगच्छति ॥४॥
न हि कश्चित्क्षणमपि जातु तिष्ठत्यकर्मकृत् ।
कार्यते ह्यवशः कर्म सर्वः प्रकृतिजैर्गुणैः ॥ ५ ॥

કર્મનો આરભ ન કર્યાથી પુરુષ નિષ્કર્મપણાને પામતો નથી, તેમ કર્મના એકલા સન્યાસ(ત્યાગ)થી પણ (સમત્વની) સિદ્ધિ મળતી નથી (૪) કેમકે (કોઈ પણ દેશમા અથવા કોઈ પણ કાળમા) ક્ષણ માત્ર પણ કર્મ કર્યા વિના કોઈ રહી શકતુ નથી, કારણ કે પ્રકૃતિના જન્મેલા સત્વ ગુણોના જોરથી પરાણે પણ પ્રાણી કર્મ કરે છે ૫

कर्मेन्द्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन् ।
इन्द्रियार्थान्विमूढात्मा मिथ्याचारः स उच्यते ॥

કર્મેન્દ્રિયોને વશ કર્યા છતા જે માણસ મનથી ઇન્દ્રિયોના વિષયોને સભારે છે તે વિમૂઢાત્મા છે. તેને મિથ્યાચારિ (દભી) કહે છે. ૬

यस्त्विन्द्रियाणि मनसा नियम्यारभतेऽर्जुन ।
कर्मेन्द्रियैः कर्मयोगमसक्तः स विशिष्यते ॥ ७ ॥

પરંતુ જે માણસ (જ્ઞાન) ઇન્દ્રિયોને મન વડે નિયમમા રાખી કર્મેન્દ્રિયોથી કર્મયોગ આચરે છે તે અસક્ત (આસક્તિ વગરનો દંભીથી) શ્રેષ્ઠ છે ૭

नियतं कुरु कर्म त्वं कर्म ज्यायो ह्यकर्मणः ।
शरीरयात्रापि च ते न प्रसिद्ध्येदकर्मणः ॥८॥
यज्ञार्थात्कर्मणोऽन्यत्र लोकोऽयं कर्मबंधनः ।
तदर्थं कर्म कौन्तेय मुक्तसंगः समाचर ॥ ९ ॥

તારા માટે ઠરાવેલુ (ક્ષત્રિયનુ) કર્મ તુ કર, કારણ કે અકર્મ (કર્મ વિનાના રહેલા) કરતા કર્મ શ્રેષ્ઠ છે, વળી જે માણસ કર્મ કર્યા વિનાનો રહે છે તેની આલોકની શરીરયાત્રા (શરીર ધારણ કરી જીવવાની યાત્રા) પૂરેપૂરી સિદ્ધ થતી નથી (૮) આલોક (આપણુ જીવન, કર્મ અન્યત્ર પ્રભુ પ્રીતિ માટે) યજ્ઞાર્થ (યજ્ઞરૂપ) છે, એટલે તેના સિવાય બીજા નિમિત્તે (આલોકમા) કરેલા કર્મો બંધનકારક છે માટે હે કુંતીપુત્ર, સંગ (ફળની ઇચ્છા) છોડીને ઈશ્વર નિમિત્ત કર્મ કર, ૯

सहयज्ञाः प्रजाः सृष्ट्वा पुरोवाच प्रजापतिः ।
अनेन प्रसविष्यध्वमेष वोऽस्त्विष्टकामधुक् १०
देवान्भावयतानेन ते देवा भावयन्तु वः ।
परस्पर भावयन्तः श्रेयः परमवाप्स्यथ ॥ ११ ॥
इष्टान्भोगान्हि वो देवा दास्यन्ते यज्ञभाविताः ।
तैर्दत्तानप्रदायैभ्यो यो भुङ्क्ते स्तेन एव सः १२

પૂર્વે (સૃષ્ટિનો આરંભ કરતા) યજ્ઞો સહિત પ્રજાઓ (લોકો) એક સાથે સૃજીને પ્રજાપતિએ કહ્યુ હતુ કે, "આ જીવનયજ્ઞ વડે તમે વૃદ્ધિ પામો, એ તમારા ઇચ્છિત ભોગ આપનાર કામધેનુ થાઓ (૧૦) આ યજ્ઞવડે દેવોની સભાવના કરો અને તે દેવો તમારી સભાવના કરો એમ પરસ્પર એક-બીજાને સતોષતા તમે પરમ શ્રેય પામશો (૧૧) યજ્ઞથી પ્રસન્ન થયેલા દેવો તમોને ઇષ્ટ ભોગો આપશે, પણ તેમણે (દેવોએ) આપેલુ તેમને પાછુ ધર્યા વિના જે ભોગવે છે તે તો ચોર જ છે" ૧૨

यज्ञशिष्टाशिनः सतो मुच्यन्ते सर्वकिल्बिषैः ।
भुञ्जते ते त्वघं पापा ये पचन्त्यात्मकारणात् १३

"યજ્ઞથી અવશિષ્ટ (વધેલી) પ્રસાદીનો ભોગ કર-નાર સત્પુરુષો સર્વ પાપોથી મુક્ત થાય છે, જેઓ

પોતાને માટે જ પકાવે છે તે પાપીઓ છે અને પાપનેજ ભોગવે છે" ૧૩

अन्नाद्भवन्ति भूतानि पर्जन्यादन्नसंभवः ।
यज्ञाद्भवति पर्जन्यो यज्ञः कर्मसमुद्भवः ॥१४॥
कर्म ब्रह्मोद्भव विद्धि ब्रह्माक्षरसमुद्भवम् ।
तस्मात्सर्वगत ब्रह्म नित्य यज्ञे प्रतिष्ठितम् ॥१५॥

"અન્ન થકી ભૂત માત્ર ઉપજે છે, વરસાદથી અન્નનો નભવ (ઉત્પત્તિ) છે, યજ્ઞથી વરસાદ થાય છે, અને યજ્ઞ કર્મથી ઉત્પન્ન થયુ છે, (૧૪) યજ્ઞરૂપ કમ બ્રહ્મમાથી નીકળ્યુ છે, વેદ અક્ષરબ્રહ્મથી ઉત્પન્ન થયા છે માટ બ્રહ્મ સર્વવ્યાપક છે, તે નિત્ય યજ્ઞમા રહેલ છે એમ સમજ" ૧૫

एव प्रवर्तित चक्रं नानुवर्तयतीह यः ।
अघायुरिन्द्रियारामो मोघ पार्थ स जीवति॥१६॥

આ પ્રમાણે (પરમાત્માએ) ચલાવેલા (વ્યવહાર ચક્રને જે માણસ આલાકમા અનુસરતો નથી ત માત્ર ઇન્દ્રિયોમા રમણ કરે છે, તેનુ જીવન પાપી છે, હે પાર્થ, તે વૃથા જ જીવે છે ૧૬

यस्त्वात्मरतिरेव स्यादात्मतृप्तश्च मानवः ।
आत्मन्येव च सतुष्टस्तस्य कार्य न विद्यते ॥१७॥

नैव तस्य कृतेनार्थो नाकृतेनेह कश्चन ।
न चास्य सर्वभूतेषु कश्चिदर्थव्यपाश्रयः ॥१८॥

જે મનુષ્યની પોતાના આત્મામાજ રતિ (પ્રીતિ) છે અને પોતાના આત્મામા જ તૃપ્ત રહે છે, તથા આત્મામાજ સતુષ્ટ છે, તેને પોતાના માટે કાઇ પણ કર્તવ્ય રહેલુ નથી (૧૭) આ લોકમા તેને કર્મ કરવામા કે કર્મ ન કરવામા કઈ લાભહાનિ નથી, અને તને સવ પ્રાણી વિષે કોઈ પણ જાતના પોતાના અર્થ(સ્વાર્થ)નુ પ્રયોજન નથી ૧૮

तस्मादसक्तः सततं कार्यं कर्म समाचर ।
असक्तो ह्याचरन्कर्म परमाप्नोति पूरुषः ॥१९॥
कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः ।
लोकसंग्रहमेवापि संपश्यन्कर्तुमर्हसि ॥ २० ॥

તેટલા માટે (ફળની)કામના વિનાનો બની તુ સતત કર્તવ્ય કર્મ કરતા રહે કારણ કે જે પુરુષ આસક્તિ વિનાનો રહી (યજ્ઞરૂપ) કર્મ આચરે છે, ત પરમ પદને પામે છે (૧૯) વળી જનકાદિક કર્મથી જ સપૂર્ણ સિદ્ધિને પામ્યા છે તેમ લોકસગ્રહ-(લોકોના ધાર્મિકાદ વ્યવહાર ચલાવવા)નો ચારે તરફથી વિચાર કરીને તારે કર્મ કરવા ઘટે છે ૨૦

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।
स यत्प्रमाण कुरुते लोकस्तदनुवर्तते ॥ २१ ॥

શ્રેષ્ઠ પુરુષો જે જે આચરે છે તે તે બીજા સાધારણ માણસો અનુસરે છે જેને તઓ પ્રમાણ કહે છે તને લોકો પ્રમાણ ગણી અનુસરે છે ૨૧

न मे पार्थास्ति कर्तव्य त्रिषु लोकेषु किंचन ।
नानवाप्तमवाप्तव्य वर्त एव च कर्मणि ॥ २२ ॥

હે પાર્થ, ત્રણે લોકમા મારે કઈ કર્તવ્ય નથી, તમ કઈ ન મળેલુ એવુ મેળવવાનુ નથી, તથાપિ હુ કર્મ કર્યા કરુ છુ ૨૨

यदि ह्यह न वर्तेय जातु कर्मण्यतन्द्रितः ।
मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः ॥२३॥
उत्सीदेयुरिमे लोका न कुर्या कर्म चेदहम् ।
सकरस्य च कर्ता स्यामुपहन्यामिमाः प्रजाः २४

કારણ કે તન્દ્રા વિનાનો બની જો હુ નિત્ય કર્મમા ન પ્રવર્તુ તો હે પાર્થ, મનુષ્યો સર્વ રીતે મારા માર્ગનુ અનુકરણ કરવા માડે (૨૩) અને જો હુ કર્મ ન કરુ તો આ લોકો ઉચ્છિન્ન થાય અને હુ જ વર્ણસકરનો કર્તા ગણાઉ તથા આ પ્રજાઓનો હણનાર થાઉ ૨૪

सक्ताः कर्मण्यविद्वांसो यथा कुर्वन्ति भारत ।
कुर्याद्विद्वांस्तथाऽसक्तश्चिकीर्षुर्लोकसंग्रहम् ॥२५॥
न बुद्धिभेदं जनयेदज्ञानां कर्मसंगिनाम् ।
जोषयेत्सर्वकर्माणि विद्वान्युक्तः समाचरन् २६

જેમ અવિદ્વાન (નિશ્ચયાત્મક બુદ્ધિ વિનાના) માણસો કર્મમાં ફળની આસક્તિ રાખીને કર્મ કરે છે તેમ હે ભારત, (નિશ્ચયાત્મક બુદ્ધિવાળા) વિદ્વાન માણસે લોકસંગ્રહ (લોકવ્યવહાર ચલાવવા) માટે આસક્તિ તજી કર્મ કરવાં (૨૫) કર્મ (કર્મ અને ફળ)માં આસક્તિ રાખનાર અજ્ઞાની લોકોની બુદ્ધિમાં જ્ઞાનિએ (સમાધિસ્થ, સ્થિતપ્રજ્ઞ પુરુષે) ભેદ પેદા ન કરવો, પણ તે (સ્થિતપ્રજ્ઞ) વિદ્વાને પોતે અનાસક્ત રહીને સર્વ કર્મ કરવાં અને તેમની પાસે કરાવવાં ૨૬

प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणि सर्वशः ।
अहंकारविमूढात्मा कर्ताहमिति मन्यते ॥ २७ ॥

પ્રકૃતિના ગુણોવડે સર્વ રીતે કર્મો કરાય છે, છતાં અહંકાર(હું કર્તાપણા)થી વિમૂઢ આત્મા 'હું કર્તા છું' એમ માને છે ૨૭

तत्त्ववित्तु महाबाहो गुणकर्मविभागयोः ।
गुणा गुणेषु वर्तन्त इति मत्वा न सज्जते ॥२८॥
प्रकृतेर्गुणसंमूढाः सज्जन्ते गुणकर्मसु ।
तानकृत्स्नविदो मन्दान्कृत्स्नविन्न विचालयेत् २९

પરતુ હે મહાબાહો, ગુણવિભાગનુ તથા કર્મ-વિભાગનુ તત્ત્વ જાણનાર તો "ગુણો(ઇન્દ્રિયો) ગુણો(વિષયો)મા પ્રવર્તે છે' એમ માની, પોતે કર્મમા (કર્તૃત્વના અભિમાનમા) આસક્ત થતો નથી (૨૮) પ્રકૃતિના ગુણોથી સમૂઢ થયેલા જીવો ગુણ તથા તેના કર્મોમા આસક્ત થાય છે, તેવા અપૂર્ણ જાણનારાને અને મન્દમતિઓને સપૂર્ણ જાણનારે કર્મથી ચળાવવા નહિ ૨૯

मयि सर्वाणि कर्माणि सन्यस्याध्यात्मचेतसा ।
निराशीर्निर्ममो भूत्वा युद्ध्यस्व विगतज्वरः ३०

આત્માવિષયક ચિત્તવાળો થઈ તુ સવ કર્મોને મારામા અર્પી, આશારહિત અને મમતારહિત થઈ, મનનો સતાપ દૂર કરી યુદ્ધ કર ૩૦

ये मे मतमिदं नित्यमनुतिष्ठन्ति मानवाः ।
श्रद्धावन्तोऽनसूयन्तो मुच्यन्ते तेऽपि कर्मभिः ।३१।

ये त्वेतदभ्यसूयतो नानुतिष्ठन्ति मे मतम् ।
सर्वज्ञानविमूढांस्तान्विद्धि नष्टानचेतसः ॥३२॥

આ મારા મતને જે માણસો નિત્ય અનુસરે છે તેઓ શ્રદ્ધાવાળા તથા અસૂયારહિત થઈ કર્મોથી છૂટે છે (૩૧) પણ જે અસૂયા કરનારાઓ મારા મતને અનુસરતા નથી તેઓને સર્વ પ્રકારના જ્ઞાનમા ગુચવાયેલા, દુષ્ટ ચિત્તવાળા ને નાશ પામેલા જાણ ૩૨

सदृशं चेष्टते स्वस्याः प्रकृतेर्ज्ञानवानपि ।
प्रकृतिं यान्ति भूतानि निग्रहः किं करिष्यति ३३
इंद्रियस्येंद्रियस्यार्थे रागद्वेषौ व्यवस्थितौ ।
तयोर्न वशमागच्छेत्तौ ह्यस्य परिपन्थिनौ ॥३४॥

જ્ઞાની પણ પોતાની પ્રકૃતિ પ્રમાણે ચેષ્ટા કરે છે પ્રાણીમાત્ર પ્રકૃતિને અનુસરે છે તેમા તે નિગ્રહ શુ કરશે ? (૩૩) ઇન્દ્રિયોના વિષયોમા ઇંદ્રિયોના રાગ અને દ્વેષની વ્યવસ્થા કરેલી છે તે રાગ-દ્વેષને માણસે વશ ન થવુ, કેમકે તે રાગદ્વેષ મોક્ષના માર્ગમા વિરોધી છે ૩૪

श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥३५॥

સારી રીતે પાળેલા પરધર્મ કરતા ઓછા ગુણ-વાળો સ્વધર્મ ઉત્તમ છે, સ્વધર્મમા મરણ પણ સારુ, પરન્તુ પરધર્મ તો ભયાવહ જ છે ૩૫

अर्जुन उवाच । અર્જુન પૂછે છે કે,

अथ केन प्रयुक्तोऽयं पापं चरति पूरुषः ।
अनिच्छन्नपि वार्ष्णेय बलादिव नियोजितः ३६

ત્યારે ઇચ્છા નહિ હોવા છતા પણ હે વાર્ષ્ણેય, જાણે પરાણે તણાતો હોય તેમ આ પુરુષ કોનાથી પ્રેરાઇને પાપ આચરે છે? ૩૬

श्रीभगवानुवाच । શ્રીભગવાન કહે છે કે,

काम एष क्रोध एष रजोगुणसमुद्भवः ।
महाशनो महापाप्मा विद्ध्येनमिह वैरिणम् ३७

તેનો પ્રેરક કામ છે, તેનો પ્રેરક ક્રોધ છે, તે રજોગુણથી ઉત્પન્ન થયો છે, તે ખાઉધરો છે, મહા-પાપી છે, માટે કામનેજ આલોકમા વૈરી જાણ ૩૭

धूमेनाव्रियते वह्निर्यथादर्शो मलेन च ।
यथोल्बेनावृतो गर्भस्तथा तेनेदमावृतम् ॥ ३८ ॥
आवृतं ज्ञानमेतेन ज्ञानिनो नित्यवैरिणा ।
कामरूपेण कौन्तेय दुष्पूरेणानलेन च ॥ ३९ ॥

इंद्रियाणि मनो बुद्धिरस्याधिष्ठानमुच्यते ।
एतैर्विमोहयत्येष ज्ञानमावृत्य देहिनम् ।। ४० ।।

જેમ ધુમાડાથી અગ્નિ છવાય છે, અને મેલથી આરસી ઝખાય છે તથા ઓરથી ગર્ભ ઢંકાય છે તેમ કામથી આ જગત્ છવાયેલું છે (૩૮) જ્ઞાનીના નિત્યના વૈરી અને દુઃખથી ધરાય એવા કામરૂપી અગ્નિએ હે કૌંતેય, જ્ઞાનને ઢાંકી દીધેલું છે (૩૯) ઇન્દ્રિયો, મન અને બુદ્ધિ એ એના અધિષ્ઠાન (સ્થાન) કહેવાય છે, અને તેઓવડે જ્ઞાનને ઢાંકીને જીવને તે મોહ પમાડે છે ૪૦

तस्मात्त्वमिंद्रियाण्यादौ नियम्य भरतर्षभ ।
पाप्मानं प्रजहि ह्येनं ज्ञानविज्ञाननाशनम् ।।४१।।

માટે ઇન્દ્રિયોને પ્રથમ નિયમમાં રાખીને હે ભરતર્ષભ, તું પણ જ્ઞાન અને વિજ્ઞાન બન્નેનો નાશ કરનાર પાપી કામને હણ ૪૧

इंद्रियाणि पराण्याहुरिंद्रियेभ्यः परं मनः ।
मनसस्तु परा बुद्धिर्यो बुद्धेः परतस्तु सः ।।४२।।

(સ્થિતપ્રજ્ઞો, વિદ્વાનો) શરીરથી ઇંદ્રિયોને બળવાન્ કહે છે, ઇંદ્રિયોથી મન પર (શ્રેષ્ઠ) છે,

મનથી બુદ્ધિ પર છે અને બુદ્ધિથી પણ જે પર છે તે એ આત્મા છે ૪૨

एवं बुद्धेः परं बुद्ध्वा संस्तभ्यात्मानमात्मना ।
जहि शत्रुं महाबाहो कामरूपं दुरासदम् ॥४३॥

એ પ્રમાણે બુદ્ધિથી પર એને જાણીને આત્મા (બુદ્ધિ)વડે આત્મા(મન)ને સ્થિર કરીને હે મહાબાહો, એ કામરૂપી દુર્જય શત્રુને તજી દે ૪૩

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे कर्मयोगो नाम तृतीयोऽध्यायः ॥ ३ ॥

ઇતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતારૂપ ઉપનિષદોમાં બ્રહ્મવિદ્યારૂપ અને યોગશાસ્ત્રરૂપ શ્રીકૃષ્ણાર્જુનસંવાદમાં કર્મયોગ નામનો ત્રીજો અધ્યાય સંપૂર્ણ

અધ્યાય ૪ થો, કર્મબ્રહ્માર્પણયોગ

श्रीभगवानुवाच। શ્રીભગવાન કહે છે કે,–

इमं विवस्वते योगं प्रोक्तवानहमव्ययम्।
विवस्वान्मनवे प्राह मनुरिक्ष्वाकवेऽब्रवीत् ॥१॥

મેં પૂર્વે અવિનાશી એવો આ યોગ સૂર્યને કહ્યો, સૂર્યે મનુને કહ્યો અને મનુએ ઇક્ષ્વાકુને કહ્યો હતો ૧

एवं परंपराप्राप्तमिमं राजर्षयो विदुः।
स कालेनेह महता योगो नष्टः परंतप ॥ २ ॥

આમ પરંપરાએ આવેલો આ યોગ રાજર્ષિઓ જાણતા હતા તે લાંબા કાળે કરીને હે પરંતપ, આ લોકમાંથી નષ્ટ થયો છે ૨

स एवायं मया तेऽद्य योगः प्रोक्तः पुरातनः।
भक्तोऽसि मे सखा चेति रहस्यं ह्येतदुत्तमम् ३

તેનો તે જ આ પુરાતન યોગ આજ મેં તને કહ્યો, કારણ કે તું મારો ભક્ત અને સખા છે એનું રહસ્ય ઉત્તમ છે ૩

अर्जुन उवाच। અર્જુન પૂછે છે કે,

अपरं भवतो जन्म परं जन्म विवस्वतः।
कथमेतद्विजानीयां त्वमादौ प्रोक्तवानिति ॥४॥

આપનો જન્મ તો પછીથી છે અને સૂર્યનો જન્મ પૂર્વે થયેલો છે, ત્યારે આપેજ પૂર્વે સૂર્યને એ કહેલો એમ કેમ સંભવે? ૪

श्रीभगवानुवाच । શ્રીભગવાન કહે છે કે,–

बहूनि मे व्यतीतानि जन्मानि तव चार्जुन ।
तान्यहं वेद सर्वाणि न त्वं वेत्थ परंतप ॥ ५ ॥

હે અર્જુન, (આજ સુધી) તારા અને મારા ઘણા ઘણા જન્મો થઈ ગયા છે, હું તે બધા જન્મોને જાણું છું, પરંતુ હે પરંતપ, તું તે જાણતો નથી ૫

अजोऽपि सन्नव्ययात्मा भूतानामीश्वरोऽपि सन् ।
प्रकृतिं स्वामधिष्ठाय संभवाम्यात्ममायया ॥६॥

હું અજન્મા છતાં, અવ્યાત્મા છતાં અને ભુતમાત્રનો ઈશ્વર છતાં, મારી પ્રકૃતિનું અધિષ્ઠાન (આધાર) લઈને મારી માયાથી અવતરું છું ૬

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम्॥७॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥ ८ ॥

જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે અને અધર્મનું બળ વધે છે ત્યારે ત્યારે હું મને પોતાને

ઉત્પન્ન કરુ છુ (૭) સાધુઓનુ સરક્ષણ કરવા અને દુષ્ટોનો વિનાશ કરવા તથા ધર્મનુ સારી રીતે સ્થાપન કરવા માટે હુ યુગે યુગે (અવારનવાર) અવતરુ છુ ૮

जन्म कर्म च मे दिव्यमेव यो वेत्ति तत्त्वतः ।
त्यक्त्वा देह पुनर्जन्म नैति मामेति सोऽर्जुन ९

મારા દિવ્ય જન્મ અને દિવ્ય કર્મને આમ તત્ત્વથી યથાર્થ જે પુરુષ જાણે છે તે દેહ ત્યજ્યા પછી પુનર્જન્મ પામતો નથી, પણ હે અર્જુન, તે મને જ પામે છે ૯

वीतरागभयक्रोधा मन्मया मामुपाश्रिताः ।
बहवो ज्ञानतपसा पूता मद्भावमागताः ॥ १० ॥

જેના રાગ, ભય અને ક્રોધ છૂટી ગયેલા છે, જે મન્મય થયેલ છે અને જે મારો જ આશ્રય કરી રહેલા છે, જે જ્ઞાન અને તપથી પવિત્ર થયેલા છે તેવા ઘણા પુરુષો મારા ભાવને પામ્યા છે ૧૦

ये यथा मा प्रपद्यन्ते तास्तथैव भजाम्यहम् ।
मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः ॥११॥

જેઓ મને જેવી રીતે ભજે છે તેમને તેવી રીતે હુ પણ ભજુ છુ (ફળ આપુ છુ) હે પાર્થ, મનુષ્યો સર્વ રીતે મારા માર્ગને અનુસરે છે ૧૧

काङ्क्षन्तः कर्मणा सिद्धिं यजन्त इह देवताः ।
क्षिप्रं हि मानुषे लोके सिद्धिर्भवति कर्मजा १२

આ લોકમા કર્મોની સિદ્ધિ ઇચ્છનારાઓ ઇદ્રાદિક દેવતાઓને ભજે છે, કેમકે તેમની સેવાથી આ મનુષ્યલોકમા કર્મજન્ય સિદ્ધિ જલ્દી થાય છે ૧૨

चातुर्वर्ण्यं मया सृष्टं गुणकर्मविभागशः ।
तस्य कर्तारमपि मां विद्ध्यकर्तारमव्ययम्॥१३॥

"મે ગુણના અને કર્મોના વિભાગોવડે આ ચાર વર્ણો સરજ્યા છે, હુ તેમનો કર્તા છુ તથાપિ મને અકર્તા (નહિ કરનારો) અને અવિકારી જાણ ૧૩

न मां कर्माणि लिम्पन्ति न मे कर्मफले स्पृहा ।
इति मां योऽभिजानाति कर्मभिर्न स बद्ध्यते ॥

"મને કર્મો લપતા નથી, (કારણ કે) મને કર્મના ફળની સ્પૃહા નથી" એમ જે મારે માટે સમજે છે, તે કર્મોથી બધાતો નથી ૧૪

एवं ज्ञात्वा कृतं कर्म पूर्वैरपि मुमुक्षुभिः ।
कुरु कर्मैव तस्मात्त्वं पूर्वैः पूर्वतरं कृतम् ॥ १५ ॥

આ પ્રકારે સમજીને પૂર્વના મુમુક્ષુઓએ કર્મ કરેલા છે ને તેમની પૂર્વના મુમુક્ષુઓએ પણ

યુગાંતરમાં તેમ કરેલું છે, માટે ફળની આશા રાખ્યા વિના તું કર્મ કર ૧૫

किं कर्म किमकर्मेति कवयोऽप्यत्र मोहिताः ।
तत्ते कर्म प्रवक्ष्यामि यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् १६

(વળી) કર્મ શું અને અકર્મ શું? એનો વિચાર કરવામાં જ કવિઓ (વિદ્વાનો) મોહ પામ્યા છે, તેથી હું તને કર્મઅકર્મનું સ્વરૂપ સમજાવું છું, કે જે સમજ્યાથી તું અશુભમાંથી મુક્ત થઈશ ૧૬

कर्मणो ह्यपि बोद्धव्यं बोद्धव्यं च विकर्मणः ।
अकर्मणश्च बोद्धव्यं गहना कर्मणो गतिः ॥१७॥

કર્મનું તત્ત્વ પણ જાણવા જેવું છે અને વિકર્મનું તત્ત્વ પણ જાણવા જેવું છે અને અકર્મનું તત્ત્વ પણ જાણવા જેવું છે, કેમકે કર્મની ગતિ ગહન છે ૧૭

कर्मण्यकर्म यः पश्येदकर्मणि च कर्म यः ।
स बुद्धिमान्मनुष्येषु स युक्तः कृत्स्नकर्मकृत् १८

કર્મમાં જે અકર્મને જુએ છે અને અકર્મમાં જે કર્મને જુએ છે તે મનુષ્યોમાં બુદ્ધિમાન્ છે, તેજ યુક્ત (યોગી) છે, તે જ સર્વ કર્મ કરનાર છે ૧૮

यस्य सर्वे समारम्भाः कामसंकल्पवर्जिताः ।
ज्ञानाग्निदग्धकर्माणं तमाहुः पण्डितं बुधाः ॥१९॥

જેના સર્વે સમારમ્ભો કામ અને સકલ્પરહિત છે એને જ્ઞાનરૂપી અગ્નિથી દગ્ધ કરેલા કર્મવાળો પડિત એમ બુદ્ધિમાન્ લોકો કહે છે ૧૯

त्यक्त्वा कर्मफलासंग नित्यतृप्तो निराश्रयः ।
कर्मण्यभिप्रवृत्तोऽपि नैव किंचित्करोति सः २०

કર્મનુ અભિમાન તથા તેના ફળનો આસગ (આસક્તિ) તજી, નિત્યતૃપ્ત અને નિરાશ્રય (કર્તાપણાનો, સકલ્પ વિનાનો) એવો તે, કર્મમા પ્રવૃત્ત છતા કઇજ કરતો નથી ૨૦

निराशीर्यतचित्तात्मा त्यक्तसर्वपरिग्रहः ।
शारीर केवल कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ।२१।

નિરાશ (ફળની આશા વિનાનો) અને ચિત્ત તથા શરીર જેનુ નિયમમા છે એવો તથા સર્વ સાધનોનો પરિગ્રહ જેણે તજ્યો છે એવો માણસ માત્ર શરીર વડે કર્મ કરવા છતા પણ પાપ પામતો નથી ૨૧

यदृच्छालाभसंतुष्टो द्वंद्वातीतो विमत्सरः ।
समः सिद्धावसिद्धौ च कृत्वापि न निबद्ध्यते २२

જે યદૃચ્છાથી થતા લાભથી સતોષી છે, (સુખ-દુ ખાદિ)દ્વદ્વથી અતીત છે, નિર્મત્સર (વેર રહિત)

છે, અને સિદ્ધિઅસિદ્ધિ બન્નેમા સમભાવવાળો છે તે કર્મ કરવા છતા કર્મથી બધાતો નથી ૨૨

गतसगस्य मुक्तस्य ज्ञानावस्थितचेतसः ।
यज्ञायाचरतः कर्म समग्र प्रविलीयते ॥ २३ ॥

સગ (આસક્તિ) રહિતના, મુક્તના અને જ્ઞાનમા સ્થિર ચિત્તવાળાના અને યજ્ઞાર્થે આચરણ કરનારાના સમગ્ર (ફલ સહિત) કર્મ લય પામે છે ૨૩

ब्रह्मार्पण ब्रह्म हविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम् ।
ब्रह्मैव तेन गन्तव्य ब्रह्मकर्मसमाधिना ॥ २४ ॥

અર્પણ બ્રહ્મ છે હવિ બ્રહ્મ છે, અગ્નિ બ્રહ્મ છે અને તેમા હોમનાર બ્રહ્મ છે અને જે હોમ કરાય છે તે બ્રહ્મ છે એવી બ્રહ્મ કર્મરૂપ સમાધિથી જે પામવાનુ છે તે પણ બ્રહ્મ છે ૨૪

दैवमेवापरे यज्ञ योगिनः पर्युपासते ।
ब्रह्माग्नावपरे यज्ञ यज्ञेनैवोपजुह्वति ॥ २५ ॥

श्रोत्रादीनींद्रियाण्यन्ये संयमाग्निषु जुह्वति ।
शब्दादीन्विषयानन्य इन्द्रियाग्निषु जुह्वति ।२६।

सर्वाणींद्रियकर्माणि प्राणकर्माणि चापरे ।
आत्मसयमयोगाग्नौ जुह्वति ज्ञानदीपिते ॥२७॥

કોઈ(કર્મ)યોગીઓ દૈવ(નસીબ)યજ્ઞને ઉપાસે છે તો બીજા (જ્ઞાનયોગીઓ) બ્રહ્મરૂપ આગ્નમા બ્રહ્મરૂપ યજ્ઞનેજ બ્રહ્મરૂપ યજ્ઞવડે હોમે છે, (૨૫) કોઈ શ્રોત્રાદિ ઇન્દ્રિયોને સયમરૂપ અગ્નિઓમા હોમે છે, કોઈ શબ્દાદિ વિષયોને ઇન્દ્રિયરૂપ અગ્નિઓમા હોમે છે, (૨૬) કોઈ ઇદ્રિયોના કર્મોને તેમજ પ્રાણુના કર્મોને સવને જ્ઞાનથી પ્રકટ થયેલા આત્મસયમરૂપ યોગ અગ્નિમા હોમે છે ૨૭

द्रव्ययज्ञास्तपोयज्ञा योगयज्ञास्तथापरे ।
स्वाध्यायज्ञानयज्ञाश्च यतयः सशितव्रताः ॥२८॥

કોઈ દ્રવ્ય (વસ્તુ) યજ્ઞ કરનારા હોય છે, કોઈ તપશ્ચર્યારૂપ યજ્ઞ કરનારા હોય છે, કોઈ યોગયજ્ઞ કરનારા હોય છે, કોઈ સ્વાધ્યાય (વેદપાઠન રૂપ) યજ્ઞ કરનારા હોય છે અને કોઈ જ્ઞાનયજ્ઞ કરનારા હોય છે આ યતિઓ(યત્ન કરનારાઓ)ના વ્રતો ઘણા તીક્ષ્ણ હોય છે ૨૮

अपाने जुह्वति प्राण प्राणेऽपान तथापरे ।
प्राणापानगती रुद्ध्वा प्राणायामपरायणाः ।२९।
अपरे नियताहाराः प्राणान्प्राणेषु जुह्वति ।
सर्वेऽप्येते यज्ञविदो यज्ञक्षपितकल्मषाः ॥ ३० ॥

કોઈ અપાનમા પ્રાણને હોમે છે, કોઈ પ્રાણમા અપાનને હોમે છે. કોઈ પ્રાણ અને અપાનની ગતિ રોકીને પ્રાણાયામપરાયણ રહે છે, (૨૯) કોઈ નિયત આહારવાળા રહી પ્રાણોમા પ્રાણોને હોમે છે, આ સર્વે યજ્ઞને જાણનાર પુરુષો છે અને તે તે યજ્ઞોથી તેમના પાપોનો નાશ થાય છે ૩૦

यज्ञशिष्टामृतभुजो यान्ति ब्रह्म सनातनम् ।
नायं लोकोऽस्त्ययज्ञस्य कुतोऽन्यः कुरुसत्तम ३१

યજ્ઞમાથી અવશિષ્ટ (બાકી રહેલુ) અમૃત રૂપ ભોજન કરનારાઓ સનાતન બ્રહ્મને પામે છે અયજ્ઞ(યજ્ઞ ન કરનાર)ને આલોક પણ સિદ્ધ નથી, તો હે કુરુશ્રેષ્ઠ, પરલોક ક્યાથી હોય? ૩૧

एवं बहुविधा यज्ञा वितता ब्रह्मणो मुखे ।
कर्मजान्विद्धि तान्सर्वानेवं ज्ञात्वा विमोक्ष्यसे ३२

આ પ્રકારે વેદમા ઘણા પ્રકારના યજ્ઞો વિસ્તારથી કહેલા છે એ સવને કર્મજન્ય છે એમ તુ જાણ, અને એ જાણ્યાથી તુ સપૂર્ણ મુક્ત થઈશ ૩૨

श्रेयान्द्रव्यमयाद्यज्ञाज्ज्ञानयज्ञः परंतप ।
सर्वं कर्माखिलं पार्थ ज्ञाने परिसमाप्यते ॥३३॥

હે પરંતપ, દ્રવ્યાદિથી થતા યજ્ઞો કરતા જ્ઞાન-(વડે થતો)યજ્ઞ શ્રેષ્ઠ છે, કારણ કે, હે પાર્થ, કર્મ માત્ર જ્ઞાનમા સંપૂર્ણ સમાઈ જાય છે ૩૩

तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।
उपदेक्ष्यन्ति ते ज्ञान ज्ञानिनस्तत्त्वदर्शिनः॥३४॥

તે જ્ઞાન વારવાર પ્રણામ કર્યાથી, વારવાર પ્રશ્ન પૂછવાથી, તથા સેવા કરવાથી તુ જાણી શકે (હુ તો તને તેવી કાઈ મેહેનત કરાવ્યા વિના કહુ છુ, બાકી) તત્ત્વદર્શી અને જ્ઞાનીઓ તને આ જ્ઞાનનો ઉપદેશ કરશે ૩૪

यज्ज्ञात्वा न पुनर्मोहमेव यास्यसि पाडव ।
येन भूतान्यशेषेण द्रक्ष्यस्यात्मन्यथो मयि ।३५।

કે જે જ્ઞાન જાણ્યા પછી હે પાડવ, તુ ફરીને આવા મોહને પામીશ નહિ અને જેને લીધે ભૂતમાત્રને તુ જેમ મારામા જુએ છે તેમ પોતામા જોશે ૩૫

अपि चेदसि पापेभ्यः सर्वेभ्यः पापकृत्तमः ।
सर्व ज्ञानप्लवेनैव वृजिनं संतरिष्यसि ॥ ३६ ॥

કદાચિત તુ સર્વ પાપીઓ કરતા વધારે પાપી હોઇશ તોપણ આ જ્ઞાનનૌકા વડે સર્વ પાપ સાગરને સહેજમા તરી જઇશ ૩૬

यथैधांसि समिद्धोऽग्निर्भस्मसात्कुरुतेऽर्जुन ।
ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा ।३७।

જેમ મળગાવેલો અગ્નિ હે અર્જુન, કાષ્ઠને ભસ્મ કરે છે તેમ જ્ઞાનરૂપી અગ્નિ સર્વ કર્મોને (અને તેના ફળોને) ભસ્મ કરે છે ૩૭

नहि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।
तत्स्वयं योगससिद्धः कालेनात्मनि विन्दति ३८

આ લોકમા જ્ઞાન સમાન પવિત્ર બીજુ કઈ મળતુ નથી, તે (જ્ઞાન) યોગ કરવાથી સસિદ્ધ બનેલો પુરુષ કાળે કરીને પોતામા જ સ્વય જ્ઞાન(બ્રહ્મ) મેળવે છે ૩૮

श्रद्धावाल्लभते ज्ञानं तत्परः संयतेंद्रियः ।
ज्ञान लब्ध्वा परा शान्तिमचिरेणाधिगच्छति ३९

ઇન્દ્રિયોનો સયમ કરનાર શ્રદ્ધાવાળો બની તેની પાછળ મડ્યો રહે છે તે એ જ્ઞાન પામે છે, અને જ્ઞાન પામીને તરત જ પરા શાન્તિ મેળવે છે ૩૯

अज्ञश्चाश्रद्दधानश्च सशयात्मा विनश्यति ।
नाय लोकोऽस्ति न परो न सुखं सशयात्मनः ४०

અને અજ્ઞાની અને અશ્રદ્ધાળુ અને સશયી જેનો આત્મા છે તે નાશ પામે છે સશયી જેનો

આત્મા છે તે આત્માને આલોક નથી, તેમ પરલોક નથી અને સુખ પણ નથી ૪૦

योगसन्यस्तकर्माण ज्ञानसछिन्नसंशयम् ।
आत्मवत न कर्माणि निबध्नति धनजय ॥४१॥

યોગથી જેણે કર્મના ફળનો સન્યાસ (ત્યાગ) કર્યો છે તેને અને જ્ઞાનથી સશયમાત્રને છેદી નાખ્યા છે તેને એવા જીતેન્દ્રિય પુરુષને હે ધનજય, કર્મ માત્ર બધન કરતા નથી ૪૧

तस्मादज्ञानसभूतं हृत्स्थ ज्ञानासिनात्मनः ।
छित्त्वैनं सशय योगमातिष्ठोत्तिष्ठ भारत ॥४२॥

માટે હૃદયમા રહેલા અને અજ્ઞાનથી થયેલા તારા સશયને આત્માના જ્ઞાનરૂપી તરવારથી છેદીને હે ભારત, કર્મયોગનો આશ્રય કર અને ઉભો થઈ જા ૪૨

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे कर्मब्रह्मा-र्पणयोगो नाम चतुर्थोऽध्यायः ४ ।

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતારૂપ ઉપનિષદોમા બ્રહ્મવિદ્યા અને યોગશાસ્ત્રમા શ્રીકૃષ્ણાર્જુન સવાદમા કર્મબ્રહ્મા-ર્પણયોગ નામનો ચોથો અ યાય સ પૂ.

અધ્યાય ૫ મો, કર્મસન્યાસયોગ

अर्जुन उवाच । અર્જુન કહે છે કે,

संन्यास कर्मणा कृष्ण पुनर्योगं च शंससि ।
यच्छ्रेय एतयोरेक तन्मे ब्रूहि सुनिश्चितम् ॥१॥

એક વાર હે કૃષ્ણ, કર્મનો સન્યાસ (ત્યાગ) કહો છો અને વળી કર્મયોગ વખાણો છો, તો એ બેમાથી જે એક શ્રેયકારી હોય તે એકજ મને નિશ્ચય કરીને કહો ૧

श्रीभगवानुवाच । શ્રીભગવાન કહે છે કે,

सन्यासः कर्मयोगश्च निःश्रेयसकरावुभौ ।
तयोस्तु कर्मसन्यासात्कर्मयोगो विशिष्यते ॥२॥

કર્મસન્યાસ (ત્યાગ) તેમ કર્મયોગ બન્ને પરિપૂર્ણ શ્રેયસ્કર છે, તેમા પણ કર્મસન્યાસથી કર્મયોગ વિશેષ છે ૨

ज्ञेयः स नित्य सन्यासी यो न द्वेष्टि न काक्षति।
निर्द्वद्वो हि महाबाहो सुखं बंधात्प्रमुच्यते ॥३॥

જે કોઇનો દ્વેષ કરતો નથી કે કશી ઇચ્છા રાખતો નથી તેને (કર્મ કરવા છતા) નિત્ય સન્યાસી જાણવો, કેમકે હે મહાબાહો, તે રાગદ્વેષાદિ દ્વદ્વ રહિત છે અને સુખે બધથી મુક્ત થાય છે ૩

सांख्ययोगौ पृथग्बालाः प्रवदन्ति न पण्डिताः ।
एकमप्यास्थितः सम्यगुभयोर्विन्दते फलम् ॥४॥

બાલકો(અપંડિતો) જ સાંખ્ય અને યોગને જુદા કહે છે, પંડિતો તેમને જુદા કહેતા નથી એમાંના કોઈ પણ એક માર્ગમાં પૂર્ણ સ્થિતિ પામેલો પુરુષ બન્ને માર્ગના ફળને પામે છે ૪

यत्सांख्यैः प्राप्यते स्थानं तद्योगैरपि गम्यते ।
एकं सांख्यं च योगं च यः पश्यति स पश्यति॥

જે (મોક્ષ) સ્થાન સાંખ્યોથી પમાય છે, તે સ્થાન યોગથી પણ પમાય છે, જે સાંખ્યને અને યોગને એકજ દૃષ્ટિએ જુએ છે તેજ સત્ય જુએ છે ૫

सन्यासस्तु महाबाहो दुःखमाप्तुमयोगतः ।
योगयुक्तो मुनिर्ब्रह्म न चिरेणाधिगच्छति ॥६॥

કર્મયોગવિના હે મહાબાહો, (કર્મોનો) સન્યાસ મેળવવો બહુ કઠિન છે. કર્મયોગયુક્ત મુનિ થોડા સમયમાં બ્રહ્મને પામે છે ૬

योगयुक्तो विशुद्धात्मा विजितात्मा जितेन्द्रियः ।
सर्वभूतात्मभूतात्मा कुर्वन्नपि न लिप्यते ॥ ७ ॥

કર્મયોગયુક્ત, વિશેષે કરીને શુદ્ધ ચિત્તવાળો, મનને જીતનારો, જિતેન્દ્રિય અને જેના ભૂતાત્મા સર્વ ભૂતોના આત્મસ્વરૂપ થયો હોય તેવો પુરુષ કર્મો કરવા છતા પણ કર્મોથી લેપાતો નથી ૭

नैव किंचित्करोमीति युक्तो मन्येत तत्त्ववित् ।
पश्यञ्शृण्वन्स्पृशञ्जिघ्रन्नश्नन्गच्छन्स्वपन्श्वसन्॥८॥
प्रलपन्विसृजन्गृह्णन्नुन्मिषन्निमिषन्नपि ।
इन्द्रियाणीन्द्रियार्थेषु वर्तन्त इति धारयन् ॥ ९ ॥
ब्रह्मण्याधाय कर्माणि संगं त्यक्त्वा करोति यः ।
लिप्यते न स पापेन पद्मपत्रमिवाम्भसा ॥१०॥

"હુ પોતે કઈ જ કરતો નથી ' એવી માન્યતા કર્મયોગયુક્ત તત્ત્વવેત્તા રાખે છે અને પોતે જોતો, સાભળતો, સ્પર્શ કરતો, સુઘતો, ખાતો, ચાલતો, ઉઘતો, શ્વાસ લેતો, (૮) લવતો, આપતો, લેતો, આખ ઉઘાડતો અને મીચતો હોવા છતા "એ તો ઇન્દ્રિયો ઇન્દ્રિયોના વિષયોમા પ્રવર્તે છે (હુ પોતે કઈ જ કરતો નથી) ' એવી ધારણા રાખે છે (૯) અને કર્મોને બ્રહ્મમા અર્પી, આસક્તિનો ત્યાગ કરી જે કર્મ કરે છે, તે જળથી જેમ કમળપત્ર લેપાતુ નથી તેમ પાપપુણ્યથી લેપાતો નથી ૧૦

कायेन मनसा बुद्ध्या केवलैरिन्द्रियैरपि ।
योगिनः कर्म कुर्वन्ति सगं त्यक्त्वात्मशुद्धये ११

કર્મયોગીઓ સગ (આસક્તિ) તજીને આત્મ શુદ્ધિ માટે શરીરથી, મનથી, બુદ્ધિથી અને કેવળ (કર્મ) ઇદ્રિયોથી પણ કર્મ કરે છે ૧૧

युक्तः कर्मफलं त्यक्त्वा शान्तिमाप्नोति नैष्ठिकीम्।
अयुक्तः कामकारेण फले सक्तो निबध्यते १२

(કર્મ)યોગયુક્ત પુરુષ કર્મફળને તજી (સત્વ-ગુણરૂપા) પરમ નિષ્ઠાવાળી શાતિને પામે છે અને અયુક્ત (ઇશ્વર નિમિત્ત કર્મયોગમા આસક્ત નહિં તેવો) પુરુષ ફળમા આસક્ત હોઈ કામનાથી બધાય છે ૧૨

सर्वकर्माणि मनसा सन्यस्यास्ते सुखं वशी ।
नवद्वारे पुरे देहि नैव कुर्वन्न कारयन् ॥ १३ ॥

સર્વ કર્મોને મન વડે ત્યજતો (હુ મારે માટે કાઈ કરતો નથી પણ ઇશ્વર નિમિત્ત ઇશ્વરનુ આપેલુ શરીર કરે છે એવા કર્મયોગવાળો) જીતેન્દ્રિય દેહી (જીવાત્મા) આ નવ દ્વારવાળા નગરમા જાતે કાઈ ન કરતા કે કાઈ ન કરાવતા સુખમા રહે છે ૧૩

न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः ।
न कर्मफलसंयोगं स्वभावस्तु प्रवर्तते ॥ १४ ॥

આ લોકના કર્તાપણાને કે કર્મોને તેમ કર્મ અને તેના ફળના સંયોગને પણ પ્રભુ (આત્મા) સૃજતો નથી તેમાં તો માત્ર સ્વભાવ જ (પ્રકૃતિ, માયા) પ્રવર્તે છે ૧૪

नादत्ते कस्यचित्पापं न चैव सुकृतं विभुः ।
अज्ञानेनावृतं ज्ञानं तेन मुह्यन्ति जन्तवः ॥ १५ ॥

વિભુ (સર્વવ્યાપક) કોઇના પાપને લેતા નથી, તેમ કોઇના પુણ્ય લેતા નથી જ્ઞાન અજ્ઞાનથી ઢંકાયેલું છે તેને લીધે પ્રાણીઓ મોહ પામે છે ૧૫

ज्ञानेन तु तदज्ञानं येषां नाशितमात्मनः ।
तेषामादित्यवज्ज्ञानं प्रकाशयति तत्परम् ॥१६॥

પણ આત્માના જ્ઞાનથી જેમનું અજ્ઞાન નાશ પામ્યું છે તેમનું (આત્મ) જ્ઞાન સૂર્યની પેઠે પર-બ્રહ્મને પ્રકાશિત કરે છે ૧૬

तद्बुद्धयस्तदात्मानस्तन्निष्ठास्तत्परायणाः ।
गच्छन्त्यपुनरावृत्तिं ज्ञाननिर्धूतकल्मषाः ॥१७॥

તે(પરબ્રહ્મ)માં જ બુદ્ધિવાળા, તદાત્મા (બ્રહ્મ જ જેનો આત્મા છે એવા), તન્નિષ્ઠ (બ્રહ્મમાં જ જેની

નિષ્ઠા છે એવા), પરબ્રહ્મ પરાયણ એવા અને જ્ઞાનવડે જેમના સવ પાપો ધોવાઈ ગયા છે તેવા પુરુષો જ્યા પુનરાવૃત્તિ નથી તવી ગતિને પામે છે ૧૭

विद्याविनयसपन्ने ब्राह्मणे गवि हस्तिनि ।
शुनि चैव श्वपाके च पडिताः समदर्शिनः १८

વિદ્યા અને વિનયસપન્ન બ્રાહ્મણમા, કે ગાયમા, કે હાથીમા, કે કૂતરામા કે ચાડાળમા સમાન દૃષ્ટિ રાખનારાજ ખગ પડિતા (જ્ઞાનીઓ) છે ૧૮

इहैव तैर्जितः सर्गो येषा साम्ये स्थित मनः ।
निर्दोष हि सम ब्रह्म तस्माद्ब्रह्मणि ते स्थिताः ।।

જેમનુ મન સમાનપણામા રહેલુ છે તેમણે અહિયા જ સસાર જિત્યો છે, કેમકે 'બ્રહ્મ' તો નિર્દોષ અને સમ છે, તેથી તે સર્વે જ્ઞાનીઓ પર-બ્રહ્મમા રહેલા છે ૧૯

न प्रहृष्येत्प्रिय प्राप्य नोद्विजेत्प्राप्य चाप्रियम् ।
स्थिरबुद्धिरसमूढो ब्रह्मविद्ब्रह्मणि स्थितः ।।२०।।

જે પ્રિય પદાર્થ પામીને હર્ષ કરતો નથી અને અપ્રિય પામીને ઉદ્વેગ કરતા નથી તે સ્થિરબુદ્ધિ-

વાળો છે, અમમૂઢ (મોહરહિત) છે તેવો બ્રહ્મને જાણ-
નારો પુરુષ બ્રહ્મમાજ સ્થિતિ કરી રહેલો છે ૨૦

बाह्यस्पर्शेष्वसक्तात्मा विन्दत्यात्मनि यत्सुखम् ।
स ब्रह्मयोगयुक्तात्मा सुखमक्षय्यमश्नुते ॥२१॥

બાહ્ય સ્પર્શાદિજન્ય સુખમા જેનો આત્મા
આસક્ત નથી તે (આત્મા) આત્માને વિષે જે સુખ
છે તેને જાણે છે તે માણસ જ બ્રહ્મયોગયુક્ત ચિત્ત-
વાળો છે. તેજ અખૂટ સુખ ભોગવે છે ૨૧

ये हि संस्पर्शजा भोगा दुःखयोनय एव ते ।
आद्यन्तवन्तः कौन्तेय न तेषु रमते बुधः ॥२२॥

પણ જે સસ્પર્શજન્ય ભોગો છે તે દુ ખના
ઉત્પાદક છે હે કૌન્તેય, તે આદિ અને અંતવાળા
છે, તેમા બુદ્ધિમાન રમતો નથી ૨૨

शक्नोतीहैव यः सोढुं प्राक् शरीरविमोक्षणात् ।
कामक्रोधोद्भवं वेगं स युक्तः स सुखी नरः २३

શરીર છુટતા પહેલા જે કામ ક્રોધથી થયેલા
વેગને અહિ જ સહન કરવાને શક્તિવાન્ છે તે જ
યુક્ત (સત્ય કર્મયોગી) છે, સુખી છે અને નર છે ૨૩

योऽन्तःसुखोऽन्तरारामस्तथान्तर्ज्योतिरेव यः ।
स योगी ब्रह्मनिर्वाणं ब्रह्मभूतोऽधिगच्छति २४

જે અંતરાત્મામાં જ સુખી છે, અંતરાત્મામાં જ આરામ માને છે, તથા જેના અંતરાત્મામાં જ જ્ઞાન-જ્યોતિ છે તે યોગી છે, તે જ બ્રહ્મરૂપ થયો છે અને તે જ બ્રહ્મરૂપ નિર્વાણને પામે છે ૨૪

लभन्ते ब्रह्मनिर्वाणमृषयः क्षीणकल्मषाः ।
छिन्नद्वैधा यतात्मानः सर्वभूतहिते रताः ॥२५॥

જેમના પાપો (તથા પુણ્યો) નાશ પામ્યા છે, જેમનો દ્વૈતભાવ (સંશયો) નાશ પામ્યો છે, જે યતાત્મા (જેમનું ચિત્તવશ) છે અને જે સવ ભૂતના હિતમાં પ્રીતિ રાખે છે તે ઋષિઓ છે અને તેઓ જ બ્રહ્મનિર્વાણને પામે છે ૨૫

कामक्रोधवियुक्तानां यतीनां यतचेतसाम् ।
अभितो ब्रह्मनिर्वाणं वर्तते विदितात्मनाम् २६

કામ–ક્રોધ જેમના છૂટી ગયા છે, જેઓ ચિત્તને વશ રાખે છે, જેઓએ આત્માને જાણ્યો છે એવા યતિઓને સર્વ અવસ્થામાં બ્રહ્મ નિર્વાણ જ છે ૨૬

स्पर्शान्कृत्वा बहिर्बाह्यांश्चक्षुश्चैवान्तरे भ्रुवोः ।
प्राणापानौ समौ कृत्वा नासाभ्यन्तरचारिणौ २७
यतेन्द्रियमनोबुद्धिर्मुनिर्मोक्षपरायणः ।
विगतेच्छाभयक्रोधो यः सदा मुक्त एव सः २८

બાહ્ય સ્પર્શાદિ વિષયોને બાહ્ય (દૂર) કરી ચક્ષુને ભ્રકુટિના મધ્યમા સ્થાપીને નાસિકામા આવતા-જતા પ્રાણ અને અપાન વાયુઓને નાકની અદર સમાન કરી રુધી, (૨૭) ઇંદ્રિયો, મન અને બુદ્ધિનો સયમ કરનાર અને જેની ઇચ્છા, ભય અને ક્રોધ જતા રહ્યા છે એવા જે મુનિ તે મોક્ષ-પરાયણ જ છે, તે સર્વદા મુક્ત છે ૨૮

भोक्तार यज्ञतपसा सर्वलोकमहेश्वरम् ।
सुहृद सर्वभूताना ज्ञात्वा मा शातिमृच्छति २९

તે મને યજ્ઞ અને તપનો ભોક્તા, સર્વ લોકોનો મહેશ્વર અને સર્વ ભૂતાનો સુહૃદ સમજીને શાતિને પામે છે ૨૯

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्याया योगशास्त्रे श्रीकृष्णार्जुनसवादे कर्मसन्यास-योगो नाम पचमोऽध्याय ५ ।

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતા નામની ઉપનિષદોમા બ્રહ્મવિદ્યા અને યોગશાસ્ત્રરૂપ શ્રીકૃષ્ણાર્જુનના સવાદમા કર્મસન્યાસ યોગ નામના પાચમો અધ્યાય સપૂર્ણ

―― ० ――

અધ્યાય ૬ ઠ્ઠો, ધ્યાનયોગ

श्रीभगवानुवाच । શ્રીભગવાન કહે છે કે,

अनाश्रितः कर्मफलं कार्यं कर्म करोति यः ।
स संन्यासी च योगी च न निरग्निर्न चाक्रियः १

કર્મફળમા આશ્રય રાખ્યા વગર જે કર્તવ્ય કર્મ કરે છે તે જ સન્યાસી છે ને યોગી છે, માત્ર નિરગ્નિ કે અક્રિય (ક્રિયા વિનાનો) (સન્યાસી અને યોગી) નથી ૧

यं संन्यासमिति प्राहुर्योगं तं विद्धि पाडव ।
न ह्यसंन्यस्तसकल्पो योगी भवति कश्चन ॥२॥

જેને સન્યાસ (ત્યાગ બુદ્ધિ) કહે છે તેને જ તુ હે પાડવ, યોગ જાણ, કેમકે, સકલ્પનો સન્યાસ કર્યા વિના કોઈ પણ માણસ યોગી થતો નથી ૨

आरुरुक्षोर्मुनेर्योगं कर्म कारणमुच्यते ।
योगारूढस्य तस्यैव शमः कारणमुच्यते ॥ ३ ॥

યોગ પામવાની ઇચ્છા રાખતા મુનિને પણ (નિષ્કામ) કર્મ જ સાધન કહેવાય છે યોગમા એક વાર પાકા રૂઢ થયા પછી તને માટે શમ(શાતિ વિક્ષેપકારક કર્મોનો ત્યાગ)ને સાધન કહ્યુ છે ૩

यदा हि नेन्द्रियार्थेषु न कर्मस्वनुषज्जते ।
सर्वसङ्कल्पसन्यासी योगारूढस्तदोच्यते ॥ ४ ॥

કારણ કે જ્યારે મનુષ્ય ઇન્દ્રિયોના વિષયોમાં કે કર્મોમાં આસક્ત થતો નથી અને સર્વ સંકલ્પનો સંપૂર્ણ ત્યાગ કરે છે ત્યારે તે યોગારૂઢ કહેવાય છે ૪

उद्धरेदात्मनात्मानं नात्मानमवसादयेत् ।
आत्मैव ह्यात्मनो बंधुरात्मैव रिपुरात्मनः ॥ ५ ॥

આત્માવડે આત્માનો ઉદ્ધાર કરવો, પણ આત્માનો નાશ કરવો નહિ, કેમકે આત્મા જ (નિરભિમાની) આત્માનો બંધુ છે અને આત્મા જ આત્માનો શત્રુ છે ૫

बधुरात्मात्मनस्तस्य येनात्मैवात्मना जितः ।
अनात्मनस्तु शत्रुत्वे वर्तेतात्मैव शत्रुवत् ॥ ६ ॥

જેણે (પરમ) આત્માને પોતાના આત્માથી જીત્યો છે તેનો આત્મા જ તે (બીજા પરમ) આત્માનો બંધુ છે, અને જે અનાત્મા પરમ આત્માને પોતાનો કરી શક્યો નથી તેનો આત્મા જ શત્રુની માફક (બીજાઓ સાથે કે પોતા સાથે) શત્રુતાનું કામ કરે છે ૬

जितात्मनः प्रशान्तस्य परमात्मा समाहितः ।
शीतोष्णसुखदुःखेषु तथा मानापमानयोः ॥७॥

શીત અને ઉષ્ણમા અને સુખ અને દુ ખમા તથા માન અને અપમાનમા કોઈ પણ દ્વન્દ્વોમા જિતાત્માને અને અત્યત શાન્ત આત્માને પરમાત્મા સમાધિનો વિષય થાય છે ૭

ज्ञानविज्ञानतृप्तात्मा कूटस्थो विजितेन्द्रियः ।
युक्त इत्युच्यते योगी समलोष्टाश्मकाञ्चनः ॥८॥

જે જ્ઞાન અને વિજ્ઞાનથી તૃપ્ત થયેલા આત્માવાળો છે, જે કૂટસ્થ (એકરૂપ અવિકારી) છે, અત્યત જિતેદ્રિય છે, અને જેને માટી, પથ્થર અને સોનુ સર્વ સમાન છે, તે યોગી યુક્ત કહેવાય છે ૮

सुहृन्मित्रार्युदासीनमध्यस्थद्वेष्यबन्धुषु ।
साधुष्वपि च पापेषु समबुद्धिर्विशिष्यते ॥ ९ ॥

જે સુહૃત્ (પ્રત્યુપકારની અપેક્ષા વિનાનો), મિત્ર (સ્નેહવાળો), શત્રુ, ઉદાસીન (તટસ્થ), મધ્યસ્થ (બન્નેનુ હિત ચાહનારો), દ્વેષ્ય (પોતાને અપ્રિય), બધુ (સગા), સાધુ (શાસ્ત્ર પ્રમાણે વર્તનારા) અને પાપી (શાસ્ત્રથી વિરુદ્ધ જનારા) એ સર્વમા સમબુદ્ધિ રાખે છે તે સર્વોત્કૃષ્ટ છે ૯

योगी युञ्जीत सततमात्मान रहसि स्थितः ।
एकाकी यतचित्तात्मा निराशीरपरिग्रहः ॥१०॥

એકલો રહેલો, મન (અત કરણ) અને બુદ્ધિ-(દેહાદિ)ને પોતાને વશ રાખનારો, આશા વિનાનો બની, ભોગના સગ્રહરહિત થનાર યોગી ગુપ્ત સ્થાનમા રહી સતત પોતાના આત્માને પરમાત્મા સાથે જોડે છે ૧૦

शुचौ देशे प्रतिष्ठाप्य स्थिरमासनमात्मनः ।
नात्युच्छ्रितं नातिनीच चैलाजिनकुशोत्तरम् ११
तत्रैकाग्रं मनः कृत्वा यतचित्तेन्द्रियक्रियः ।
उपविश्यासने युंज्याद्योगमात्मविशुद्धये ॥१२॥

પવિત્ર ભૂમિમા અતિ ઉચુ નહિ તેમ અતિ નીચુ પણ નહિ એવુ દર્ભ મુકી તે ઉપર મૃગચર્મ અને તે ઉપર વસ્ત્ર પાથરી પોતાનુ આસન સ્થિર કરીને (૧૧) ત્યા આસને બેસીને મનને એકાગ્ર કરી, ચિત્ત અને ઇંદ્રિયોની ક્રિયાનો સયમ કરનારે આત્માની વિશુદ્ધિ માટે યોગનો આરભ કરવો ૧૨

समं कायशिरोग्रीवं धारयन्नचलं स्थिरः ।
सम्प्रेक्ष्य नासिकाग्र स्व दिशश्चानवलोकयन् १३

प्रशान्तात्मा विगतभीर्ब्रह्मचारिव्रते स्थितः ।
मनः संयम्य मच्चित्तो युक्त आसीत मत्परः १४

કાયા, મસ્તક અને ડોકને સમાન તથા અચળ રાખી, સ્થિર થઈ, દિશાઓને (ચારે બાજુ) નહિ જોતા નાકના અગ્ર ભાગને જોઈને, (૧૩) અત્યત શાન્ત આત્મા(ચિત્ત)વાળાએ નિર્ભય બની, બ્રહ્મચયવ્રતમા સ્થિર થઈ, મનનો સયમ કરી, મારે વિષે ચિત્તને અર્પી મમપરાયણ થઈ બેસવુ ૧૪

युञ्जन्नेव सदात्मान योगी नियतमानसः ।
शान्ति निर्वाणपरमा मत्संस्थामधिगच्छति॥१५॥

એ રીત સદા આત્માને (મારામા) યોજતો અને ચિત્તને વશ કર્યું છે એવો પોતે યોગી મારે વિષે રહેલી પરમ નિર્વાણની શાન્તિને પામે છે ૧૫

नात्यश्नतस्तु योगोऽस्ति न चैकान्तमनश्नतः ।
न चातिस्वप्नशीलस्य जाग्रतो नैव चार्जुन॥१६॥

ઘણુ ખાનારને યોગ સિદ્ધ થતો નથી તેમ કેવળ ન ખાનારને યોગ સિદ્ધ થતો નથી, તમ હે અર્જુન, અતિ સ્વપ્નશીલને કે ઘણુ જાગનારને પણ યોગ સિદ્ધ થતા નથી ૧૬

युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु ।
युक्तस्वप्नावबोधस्य योगो भवति दुःखहा॥१७॥

યોગ્ય આહારવિહારવાળાને અને કર્મમા યોગ્ય ચેષ્ટાવાળાને તથા યોગ્ય ઉઘતા કે જાગતાને યોગ દુ ખને હણનારો થાય છે ૧૭

यदा विनियतं चित्तमात्मन्येवावतिष्ठते ।
निःस्पृहः सर्वकामेभ्यो युक्त इत्युच्यते तदा १८

જ્યારે સાધકનુ અત્યત નિયમમા આવેલુ ચિત્ત આત્મામા જ સ્થિતિ કરે છે ત્યારે તે સર્વ કામનાથી નિ સ્પૃહ થાય છે અને ત્યારે ત (પરમાત્મા) યુક્ત કહેવાય છે ૧૮

यथा दीपो निवातस्थो नेंगते सोपमा स्मृता ।
योगिनो यतचित्तस्य युजतो योगमात्मनः १९

આત્માનો યોગ કરનારા અને જેને ચિત્તવૃત્તિ નિરોધી છે એવા યોગી માટે આવી ઉપમા અપાએલી છે કે,જેમ વાયુ રહિત સ્થાનમા રહેલા દીપક ડોલતો નથી (તેમ યોગીનુ ચિત્ત ડોલતુ નથી)૧૯

यत्रोपरमते चित्त निरुद्ध योगसेवया ।
यत्र चैवात्मनात्मान पश्यन्नात्मनि तुष्यति २०

सुखमात्यन्तिकं यत्तद्बुद्धिग्राह्यमतीन्द्रियम् ।
वेत्ति यत्र न चैवाय स्थितश्चलति तत्त्वतः॥२१॥
य लब्ध्वा चापर लाभ मन्यते नाधिक ततः ।
यस्मिन्स्थितो न दुःखेन गुरुणापि विचाल्यते२२
त विद्यादुःखसयोगवियोगं योगसज्ञितम् ।
स निश्चयेन योक्तव्यो योगो निर्विण्णचेतसा२३

યોગસેવનથી નિરુદ્ધ (વૃત્તિ શૂન્ય) થયેલુ ચિત્ત જે અવસ્થામા ઉપરમે (શાત પામે) છે અને જે અવસ્થામા આત્માને આત્મા વડે દેખતો યોગી આત્માને વિષે સતુષ્ટ થાય છે (ત્યા યોગ જાણવો) (૨૦) વળી જ્યા આત્યતિક સુખ (બ્રહ્માનદ) જે કેવળ (આત્મરૂપ) બુદ્ધિગ્રાહ્ય છે પણ ઇન્દ્રિયો જાણતી નથી તેને યોગી અનુભવે છે, ત્યા એ અવસ્થાને પ્રાપ્ત થયેલો તે કદાપિ તત્ત્વથી ચળતો નથી (તેને યોગ જાણવો) (૨૧) જે અવસ્થાને પામી બીજો કોઈ પણ લાભ એથી અધિક મનાતો નથી અને એમા સ્થિત થયેલો તે મોટા દુ ખથી પણ ચલાયમાન થતો નથી (તેને યોગ જાણવો) (૨૨) દુ ખના સયોગનો વિયોગ કરાવનાર(ચિત્તની તે

સ્થિતિ)ને પણ યોગ જાણવો અને તે યોગ જ કંટાળો પામ્યા વગર ચિત્તથી અને નિશ્ચયપૂર્વક આરંભ કરવા યોગ્ય છે ૨૩

संकल्पप्रभवान्कामांस्त्यक्त्वा सर्वानशेषतः ।
मनसैवेन्द्रियग्रामं विनियम्य समन्ततः ॥ २४ ॥
शनैःशनैरुपरमेद्बुद्ध्या धृतिगृहीतया ।
आत्मसंस्थं मनः कृत्वा न किंचिदपि चिन्तयेत् २५

સંકલ્પથી ઉત્પન્ન થતી સર્વ કામનાઓને પૂર્ણ તજી મન વડે ઇંદ્રિયસમૂહને સર્વ રીતે વશ કરી (૨૪) ધીમે ધીમે ધૈર્યવાળી બુદ્ધિ વડે સાધકે મનને વૃત્તિશૂન્ય કરવું, (અને મનને) આત્મામાં સ્થિર કરી બીજા કશાનું ચિંતન કરવું નહિ ૨૫

यतो यतो निश्चरति मनश्चञ्चलमस्थिरम् ।
ततस्ततो नियम्यैतदात्मन्येव वशं नयेत् ॥२६॥

ચંચળ અને અસ્થિર મન જ્યાંથી જ્યાંથી ચલાયમાન થાય ત્યાંથી ત્યાંથી સાધકે તેનો નિયમન કરી આત્માને વશ કરી દેવું ૨૬

प्रशान्तमनसं ह्येनं योगिनं सुखमुत्तमम् ।
उपैति शान्तरजसं ब्रह्मभूतमकल्मषम् ॥ २७ ॥

આવા અત્યત શાન્ત મનવાળા, જેની રજોવૃત્તિ અત્યત દૂર થઈ છે એવા, બ્રહ્મભૂત તથા પાપપુણ્ય રહિત યોગીને ઉત્તમ સુખ પ્રાપ્ત થાય છે ૨૭

युञ्जन्नेवं सदात्मान योगी विगतकल्मषः ।
सुखेन ब्रह्मसस्पर्शमत्यन्त सुखमश्नुते ॥ २८ ॥
सर्वभूतस्थमात्मान सर्वभूतानि चात्मनि ।
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः ॥ २९ ॥

આ પ્રમાણે સદા આત્માને યોજતો નિષ્પાપ યોગી પરબ્રહ્મના સ્પર્શવાળા અત્યત સુખને સુખે ભોગવે છે (૨૮) સર્વત્ર સમાન દૃષ્ટિવાળો, યોગયુક્ત પુરુષ પોતાના આત્માને સર્વ ભૂતોમા રહેલા અને પોતાનામા સર્વ ભૂતોને રહેલા જુએ છે ૨૯

यो मा पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति ।
तस्याह न प्रणश्यामि स च मे न प्रणश्यति ३०

જે મને સર્વત્ર જુએ છે અને મારામા સર્વને જુએ છે, તેને માટે હુ (બધ થતો) નાશ પામતો નથી તેમ મારે માટે તેનો નાશ નથી (અર્થાત કોઈ એકબીજાને અદૃષ્ટ થતા નથી) ૩૦

सर्वभूतस्थित यो मा भजत्येकत्वमास्थितः ।
सर्वथा वर्तमानोऽपि स योगी मयि वर्तते॥३१॥

સર્વ ભૂતોમાં રહેલો છતાં મને એકત્વરૂપે સ્થિર રહેલો સમજી એ ભજે છે, તે યોગી સર્વ પ્રકારે વર્તમાન હોય છતાં મારામાં રહે છે ૩૧

आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन ।
सुखं वा यदि वा दुःखं स योगी परमो मतः ३२

હે અર્જુન, જે આત્માના ઉપમાન(દૃષ્ટાંત)થી સર્વત્ર સુખ વા દુઃખ સરખું થતું જુએ છે તેને પરમ યોગી માન્યો છે ૩૨

अर्जुन उवाच । અર્જુન પૂછે છે કે,

योऽयं योगस्त्वया प्रोक्तः साम्येन मधुसूदन ।
एतस्याहं न पश्यामि चचलत्वात्स्थितिं स्थिराम्
चचलं हि मनः कृष्ण प्रमाथि बलवद्दृढम् ।
तस्याहं निग्रहं मन्ये वायोरिव सुदुष्करम् ।३४।

સમ દૃષ્ટિથી સિદ્ધ થતો આ જે (નિષ્કામકર્મ) યોગ તમે કહ્યો તેની સ્થિર સ્થિતિ હે મધુસૂદન, મનની ચંચળતાને લીધે હું દેખતો નથી (૩૩) કારણ કે હે કૃષ્ણ, મન ચંચળ છે, ઇન્દ્રિયોને વિહ્વલ કરનારું છે, બળવાન છે, દૃઢ છે, એવા મનનો નિગ્રહ હું વાયુની પેઠે ઘણો જ દુષ્કર માનું છું ૩૪

श्रीभगवानुवाच । શ્રી ભગવાન કહે છે કે,

असशय महाबाहो मनो दुर्निग्रह चलम् ।
अभ्यासेन च कौंतेय वैराग्येण च गृह्यते ॥३५॥

હે મહાબાહો, મનનો નિગ્રહ મુશ્કેલીથી થાય છે, તે ચલ (ચચળ) છે ત વાત મશય વિનાની છે પણ હે કૌંતેય, (સમદૃષ્ટિપૂર્વક નિષ્કામ કર્મ) યોગના અભ્યાસથી અને વૈરાગ્યથી તેને વશ કરી શકાય છે ૩૫

असयतात्मना योगो दुष्प्राप इति मे मतिः ।
वश्यात्मना तु यतता शक्योऽवाप्तुमुपायतः ।३६।

જેનુ મન વશ નથી તેનાથી યોગ અતિ દુ ખે કરીને પણ ન સધાય એવો છે એવો મારો મત છે, પણ યત્ન કરનારા વશ્યાત્માથી ઉપાય કર્યાથી ત યોગ સાધવો શકય છે ૩૬

अर्जुन उवाच । અર્જુન કહે છે કે,

अयतिः श्रद्धयोपेतो योगाच्चलितमानसः ।
अप्राप्य योगसंसिद्धिं का गतिं कृष्ण गच्छति३७

શ્રદ્ધાળુ છતા અલ્પ પ્રયત્નવાળો, અને જેનુ મન યોગથી ચલિત થયુ છે ત હે કૃષ્ણ ! યોગની સિદ્ધિ (કૈવલ્યને) ન પામતા કયી ગતિ પામે છે ? ૩૭

कच्चिन्नोभयविभ्रष्टश्छिन्नाभ्रमिव नश्यति ।
अप्रतिष्ठो महाबाहो विमूढो ब्रह्मणः पथि ।३८।

હે મહાબાહો, બ્રહ્મના માર્ગમા અત્યન્ત મોહ પામેલો તે બન્ને કર્મ અને ઉપાસનામા અપ્રતિષ્ઠ (આશ્રય વિનાનો) છે કર્મ અને ઉપાસના બન્નેમાથી ભ્રષ્ટ થયેલો તે વિખુટા પડેલા વાદળની પેઠે શુ નાશ નથી પામતા ? ૩૮

एतन्मे संशयं कृष्ण छेत्तुमर्हस्यशेषतः ।
त्वदन्यः संशयस्यास्य छेत्ता न ह्युपपद्यते ॥३९॥

મારો આ સશય હે કૃષ્ણ, તમામ દૂર કરવો આપને યોગ્ય છે આપ વિના આ સશય ટાળનાર બીજો કોઇ નથી ૩૯

श्रीभगवानुवाच । શ્રીભગવાન કહે છે કે,

पार्थ नैवेह नामुत्र विनाशस्तस्य विद्यते ।
नहि कल्याणकृत्कश्चिद्दुर्गतिं तात गच्छति॥४०॥

હે પાર્થ, આલોક કે પરલોકમા તેનો વિનાશ છેજ નહિ, કેમકે, હે તાત, કલ્યાણ કરનાર કોઇ પણ દુર્ગતિને પામતા નથી ૪૦

प्राप्य पुण्यकृतॉल्लोकानुषित्वा शाश्वतीः समाः ।
शुचीना श्रीमता गेहे योगभ्रष्टोऽभिजायते ।४१।

अथवा योगिनामेव कुले भवति धीमताम् ।
एतद्धि दुर्लभतरं लोके जन्म यदीदृशम् ॥४२॥

પુણ્ય કરનારાઓના લોકને પામી તથા ત્યાં લાંબો વખત વસી તે યોગભ્રષ્ટ કોઈ પવિત્ર એવા શ્રીમાનને ઘેર જન્મ લે છે અથવા બુદ્ધિમાન્ યોગીઓના જ કુળમાં અવતરે છે ખરેખર આ લોકમાં એવો જન્મ મળવો અતિ દુર્લભ છે ૪૧-૪૨

तत्र तं बुद्धिसंयोगं लभते पौर्वदेहिकम् ।
यतते च ततो भूयः संसिद्धौ कुरुनन्दन ॥४३॥

ત્યાં (પવિત્ર શ્રીમાન કે યોગીના કુલમાં) પૂર્વ દેહવાળા બુદ્ધિના સંયોગને તે પામે છે ને (જ્યાંથી અભ્યાસ છુટયો હોય ત્યાંથી આરંભીને તે) પછી હે કુરુનંદન, પૂર્ણ સંસિદ્ધિ માટે ફરી યત્ન કરે છે ૪૩

पूर्वाभ्यासेन तेनैव ह्रियते ह्यवशोऽपि सः ।
जिज्ञासुरपि योगस्य शब्दब्रह्मातिवर्तते ॥४४॥

તે અવશ (યોગભ્રષ્ટ, પૂર્વ જન્મના સંસ્કારને વશ, પણ હાલના જન્મના સંસ્કારને અવશ) છતાં પૂર્વના તે જ અભ્યાસને લીધે ઘસડાય છે

યોગનો જિજ્ઞાસુ પણ શબ્દબ્રહ્મને અતિવર્તે (ઓલધે) છે ૪૪

प्रयत्नाद्यतमानस्तु योगी संशुद्धकिल्बिषः ।
अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम् ।४५।

પ્રયત્ને કરીને વધારે પ્રયત્ન કરતો તે, જેનુ પાપ શુદ્ધ થયુ છે એવો તે યોગી અનેક જન્મે યોગસિદ્ધ થઇને પરાગતિ પામે છે ૪૫

तपस्विभ्योऽधिको योगी ज्ञानिभ्योऽपि मतोऽधिकः । कर्मिभ्यश्चाधिको योगी तस्माद्योगी भवार्जुन ॥ ४६ ॥

તપસ્વી કરતા (નિષ્કામ કર્મ)યોગી અધિક છે, જ્ઞાની કરતા પણ (એ નિષ્કામ કર્મ)યોગી અધિક છે, અને કર્મી (શાસ્ત્રોમા કહેલા કર્મો કરનાર)થી પણ એ (નિષ્કામ કર્મ) યોગી અધિક છે, માટે હે અર્જુન, તુ (નિષ્કામ કર્મ) યોગી થા ૪૬

योगिनामपि सर्वेषां मद्गतेनान्तरात्मना ।
श्रद्धावान्भजते यो मां स मे युक्ततमो मतः ।४७।

સર્વે યોગીઓમા પણ મને પોતાનો અંતરાત્મા અર્પી જે શ્રદ્ધાળુ (આચાર્યના કે કોઇના

ઉપદેશમા આસ્થાવાળો) થઈ મને ભજે છે, તેને મેં યોગીઓમા ઉત્તમ ગણ્યો છે ૪૭

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे आत्मसंयमयोगो नाम षष्ठोऽध्याय ॥ ६ ॥

ઇતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતારૂપ ઉપનિષદોમા બ્રહ્મવિદ્યારૂપ યોગશાસ્ત્રરૂપ શ્રીકૃષ્ણાર્જુનના સંવાદમા ' આત્મસંયમ યોગ" નામનો છઠ્ઠો અધ્યાય સમાપ્ત

—— o ——

અધ્યાય ૭ મો વિજ્ઞાનયોગ

श्रीभगवानुवाच । શ્રી ભગવાન્ કહે છે કે,

मय्यासक्तमनाः पार्थ योगं युञ्जन्मदाश्रयः ।
असंशयं समग्रं मां यथा ज्ञास्यसि तच्छृणु ॥१॥

મારામાં આસક્ત મનવાળો, મારા આશ્રયવાળો, યોગાભ્યાસ કરતો તું હે પાર્થ, નિઃસંશય મને સમગ્રરૂપે જાણે તે વાત સાંભળ ૧

ज्ञानं तेऽहं सविज्ञानमिदं वक्ष्याम्यशेषतः ।
यज्ज्ञात्वा नेह भूयोऽन्यज्ज्ञातव्यमवशिष्यते ॥२॥

હું તને વિજ્ઞાન સહિત આ જ્ઞાન સંપૂર્ણ કહીશ કે, જે જાણ્યા પછી આ લોકમાં બીજું કંઈ જાણવાનું બાકી રહેશે નહિ ૨

मनुष्याणां सहस्रेषु कश्चिद्यतति सिद्धये ।
यततामपि सिद्धानां कश्चिन्मां वेत्ति तत्त्वतः ॥३॥

હજારો મનુષ્યોમાં કોઇક જ સિદ્ધિ માટે યત્ન કરે છે, યત્ન કરનારા સિદ્ધોમાં પણ કોઇક જ મને તત્ત્વથી જાણે છે ૩

भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च ।
अहंकार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥ ४ ॥

ભૂમિ, પાણી, અગ્નિ, પવન, આકાશ, મન, બુદ્ધિ અને વળી અહંકાર એવી આ મારી પ્રકૃતિ આઠ પ્રકારે વહેંચાયલી છે ૪

अपरेयमितस्त्वन्यां प्रकृतिं विद्धि मे पराम् ।
जीवभूतां महाबाहो ययेदं धार्यते जगत् ॥ ५ ॥

આ મારી અપરા પ્રકૃતિ છે પણ એથી જુદી મારી બીજી પરા પ્રકૃતિ (જીવરૂપ) છે તે સાંભળ, કે જેનાથી હે મહાબાહો, આ જગત્ ધારણ થયેલું છે ૫

एतद्योनीनि भूतानि सर्वाणीत्युपधारय ।
अहं कृत्स्नस्य जगतः प्रभवः प्रलयस्तथा ॥ ६ ॥

સર્વ ભૂતો એ બે યોનિ(પ્રકૃતિ)માંથી જ ઉત્પન્ન થાય છે એમ નિશ્ચય જાણ (બન્ને પ્રકૃતિઓ મારી હોવાથી) હું જ આખા જગતની ઉત્પત્તિ તેમજ પ્રલય છું ૬

मत्तः परतरं नान्यत्किंचिदस्ति धनंजय ।
मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव ॥ ७ ॥

મારાથી શ્રેષ્ઠ હે ધનંજય, બીજું કોઈ નથી, દોરામાં જેમ મણિઓનો સમૂહ પરોવાય છે તેમ આ બધું વિશ્વ મારામાં પરોવાયેલું છે ૭

रसोऽहमप्सु कौंतेय प्रभास्मि शशिसूर्ययोः ।
प्रणवः सर्ववेदेषु शब्दः खे पौरुषं नृषु ॥ ८ ॥
पुण्यो गंधः पृथिव्यां च तेजश्चास्मि विभावसौ ।
जीवनं सर्वभूतेषु तपश्चास्मि तपस्विषु ॥ ९ ॥
बीजं मां सर्वभूतानां विद्धि पार्थ सनातनम् ।
बुद्धिर्बुद्धिमतामस्मि तेजस्तेजस्विनामहम् । १० ।
बलं बलवतामस्मि कामरागविवर्जितम् ।
धर्माविरुद्धो भूतेषु कामोऽस्मि भरतर्षभ ॥११॥

જલોમાં રસ (તન્માત્રારૂપ) હું છું, હે કૌંતેય, ચંદ્ર અને સૂર્ય એ બેમાં પ્રભારૂપ હું છું, સર્વ વેદોમાં પ્રણવ છું, આકાશમાં શબ્દતન્માત્રા હું છું, નરોમાં પૌરુષરૂપ હું છું, (૮) વળી પૃથ્વીમાં પવિત્ર ગંધતન્માત્રા હું છું તેમજ અગ્નિમાં તેજ તન્માત્રા હું છું, સર્વ ભૂતોમાં જીવન હું છું, અને તપસ્વીઓમાં તપ હું છું, (૯) સર્વ ભૂતોનું સનાતન બીજ હે પાર્થ, મને જાણ બુદ્ધિમાનોની બુદ્ધિ હું છું તથા તેજસ્વીઓનું તેજ હું છું, (૧૦) બળવાનોનું કામ અને દ્વેષ વિવર્જિત બળ હું છું, હે ભરતર્ષભ, ભૂતમાત્રમાં ધર્મથી અવિરુદ્ધ એવો કામ હું છું ૧૧

ये चैव सात्त्विका भावा राजसास्तामसाश्च ये ।
मत्त एवेति तान्विद्धि न त्वहं तेषु ते मयि १२

વળી જે જે સાત્વિક ભાવો છે તથા જે જે રાજ-સભાવો છે તેમ જે જે તામસ ભાવો છે તે સર્વ મારાથી ઉત્પન્ન થયેલા છે એમ જાણ હુ તેમ-નામા નથી, પણ તેઓ મારામા છે ૧૨

त्रिभिर्गुणमयैर्भावैरेभिः सर्वमिद जगत् ।
मोहित नाभिजानाति मामेभ्यः परमव्ययम् १३

આ ત્રણ ગુણમય (વિકારી) પદાર્થોથી આ સકળ જગત મોહ પામેલુ છે તેથી (ત્રિગુણથી) પર અને અવિકારી એવા મને તે ઓળખતુ નથી ૧૩

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपद्यन्ते मायामेता तरन्ति ते ॥ १४ ॥

મારી આ ત્રિગુણમયી દૈવી માયા તરવી કઠિન છે જેઓ મારેજ શરણે આવે છે તેઓ એ માયાને તરી જાય છે ૧૪

न मा दुष्कृतिनो मूढाः प्रपद्यन्ते नराधमाः ।
माययापहृतज्ञाना आसुरं भावमाश्रिताः ॥१५॥

દુષ્કૃતિઓ, મૂઢો, નીચો અને જેમનુ જ્ઞાન માયાથી હરાયેલુ છે એવા અને આસુરી ભાવને અવલમ્બી રહેલા નરો મારે શરણે આવતા નથી. ૧૫

चतुर्विधा भजन्ते मा जनाः सुकृतिनोऽर्जुन ।
आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ॥१६॥

ચાર પ્રકારના સુકૃત કરનારાઓ હે અર્જુન, મને ભજે છે હે ભરતર્ષભ, આર્ત (દુ ખી) જિજ્ઞાસુ, અર્થાર્થી (ભોગ સાધનોને ઇચ્છતો) અને જ્ઞાની (એવા ચાર પ્રકારના સુકૃત કરનારા છે) ૧૬

तेषा ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते ।
प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः १७

તેઓમા નિત્યયુક્ત (સમાહિત ચિત્તવાળો), એક ભક્તિવાળો જ્ઞાની ઉત્તમ છે, કેમકે જ્ઞાનીને હુ ઘણો પ્રિય છુ ને મને પણ તે તેવોજ પ્રિય છે

उदाराः सर्व एवैते ज्ञानी त्वात्मैव मे मतम् ।
आस्थितः स हि युक्तात्मा मामेवानुत्तमा गतिम्॥

(ચારે પ્રકારના) આ સર્વ ઉદાર છે, પણ જ્ઞાની તો મારો આત્મા જ છે, એવો મારો મત છે કેમકે તે યુક્તાત્મા (સમાહિત ચિત્તવાળો) અતિ ઉત્તમ ગતિરૂપ મનેજ માની રહેલા છે ૧૮

बहूना जन्मनामन्ते ज्ञानवान्मा प्रपद्यते ।
वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः॥१९॥

બહુ જન્મોને અંતે જ્ઞાનવાળો જ્ઞાની મને મળે છે "વાસુદેવ જ સર્વ છે" એવુ માનનારો તે મહાત્મા ઘણોજ દુર્લભ છે ૧૯

कामैस्तैस्तैर्हृतज्ञानाः प्रपद्यन्तेऽन्यदेवताः ।
तं तं नियममास्थाय प्रकृत्या नियताः स्वया ॥

જુદી જુદી કામનાઓએ કરીને જેમનુ જ્ઞાન દૂર થયુ છે તેઓ બીજા દેવતાને શરણે જાય છે તે તે નિયમોને આધારે પ્રકૃતિએ પોતે તેના તેના દેવતાઓની વ્યવસ્થા કરી છે ૨૦

यो यो या या तनु भक्तः श्रद्धयार्चितुमिच्छति ।
तस्य तस्याचला श्रद्धा तामेव विदधाम्यहम् २१

જે જે (સકામ) ભક્તો જે જે (દેવતાની) મૂર્તિને શ્રદ્ધાથી પૂજવાની ઇચ્છા કરે છે, તેની તની તેજ શ્રદ્ધાને હુ તેમા અચળ બનાવુ છુ ૨૧

स तया श्रद्धया युक्तस्तस्याराधनमीहते ।
लभते च ततः कामान्मयैव विहितान्हितान २२

આમ તેવી શ્રદ્ધાથી યુક્ત થયેલો તે તે દેવતાનુ જ આરાધન ઇચ્છે છે, ને તે(દેવતાના આરાધન)થી મેંજ નિર્માણ કરેલા ઇષ્ટ ફળ પામે છે ૨૨

अन्तवत्तु फल तेषा तद्भवत्यल्पमेधसाम् ।
देवान्देवयजो यान्ति मद्भक्ता यान्ति मामपि २३

પણ તે અલ્પ બુદ્ધિવાળાઓનુ તે ફળ અન્તવાળુ થાય છે, દેવોને પૂજનારા દેવોને પામે છે, અને મારા ભક્તો મને પામે છે ૨૩

अव्यक्त व्यक्तिमापन्नं मन्यन्ते मामबुद्धयः ।
पर भावमजानतो ममाव्ययमनुत्तमम् ॥ २४ ॥

બુદ્ધિ વિનાના લોકો હુ જે અવ્યક્ત છુ તેને વ્યક્ત થયેલો બીજો કોઇ સાધારણ જીવ માને છે તેઓ મારો અવ્યય (અવિનાશી) અને અત્યુત્તમ પરમભાવ (સ્વરૂપ) જાણતા નથી ૨૪

नाह प्रकाशः सर्वस्य योगमायासमावृतः ।
मूढोऽय नाभिजानाति लोको मामजमव्ययम् ॥

(જ્ઞાનાદિ) યોગમાયાથી ઢંકાયેલો હોવાથી હુ સવને દેખાતો નથી, તેથી આ મૂઢ લોક અજ (ન જન્મતો) અને અવિકારી એવા મને ઓળખતા નથી ૨૫

वेदाहं समतीतानि वर्तमानानि चार्जुन ।
भविष्याणि च भूतानि मां तु वेद न कश्चन २६

થઇ ગયેલા, થતા, તેમજ થનારા સર્વ ભૂતોને હે અર્જુન, હું જાણુ છું, પણ મને તો કોઇ જાણતું નથી ૨૬

इच्छाद्वेषसमुत्थेन द्वंद्वमोहेन भारत ।
सर्वभूतानि संमोहं सर्गे यान्ति परंतप ॥ २७ ॥

ઇચ્છા અને દ્વેષ બન્નેથી સાથે ઉત્પન્ન થતા દ્વંદ્વના મોહ વડે હે ભારત, સર્વ ભૂતો જન્મ ધરતી વખતે હે પરંતપ, સંમોહ પામે છે ૨૭

येषां त्वंतगतं पापं जनानां पुण्यकर्मणाम् ।
ते द्वंद्वमोहनिर्मुक्ता भजन्ते मां दृढव्रताः ॥ २८ ॥

પુણ્યકર્મવાળા જે જનોના પાપનો અંત આવ્યો હોય, તેઓ દ્વંદ્વના મોહથી છૂટા થઈ દૃઢવ્રત થઇ મને ભજે છે ૨૮

जरामरणमोक्षाय मामाश्रित्य यतन्ति ये ।
ते ब्रह्म तद्विदुः कृत्स्नमध्यात्मं कर्म चाखिलम्२९

જરા અને મરણ બનેથી છુટવા માટે મારો આશ્રય કરી જેઓ યત્ન કરે છે, તેઓ તત્ બ્રહ્મને

જાણે છે, તેમ સર્વ અધ્યાત્મ(આત્મા સબધી)ને અને અખિલ (યજ્ઞાદિક) કર્મને પણ જાણે છે ૨૯

साधिभूताधिदैव मा साधियज्ञ च ये विदुः ।
प्रयाणकालेऽपि च मा ते विदुर्युक्तचेतसः ॥३०॥

જેઓ અધિભૂત અને અધિદૈવ સહિત અને અધિયજ્ઞ સહિત મને જાણે છે, તેઓ યુક્ત ચિત્ત વાળા અતકાળે પણ મનેજ જાણે છે ૩૦

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे ज्ञानविज्ञान-योगो नाम सप्तमोऽध्याय ॥ ७ ॥

ઇતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતારૂપ ઉપનિષદોમા બ્રહ્મવિદ્યા અને યોગશાસ્ત્રરૂપ શ્રીકૃષ્ણાર્જુનના સવાદમા જ્ઞાનવિજ્ઞાન યોગ નામનો સાતમો અધ્યાય સપૂર્ણ

અધ્યાય ૮ મો, તારકબ્રહ્મયોગ

अर्जुन उवाच । અર્જુન પૂછે છે કે,

किं तद्ब्रह्म किमध्यात्म किं कर्म पुरुषोत्तम ।
अधिभूत च किं प्रोक्तमधिदैव किमुच्यते ॥१॥

તત્ બ્રહ્મ તે શુ? અધ્યાત્મ તે શુ? કર્મ તે શુ? હે પુરુષોત્તમ, વળી અધિભૂત કહ્યુ તે શુ? અને અધિદૈવ શુ? તે મને કહો ૧

अधियज्ञः कथ कोऽत्र देहेऽस्मिन्मधुसूदन ।
प्रयाणकाले च कथं ज्ञेयोऽसि नियतात्मभिः ।२।

હે મધુસૂદન, આ દેહમા અધિયજ્ઞ કોણ છે અને તે કેવી રીતે છે? અને નિયત આત્માવાળાઓને અતકાળે તમે કેવી રીતે જેય છો? ૨

श्रीभगवानुवाच । શ્રી ભગવાન કહે છે કે,

अक्षरं ब्रह्म परमं स्वभावोऽध्यात्ममुच्यते ।
भूतभावोद्भवकरो विसर्गः कर्मसंज्ञितः ॥ ३ ॥

જે અક્ષર છે તે પરમ બ્રહ્મ કેહેવાય છે, તેનો સ્વભાવ તે અધ્યાત્મ કેહેવાય છે અને ભૂતની ઉત્પત્તિ તથા વૃદ્ધિ કરનાર વિસર્ગ (સૃષ્ટિ વ્યાપાર) તને કર્મ નામ આપેલુ છે ૩

अधिभूत क्षरो भावः पुरुषश्चाधिदैवतम् ।
अधियज्ञोऽहमेवात्र देहे देहभृतां वर ॥ ४ ॥

अन्तकाले च मामेव स्मरन्मुक्त्वा कलेवरम् ।
यः प्रयाति स मद्भावं याति नास्त्यत्र संशयः ॥५॥

यं यं वापि स्मरन्भावं त्यजत्यंते कलेवरम् ।
तं तमेवैति कौंतेय सदा तद्भावभावितः ॥ ६ ॥

આ દેહમાં જે ક્ષર (નાશનો) ભાવ છે તે અધિભૂત છે અને પુરુષ (જીવ) છે તે અધિદૈવત છે, અને હે દેહધારીઓમાં શ્રેષ્ઠ, અહિં અધિયજ્ઞ (યજ્ઞો વડે પૂજવા યોગ્ય) હું જ છું (૪) અને અંતકાળે મને જ સંભારતો જે માણસ દેહ છોડે છે તે મારા ભાવને પામે છે, એમાં સંશય નથી (૫) અથવા અંત કાળે જે જે ભાવનું સ્મરણ કરતો માણસ દેહ છોડે છે તેને તેને જ હે કૌન્તેય, તે પામે છે, કેમકે તે સદા તે જ દેવની ભાવનાવાળો છે ૬

तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर युध्य च ।
मय्यर्पितमनोबुद्धिर्मामेवैष्यस्यसंशयम् ॥ ७ ॥

એટલા માટે સર્વ કાળે મારું સ્મરણ રાખ અને યુદ્ધ કર મારામાં મન અને બુદ્ધિનું અર્પણ જેણે કર્યું છે એવો તું નિઃસંશય મને જ પામીશ ૭

अभ्यासयोगयुक्तेन चेतसा नान्यगामिना ।
परमं पुरुषं दिव्यं याति पार्थानुचिन्तयन् ॥८॥

નિરતર મારુજ ચિતવન કરનારો પુરુષ અભ્યાસયોગથી યુક્ત અને બીજે ન જનારા ચિત્ત વડે હે પાર્થ, પરમ દિવ્ય પુરુષને પામે છે (૮)

कविं पुराणमनुशासितारमणोरणीयांसमनुस्मरेद्यः । सर्वस्य धातारमचिन्त्यरूपमादित्यवर्णं तमसः परस्तात् ॥ ९ ॥

प्रयाणकाले मनसाचलेन भक्त्या युक्तो योगबलेन चैव । भ्रुवोर्मध्ये प्राणमावेश्य सम्यक् स तं परं पुरुषमुपैति दिव्यम् ॥ १० ॥

કવિ (સર્વજ્ઞ), પુરાણ (અનાદિ), સર્વને નિયમમા રાખનાર, અણુથી પણ અણુ, સર્વનો ધારણ કરનાર, અચિત્યરૂપવાળા, આદિત્ય જેવા વર્ણવાળા અને અજ્ઞાનરૂપ તમથી પર એવાનુ પ્રયાણકાળે અચળ મનથી, ભક્તિથી તથા યોગના બળથી યુક્ત થઇ, ભ્રકુટીના મધ્ય ભાગમા પ્રાણને બરાબર સ્થાપી જે માણસ સ્મરણ કરે છે તે તે પર અને દિવ્ય પુરુષને પામે છે ૯–૧૦

यदक्षरं वेदविदो वदन्ति विशन्ति यद्यतयो वीत-
रागाः । यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति तत्ते पदं
संग्रहेण प्रवक्ष्ये ॥ ११ ॥

વેદવેત્તાઓ જેને અક્ષર કહે છે, જેમાં રાગ વિનાના યતિઓ પ્રવેશ કરે છે, અને જેને ઇચ્છનારાઓ બ્રહ્મચર્ય પાળે છે તે પદ હું તને સંક્ષેપથી કહીશ. ૧૧

सर्वद्वाराणि संयम्य मनो हृदि निरुध्य च ।
मूर्ध्न्याधायात्मनः प्राणमास्थितो योगधारणाम्॥
ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन् ।
यः प्रयाति त्यजन्देहं स याति परमां गतिम् १३

સર્વ (ઇંદ્રિયો રૂપી) દ્વારોનું સંયમન કરી અને હૃદયમાં મનને રોકી અને મસ્તકમાં પોતાના પ્રાણને ધારણ કરી યોગની ધારણા કરતાં, (૧૨) ૐ એવો એક અક્ષરરૂપ બ્રહ્મને જપતાં તથા મારું સતત સ્મરણ કરતાં અને આ દેહને ત્યજતાં જે આગળ જાય છે તે પરમ ગતિને પામે છે. ૧૩

अनन्यचेताः सततं यो मां स्मरति नित्यशः ।
तस्याहं सुलभः पार्थ नित्ययुक्तस्य योगिनः१४

અનન્યચિત્તવાળો જે મને જીવિત પર્યંત નિરંતર સભારે છે તે નિત્યયુક્ત યોગીને હે પાર્થ, હું સુલભ છુ ૧૪

मामुपेत्य पुनर्जन्म दुःखालयमशाश्वतम् ।
नाप्नुवन्ति महात्मानः संसिद्धिं परमां गताः १५

મને પામ્યા પછી દુ ખના સ્થાનરૂપ તથા ક્ષણભગુર જે પુનર્જન્મ તેને તેઓ પામતા નથી, પણ તે મહાત્માઓ પરમ સિદ્ધિને પામે છે ૧૫

आब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुन ।
मामुपेत्य तु कौन्तेय पुनर्जन्म न विद्यते ॥१६॥

બ્રહ્મલોકથી માડીને સવ લોકો હે અર્જુન, પુનરાવર્તન પામનારા છે, પણ મને (અક્ષર બ્રહ્મને) પામ્યા પછી હે કૌન્તેય, પુનર્જન્મ રહેતો નથી ૧૬

सहस्रयुगपर्यन्तमहर्यद्ब्रह्मणो विदुः ।
रात्रिं युगसहस्रान्तां तेऽहोरात्रविदो जनाः १७

બ્રહ્માનો જે દિવસ છે તે સહસ્ર યુગ પર્યન્તનો છે તેને અને (બ્રહ્માની) જે રાત્રિ સહસ્ર યુગ પર્યન્તની છે તેને જેઓ જાણે છે તે માણસો અહોરાત્રને (ખરા) જાણનારા છે ૧૭

अव्यक्ताद्व्यक्तयः सर्वाः प्रभवन्त्यहरागमे ।
रात्र्यागमे प्रलीयन्ते तत्रैवाव्यक्तसंज्ञके ॥१८॥

(બ્રહ્માનો) દિવસ શરુ થતા અવ્યક્તમાથી સર્વે વ્યક્તિઓ પ્રકટ થાય છે, અને રાત્રિ થતા તેજ અવ્યક્ત નામવાળામા લીન થાય છે ૧૮

भूतग्रामः स एवायं भूत्वा भूत्वा प्रलीयते ।
रात्र्यागमेऽवशः पार्थ प्रभवत्यहरागमे ॥ १९ ॥

એનો એ આ ભૂતગ્રામ પ્રકટ થઇને રાત્રિ આવતા અવશ (પરતત્ર) હોવાથી લય પામે છે અને દિવસ થતા હે પાર્થ, (પાછો) પ્રભવે (જન્મે) છે ૧૯

परस्तस्मात्तु भावोऽन्योऽव्यक्तोऽव्यक्तात्सनातनः।
यः स सर्वेषु भूतेषु नश्यत्सु न विनश्यति २०

એનાથી પણ એક બીજો ભાવ પર છે, તે અવ્યક્તથી પણ અવ્યક્ત છે, સનાતન છે સર્વ ભૂતો નાશ પામવા છતા પણ તે નાશ પામતો નથી ૨૦

अव्यक्तोऽक्षर इत्युक्तस्तमाहुः परमां गतिम् ।
यं प्राप्य न निवर्तन्ते तद्धाम परमं मम ॥ २१ ॥

એ અવ્યક્ત અક્ષર છે એવુ કહ્યુ છે, એનેજ પરમ ગતિ (લોકો) કહે છે, કે જેને પામીને (બ્રહ્મનિષ્ઠ પુરુષો) પાછા આલોકમા આવતા નથી, તે ધામ મારુ પરમ ધામ છે ૨૧

पुरुषः स परः पार्थ भक्त्या लभ्यस्त्वनन्यया ।
यस्यान्तःस्थानि भूतानि येन सर्वमिद ततम् २२

એ પુરુષ જ પર(શ્રેષ્ઠ) છે, હે પાર્થ, અનન્ય ભક્તિવડે જ તે મેળવી શકાય છે, કે જેની અન્દર સર્વભૂતો રહેલા છે અને જે વડે આ સર્વ વ્યાપેલુ છે ૨૨

यत्र काले त्वनावृत्तिमावृत्ति चैव योगिनः ।
प्रयाता यान्ति त काल वक्ष्यामि भरतर्षभ॥२३॥

વળી જે કાળે પ્રયાણ કરતા યોગીઓ અનાવૃત્તિ અને આવૃત્તિ પામે છે તે કાળ, હે ભરતર્ષભ, હુ તને કહીશ ૨૩

अग्निर्ज्योतिरहः शुक्लः षण्मासा उत्तरायणम् ।
तत्र प्रयाता गच्छन्ति ब्रह्म ब्रह्मविदो जनाः ।२४।

"અગ્નિ, જ્યોતિ, દિવસ, શુકલપક્ષ અને ઉત્તરાયણના છ માસ, એમા પ્રયાણ કરનારા બ્રહ્મને જાણનારા માણસો બ્રહ્મને પામે છે." ૨૪

धूमो रात्रिस्तथा कृष्णः षण्मासा दक्षिणायनम् ।
तत्र चान्द्रमसं ज्योतिर्योगी प्राप्य निवर्तते ।२५।

"ધૂમ, રાત્રિ, કૃષ્ણપક્ષ અને દક્ષિણાયનના છ માસ, એમા પ્રયાણ કરનારો યોગી ચંદ્રમાની જ્યોતિને પામી પાછો ફરે છે" ૨૫

शुक्लकृष्णे गती ह्येते जगतः शाश्वते मते ।
एकया यात्यनावृत्तिमन्ययावर्तते पुनः ॥ २६ ॥

જગતની શુકલ અને કૃષ્ણ એવી બે ગતિઓ છે, તે શાશ્વત મનાયલી છે એકથી અનાવૃત્તિ-મોક્ષ થાય છે અને બીજી(કૃષ્ણગતિ)થી પાછી આવૃત્તિ (પુનર્જન્મ) થાય છે ૨૬

नैते सृती पार्थ जानन्योगी मुह्यति कश्चन ।
तस्मात्सर्वेषु कालेषु योगयुक्तो भवार्जुन ॥२७॥

આ બે ગતિઓને જાણનારો કોઈ પણ યોગી હે પાર્થ, મોહ પામતો નથી, માટે સર્વ કાલમા હે અર્જુન તુ યોગયુક્ત થા ૨૭

वेदेषु यज्ञेषु तपःसु चैव दानेषु यत्पुण्यफलं प्रदिष्टम् । अत्येति तत्सर्वमिदं विदित्वा योगी परं स्थानमुपैति चाद्यम् ॥ २८ ॥

વેદોમા, યજ્ઞોમા, તપોમા અને દાનોમા જે પુણ્યફળ કહ્યુ છે તે આ સર્વને જાણીને યોગી ઓળંઘી જાય છે અને આદ્ય પરમ સ્થાનને પામે છે ૨૮

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे अक्षरब्रह्म योगो नामाष्टमोऽध्याय ॥ ८ ॥

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતારૂપ ઉપનિષદોમા બ્રહ્મવિદ્યા અને યોગશાસ્ત્રરૂપ શ્રી કૃષ્ણ અને અર્જુનના સવાદમા અક્ષર બ્રહ્મયોગ નામનો આઠમો અ યાય સપૂર્ણ

—— o ——

અધ્યાય ૯ મો રાજવિદ્યા-રાજગુહ્યયોગ

श्रीभगवानुवाच । શ્રી ભગવાન કહે છે,

इद तु ते गुह्यतम प्रवक्ष्याम्यनसूयवे ।
ज्ञान विज्ञानसहित यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् ।१।

વળી અસૂયા વિનાના તને આ અત્યત ગુહ્ય વિજ્ઞાનયુક્ત જ્ઞાન હુ પૂર્ણ કહુ છુ કે જે જાણ્યાથી તુ અશુભથી મુક્ત થઇશ ૧

राजविद्या राजगुह्य पवित्रमिदमुत्तमम् ।
प्रत्यक्षावगम धर्म्य सुसुख कर्तुमव्ययम् ॥ २ ॥

આ રાજવિદ્યા (વિદ્યામા રાજા) છે, રાજગુહ્ય (ગુહ્યોમા રાજા) છે, પવિત્ર છે, ઉત્તમ છે, પ્રત્યક્ષ જણાય એમ છે, ધર્મના ફળરૂપ છે, કરવામા સુખથી સધાય છે અને નાશરહિત છે ૨

अश्रद्दधानाः पुरुषा धर्मस्यास्य परतप ।
अप्राप्य मा निवर्तते मृत्युससारवर्त्मनि ॥ ३ ॥

આ ધર્મ ઉપર શ્રદ્ધા ન રાખનારા પુરુષો હે પરતપ, મને નહિ પામવાથી મૃત્યુયુક્ત સસારના માગમા નિરતર ફર્યા કરે છે ૩

मया ततमिद सर्व जगदव्यक्तमूर्तिना ।
मत्स्थानि सर्वभूतानि न चाह तेष्ववस्थितः ।४।

અવ્યક્ત મૂર્તિવાળા એવા મે આ સર્વ જગત વ્યાપી લીધેલુ છે, સર્વભૂતો મારામા રહેલા છે, પણ હુ તેઓમા રહેલો નથી (કારણ કે હુ તેઓથી વિશેષ છુ) ૪

न च मत्स्थानि भूतानि पश्य मे योगमैश्वरम् ।
भूतभृन्न च भूतस्थो ममात्मा भूतभावनः ॥ ५ ॥

તેમ ભૂતો મારામા રહેલા નથી એવુ નથી, માટે મારો યોગ ઐશ્વર્યવાળો પ્રભાવ તુ જો ભૂતોની ઉત્પત્તિ કરતો તથા ધારી રાખતો હોવા છતા મારે આત્મા ભૂતોમા સ્થિત નથી ૫

यथाकाशस्थितो नित्य वायुः सर्वत्रगो महान् ।
तथा सर्वाणि भूतानि मत्स्थानीत्युपधारय ॥६॥

જેમ બધે ઠેકાણે જતો મહાનવાયુ નિત્ય આકાશમા રહે છે તેમ સર્વ ભૂતો મારામા રહેલા છે એમ તુ સમજ ૬

सर्वभूतानि कौन्तेय प्रकृतिं यान्ति मामिकाम् ।
कल्पक्षये पुनस्तानि कल्पादौ विसृजाम्यहम् ७

કલ્પને અતે સર્વ ભૂતો હે કૌન્તેય, મારી (ક્રિયા-શક્તિરૂપ) પ્રકૃતિમા લય પામે છે અને કલ્પના આરભમા હુ તમને પાછા ઉત્પન્ન કરુ છુ ૭

प्रकृतिं स्वामवष्टभ्य विसृजामि पुनः पुनः ।
भूतग्राममिमं कृत्स्नमवशं प्रकृतेर्वशात् ॥ ८ ॥

મારી પ્રકૃતિનો આશ્રય કરીને હું ફરીફરીને પ્રકૃતિના બળથી પરવશ થયેલા આ સમગ્ર ભૂત ગ્રામને ઉત્પન્ન કરું છું ૮

न च मां तानि कर्माणि निबध्नन्ति धनंजय ।
उदासीनवदासीनमसक्तं तेषु कर्मसु ॥ ९ ॥

અને મને એ કર્મો હે ધનંજય, બાધતા નથી, કારણ કે ઉદાસીનની પેઠે હું તો બેઠેલો છું તેમ એ કર્મોમાં મને રાગ પ્રીતિ નથી ૯

मयाध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम् ।
हेतुनानेन कौन्तेय जगद्विपरिवर्तते ॥ १० ॥

મારા અધ્યક્ષ પદના જોરે પ્રકૃતિ સ્થાવરજંગમને ઉત્પન્ન કરે છે હે કૌંતેય, આ હેતુવડે આ જગત પરિભ્રમણ કરે છે ૧૦

अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम् ।
परं भावमजानन्तो मम भूतमहेश्वरम् ॥ ११ ॥

મને માનુષી શરીરનો આશ્રય કરીને રહેલો જોઈ મૂઢ લોકો મારી અવજ્ઞા કરે છે તેઓને

મારા પરભાવની ખબર નથી કે, હુ સર્વ ભૂતોનો મહાન ઈશ્વર છુ ૧૧

मोघाशा मोघकर्माणो मोघज्ञाना विचेतसः ।
राक्षसीमासुरीं चैव प्रकृतिं मोहिनीं श्रिताः १२

મિથ્યા આશાવાળા, મિથ્યા કર્મોવાળા, મિથ્યા જ્ઞાનવાળા અને અવિચારી પુરુષો રાક્ષસી, આસુરી અને મોહ પમાડનારી પ્રકૃતિનો આશ્રય કરે છે ૧૨

महात्मानस्तु मा पार्थ दैवी प्रकृतिमाश्रिताः ।
भजन्त्यनन्यमनसो ज्ञात्वा भूतादिमव्ययम् ।१३।

પરતુ દૈવી પ્રકૃતિનો આશ્રય કરનારા અને અનન્ય મનવાળા મહાત્માઓ તો હે પાર્થ, મને ભૂતમાત્રના અવિનાશી આદિ જાણીને ભજે છે ૧૩

सततं कीर्तयन्तो मा यतन्तश्च दृढव्रताः ।
नमस्यन्तश्च मा भक्त्या नित्ययुक्ता उपासते १४

તેઓ સતત મારુ કીર્તન કરે છે, તેઓ યમ નિયમ પાળે છે, દૃઢવ્રત પાળે છે, ભક્તિથી મને નમે છે અને નિરતર યોગયુક્ત થઇ (ભક્તિથી) મને સેવે છે ૧૪

ज्ञानयज्ञेन चाप्यन्ये यजन्तो मामुपासते ।
एकत्वेन पृथक्त्वेन बहुधा विश्वतोमुखम् ॥१५॥

અને વળી જ્ઞાનરૂપ યજ્ઞથી યજન કરનારા બીજા કેટલાક એકપણા વડે ઉપાસે છે તો બીજા કેટલાક ભેદપણાથી ઉપાસે છે, વિશ્વતોમુખ (જેનુ મુખ સર્વ તરફ છે) એવા મને બહુ પ્રકારે ઉપાસે છે ૧૫

अहं क्रतुरहं यज्ञः स्वधाहमहमौषधम् ।
मन्त्रोऽहमहमेवाज्यमहमग्निरह हुतम् ॥ १६ ॥
पिताहमस्य जगतो माता धाता पितामहः ।
वेद्यं पवित्रमोंकार ऋक् साम यजुरेव च॥१७॥
गतिर्भर्ता प्रभुः साक्षी निवासः शरण सुहृत् ।
प्रभवः प्रलयः स्थानं निधान बीजमव्ययम् १८

ક્રતુ હુ છુ, યજ્ઞ હુ છુ, સ્વધા હુ છુ, ઔષધ હુ છુ, મંત્ર હુ છુ, ઘી હુ છુ, અગ્નિ હુ છુ ને હુત-રૂપ હુ છુ (૧૬) આ જગતનો પિતા હુ, માતા હુ, ધાતા હુ અને પિતામહ હુ છુ જાણવા યોગ્ય વસ્તુ હુ, પવિત્ર ઓંકાર હુ, ઋગ્વેદ હુ, સામવેદ હુ અને યજુર્વેદ પણ હુ છુ (૧૭) ગતિ (કર્મફળ) હુ, ભર્ત્તા હુ, પ્રભુ હુ, સાક્ષી હુ, નિવાસ હુ, શરણ હુ, સુહૃદ્ હુ, ઉત્પત્તિ હુ, સંહાર હુ, સ્થિતિ હુ, નિધાન હુ અને અવિકારી બીજ હુ છુ ૧૮

तपाम्यहमहं वर्षं निगृह्णाम्युत्सृजामि च ।
अमृतं चैव मृत्युश्च सदसच्चाहमर्जुन ॥ १९ ॥

તપુ છુ હુ, જગને આકર્ષું છુ હુ ને છોડુ છુ હુ, તેમ જ અમૃત હુ, મૃત્યુ હુ, હે અર્જુન સત્ હુ અને અસત્ પણ હુ છુ ૧૯

त्रैविद्या मां सोमपाः पूतपापा यज्ञैरिष्ट्वा स्वर्गतिं प्रार्थयन्ते । ते पुण्यमासाद्य सुरेन्द्रलोकमश्नन्ति दिव्यान्दिवि देवभोगान् ॥ २० ॥

ત્રણે વેદને જાણનારા, સોમનુ પાન કરનારા, જેમના પાપો પવિત્ર થયા છે (બળી ગયા છે) એવા પુરુષો યજ્ઞોથી મારુ યજન કરીને સ્વર્ગલોકની ઇચ્છા કરે છે તેઓ પુણ્યવાન સુરેન્દ્ર (ઇન્દ્ર) લોકને પામી સ્વર્ગમા દિવ્ય ભોગોને ભોગવે છે ૨૦

ते तं भुक्त्वा स्वर्गलोकं विशालं क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति । एवं त्रयीधर्ममनुप्रपन्ना गतागतं कामकामा लभन्ते ॥ २१ ॥

તે વિશાળ સ્વર્ગલોકમા (દિવ્ય સુખ ભોગો) ભોગવીને, પુણ્ય ક્ષીણ થતા તેઓ પાછા આ મૃત્યુ લોકમા પ્રવેશ કરે છે એ પ્રમાણે ત્રયી–ત્રણ વેદમા

કહેલા ધર્મોનું અનુસરણ કરનારા અને કામના વાળા ગતાગત(જન્મમરણ)ને પામે છે ૨૧

अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् २२

અનન્ય ભાવવાળા જેઓ મારું જ ચિંતન કરતા સર્વ પ્રકારે મને જ ઉપાસે છે, તેવા નિત્ય મારા માં જ ચિત્ત રાખનારાઓનો યોગ અને ક્ષેમ હું વહન કરું (આપું) છું ૨૨

येऽप्यन्यदेवताभक्ता यजन्ते श्रद्धयान्विताः ।
तेऽपि मामेव कौन्तेय यजन्त्यविधिपूर्वकम्॥२३॥

વળી બીજા દેવના જે ભક્તો શ્રદ્ધાપૂર્વક તેમને યજે છે, તેઓ પણ હે કૌંતેય, વિધિ (નિયમ બંધન, જ્ઞાનબંધન) વિના મને જ ભજે છે ૨૩

अहं हि सर्वयज्ञानां भोक्ता च प्रभुरेव च ।
न तु मामभिजानन्ति तत्त्वेनातश्च्यवन्ति ते॥२४॥

કારણ કે સર્વ યજ્ઞોનો ભોક્તા હું છું તેમ જ પ્રભુ પણ હું છું (તે જાણીતું છે). પણ તેઓ તત્ત્વથી મારા સંબંધી વાત જાણતા નથી તેથી તેમનું પતન થાય છે. ૨૪

यान्ति देवव्रता देवान् पितॄन्यान्ति पितृव्रताः ।
भूतानि यान्तिभूतेज्यायान्तिमद्याजिनोऽपि माम्

દેવતાનું વ્રત કરનારા દેવલોકને પામે છે, પિતૃનું યજન કરનારા પિતૃલોકને પામે છે, ભૂતોને યજનારા ભૂતો(વિનાયકાદિ માતૃગણ)ને પામે છે અને મને યજનાર મને પામે છે ૨૫

पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ।
तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ॥ २६ ॥

પત્ર, ફૂલ, ફળ અને જલ મને ભક્તિથી જે પુરુષ અર્પે છે, તે નિર્મળ મનવાળા પુરુષનું ભક્તિ વડે અર્પેલું તે હું આરોગું છું ૨૬

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।
यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम् ॥२७॥

તું જે કંઈ કરે, જે કાંઈ ભોગવે, જે કાંઈ હોમે, જે કાંઈ દાન દે અને જે કાંઈ તપ કરે તે હે કૌંતેય, મને અર્પણ કર. (આડતિયો જે કાંઈ કરે તે મુખ્ય શેઠને માટે હોય તો આડતિયાને કાંઈ દોષ નહિ) ૨૭

शुभाशुभफलैरेवं मोक्ष्यसे कर्मबन्धनैः ।
संन्यासयोगयुक्तात्मा विमुक्तो मामुपैष्यसि २८

એમ કર્યાથી શુભ અને અશુભ ફળોવાળા કર્મબંધનોથી તું છૂટીશ એ રીતે સન્યાસ (ત્યાગ) યોગથી યુક્ત આત્માવાળો હોઈ વિમુક્ત થયેલો તું મને પામીશ ૨૮

समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योऽस्ति न प्रियः ।
ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम् ॥

સર્વ ભૂતોમાં હું સમાન છું, મને કોઈ દ્વેષ્ય (અપ્રિય) નથી કે પ્રિય નથી તો પણ જેઓ મને ભક્તિપૂર્વક ભજે છે તેઓ મારામાં છે અને હું તેમનામાં છું ૨૯

अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।
साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः ३०

કોઈ મોટો દુરાચારી પણ જો અનન્ય ભાવથી મને જ ભજતો હોય તો તેને સાધુ માનવો, કેમકે તે સંપૂર્ણ નિશ્ચયાત્મિકા બુદ્ધિવાળો છે ૩૦

क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छान्तिं निगच्छति ।
कौन्तेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति ।३१।

તે થોડા જ કાળમાં ધર્માત્મા થાય છે અને શાશ્વત શાંતિને પામે છે હે કૌંતેય, મારો

ભક્ત વિનાશ પામતો નથી, એ તારે નિશ્ચય જાણવું ૩૧

मा हि पार्थ व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः ।
स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम्

કારણ કે હે પાર્થ, મારો આશ્રય કર્યા પછી જેઓ પાપિષ્ઠ (જેઓનું યોનિમૂળ પાપમાંથી હોય તેઓ) પણ હોય, સ્ત્રીઓ હોય, વૈશ્યો હોય તથા શૂદ્રો હોય તોપણ તેઓ પરમ ગતિને પામે છે, ૩૨

किं पुनर्ब्राह्मणाः पुण्या भक्ता राजर्षयस्तथा ।
अनित्यमसुखं लोकमिमं प्राप्य भजस्व माम् ३३

તો પછી પુણ્યાત્મા બ્રાહ્મણો, ભક્તો તથા રાજર્ષિયો માટે તો શું જ કહેવું? માટે અનિત્ય અને અસુખ એવો આ લોક પામીને તું મને ભજ ૩૩

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि युक्त्वैवमात्मानं मत्परायणः ॥३४॥

તું મારામાં મન રાખનારો થા, મારો ભક્ત બન, મારું યજન કર મને નમન કર એમ આત્માને મારામાં જોડીને મારે શરણ આવેલો તું મને પામીશ ૩૪

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे राजविद्या राजगुह्ययोगो नाम नवमोऽध्यायः ॥ ९ ॥

ઇતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતારૂપ ઉપનિષદોમાં બ્રહ્મવિદ્યા-
રૂપ અને યોગશાસ્ત્રરૂપ શ્રીકૃષ્ણાર્જુનના સંવાદમાં
રાજવિદ્યા અને રાજગુહ્યયોગ નામનો
નવમો અધ્યાય સંપૂર્ણ

અધ્યાય ૧૦ મો વિભૂતિયોગ

श्रीभगवानुवाच । શ્રી ભગવાન કહે છે કે,

भूय एव महाबाहो शृणु मे परमं वचः ।
यत्तेऽहं प्रीयमाणाय वक्ष्यामि हितकाम्यया ॥१॥

હે મહાબાહો, પુન મારૂ પરમ વચન સાભળ જે સાભળી પ્રસન્ન થનાર એવા તને તારા જ હિતની ઇચ્છાથી હુ તે કહુ છુ ૧

न मे विदुः सुरगणाः प्रभवं न महर्षयः ।
अहमादिर्हि देवाना महर्षीणा च सर्वशः ॥ २ ॥

મારા પ્રભાવને દેવગણો નથી જાણતા તેમ મોટા ઋષિઓ નથી જાણતા, કેમકે દેવો અને મોટા ઋષિઓનુ બધીરીતે આદિ કારણ હુ પોતેજ છુ ૨

यो मामजमनादिं च वेत्ति लोकमहेश्वरम् ।
असमूढः स मर्त्येषु सर्वपापैः प्रमुच्यते ॥ ३ ॥

હુ અજન્મા છુ, અનાદિ છુ અને લોકોનો મહેશ્વર છુ એમ જે મને જાણે છે, તે મનુષ્યોમા મોહથી રહિત થયેલા સર્વ પાપોથી મુક્ત થાય છે ૩

बुद्धिर्ज्ञानमसंमोहः क्षमा सत्यं दमः शमः ।
सुखं दुःखं भवो भावो भयं चाभयमेव च॥४॥

अहिंसा समता तुष्टिस्तपो दानं यशोऽयशः ।
भवन्ति भावा भूताना मत्त एव पृथग्विधाः॥५॥

બુદ્ધિ, જ્ઞાન, અસમ્મોહ, ક્ષમા, સત્ય, દમ, શમ, સુખ, દુ ખ, ઉત્પત્તિ, મરણ, ભય તેમ જ અભય અને, (૪) અહિંસા, સમતા, સંતોષ, તપ, દાન, યશ અને અપયશ એ ભૂતાના સવ જાત જાતના ભાવો મારાથી થાય છે ૫

महर्षयः सप्त पूर्वे चत्वारो मनवस्तथा ।
मद्भावा मानसा जाता येषा लोक इमाः प्रजाः६

પૂર્વના સાત મહર્ષિઓ, તથા ચાર મનુઓ મારા ભાવવાળા (મારામા તલ્લીન) તથા મારા મનથી ઉત્પન્ન થયેલા છે, કે જેમની આલોકમા આ પ્રજાઓ છે ૬

एता विभूतिं योग च मम यो वेत्ति तत्त्वतः ।
सोऽविकंपेन योगेन युज्यते नात्र सशयः ॥७॥

મારી એ વિભૂતિને અને યોગને (અલૌકિક ઐશ્વર્યને) જે તત્ત્વથી જાણે છે, તે નિશ્ચલ યોગને પામે છે, એમા કંઈ જ સંદેહ નથી ૭

अह सर्वस्य प्रभवो मत्तः सर्वं प्रवर्तते ।
इति मत्वा भजन्ते मा बुधा भावसमन्विताः॥८॥

સર્વનો પ્રભવ (મૂળ હેતુ) હુ છુ અને મારાથી સર્વ (સૃષ્ટિચક્ર) પ્રવર્તે છે, એમ જાણીને બુદ્ધિમાનો ભક્તિયુક્ત મને ભજે છે ૮

मच्चित्ता मद्गतप्राणा बोधयन्तः परस्परम् ।
कथयन्तश्च मा नित्य तुष्यन्ति च रमन्ति च ॥९॥

મારામાજ ચિત્તવાળા, મારામાજ પ્રાણવાળા, પરસ્પર મારોજ બોધ કરનારા અને મારીજ વાતો કરનારા એવા તે નિત્ય સતોષ પામે છે અને આનદ પામે છે ૯

तेषा सततयुक्ताना भजतां प्रीतिपूर्वकम् ।
ददामि बुद्धियोग त येन मामुपयान्ति ते॥१०॥

સર્વદા યોગયુક્ત અને પ્રીતિપૂર્વક મને ભજનારા તમને હુ (પૂર્વે કહેલો એવો) બુદ્ધિયોગ આપુ છુ, કે જેથી તેઓ મારી સમીપ આવે છે ૧૦

तेषामेवानुकम्पार्थमहमज्ञानजं तमः ।
नाशयाम्यात्मभावस्थो ज्ञानदीपेन भास्वता॥११॥

તેમનાપર જ અનુકપા (દયા) કરવા માટે આત્મભાવમા રહેલો હુ અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા અધકરને પ્રકાશમાન જ્ઞાનદીપ વડે નાશ કરુ છુ ૧૧

अर्जुन उवाच । અર્જુન કહે છે કે,

परं ब्रह्म परं धाम पवित्रं परमं भवान् ।
पुरुषं शाश्वतं दिव्यमादिदेवमजं विभुम् ॥१२॥
आहुस्त्वामृषयः सर्वे देवर्षिर्नारदस्तथा ।
असितो देवलो व्यासः स्वयं चैव ब्रवीषि मे १३

આપ પરમ બ્રહ્મ, આપ પરમ ધામ, પરમ-પવિત્ર છો, પુરુષ, નિત્ય, દિવ્ય, આદિદેવ, અજન્મા અને સર્વવ્યાપક આપ છો (૧૨) એમ સર્વ ઋષિયો, દેવર્ષિ નારદ, તથા અસિત, દેવલ અને વ્યાસે કહ્યુ છે, અને તમે પોતે પણ મને એમ જ કહો છો ૧૩

सर्वमेतदृतं मन्ये यन्मां वदसि केशव ।
नहि ते भगवन्व्यक्तिं विदुर्देवा न दानवाः १४

આપ મને જે કહો છો તે સર્વ હે કેશવ, હું સત્ય માનુ છું, કારણ કે હે ભગવન્, આપની વ્યક્તિને દેવો જાણતા નથી કે દાનવો જાણતા નથી ૧૪

स्वयमेवात्मनात्मानं वेत्थ त्वं पुरुषोत्तम ।
भूतभावन भूतेश देवदेव जगत्पते ॥ १५ ॥

હે પુરુષોત્તમ, હે ભૂતભાવન (ભૂતોને ઉત્પન્ન કરનારા), હે ભૂતેશ, હે દેવદેવ, હે જગન્નાથ, આપ પોતેજ આત્માવડે આત્માને જાણો છો ૧૫

वक्तुमर्हस्यशेषेण दिव्या ह्यात्मविभूतयः ।
याभिर्विभूतिभिर्लोकानिमांस्त्वं व्याप्य तिष्ठसि॥

તે સર્વ તમો કહો તેમ છો એ આત્માની વિભૂતિઓ (શક્તિઓ) દિવ્ય છે કે જે વિભૂતિઓ વડે આ લોકોને વ્યાપીને આપ રહ્યા છો ૧૬

कथं विद्यामहं योगिंस्त्वां सदा परिचिन्तयन् ।
केषु केषु च भावेषु चिन्त्योऽसि भगवन्मया १७
विस्तरेणात्मनो योगं विभूतिं च जनार्दन ।
भूयः कथय तृप्तिर्हि शृण्वतो नास्ति मेऽमृतम्१८

હે યોગી, આપનુ સદા સર્વ રીતે ચિંતન કરતો હુ આપને કેવી રીતે જાણી શકુ? હે ભગવન્, કયા કયા ભાવોમા મારાથી આપનુ ચિન્તન થઈ શકે (તે), (૧૭) આપનો યોગ અને વિભૂતિ ફરીને વિસ્તારથી હે જનાર્દન, મને કહો, કેમકે આપના વચનરૂપી અમૃતને સાભળતા મને તૃપ્તિ થતી નથી ૧૮

श्रीभगवानुवाच । શ્રી ભગવાન્ કહે છે કે,

हन्त ते कथयिष्यामि दिव्या ह्यात्मविभूतयः ।
प्राधान्यतः कुरुश्रेष्ठ नास्त्यन्तो विस्तरस्य मे।१९।

ઠીક, હુ તને મારી પોતાની દિવ્ય વિભૂતિઓ મુખ્ય મુખ્ય કહીશ, (કેમકે) હે કુરુશ્રેષ્ઠ, મારા વિસ્તારનો અત નથી ૧૯

अहमात्मा गुडाकेश सर्वभूताशयस्थितः ।
अहमादिश्च मध्य च भूतानामन्त एव च ॥२०॥

સર્વ ભૂતાના હૃદયમા રહેલો આત્મા હે ગુડાકેશ, હુ છુ, તેમ ભૂતોનો આદિ હુ છુ, મધ્ય હુ છુ અને અત પણ હુ છુ, ૨૦

आदित्यानामह विष्णुर्ज्योतिषा रविरशुमान् ।
मरीचिर्मरुतामस्मि नक्षत्राणामह शशी ॥२१॥

આદિત્યોમા વિષ્ણુ હુ છુ, પ્રકાશ કરનારાઓ (જ્યોતિશ્ચક્ર)મા કિરણોવાળો રવિ હુ છુ, મરુતામા મરીચિ હુ છુ, નક્ષત્રોમા ચન્દ્રમા હુ છુ, ૨૧

वेदाना सामवेदोऽस्मि देवानामस्मि वासवः ।
इन्द्रियाणा मनश्चास्मि भूतानामस्मि चेतना २२

रुद्राणा शङ्करश्चास्मि वित्तेशो यक्षरक्षसाम् ।
वसूना पावकश्चास्मि मेरुः शिखरिणामहम् ।२३।

વેદોમા સામવેદ હુ છુ, દેવોમા ઇન્દ્ર હુ છુ, (એકાદશ) ઇંદ્રિયોમા મન હુ છુ, અને ભૂતામા ચેતના હુ છુ, (૨૨) રુદ્રોમા શકર હુ છુ, યક્ષ અને રાક્ષસોમા કુબેર હુ છુ, વસુઓમા અગ્નિ હુ છુ અને ગિરિઓમા મેરુ હુ છુ, ૨૩

पुरोधसा च मुख्यं मा विद्धि पार्थ बृहस्पतिम् ।
सेनानीनामहं स्कन्दः सरसामस्मि सागरः ।२४।
महर्षीणा भृगुरहं गिरामस्म्येकमक्षरम् ।
यज्ञाना जपयज्ञोऽस्मि स्थावराणा हिमालयः २५

અને પુરોહિતોમા મને હે પાર્થ, મુખ્ય બૃહસ્પતિ જાણ, સેનાપતિઓમા સ્કદ (કાર્તિકસ્વામી) હુ તેમ જળાશયોમા સાગર હુ છુ, (૨૪) મહર્ષિઓમા ભૃગુ હુ, વાણીમા એક અક્ષર(ઓકાર)રૂપ તે હુ, યજ્ઞોમા જપયજ્ઞ હુ, સ્થાવરોમા હિમાલય હુ છુ, ૨૫

अश्वत्थः सर्ववृक्षाणा देवर्षीणा च नारदः ।
गन्धर्वाणा चित्ररथः सिद्धाना कपिलो मुनिः २६

उच्चैःश्रवसमश्वाना विद्धि माममृतोद्भवम् ।
ऐरावतं गजेन्द्राणा नराणा च नराधिपम्। २७।

સર્વ વૃક્ષોમા પીપળો, દેવર્ષિઓમા નારદ ગધર્વોમા ચિત્રરથ, સિદ્ધોમા કપિલ મુનિ હુ છુ (૨૬) સમુદ્ર મથન થતા અમૃત સાથે ઉત્પન્ન થયેલા અશ્વોમા શ્રેષ્ઠ ઉચ્ચૈ શ્રવા મને જાણ ગજેન્દ્રોમા ઐરાવત અને પુરુષોમા રાજા હુ છુ ૨૭

आयुधानामहं वज्र धेनूनामस्मि कामधुक् ।
प्रजनश्चास्मि कन्दर्पः सर्पाणामस्मि वासुकिः२८

હથિયારોમા વજ્ર હુ, ગાયોમા કામધેનુ હુ છુ, અને પ્રજન(પુત્ર ઉત્પન્ન કરે તે સૌ)મા કામદેવ હુ છુ અને સર્પોમા વાસુકિ હુ છુ ૨૮

अनतश्चास्मि नागाना वरुणो यादसामहम् ।
पितृणामर्यमा चास्मि यमः संयमतामहम् ॥२९॥

નાગોમા અનત (શેષનાગ) હુ છુ, જળ દેવતાઓમા વરુણ હુ છુ, પિતૃઓમા અર્યમા હુ છુ અને સયમન કરનારાઓમા યમ હુ છુ ૨૯

प्रह्लादश्चास्मि दैत्याना कालः कलयतामहम्।
मृगाणा च मृगेन्द्रोऽहं वैनतेयश्च पक्षिणाम् ।३०।

દૈત્યોમા પ્રહ્લાદ હુ છુ, અને ગણત્રી કરનારાઓમા કાળ હુ છુ, અને ચોપગા પશુઓમા મૃગેન્દ્ર (સિંહ) હુ અને પખીઓમા વૈનતેય (ગરુડ) હુ છુ, ૩૦

पवनः पवतामस्मि रामः शस्त्रभृतामहम् ।
झषाणां मकरश्चास्मि स्रोतसामस्मि जाह्नवी॥३१॥

શુદ્ધિ કરનારામા પવન હુ છુ, શસ્ત્રધારિઓમા રામ હુ છુ, માછલામા મગર હુ છુ નદીઓમા ગગા હુજ છુ, ૩૧

सर्गाणामादिरन्तश्च मध्यं चैवाहमर्जुन ।
अध्यात्मविद्या विद्यानां वादः प्रवदतामहम्॥३२॥

હે અર્જુન, સર્વ સૃષ્ટિની ઉત્પત્તિ હુ, સ્થિતિ હુ અને અન્ત હુ છુ, વિદ્યાઓમા અધ્યાત્મ (આત્મા સબધી) વિદ્યા હુ અને વાદવિવાદ કરનારા પુરુષોમા રહેલા વાદ હુ છુ, ૩૨

अक्षराणामकारोऽस्मि द्वन्द्वः सामासिकस्य च ।
अहमेवाक्षयः कालो धाताऽहं विश्वतोमुखः ॥३३॥

અક્ષરોમા અકાર અને સમાસોમા દ્વદ્વ હુ છુ, અક્ષય કાળ હુ છુ અને વિશ્વતોમુખ (સર્વ

મુખો વડે ખાનારો અને સવ દિશામા પોષનારો) ધાતા હુ છુ, ૩૩

मृत्युः सर्वहरश्चाहमुद्भवश्च भविष्यताम् ।
कीर्तिःश्रीर्वाक्च नारीणा स्मृतिर्मेधा धृतिः क्षमा

સવને હરનાર મૃત્યુ હુ છુ અને થનાર પદાર્થોમા ઉદ્‌ભવ હુ છુ, તથા સ્ત્રીઓમા કીર્તિ, શ્રી, વાક્, સ્મૃતિ, મેધા (બુદ્ધિ) ધૃતિ (ધીરજ) અને ક્ષમા હુ છુ ૩૪

बृहत्साम तथा साम्ना गायत्री छन्दसामहम् ।
मासाना मार्गशीर्षोऽहमृतूना कुसुमाकरः॥३५॥

સામોમા બૃહત્સામ હુ છુ, છદોમા ગાયત્રી હુ છુ, માસોમા માગશર મહિનો હુ છુ અને ઋતુઓમા કુસુમાકર (વસત) હુ છુ, ૩૫

द्यूत छलयतामस्मि तेजस्तेजस्विनामहम् ।
जयोऽस्मि व्यवसायोऽस्मि सत्त्वं सत्त्ववतामहम् ॥

છલ કરનારાઓમા દ્યૂત હુ છુ, તેજસ્વીઓમા તેજ હુ છુ, જય હુ છુ, ઉદ્યોગ હુ છુ અને સત્ત્વવાળાઓમા સત્ત્વ હુ છુ, ૩૬

वृष्णीना वासुदेवोऽस्मि पाण्डवाना धनंजयः ।
मुनीनामप्यह व्यासः कवीनामुशना कविः॥३७॥

વૃષ્ણીઓમા વાસુદેવ હુ છુ, પાડવોમા ધનજય હુ છુ, મુનિઓમા વ્યાસ હુ છુ, કવિઓમા ઉશના (શુક્રાચાર્ય) હુ છુ, ૩૭

दण्डो दमयतामस्मि नीतिरस्मि जिगीषताम् ।
मौन चैवास्मि गुह्याना ज्ञानं ज्ञानवतामहम्।३८।

દડ દેનારમા દડ હુ છુ, જય ઇચ્છનારાઓની નીતિ હુ છુ, ગુહ્ય બાબતામા મૌન હુ છુ અને જ્ઞાનીઓનુ જ્ઞાન હુ છુ, ૩૮

यच्चापि सर्वभूताना बीज तदहमर्जुन ।
न तदस्ति विना यत्स्यान्मया भूतं चराचरम् ३९

અને સર્વ ભૂતોનુ જે બીજ તે હે અર્જુન, હુ છુ, જે ચરાચર ભૂત તે મારા વિનાનુ નથી ૩૯

नान्तोऽस्ति मम दिव्याना विभूतीना परन्तप ।
एष तूद्देशतः प्रोक्तो विभूतेर्विस्तरो मया॥४०॥

મારી દેવતાઈ વિભૂતિઓનો હે પરતપ, અત નથી, આ તો મારી વિભૂતિનો વિસ્તાર ઉદ્દેશ કહેવા પૂરતો તને કહ્યો છે ૪૦

यद्यद्विभूतिमत्सत्त्व श्रीमदूर्जितमेव वा ।
तत्तदेवावगच्छ त्व मम तेजोऽशसम्भवम् ॥४१॥

જે જે સત્વ વિભૂતિવાળુ, કે સૌન્દર્યવાળુ, અથવા ઉત્કર્ષવાળુ હોય તે તે સર્વ મારા તેજના અશથી ઉત્પન્ન થયેલુ તુ જાણ ૪૧

अथवा बहुनैतेन किं ज्ञातेन तवार्जुन ।
विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत् ४२

અથવા એ બધુ જાણ્યાથી હે અર્જુન, તને શો લાભ છે? આ આખા જગતને હુ (ઘણા અશો-માથી) એક અશવડે ધરી રહ્યો છુ ૪૨

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे विभूति-योगो नाम दशमोऽध्यायः ॥ १० ॥

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતારૂપ ઉપનિષદોમા બ્રહ્મવિદ્યા અને યોગશાસ્ત્રના વિષયભૂત શ્રીકૃષ્ણાર્જુન સવાદમા વિભૂતિ યોગ નામનો દશમો અધ્યાય સપૂર્ણ

અધ્યાય ૧૧ મો, વિશ્વરૂપદ ́

अर्जुन उवाच । અર્જુન કહે છે કે

मदनुग्रहाय परमं गुह्यमध्यात्मसंज्ञितम् ।
यत्त्वयोक्तं वचस्तेन मोहोऽयं विगतो मम ॥१॥

મારા અનુગ્રહ માટે આપે મને અધ્યાત્મ નામવાળુ જે ઉત્તમ ગુહ્ય વચન કહ્યુ તેથી મારો આ મોહ પૂર્ણ દૂર થયો છે ૧

भवाप्ययौ हि भूतानां श्रुतौ विस्तरशो मया ।
त्वत्तः कमलपत्राक्ष माहात्म्यमपि चाव्ययम्॥२॥

ભૂતોની ઉત્પત્તિ તથા વિનાશ એ બન્ને વિષે આપ(પરમાત્મા)થી જ મે વિસ્તારપૂર્વક સાભળ્યુ તેમ જ હે કમલપત્રાક્ષ, આપનુ અવ્યય માહાત્મ્ય પણ (આપ પાસેથી) સાભળ્યુ ૨

एवमेतद्यथात्थ त्वमात्मानं परमेश्वर ।
द्रष्टुमिच्छामि ते रूपमैश्वरं पुरुषोत्तम ॥ ३ ॥

હે પરમેશ્વર, જેવી રીતે આપ આપને વિષે કહો છો તેવા જ આપ છો અને આપનુ એવુ રૂપ અને ઐશ્વર્ય હે પુરુષોત્તમ, હુ જોવા ઇચ્છુ છુ ૩

मन्यसे यदि तच्छक्यं मया द्रष्टुमिति प्रभो ।
योगेश्वर ततो मे त्वं दर्शयात्मानमव्ययम् ॥४॥

જો મારાથી તે જોવાય એવું આપ હે પ્રભો, માનતા હો તો, હે યોગેશ્વર, તે અવ્યય આત્માને મને દેખાડો ૪

श्रीभगवानुवाच । શ્રી ભગવાન્ કહે છે કે,

पश्य मे पार्थ रूपाणि शतशोऽथ सहस्रशः ।
नानाविधानि दिव्यानि नानावर्णाकृतीनि च ॥

હે પાર્થ, મારાં સેંકડો અને હજારો રૂપો જો તે જુદા જુદા પ્રકારનાં, વિવિધ વર્ણ અને આકારનાં અને દિવ્ય છે ૫

पश्यादित्यान्वसून्रुद्रानश्विनौ मरुतस्तथा ।
बहून्यदृष्टपूर्वाणि पश्याश्चर्याणि भारत ॥ ६ ॥

(બાર) આદિત્યો, (આઠ) વસુઓ, (અગિયાર) રુદ્રો, (બે) અશ્વિનીકુમારો, અને (ઓગણ-પચાસ) મરુતોને જો તેમજ હે ભારત, પૂર્વે નહિ દીઠેલાં એવાં ઘણાં આશ્ચર્યોને જો ૬

इहैकस्थं जगत्कृत्स्नं पश्याद्य सचराचरम् ।
मम देहे गुडाकेश यच्चान्यद्द्रष्टुमिच्छसि ॥ ७ ॥



વિશ્વરૂપદર્શન

અહિં મારા દેહમાં જંગમ અને સ્થાવર સર્વ જગત એક ઠેકાણે રહેલું છે તે જો, અને હે ગુડાકેશ, બીજું જે કંઈ (મારા દેહમાં) જોવું હોય તે જો ૭

न तु मां शक्यसे द्रष्टुमनेनैव स्वचक्षुषा ।
दिव्यं ददामि ते चक्षुः पश्य मे योगमैश्वरम् ॥८॥

પરંતુ તારી આ સાધારણ આંખે તું મને જોઈ શકશે નહિ, માટે હું તને મારાં દિવ્યચક્ષુ આપું છું તેવડે મારો ઈશ્વર સબંધી યોગ જો ૮

संजय उवाच । સંજય કહે છે કે,

एवमुक्त्वा ततो राजन् महायोगेश्वरो हरिः ।
दर्शयामास पार्थाय परमं रूपमैश्वरम् ॥ ९ ॥

એમ કહીને પછી હે રાજન્, મહા યોગેશ્વર શ્રીહરિએ પાર્થને પોતાનું પરમ ઐશ્વર્યવાળું સ્વરૂપ દેખાડ્યું ૯

अनेकवक्त्रनयनमनेकाद्भुतदर्शनम् ।
अनेकदिव्याभरणं दिव्यानेकोद्यतायुधम् ॥१०॥
दिव्यमाल्याम्बरधरं दिव्यगन्धानुलेपनम् ।
सर्वाश्चर्यमयं देवमनन्तं विश्वतोमुखम् ॥ ११ ॥

એ ઈશ્વર મબધી રૂપને અનેક મુખ હતા, અનેક નેત્રો હતા, તેમા અનેક અદ્ભુત દેખાવો હતા, તેને અનેક દિવ્ય આભરણો હતા, અનેક દિવ્ય આયુધ તેણે ઉગામેલા હતા, (૧૦) તેણે દિવ્ય માળા અને દિવ્ય વસ્ત્ર ધારેલા હતા, તેને દિવ્ય સુગધીનુ લપન કરેલુ હતુ, તે સર્વ આશ્ચર્યથી ભરપુર હતુ, તે પ્રકાશમાન હતુ, અનત હતુ, અને ચારે તરફ મુખોવાળુ હતુ ૧૧

दिवि सूर्यसहस्रस्य भवेद्युगपदुत्थिता ।
यदि भा: सदृशी सा स्याद्भासस्तस्य महात्मन:

તે રૂપનુ તેજ એવુ હતુ કે આકાશમા એક સામટા હજાર સૂર્યની પ્રભા પ્રકટ થાય તો તે પ્રભા એ (વિશ્વરૂપ) મહાત્માના પ્રકાશ સમાન થાય ૧૨

तत्रैकस्थं जगत्कृत्स्नं प्रविभक्तमनेकधा ।
अपश्यद्देवदेवस्य शरीरे पाण्डवस्तदा ॥ १३ ॥

તે વેળાએ ત્યા દેવના દેવ(ઈશ્વર)ના શરીરમા આખા જગતને એક ઠેકાણે રહેલુ છતા અનેક રીતે વિભાગો પડેલુ પાડવે (અર્જુને) જોયુ ૧૩

ततः स विस्मयाविष्टो हृष्टरोमा धनंजयः ।
प्रणम्य शिरसा देवं कृताञ्जलिरभाषत ॥ १४ ॥

તે સ્વરૂપ જોઈને વિસ્મય પામેલો, રોમાંચિત થયેલો ધનંજય મસ્તક વડે પ્રણામ કરી હાથ જોડીને આ પ્રમાણે બોલ્યો ૧૪

अर्जुन उवाच । અર્જુન કહે છે કે,

पश्यामि देवास्तव देव देहे सर्वांस्तथा भूतविशेषसङ्घान् । ब्रह्माणमीशं कमलासनस्थमृषींश्च सर्वानुरगांश्च दिव्यान् ॥ १५ ॥

હે દેવ, આપના દેહમાં સર્વ દેવતાઓને તથા મુખ્ય મુખ્ય ભૂતોના સમૂહોને, કમળના આસન પર બેઠેલા ઈશ (નિયંતા) બ્રહ્માને અને સર્વ ઋષિઓને તથા દિવ્ય નાગોને હું જોઉં છું ૧૫

अनेकबाहूदरवक्त्रनेत्रं पश्यामि त्वां सर्वतोऽनन्तरूपम् । नान्तं न मध्यं न पुनस्तवादिं पश्यामि विश्वेश्वर विश्वरूपम् ॥ १६ ॥

હું આપને અનેક હાથ જોઉં છું, અનેક પેટ જોઉં છું, અનેક મુખ જોઉં છું અને અનેક નેત્ર જોઉં છું, આપને બધે ઠેકાણે જોઉં છું, આપને

અનતરૂપોવાળા જોઉ છુ હે વિશ્વેશ્વર, હે વિશ્વરૂપ, મને આમા આપનો અત જણાતો નથી, મધ્ય જણાતો નથી તેમ આદિ પણ જણાતો નથી ૧૬

किरीटिनं गदिनं चक्रिणं च तेजोराशिं सर्वतो दीप्तिमन्तम् । पश्यामि त्वां दुर्निरीक्ष्यं समन्ता-द्दीप्तानलार्कद्युतिमप्रमेयम् ॥ १७ ॥

તમને મુગટવાળા, ગદાવાળા તથા ચક્રવાળા, તેજના સમૂહવાળા, બધી બાજુએથી પ્રકાશમાન, સર્વ બાજુએથી દુ ખે જોવાય એવા, પ્રજ્વલિત અગ્નિ તથા સૂર્ય જેવી કાન્તિવાળા, તથા જેનુ માપ ન થાય એવા હુ જોઉ છુ ૧૭

त्वमक्षरं परमं वेदितव्यं त्वमस्य विश्वस्य परं निधानम् । त्वमव्ययः शाश्वतधर्मगोप्ता सनातनस्त्वं पुरुषो मतो मे ॥ १८ ॥

આપ અક્ષર છો, પરમ છો, વેદિતવ્ય છો, આ વિશ્વના પરમ નિધાન (આશ્રય) છો, અવ્યય (નાશરહિત) છો, અનાદિ કાળથી ચાલેલા ધર્મના રક્ષક છો, આપ જ સનાતન છો, પરમ પુરુષ છો, એમ હુ માનુ છુ ૧૮

अनादिमध्यान्तमनन्तवीर्यमनन्तबाहु शशिसूर्य-
नेत्रम् । पश्यामि त्वा दीप्तहुताशवक्त्रं स्वतेजसा
विश्वमिदं तपन्तम् ॥ १९ ॥

આપને આદિ, મધ્ય અને અંતરહિત જોઉં છું, અનંત બળવાળા જોઉં છું, અનંત બાહુવાળા જોઉં છું, ચન્દ્રસૂર્યરૂપી નેત્રવાળા જોઉં છું, પ્રજ્વલિત અગ્નિયુક્ત મુખવાળા અને પોતાના તેજથી આ વિશ્વને તપાવનારા હું જોઉં છું ૧૯

द्यावापृथिव्योरिदमन्तरं हि व्याप्तं त्वयैकेन दिश-
श्च सर्वाः । दृष्ट्वाद्भुतं रूपमुग्रं तवेदं लोकत्रयं प्रव्य-
थितं महात्मन् ॥ २० ॥

પૃથિવી અને આસમાનનું આ અંતર આપ એકલાથી જ વ્યાપ્ત છે, સર્વ દિશાઓ પણ આપ એકલાથી વ્યાપ્ત છે, હે મહાત્મા, આ આપનું અદ્‌ભુત, ઉગ્ર રૂપ દેખી આ ત્રણે લોક ભયથી વ્યથા પામી ગયા છે ૨૦

अमी हि त्वा सुरसङ्घा विशन्ति केचिद्भीताः
प्राञ्जलयो गृणन्ति । स्वस्तीत्युक्त्वा महर्षिसिद्ध-
सङ्घाः स्तुवन्ति त्वां स्तुतिभिः पुष्कलाभिः ॥२१॥

દેવતાઓના આ ટોળા આપમા પ્રવેશ કરે છે, કેટલાકો ભય પામ્યા છે તે હાથ જોડી સ્તુતિ કરે છે, મોટા ઋષિઓ અને સિદ્ધોના સઘો સ્વસ્તિ એમ બોલીને પુષ્કળ સ્તુતિઓથી આપનુ સ્તવન કરે છે ૨૧

रुद्रादित्या वसवो ये च साध्या विश्वेऽश्विनौ मरुतश्चोष्मपाश्च । गन्धर्वयक्षासुरसिद्धसङ्घा वीक्षन्ते त्वा विस्मिताश्चैव सर्वे ॥ २२ ॥

રુદ્રો, આદિત્યો, વસુઓ, અને જે સાધ્યદેવો છે તે, વિશ્વેદેવો, અશ્વિનિકુમારો, વાયુઓ, ઉષ્મપા પિતૃઓ, ગધર્વો, યક્ષો, રાક્ષસો અને સિદ્ધોના સઘો આદિ સર્વે અત્યત વિસ્મય પામી આપને જ જુએ છે ૨૨

रूप महत्ते बहुवक्त्रनेत्रं महाबाहो बहुबाहूरुपादम् । बहूदरं बहुदंष्ट्राकरालं दृष्ट्वा लोकाः प्रव्यथितास्तथाहम् ॥ २३ ॥

ઘણા મુખો અને ઘણા નેત્રોવાળુ, ઘણા હાથો, ઘણા સાથળ અને ઘણા ચરણવાળું અને ઘણા પેટોવાળું, ઘણી દાઢો વડે વિકરાળ એવું

મહાબાહો, આપનુ આ મોટુ રૂપ જોઇને લોકો તથા હુ વણી વ્યથા પામ્યા છીએ ૨૩

नभःस्पृशं दीप्तमनेकवर्णं व्यात्तानन दीप्तविशालनेत्रम् । दृष्ट्वा हि त्वा प्रव्यथितान्तरात्मा धृतिं न विन्दामि शमं च विष्णो ॥ २४ ॥

આકાશને અડકતા, પ્રકાશમય, અનેક વર્ણવાળા, ફાડેલા મુખવાળા, તેજસ્વી અને વિશાળ નેત્રવાળા, આપને જોઇને (મારો) અતરાત્મા અત્યત વ્યથિત થયો છે હે વિષ્ણુ, મને ધીરજ કે શાતિ મળતી નથી ૨૪

दंष्ट्राकरालानि च ते मुखानि दृष्ट्वैव कालानलसंनिभानि । दिशो न जाने न लभे च शर्म प्रसीद देवेश जगन्निवास ॥ २५ ॥

દાઢો વડે વિકરાળ અને કાળાનલ જેવા આપના મુખો જોતા જ મને દિશાઓ જણાતી નથી તેમ મને સુખ થતુ નથી, માટે હે જગન્નિવાસ, હે દેવેશ, આપ પ્રસન્ન થાઓ ૨૫

अमी च त्वा धृतराष्ट्रस्य पुत्राः सर्वे सहैवावनिपालसङ्घैः । भीष्मो द्रोणः सूतपुत्रस्तथासौ सहास्मदीयैरपि योधमुख्यैः ॥ २६ ॥

वक्त्राणि ते त्वरमाणा विशन्ति दंष्ट्राकरालानि भयानकानि। केचिद्विलग्ना दशनान्तरेषु संदृश्यन्ते चूर्णितैरुत्तमाङ्गैः ॥ २७ ॥

ભૂપાળોના સંઘો સહિત ધૃતરાષ્ટ્રના આ સર્વે પુત્રો તેમ જ અમારા પણ મુખ્ય યોદ્ધાઓ સાથે, ભીષ્મ, દ્રોણ તથા આ સૂતપુત્ર કર્ણ (૨૬) દાઢો-વડે વિકરાળ અને ભયાનક એવા આપના મુખોમા દોડતા પ્રવેશ કરે છે તેમા કેટલાકો તો ચૂર્ણ થયેલા ઉત્તમાંગો (મસ્તકો) સાથે આપના દાંતોની ફાંટામા વળગેલા દેખાય છે ૨૭

यथा नदीनां बहवोऽम्बुवेगाः समुद्रमेवाभिमुखा द्रवंति । तथा तवामी नरलोकवीरा विशन्ति वक्त्राण्यभिविज्वलन्ति ॥ २८ ॥

જેમ નદીઓના અનેક જળ પ્રવાહો સમુદ્ર તરફ મુખ રાખી દોડે છે તેમ આ નરલોકના વીર પુરુષો આપના પ્રજ્વલિત મુખોમા પ્રવેશ કરે છે ૨૮

यथा प्रदीप्तं ज्वलनं पतङ्गा विशन्ति नाशाय समृद्धवेगाः । तथैव नाशाय विशन्ति लोकास्तवापि वक्त्राणि समृद्धवेगाः ॥ २९ ॥

જેમ ધગધગતા અગ્નિમા અતિ વેગવાળા પતગિયા પોતાના નાશ માટે પ્રવેશ કરે છે, તેમજ અત્યત વેગવાળા આ લોકો પોતાના નાશને માટે આપના મુખોમા પ્રવેશ કરે છે ૨૯

लेलिह्यसे ग्रसमानः समन्ताल्लोकान्समग्रान्वदनै-र्ज्वलद्भिः । तेजोभिरापूर्य जगत्समग्रं भासस्त-वोग्राः प्रतपन्ति विष्णो ॥ ३० ॥

ચારે બાજુથી સમગ્ર લોકોને પકડતા એવા આપ પ્રજ્વલિત મુખો વડે ચાટો છો આ સમગ્ર જગતને આપના તેજોથી ભરી દઇને હે વિષ્ણો, આપની ઉગ્ર પ્રભા તપાવે છે ૩૦

आख्याहि मे को भवानुग्ररूपो नमोऽस्तु ते देववर प्रसीद । विज्ञातुमिच्छामि भवन्तमाद्यं न हि प्रजानामि तव प्रवृत्तिम् ॥ ३१ ॥

ઉગ્રરૂપવાળા આપ કોણ છો તે મને કહો. હે દેવવર, આપને નમસ્કાર છે, આપ પ્રસન્ન થાઓ, આપને આદ્યને હુ સારી પેઠે જાણવા ઇચ્છુ છુ, કેમકે હુ આપની પ્રવૃત્તિને બરાબર સમજતો નથી ૩૧

श्रीभगवानुवाच । શ્રી ભગવાન્ કહે છે કે,

**कालोऽस्मि लोकक्षयकृत्प्रवृद्धो लोकान्समाहर्तु-
मिह प्रवृत्तः । ऋतेऽपि त्वा न भविष्यंति सर्वे
येऽवस्थिताः प्रत्यनीकेषु योधाः ॥ ३२ ॥**

હુ કાળ છુ, બહુ વૃદ્ધિ પામેલો લોકોનો ક્ષય કરનાર છુ, અહી લોકોનો નાશ કરવાને પ્રવર્તેલો છુ, આ સૈન્યોમા જે યોદ્ધાઓ ઉભા છે તે બધા તુ ન લડે તોપણ જીવતા રહેશે નહી ૩૨

**तस्मात्त्वमुत्तिष्ठ यशो लभस्व जित्वा शत्रून्भुंक्ष्व
राज्यं समृद्धम् । मयैवैते निहताः पूर्वमेव निमि-
त्तमात्रं भव सव्यसाचिन् ॥ ३३ ॥**

માટે તુ ઉભો થા, યશ મેળવ, શત્રુઓને જીતીને સમૃદ્ધિવાળુ રાજ્ય ભોગવ, પ્રથમથી જ આ સર્વેને મેં હણેલા છે હે સવ્યસાચિન્, તુ તેમને હણવામા હવે નિમિત્ત માત્ર થા ૩૩

**द्रोणं च भीष्मं च जयद्रथं च कर्णं तथान्यानपि
योधवीरान् । मया हतांस्त्वं जहि मा व्यथिष्ठा
युद्ध्यस्व जेतासि रणे सपत्नान् ॥ ३४ ॥**

દ્રોણને અને ભીષ્મને અને જયદ્રથને અને કર્ણને તેમજ બીજા પણ વીર યોદ્ધાઓને મે હણી મૂકેલા છે તેમને તુ હણ, વ્યથા ન પામ ને યુદ્ધ કર, રણમા તુ શત્રુઓને જીતીશ ૩૪

संजय उवाच । સજય કહે છે કે,

एतच्छ्रुत्वा वचनं केशवस्य कृताजलिर्वेपमानः किरीटी । नमस्कृत्वा भूय एवाह कृष्ण सगद्गद भीतभीतः प्रणम्य ॥ ३५ ॥

કેશવનુ આ વચન સાભળીને બે હાથ જોડીને કાપતા કાપતા મુગટધારી અર્જુને શ્રીકૃષ્ણને ફરીને પ્રણામ કરીને બીતા બીતા પ્રણામ કરીને ગદ ગદ કઠે આ પ્રમાણે કહ્યુ ૩૫

अर्जुन उवाच । અર્જુન કહે છે કે,

स्थाने हृषीकेश तव प्रकीर्त्या जगत्प्रहृष्यत्यनुरज्यते च । रक्षांसि भीतानि दिशो द्रवति सर्वे नमस्यंति च सिद्धसंघाः ॥ ३६ ॥

હે હૃષીકેશ, આપની અત્યત કીર્તિવડે જગત અતિ હર્ષ પામે છે અને આપનાપર પ્રીતિ કરે છે, ભય પામેલા રાક્ષસો દિશાઓમા દોડે છે, અને

સિદ્ધોના સર્વ સંઘો આપને નમન કરે છે તે યોગ્ય જ છે ૩૬

कस्माच्च ते न नमेरन्महात्मन् गरीयसे ब्रह्मणोऽप्यादिकर्त्रे । अनंत देवेश जगन्निवास त्वमक्षरं सदसत्तत्परं यत् ॥ ३७ ॥

અને હે મહાત્મન્, બ્રહ્માના પણ આદિકર્તા એવા શ્રેષ્ઠ આપને આ સર્વે કેમ ન નમે? હે અનંત, હે દેવેશ, હે જગન્નિવાસ, સત્ અક્ષર આપ છો, અસત્ અક્ષર આપ છો, અને તેનાથી પરમ અક્ષર આપ છો ૩૭

त्वमादिदेवः पुरुषः पुराणस्त्वमस्य विश्वस्य परं निधानम् । वेत्तासि वेद्यं च परं च धाम त्वया ततं विश्वमनंतरूप ॥ ३८ ॥

આપ આદિદેવ છો, પુરાણપુરુષ છો, આ વિશ્વનુ પરમ નિધાન (આશ્રય) છો, વેત્તા છો, ને વેદ્ય છો અને પરમ ધામ છો, હે અનંતરૂપ, આ વિશ્વ આપથી વ્યાપ્ત છે ૩૮

वायुर्यमोऽग्निर्वरुणः शशाङ्कः प्रजापतिस्त्वं प्रपितामहश्च । नमो नमस्तेऽस्तु सहस्रकृत्वः पुनश्च भूयोऽपि नमो नमस्ते ॥ ३९ ॥

આપ વાયુ છો, યમ છો, અગ્નિ છો, વરુણ છો, શશાઙ્ક (ચદ્ર) છો, પ્રજાપતિ છો અને પ્રપિતામહ છો આપને હજારો વાર નમન હો, પુન પુન અમારા નમસ્કાર હો, નમસ્કાર હો ૩૯

नमः पुरस्तादथ पृष्ठतस्ते नमोऽस्तु ते सर्वत एव सर्व । अनंतवीर्यामितविक्रमस्त्वं सर्वं समाप्नोषि ततोऽसि सर्वः ॥ ४० ॥

આપને સન્મુખ નમસ્કાર હો, આપને પીઠે નમસ્કાર હો, અને હે સર્વ, આપને સર્વ દિશામા સપ્રણામ હો આપ અનત વીર્યવાળા છો, આપ અમાપ પરાક્રમી છો, સર્વમા વ્યાપી રહેલા છો, તેથી સર્વરૂપ છો ૪૦

सखेति मत्वा प्रसभं यदुक्त हे कृष्ण हे यादव हे सखेति । अजानता महिमान तवेद मया प्रमादात्प्रणयेन वापि ॥ ४१ ॥

यच्चावहासार्थमसत्कृतोऽसि विहारशय्यासनभोजनेषु । एकोऽथवाप्यच्युत तत्समक्ष तत्क्षामये त्वामहमप्रमेयम् ॥ ४२ ॥

પ્રમાદથી અથવા સ્નેહુથી આપનો આ મહિમા ન જાણુતા, મેં પણુ આપ માત્ર સખા છો એમ માની હે કૃષ્ણુ, હે યાદવ, હે સખા, એમ જે વગર વિચારે કહ્યુ છે તેને માટે (૪૧) તથા વિનોદાર્થે વિહુારમા કે શય્યામા કે બેસવામા કે ભોજનમા અથવા તત્ (સખાઓની) સમક્ષમા હે અચ્યુત, મારાથી આપનો જે અનાદર થયો છે તેની આપ અપ્રમેય પાસે હુ ક્ષમા માગુ છુ ૪૨

पितासि लोकस्य चराचरस्य त्वमस्य पूज्यश्च गुरुर्गरीयान्। न त्वत्समोऽस्त्यभ्यधिकः कुतोऽन्यो लोकत्रयेऽप्यप्रतिमप्रभावः ॥ ४३ ॥

આ સ્થાવરજગમ લોકના આપ પિતા છો, અને પૂજ્ય છો, ગુરુ છો, મોટામા મોટા છો, આપના સમાન કોઈ નથી, તો આપથી અધિક તો અન્ય કયાથી હોય? (સ્વર્ગ, મૃત્યુ અને પાતાલ) ત્રણે લોકમા પણુ આપ અપ્રતિમ પ્રભાવવાળા છો ૪૩

तस्मात्प्रणम्य प्रणिधाय कायं प्रसादये त्वामहमीशमीड्यम् । पितेव पुत्रस्य सखेव सख्युः प्रियः प्रियायार्हसि देव सोढुम् ॥ ४४ ॥

માટે પ્રણામ કરી, કાયાને (સાષ્ટાંગ) અતિ નમાવીને આપ પૂજ્ય ઈશ્વરને હુ પ્રસન્ન (થાવા પ્રાર્થના) કરુ છુ જેમ પિતા પુત્રનો, મિત્ર મિત્રનો અને પ્રિય પ્રિયાનો અપરાધ ચલાવી લે તેમ હે દેવ, આપ (મારો અપરાધ) ચલાવી લેવા યોગ્ય છો. ૪૪

अदृष्टपूर्वं हृषितोऽस्मि दृष्ट्वा भयेन च प्रव्यथितं मनो मे । तदेव मे दर्शय देव रूपं प्रसीद देवेश जगन्निवास ॥ ४५ ॥

પૂર્વે કદી નહિ જોયેલુ એવુ આ રુપ જોઇને હુ હર્ષિત થયો છુ, તેમ ભયથી મારુ મન વ્યાકુલ થયુ છે, માટે હે દેવ, મને (પૂર્વનુ) તે રુપ જ બતાવો, હે દેવેશ, હે જગન્નિવાસ, આપ પ્રસન્ન થાઓ. ૪૫

किरीटिनं गदिनं चक्रहस्तमिच्छामि त्वां द्रष्टुमहं तथैव । तेनैव रूपेण चतुर्भुजेन सहस्रबाहो भव विश्वमूर्ते ॥ ४६ ॥

મુગટધારી, ગદાધારી, હાથમા ચક્રવાળા પ્રથમ હતા તેવા જ હુ આપને જોવા ઈચ્છુ છુ હે સહસ્રબાહો, હે વિશ્વમૂર્તિ, આપ હવે તે ચતુર્ભુજરુપવાળા બનો. ૪૬

श्रीभगवानुवाच । શ્રી ભગવાન્ કહે છે,

मया प्रसन्नेन तवार्जुनेदं रूपं परं दर्शितमात्मयोगात् । तेजोमयं विश्वमनंतमाद्यं यन्मे त्वदन्येन न दृष्टपूर्वम् ॥ ४७ ॥

હે અર્જુન, તારા ઉપર પ્રસન્ન થયેલા મે આત્મયોગ કરીને આ પરમ રૂપ તને બતાવ્યુ તે તેજોમય, વિશ્વરૂપ, અનંત, આદ્ય એવુ મારુ રૂપ તારા વગર બીજા કોઇને અગાઉ નહિ દેખાડેલુ (એવુ આ મારુ સ્વરૂપ મે તને દેખાડ્યુ છે) ૪૭

न वेदयज्ञाध्ययनैर्न दानैर्न च क्रियाभिर्न तपोभिरुग्रैः । एवंरूपः शक्य अहं नृलोके द्रष्टुं त्वदन्येन कुरुप्रवीर ॥ ४८ ॥

ન તો વેદથી કે યજ્ઞથી કે અધ્યયનથી, ન તો દાનોથી અને ન તો ક્રિયાઓથી કે ન તો ઉગ્ર તપશ્ચર્યાઓથી પણ હે કુરુપ્રવીર, મનુષ્ય લોકમા તારા વિના બીજા કોઇથી આ રૂપે હુ જોવાવો શક્ય નથી ૪૮

मा ते व्यथा मा च विमूढभावो दृष्ट्वा रूपं घोरमीदृङ्ममेदम् । व्यपेतभीः प्रीतमनाः पुनस्त्वं तदेव मे रूपमिदं प्रपश्य ॥ ४९ ॥

આવુ આ મારુ ઘોર રૂપ દેખીને તને વ્યથા ન થાઓ, તેમ વિમૂઢતા પણ ન થાઓ, નિર્ભય થઈ, પ્રસન્ન મને ફરીથી તુ પ્રથમનુ જ મારુ આ સ્વરૂપ જો ૪૯

सजय उवाच । સજય કહે છે કે,

इत्यर्जुनं वासुदेवस्तथोक्त्वा स्वकं रूपं दर्शयामास भूयः । आश्वासयामास च भीतमेनं भूत्वा पुनः सौम्यवपुर्महात्मा ॥ ५० ॥

આમ અર્જુનને કહી વાસુદેવ ભગવાને પછી પોતાનુ પ્રથમ સ્વરૂપ તને દેખાડ્યુ અને પછી મહાત્માએ સુદર રૂપવાળા થઈ ભય પામેલા અર્જુનને ધીરજ આપવા લાગ્યા ૫૦

अर्जुन उवाच । અર્જુન કહે છે કે,

दृष्ट्वेद मानुषं रूपं तव सौम्यं जनार्दन ।
इदानीमस्मि संवृत्तः सचेताः प्रकृतिं गतः ।५१।

તારુ આ સુદર મનુષ્ય રૂપ જોઈને હે જનાર્દન, હવે હુ સચેત થયો છુ અને સ્વસ્થતા પામ્યો છુ ૫૧

श्रीभगवानुवाच । શ્રી ભગવાન્ કહે છે,

सुदुर्दर्शमिदं रूपं दृष्टवानसि यन्मम ।
देवा अप्यस्य रूपस्य नित्यं दर्शनकांक्षिणः ५२

આ મારુ જે રૂપ તેં જોયુ છે તે અતિ દુ ખે જોવાય તેવુ છે, દેવતાઓ પણ નિરતર એ રૂપના દર્શનની આકાક્ષા રાખ્યા કરે છે ૫૨

नाह वेदैर्न तपसा न दानेन न चेज्यया ।
शक्य एवविधो द्रष्टु दृष्टवानसि मां यथा॥५३॥

જેવો તેં મને જોયો છે તેવો હુ ન તો વેદોવડે કરીને, ન તો તપે કરીને, ન તો દાને કરીને તેમ યજ્ઞાદિક યજને કરીને પણ દેખાવો શકય નથી ૫૩

भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन ।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टु च परतप ॥ ५४ ॥

અનન્ય ભક્તિથી એવા પ્રકારવાળો જે હુ તે હે અર્જુન, તત્ત્વપૂર્વક જાણી શકાવાને, જોઈ શકાવાને, અને વાસ્તવરૂપથી પ્રવેશ કરવાને હે પરતપ શકય છુ ૫૪

मत्कर्मकृन्मत्परमो मद्भक्तः संगवर्जितः ।
निर्वैरः सर्वभूतेषु यः स मामेति पाडव ॥५५॥

મારે માટે કર્મ કરનાર, હુ જ જેને પરમ છુ, જે મારો ભક્ત છે તે સગવર્જિત છે, સર્વ પ્રાણીઓ સાથે વેર નહિ રાખનાર છે, તે હે પાડવ, મને પામે છે ૫૫

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे विश्वरूप-दर्शनयोगो नामैकादशोऽध्यायः ॥११॥

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતારૂપ ઉપનિષદોમાં બ્રહ્મવિદ્યારૂપ અને યોગશાસ્ત્રરૂપ શ્રીકૃષ્ણાર્જુન સંવાદમાં વિશ્વરૂપ-દર્શનયોગ નામનો અગિયારમો અધ્યાય સંપૂર્ણ

અધ્યાય ૧૨ મો, ભકિતયોગ

अर्जुन उवाच । અર્જુન કહે છે કે,

एव सततयुक्ता ये भक्तास्त्वा पर्युपासते ।
ये चाप्यक्षरमव्यक्त तेषा के योगवित्तमाः ॥१॥

આ રીતે નિરતર યુક્ત થઈ જે ભકતો આપને ભજે છે, તથા અક્ષર ને અવ્યક્ત આપને જેઓ અતરમા ચિતવે છે તેવા યોગ જાણુનારા કોણ ઉત્તમ છે? ૧

श्रीभगवानुवाच । શ્રી ભગવાન્ કહે છે કે,

मय्यावेश्य मनो ये मा नित्ययुक्ता उपासते ।
श्रद्धया परयोपेतास्ते मे युक्ततमा मताः ॥२॥

મારે વિષે મન રાખીને ઉત્કૃષ્ટ શ્રદ્ધાવાળા જેઓ મને ઉપાસે છે તેઓ નિત્યયુક્ત છે તેમને હુ યુક્ત તમ (યોગીઓમા શ્રેષ્ઠ) માનુ છુ ૨

ये त्वक्षरमनिर्देश्यमव्यक्तं पर्युपासते ।
सर्वत्रगमचिंत्यं च कूटस्थमचलं ध्रुवम् ॥ ३ ॥
सनियम्येंद्रियग्राम सर्वत्र समबुद्धयः ।
ते प्राप्नुवंति मामेव सर्वभूतहिते रताः ॥ ४ ॥

જેઓ અક્ષર, અનિર્દેશ્ય, અવ્યક્ત, સર્વ વ્યાપક, અચિન્ત્ય, કૂટસ્થ, અચળ અને ધ્રુવ એવા બ્રહ્મને સર્વ રીતે ઉપાસે છે, (૩) તેઓ ઇન્દ્રિયોના સમૂહને નિયમમા રાખી સર્વત્ર સમબુદ્ધિવાળા રહે છે, સર્વ ભૂતોના હિતમા પ્રીતિવાળા છે અને તેઓ મને જ પામે છે ૪

क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् ।
अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते ॥ ५ ॥

(પણ) અવ્યક્ત(બ્રહ્મ)મા આસક્ત ચિત્તવાળા એઓને વિશેષ ક્લેશ થાય છે, કારણ કે દેહાભિમાની જનોથી અવ્યક્ત રૂપ ગતિ (અવ્યક્ત માર્ગની પ્રાપ્તિ) દુ ખે કરીને મેળવાય છે ૫

ये तु सर्वाणि कर्माणि मयि सन्यस्य मत्पराः ।
अनन्येनैव योगेन मा ध्यायंत उपासते ॥ ६ ॥
तेषामहं समुद्धर्ता मृत्युससारसागरात् ।
भवामि न चिरात्पार्थ मय्यावेशितचेतसाम् ॥७॥

પરતુ જેઓ સર્વ કર્મોને મારે વિષે અર્પણ કરી, મમ પરાયણ થઈ, અનન્ય યોગે કરીને જ મારુ ધ્યાન ધરતા મને જ ભજે છે (૬) તેવા

મારામા પ્રવેશ કરાયેલા ચિત્તવાળાઓનો હે પાર્થ, મૃત્યુયુક્ત સસારસાગરમાથી તરતજ ઉદ્ધાર કરનારો થાઉ છુ ૭

मय्येव मन आधत्स्व मयि बुद्धिं निवेशय ।
निवसिष्यसि मय्येव अत ऊर्ध्वं न संशयः ॥८॥

મારામા મનને લગાડ, મારામા બુદ્ધિને દૃઢ કર એટલે આ શરીર પડ્યા પછી તુ મારે વિષે નિવાસ કરીશ એમા સશય નથી ૮

अथ चित्तं समाधातु न शक्नोषि मयि स्थिरम् ।
अभ्यासयोगेन ततो मामिच्छाप्तुं धनंजय ॥९॥
अभ्यासेऽप्यसमर्थोऽसि मत्कर्मपरमो भव ।
मदर्थमपि कर्माणि कुर्वन्सिद्धिमवाप्स्यसि ॥१०॥
अथैतदप्यशक्तोऽसि कर्तुं मद्योगमाश्रितः ।
सर्वकर्मफलत्यागं ततः कुरु यतात्मवान् ॥ ११ ॥

હવે જો મારામા તુ ચિત્તને સ્થિર કરી ન શકે તો અભ્યાસયોગે કરીને હે ધનજય, મને પામવાની ઇચ્છા કર (૯) અભ્યાસમા પણ તુ અસમર્થ હોય તો મમ પ્રીત્યર્થ કર્મ કરનારો થા મારા માટે પણ કર્મો કરતા તુ સિદ્ધિ પામીશ (૧૦)

વળી (મારા માટે) એમ કર્મો કરવાને પણ તુ અશક્ત હોય તો મારા વિષેના યોગનો આશ્રય કરી, યતાત્મવાન્ (સ્વાધીન ચિત્તવાળો) થઈ સર્વ કર્મોના ફળોનો ત્યાગ કર ૧૧

श्रेयो हि ज्ञानमभ्यासाज्ज्ञानाद्ध्यान विशिष्यते।
ध्यानात्कर्मफलत्यागस्त्यागाच्छातिरनंतरम् १२

ખરેખર અભ્યાસ કરતા જ્ઞાન શ્રેષ્ઠ છે, જ્ઞાન કરતા ધ્યાન વિશેષ છે, ધ્યાનથી કર્મફળનો ત્યાગ ચઢે છે અને ત્યાગથી અનત શાન્તિ મળે છે ૧૨

अद्वेष्टा सर्वभूताना मैत्रः करुण एव च ।
निर्ममो निरहकारः समदुःखसुखः क्षमी॥१३॥
संतुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः ।
मय्यर्पितमनोबुद्धिर्यो मे भक्तः स मे प्रियः १४

સર્વ ભૂતોનો દ્વેષ ન કરનારો, મૈત્રીવાળો અને કરુણાળુ, મમતારહિત, અહકારરહિત, દુ ખ-સુખમા સમાન ચિત્તવાળો, ક્ષમાવાન (૧૩), નિર-તર સતોષી, યોગી, યતાત્મા (જીતેંદ્રિય), દૃઢ-નિશ્ચયી અને મારામા જેણે મન અને બુદ્ધિ અર્પણ કરેલા હોય એવો જે મારો ભક્ત હોય તે મને પ્રિય છે. ૧૪

यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः ।
हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः॥१५॥
अनपेक्षः शुचिर्दक्ष उदासीनो गतव्यथः ।
सर्वारंभपरित्यागी यो मद्भक्तः स मे प्रियः १६
यो न हृष्यति न द्वेष्टि न शोचति न कांक्षति ।
शुभाशुभपरित्यागी भक्तिमान्यः स मे प्रियः ॥

જેનાથી લોકને ઉદ્વેગ થતો નથી અને જે લોકથી ઉદ્વેગ પામતો નથી, વળી જે હર્ષ, અદેખાઈ, ભય અને ખેદથી મુક્ત છે તે મને પ્રિય છે (૧૫) અપેક્ષારહિત, પવિત્ર આચારનો, ચતુર, ઉદાસીન, વેદનારહિત અને સર્વ આરંભેલા કર્મોનો પરિત્યાગ કરનાર જે મારો ભક્ત છે તે મને પ્રિય છે (૧૬) જે નથી હરખાતો કે નથી દ્વેષ કરતો, નથી શોક કરતો કે નથી તૃષ્ણા રાખતો, જે શુભ અને અશુભ(સર્વ)નો પરિત્યાગ કરે છે, જે ભક્તિમાન છે તે મને પ્રિય છે ૧૭

समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः ।
शीतोष्णसुखदुःखेषु समः संगविवर्जितः॥१८॥
तुल्यनिंदास्तुतिर्मौनी संतुष्टो येन केनचित् ।
अनिकेतः स्थिरमतिर्भक्तिमान्मे प्रियो नरः १९

શત્રુમા અને મિત્રમા તેમ જ માનમા અને અપમાનમા જે સમાન વૃત્તિવાળો છે, શીતમા અને ઉષ્ણમા તથા સુખમા અને દુ ખમા જે સમચિત્તવાળો છે, જે સગ(આસક્તિ)થી રહિત છે (૧૮), જેને નિંદા અને સ્તુતિ સમાન છે, જે મૌનધારી છે, જે કઈ મળે તેથી સતોષ પામે છે, જે ઘરબાર વગરનો છે, જે સ્થિરબુદ્ધિવાળો છે, તથા જે ભક્તિમાન છે તે પુરુષ મને પ્રિય છે ૧૯

ये तु धर्म्यामृतमिदं यथोक्त पर्युपासते ।
श्रद्दधाना मत्परमा भक्तास्तेऽतीव मे प्रियाः २०

વળી જેઓ અત્રે આ ધર્મ્યામૃત જેમ કહ્યુ છે તે પ્રમાણે સપૂર્ણ સેવે છે તેઓ શ્રદ્ધાવાળા, મારા પરાયણ થયેલા મારા ભક્તો છે તેઓ મને અત્યત પ્રિય છે ૨૦

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसवादे भक्तियोगो नाम द्वादशोऽध्याय. ॥ १२ ॥

ઇતિ શ્રીમદ્‌ ભગવદ્‌ગીતારૂપ ઉપનિષદોમા બ્રહ્મવિદ્યા અને યોગશાસ્ત્રના વિષયભૂત શ્રીકૃષ્ણાર્જુનના સવાદરૂપ ભક્તિયોગ નામનો બારમો અધ્યાય સપૂર્ણ

અધ્યાય ૧૩ મો, ક્ષેત્રક્ષેત્રજ્ઞવિભાગયોગ

अर्जुन उवाच । અર્જુન કહે છે કે,

प्रकृतिं पुरुषं चैव क्षेत्रं क्षेत्रज्ञमेव च ।
एतद्वेदितुमिच्छामि ज्ञान ज्ञेयं च केशव ॥ १ ॥

પ્રકૃતિ તેમ જ પુરુષ, ક્ષેત્ર તેમ જ ક્ષેત્રજ્ઞ તથા જ્ઞાન અને જ્ઞેય એ, હે કેશવ, હુ જાણુવા ઇચ્છુ છુ ૧

श्रीभगवानुवाच । શ્રી ભગવાન્ કહે છે,

इदं शरीर कौंतेय क्षेत्रमित्यभिधीयते ।
एतद्यो वेत्ति तं प्राहुः क्षेत्रज्ञ इति तद्विदः ॥२॥

આ શરીર હે કૌન્તેય, ક્ષેત્ર છે એમ કહેવાય છે એટલુ જે જાણે છે તેને, આત્માનુ સ્વરૂપ જાણુનારા ક્ષેત્રજ્ઞ એમ કહે છે ૨

क्षेत्रज्ञ चापि मा विद्धि सर्वक्षेत्रेषु भारत ।
क्षेत्रक्षेत्रज्ञयोर्ज्ञानं यत्तज्ज्ञान मतं मम ॥ ३ ॥

અને વળી સર્વ ક્ષેત્રોમા હે ભારત, ક્ષેત્રજ્ઞ મને જાણ ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ એ બેઉનુ જે જ્ઞાન, તે જ જ્ઞાન છે એવો મારો મત છે ૩

तत्क्षेत्रं यच्च यादृक् च यद्विकारि यतश्च यत् ।
स च यो यत्प्रभावश्च तत्समासेन मे शृणु॥४॥

અને તે ક્ષેત્ર જે કાઈ છે તે, અને તે ક્ષેત્ર જેના જેવુ છે તે, અને તે ક્ષેત્ર જેના વિકારો જે છે તે, અને તે ક્ષેત્ર જેમાથી આવ્યુ તે, અને તે ક્ષેત્ર જે તે છે તે, અને તે ક્ષેત્ર જે છે તે, અને તે ક્ષેત્રમા જે પ્રભાવ છે તે તુ સક્ષેપમા મારી પાસેથી સાભળ ૪

ऋषिभिर्बहुधा गीतं छंदोभिर्विविधैः पृथक् ।
ब्रह्मसूत्रपदैश्चैव हेतुमद्भिर्विनिश्चितैः ॥ ५ ॥

ઋષિઓએ (ક્ષેત્રક્ષેત્રજ્ઞના સ્વરૂપને) ઘણે પ્રકારે ગાયુ છે, વેદના છદોએ નાના પ્રકારે જૂદુ જૂદુ તેનુ ગાન કરેલુ છે અને યુક્તિવાળા અને દૃઢ નિશ્ચયવાળા બ્રહ્મસૂત્રના પદોએ પણ તેને ગાયેલુ છે ૫

महाभूतान्यहकारो बुद्धिरव्यक्तमेव च ।
इंद्रियाणि दशैकं च पच चेंद्रियगोचराः ॥ ६ ॥

(પાચ) મહાભૂતો, અહકાર, બુદ્ધિ તેમજ અવ્યક્ત (તથા) દશ ઇન્દ્રિયો (પાચ જ્ઞાનેન્દ્રિયો તથા પાચ કર્મેન્દ્રિયો) અને એક મન સાથે અગિ- યાર, તેમ ઇન્દ્રિયોના પાચ વિષયો, ૬

इच्छा द्वेषः सुखं दुःख सघातश्चेतना धृतिः ।
एतत्क्षेत्र समासेन सविकारमुदाहृतम् ॥ ७ ॥

ઇચ્છા, દ્વેષ, સુખ, દુ ખ, (ઇન્દ્રિયસહિત સ્થૂલ) શરીર, ચેતના, અને ધૃતિ, એ ક્ષેત્ર વિકારસહિત મે સક્ષેપમા કહ્યુ છે ૭

अमानित्वमदंभित्वमहिंसा क्षातिरार्जवम् ।
आचार्योपासन शौच स्थैर्यमात्मविनिग्रहः ॥८॥
इंद्रियार्थेषु वैराग्यमनहकार एव च ।
जन्ममृत्युजराव्याधिदुःखदोषानुदर्शनम् ॥ ९ ॥
असक्तिरनभिष्वगः पुत्रदारगृहादिषु ।
नित्य च समचित्तत्वमिष्टानिष्टोपपत्तिषु ॥१०॥
मयि चानन्ययोगेन भक्तिरव्यभिचारिणी ।
विविक्तदेशसेवित्वमरतिर्जनसंसदि ॥ ११ ॥
अध्यात्मज्ञाननित्यत्वं तत्त्वज्ञानार्थदर्शनम् ।
एतज्ज्ञानमिति प्रोक्तमज्ञान यदतोऽन्यथा ॥१२॥

અમાનીપણુ, અદંભીપણુ, અહિંસા, ક્ષમા, સરળતા, આચાર્યની ઉપાસના, પવિત્રતા, સ્થિરતા અને ચિત્તનો ઇન્દ્રિયો સહિત નિગ્રહ, (૮) ઇન્દ્રિયોના વિષયોમા વૈરાગ્ય તેમજ નિરહંકારીપણુ, જન્મ, મરણ, ઘરડપણ અને રોગોસબધી દુ ખ

અને દોષોનો વારવાર વિચાર, (૯) કર્મોમા પ્રીતિનો અભાવ, પુત્ર, પત્ની, ઘર ઇત્યાદિ મમત્વવાળી પ્રીતિનો અભાવ, ઇચ્છિત અને અનિચ્છિત પદાર્થોની પ્રાપ્તિમા નિત્ય ચિત્તની સમાનતા, (૧૦) અને અનન્ય યોગથી મારે વિષે અવ્યભિચારિણી ભક્તિ, એકાંત દેશનુ સેવન, તથા જનસમાજમા અપ્રીતિ, (૧૧) અધ્યાત્મ (આત્માસબધી) જ્ઞાનમા નિરન્તર નિષ્ઠા, તત્ત્વજ્ઞાનના મોક્ષરૂપ પ્રયોજનનુ દર્શન, એને જ્ઞાન કહ્યુ છે, એથી જે ઉલટુ તે અજ્ઞાન ૧૨

ज्ञेय यत्तत्प्रवक्ष्यामि यज्ज्ञात्वामृतमश्नुते ।
अनादिमत्परं ब्रह्म न सत्तन्नासदुच्यते ॥ १३ ॥
सर्वतः पाणिपादं तत्सर्वतोऽक्षिशिरोमुखम् ।
सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ॥ १४ ॥
सर्वेंद्रियगुणाभासं सर्वेंद्रियविवर्जितम् ।
असक्तं सर्वभृच्चैव निर्गुणं गुणभोक्तृ च ॥१५॥
बहिरंतश्च भूतानामचरं चरमेव च ।
सूक्ष्मत्वात्तदविज्ञेय दूरस्थं चान्तिके च तत्॥१६॥
अविभक्त च भूतेषु विभक्तमिव च स्थितम् ।
भूतभर्तृ च तज्ज्ञेयं ग्रसिष्णु प्रभविष्णु च॥१७॥

ज्योतिषामपि तज्ज्योतिस्तमसः परमुच्यते ।
ज्ञानं ज्ञेयं ज्ञानगम्यं हृदि सर्वस्य धिष्ठितम् १८

પરતુ જે જ્ઞેય (જાણવા યોગ્ય) છે તે હુ તને યથાર્થ કહીશ, કે જેને જાણીને મનુષ્ય મોક્ષ ભોગવે છે બ્રહ્મ અનાદિમાન (ઉત્પત્તિથી રહિત) પરમ (શ્રેષ્ઠ) છે, તેને સત્ કહેતા નથી તેમ અસત્ કહેતા નથી, (૧૩) તે જ્ઞેય બ્રહ્મ સર્વત્ર હાથપગવાળુ, સર્વત્ર નેત્ર, મસ્તક ને મુખવાળુ, સર્વત્ર શ્રુતિમત્ (કાનવાળુ) છે અને આ લોકમા સર્વને વ્યાપીને રહે છે, (૧૪) સર્વ ઇદ્રિયોના ગુણો(વ્યાપાર)વડે પ્રકાશે છે અને સર્વ ઇદ્રિયોથી અત્યત રહિત છે, સબધ વિનાનુ છે અને સર્વને ધારણ કરે છે, નિર્ગુણ છે અને સર્વ ગુણોના ભોક્તા છે, (૧૫) તે ભૂતોની બહાર છે અને ભૂતોની અદર છે તથા સ્થાવર છે અને જગમ છે, તેમ સૂક્ષ્મ હોવાથી ઝટ ન જાણી શકાય એવુ તે છે, તે દૂર રહેલુ છે તેમ સમીપમા છે, (૧૬) અને તે એક અવિભક્ત છે તોપણ જાણે ભિન્ન હોય તેમ ભૂતોમા રહેલુ છે, તે જ્ઞેય સર્વ ભૂતોનો ધારણ કરનાર છે, સહાર કરનાર છે તથા ઉત્પન્ન કરનાર છે, (૧૭) તે જ્ઞેય–બ્રહ્મ (સૂર્યાદિ)

જ્યોતિઓનુ પણ જ્યોતિ છે, તમસથી પર કહે-
વાય છે, તે જ્ઞાન છે, જ્ઞેય છે અને જ્ઞાનવડે પમાય
છે, તથા સર્વના હૃદયમા રહેલુ છે ૧૮

इति क्षेत्र तथा ज्ञान ज्ञेयं चोक्तं समासतः ।
मद्भक्त एतद्विज्ञाय मद्भावायोपपद्यते ॥ १९ ॥

એ રીતે ક્ષેત્ર તથા જ્ઞાન અને જ્ઞેય સક્ષેપે કહ્યા
અનુભવથી તે જાણીને મારો ભક્ત મારો ભાવ
(મોક્ષ) પામે છે ૧૯

प्रकृति पुरुष चैव विद्ध्यनादी उभावपि ।
विकाराश्च गुणाश्चैव विद्धि प्रकृतिसभवान् ।२०।
कार्यकारणकर्तृत्वे हेतुः प्रकृतिरुच्यते ।
पुरुषः सुखदुःखाना भोक्तृत्वे हेतुरुच्यते॥२१॥

પ્રકૃતિ તેમજ પુરુષ એ બેઉને અનાદિ જાણ,
અને વિકારોને તેમજ ગુણોને પ્રકૃતિથી જ ઉપ-
જેલા જાણ (૨૦) કાર્ય અને કારણના કર્તાપણામા
જે હેતુ તે પ્રકૃતિ કહેવાય છે, અને સુખદુ ખોના
ભોક્તાપણામા હેતુ પુરુષ કહેવાય છે ૨૧

पुरुषः प्रकृतिस्थो हि भुक्ते प्रकृतिजान्गुणान् ।
कारण गुणसंगोऽस्य सदसद्योनिजन्मसु॥२२॥

કારણ કે પ્રકૃતિમા સ્થિત થયેલો પુરુષ પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા (સુખદુ ખાદિ) ગુણોને ભોગવે છે, આ(પુરુષ)નો (પ્રકૃતિદ્વારા) ગુણોનો (સબધ) સત્ અને અસત્ યોનિઓમા જન્મોનુ કારણ છે ૨૨

उपद्रष्टानुमंता च भर्ता भोक्ता महेश्वरः ।
परमात्मेति चाप्युक्तो देहेऽस्मिन्पुरुषः परः २३

આ દેહમા રહેલો તે ઉત્તમ પુરુષ ઉપદ્રષ્ટા (સાક્ષીરૂપ) છે અનુમતા (કર્મોમા અનુમતિ આપનારો) છે, ભર્ત્તા (ભરણ કરનારો) છે, (સુખદુ ખાદિના) ભોક્તા છે, મહેશ્વર છે તથા પરમાત્મા એ નામથી પણ કહેવાય છે ૨૩

य एवं वेत्ति पुरुष प्रकृतिं च गुणैः सह ।
सर्वथा वर्तमानोऽपि न स भूयोऽभिजायते॥२४॥

જે આ રીતે પુરુષને તથા પ્રકૃતિને તેના ગુણોસહિત જાણે છે તે સર્વ રીતે વર્તમાન છતા પણ ફરીથી જન્મતો નથી ૨૪

ध्यानेनात्मनि पश्यंति केचिदात्मानमात्मना ।
अन्ये सांख्येन योगेन कर्मयोगेन चापरे॥२५॥

अन्ये त्वेवमजानन्तः श्रुत्वान्येभ्य उपासते ।
तेऽपि चातितरंत्येव मृत्युं श्रुतिपरायणाः॥२६॥

કેટલાકો ધ્યાન(યોગ)વડે આત્મામા આત્માને આત્માવડે જુએ છે, બીજા કોઇ સાખ્ય નામના યોગથી, તો બીજાઓ કર્મયોગથી (આત્મામા આત્માને આત્માવડે) જુએ છે (૨૫) વળી બીજા એમ ન જાણતા બીજા કોઇથી શ્રવણ કરીને પરમ આત્માને ઉપાસે છે, અને તેઓ શ્રવણ પરાયણ છે તેઓ પણ મૃત્યુને અવશ્ય તરી જાય છે ૨૬

यावत्संजायते किंचित्सत्व स्थावरजगमम् ।
क्षेत्रक्षेत्रज्ञसयोगात्तद्विद्धि भरतर्षभ ॥ २७ ॥

જે કાઇ સ્થાવરજગમ પદાર્થ ઉત્પન્ન થાય છે તે સર્વ ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના સયોગથી ઉત્પન્ન થાય છે એમ હે ભરતર્ષભ, જાણ ૨૭

समं सर्वेषु भूतेषु तिष्ठन्तं परमेश्वरम् ।
विनश्यत्स्वविनश्यंत यः पश्यति स पश्यति ।२८।

સર્વ વિનાશી ભૂતોમા વિનાશ નહિ પામતા એવા પરમેશ્વરને સમપણે રહેલા જે જુએ છે તેજ (સત્ય) જુએ છે ૨૮

समं पश्यन्हि सर्वत्र समवस्थितमीश्वरम् ।
न हिनस्त्यात्मनात्मानं ततो याति परां गतिम्२९

કારણ કે સર્વત્ર સમપણે રહેલા ઇશ્વર ને સમપણે દેખનારો આત્માવડે આત્માને હણતો નથી, તેથી તે પુરુષ પરાગતિને પામે છે ૨૯

प्रकृत्यैव च कर्माणि क्रियमाणानि सर्वशः ।
यः पश्यति तथात्मानमकर्तारं स पश्यति॥३०॥

અને પ્રકૃતિવડે જ સર્વ પ્રકારે સર્વ કર્મો કરાય છે અને આત્માને અકર્તા (રૂપ) જુએ છે તે જ (સત્ય) જુએ છે ૩૦

यदा भूतपृथग्भावमेकस्थमनुपश्यति ।
तत एव च विस्तारं ब्रह्म संपद्यते तदा ॥३१॥

જ્યારે સર્વ ભૂતોના પૃથગ્ભાવને એક જ ઠેકાણે રહેલો તે જુએ છે અન તે એક સ્થળમાથી જ સર્વનો બિસ્તાર થયેલો જુએ છે ત્યારે તે બ્રહ્મને પામે છે ૩૧

अनादित्वान्निर्गुणत्वात्परमात्मायमव्ययः ।
शरीरस्थोऽपि कौंतेय न करोति न लिप्यते।३२।

અનાદિપણાને લીધે અને નિર્ગુણપણાને લીધે આ પરમાત્મા અવ્યય છે ને શરીરમા રહ્યા છતા

પણ હે કૌન્તેય, કંઈ કરતો નથી અને કશાથી લેપાતો નથી ૩૨

यथा सर्वगतं सौक्ष्म्यादाकाशं नोपलिप्यते ।
सर्वत्रावस्थितो देहे तथात्मा नोपलिप्यते ॥३३॥

જેમ સર્વવ્યાપી આકાશ સૂક્ષ્મપણાને લીધે લેપાતુ નથી તેમ દેહમા સર્વ ઠેકાણે રહેલો આત્મા પણ લેપાતો નથી ૩૩

यथा प्रकाशयत्येकः कृत्स्नं लोकमिमं रविः ।
क्षेत्रं क्षेत्री तथा कृत्स्नं प्रकाशयति भारत॥३४॥

જેમ એક સૂર્ય આ સપૂર્ણ લોકને પ્રકાશિત કરે છે તેમ હે ભારત, ક્ષેત્રી (આત્મા) સર્વ ક્ષેત્ર (આખા દેહને અથવા સર્વ શરીરોને) પ્રકાશ આપે છે ૩૪

क्षेत्रक्षेत्रज्ञयोरेवमन्तरं ज्ञानचक्षुषा ।
भूतप्रकृतिमोक्षं च ये विदुर्यान्ति ते परम् ॥३५॥

જ્ઞાનરૂપી નેત્રથી જે પુરુષો આ પ્રમાણે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ એ બેઉના અતર(ભેદ)ને જુએ છે, તથા ભૂત માત્રની પ્રકૃતિના મોક્ષને જાણે છે, તે પરબ્રહ્મને પામે છે ૩૫

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे प्रकृतिपुरुष-निर्देशयोगो नाम त्रयोदशोऽध्यायः॥१३॥

ઇતિશ્રીમદ્ભગવદ્ગીતા નામની ઉપનિષદોમાં બ્રહ્મવિદ્યામાં તથા યોગશાસ્ત્રરૂપ શ્રીકૃષ્ણાર્જુનના સંવાદમાં ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞવિભાગયોગ નામનો ૧૩ મો અધ્યાય સંપૂર્ણ

અધ્યાય ૧૪ મો, ગુણત્રયવિભાગયોગ

श्रीभगवानुवाच । શ્રી ભગવાન્ કહે છે,

परं भूयः प्रवक्ष्यामि ज्ञानाना ज्ञानमुत्तमम् ।
यज्ज्ञात्वा मुनयः सर्वे परा सिद्धिमितो गताः १

હુ ફરીને તને જ્ઞાનોમા એવુ ઉત્તમ જ્ઞાન કહુ છુ, કે જે જાણીને સર્વ મુનિઓ આ શરીરથી છૂટી પરાસિદ્ધિને પામ્યા છે

इदं ज्ञानमुपाश्रित्य मम साधर्म्यमागताः ।
सर्गेऽपि नोपजायन्ते प्रलये न व्यथन्ति च ॥२॥

આ જ્ઞાનનો આશ્રય કરીને મારા સમાન ધર્મતાને પામેલા યોગીઓ સૃષ્ટિની ઉત્પત્તિ વખતે પણ જન્મ લેતા નથી તથા પ્રલયકાલમા વ્યથા પામતા નથી ૨

मम योनिर्महद्ब्रह्म तस्मिन्गर्भं दधाम्यहम् ।
संभवः सर्वभूताना ततो भवति भारत ॥ ३ ॥

મહદ્‌બ્રહ્મ મારી યોનિ (ઉત્પત્તિસ્થાન) છે, તેમા હુ (ચેતનરૂપી) ગર્ભને મૂકુ છુ તેમાથી સર્વ ભૂતોની હે ભારત, ઉત્પત્તિ થાય છે ૩

सर्वयोनिषु कौंतेय मूर्तयः संभवंति याः ।
तासां ब्रह्म महद्योनिरहं बीजप्रदः पिता ॥४॥

સર્વ યોનિઓમા હે કૌંતેય, જે મૂર્તિઓ (શરીરો) ઉત્પન્ન થાય છે, તેની મહદ્બ્રહ્મ યોનિ છે અને બીજદાતા પિતા હુ છુ ૪

सत्त्वं रजस्तम इति गुणाः प्रकृतिसंभवाः ।
निबध्नंति महाबाहो देहे देहिनमव्ययम् ॥ ५ ॥

સત્વ, રજસ અને તમસ એ ગુણો પ્રકૃતિથી થયેલા છે તેઓ દેહમા રહેલા અવ્યય દેહીને હે મહાબાહો, બધન કરે છે ૫

तत्र सत्त्वं निर्मलत्वात्प्रकाशकमनामयम् ।
सुखसंगेन बध्नाति ज्ञानसंगेन चानघ ॥ ६ ॥

તેમા સત્ત્વ નિર્મળપણાને લીધે પ્રકાશક છે અને ઉપદ્રવ રહિત છે, તે સુખના સગથી અને જ્ઞાનના સગથી હે અનઘ (નિષ્પાપ) દેહીને બાધે છે ૬

रजो रागात्मकं विद्धि तृष्णासंगसमुद्भवम् ।
तन्निबध्नाति कौंतेय कर्मसंगेन देहिनम् ॥ ७ ॥

રજોગુણ રાગાત્મક જાણ તેને તૃષ્ણા અને આસગ એ બેથી ઉત્પન્ન થયેલો તે રજોગુણ હે

કૌતેય (દેહાભિમાની) જીવને કર્મના સગે કરીને બાધે છે ૭

तमस्त्वज्ञानजं विद्धि मोहनं सर्वदेहिनाम् ।
प्रमादालस्यनिद्राभिस्तन्निबध्नाति भारत ॥ ८ ॥

વળી તમોગુણને અજ્ઞાનથી થયેલો જાણ, સર્વ જીવોને તે મોહ ઉપજાવે છે હે ભારત, તે પ્રમાદ, આળસ અને ઉંઘથી જીવને નિરતર બાધે છે ૮

सत्त्वं सुखे संजयति रजः कर्मणि भारत ।
ज्ञानमावृत्य तु तमः प्रमादे संजयत्युत ॥ ९ ॥

સત્વગુણ સુખમા જોડે છે, રજોગુણ હે ભારત, કર્મની પ્રવૃત્તિમા યોજે છે અને તમોગુણ તો જ્ઞાનને ઢાકી પ્રમાદમા જોડે છે ९

रजस्तमश्चाभिभूय सत्त्वं भवति भारत ।
रजः सत्त्वं तमश्चैव तमः सत्त्वं रजस्तथा ॥१०॥

રજોગુણને અને તમોગુણને દબાવીને હે ભારત, સત્વગુણ પ્રગટ થાય છે, તેમ રજોગુણ અને સત્વ-ગુણને દબાવી તમોગુણ પ્રગટ થાય છે, તથા તમો-ગુણ અને સત્વગુણને દબાવી રજોગુણ પ્રગટ થાય છે ૧૦

सर्वद्वारेषु देहेऽस्मिन्प्रकाश उपजायते ।
ज्ञान यदा तदा विद्याद्विवृद्धं सत्त्वमित्युत ॥११॥

આ દેહના સર્વ દ્વારોમા જ્યારે પ્રકાશ ઉપજે છે તે જ્ઞાન છે ત્યારે સત્ત્વગુણ વિશેષ વૃદ્ધિ પામ્યો છે એમ જાણવુ ૧૧

लोभः प्रवृत्तिरारभः कर्मणामशमः स्पृहा ।
रजस्येतानि जायते विवृद्धे भरतर्षभ ॥ १२ ॥

રજોગુણ વિશેષ વૃદ્ધિને પામતા હે ભરતર્ષભ, લોભ, પ્રવૃત્તિ, કર્મોનો આરભ, અશમ અને સ્પૃહા એ ઉત્પન્ન થાય છે ૧૨

अप्रकाशोऽप्रवृत्तिश्च प्रमादो मोह एव च ।
तमस्येतानि जायंते विवृद्धे कुरुनन्दन ॥ १३ ॥

તમોગુણની વિશેષ વૃદ્ધિ થતા અપ્રકાશ, અપ્રવૃતિ, પ્રમાદ અને મોહ એટલા હે કુરુનદન, ઉત્પન્ન થાય છે ૧૩

यदा सत्त्वे प्रवृद्धे तु प्रलयं याति देहभृत् ।
तदोत्तमविदा लोकानमलान्प्रतिपद्यते ॥ १४ ॥

વળી જ્યારે સત્ત્વગુણની વિશેષ વૃદ્ધિ થાય છે ત્યારે દેહી મૃત્યુ પામે છે તો તે ઉત્તમ જ્ઞાનીઓના નિર્મળ લોકોને પામે છે ૧૪

रजसि प्रलयं गत्वा कर्मसंगिषु जायते ।
तथा प्रलीनस्तमसि मूढयोनिषु जायते ॥१५॥

રજોગુણની વિશેષ વૃદ્ધિ થતા મૃત્યુ પામતો માણુસ કર્મ કરનારાઓમા જન્મે છે, તથા તમો ગુણની વિશેષ વૃદ્ધિ થતા મરનાર મૂઢજાતિમા જન્મે છે ૧૫

कर्मणः सुकृतस्याहुः सात्त्विकं निर्मलं फलम् ।
रजसस्तु फलं दुःखमज्ञानं तमसः फलम्॥१६॥

સુકૃત કર્મનુ ફળ સાત્વિક અને નિર્મળ કહ્યુ છે, રાજસકર્મનુ ફળ દુ ખ કહ્યુ છે અને તામસ કર્મનુ ફળ તો અજ્ઞાનજ કહેલુ છે ૧૬

सत्त्वात्संजायते ज्ञानं रजसो लोभ एव च ।
प्रमादमोहौ तमसो भवतोऽज्ञानमेव च ॥ १७ ॥

સત્વગુણુથી જ્ઞાન ઉપજે છે અને રજોગુણથી લોભ ઉપજે છે, તમોગુણથી પ્રમાદ, મોહ અને અજ્ઞાન ઉત્પન્ન થાય છે ૧૭

ऊर्ध्वं गच्छन्ति सत्वस्था मध्ये तिष्ठन्ति राजसाः ।
जघन्यगुणवृत्तिस्था अधो गच्छन्ति तामसाः १८

સત્વગુણુમા રહેલાઓ ઉપરના લોકમા જાય છે, રાજસમા રહેલા મધ્ય(મનુષ્ય લોક)મા રહે

છે અને અધમ તમોગુણની વૃત્તિમા રહેલા તામસો તો નીચે (નરકાદિ લોકમા) જાય છે ૧૮

नान्य गुणेभ्यः कर्तार यदा द्रष्टानुपश्यति ।
गुणेभ्यश्च पर वेत्ति मद्भाव सोऽधिगच्छति ॥१९॥

જ્યારે દ્રષ્ટા ગુણો સિવાય બીજા કોઇને કર્તા જોતા નથી તથા ગુણોથી પર પરમાત્માને જાણે છે ત્યારે તે મારા ભાવને પામે છે ૧૯

गुणानेतानतीत्य त्रीन्देही देहसमुद्भवान् ।
जन्ममृत्युजरादुःखैर्विमुक्तोऽमृतमश्नुते ॥ २० ॥

દેહની ઉત્પત્તિ જેથી થાય છે એવા આ ત્રણ ગુણોને ઉલ્લઘી જન્મ, મરણ અને ઘડપણ સબધી દુ ખોથી તદ્દન છુટેલા જીવ મોક્ષ પામે છે ૨૦

अर्जुन उवाच । અર્જુન પૂછે છે,

कैर्लिंगैस्त्रीन्गुणानेतानतीतो भवति प्रभो ।
किमाचारः कथ चैतांस्त्रीन्गुणानतिवर्तते ॥२१॥

એ ત્રણ ગુણોને અતિક્રમણ કરનાર કયા લક્ષણોથી ઓળખાય છે? હે પ્રભો, તે કેવા આચરણવાળો હોય છે અને એ ત્રણ ગુણોને તે કેવી રીતે ઉલ્લઘી જાય છે? ૨૧

श्रीभगवानुवाच । શ્રી ભગવાન્ કહે છે,

प्रकाशं च प्रवृत्तिं च मोहमेव च पाण्डव ।
न द्वेष्टि संप्रवृत्तानि न निवृत्तानि काङ्क्षति॥२२॥
उदासीनवदासीनो गुणैर्यो न विचाल्यते ।
गुणा वर्तंत इत्येव योऽवतिष्ठति नेंगते ॥ २३ ॥
समदुःखसुखः स्वस्थः समलोष्टाश्मकाञ्चनः ।
तुल्यप्रियाप्रियो धीरस्तुल्यनिंदात्मसंस्तुतिः २४
मानापमानयोस्तुल्यस्तुल्यो मित्रारिपक्षयोः ।
सर्वारंभपरित्यागी गुणातीतः स उच्यते ॥२५॥

જ્યારે પ્રકાશ (સત્ત્વ) અને પ્રવૃત્તિ (રજસ) તથા મોહ (તમસ) હે પાડવ, સારી રીતે પ્રવર્તતા હોય ત્યારે તેનો દ્વેષ કોઈ કરતો નથી, તેમ જ તે નિવૃત્ત થયેલા હોય ત્યારે તેની ઇચ્છા પણ કરતો નથી, (૨૨) જે ઉદાસીન જેમ બેસી રહે છે, ગુણોથી જે ચળતો નથી, ગુણો પરસ્પર વર્તન કરે છે એવા નિશ્ચયથી જે સ્થિર રહે છે ને કંઈ વ્યાપાર કરતો નથી, (૨૩) દુખસુખ જેને સમાન છે, જે સ્વસ્થ છે, માટી, પથ્થર અને સોનુ જેને સમાન છે, પ્રિય અને અપ્રિયમા જે સમવૃત્તિ-વાળો છે, જે ધીર છે અને પોતાની નિંદા કે સ્તુતિને

જે સમ ગણે છે, (૨૪) માન અને અપમાનમા પણ જે સમાન છે, મિત્રપક્ષમા અને શત્રુપક્ષમા જે સમભાવવાળો છે, સર્વ (આરભેલા) કર્મોનો પરિપૂર્ણ ત્યાગ કરનાર છે તે પુરુષ ગુણાતીત કહેવાય છે ૨૫

मा च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते ।
स गुणान्समतीत्यैतान् ब्रह्मभूयाय कल्पते ।२६।

અને જે મને અવ્યભિચારી (અનન્ય) ભક્તિયોગથી ભજે છે, તે આ ગુણોનુ અતિક્રમણ કરી બ્રહ્મભાવને યોગ્ય થાય છે, ૨૬

ब्रह्मणो हि प्रतिष्ठाहममृतस्याव्ययस्य च ।
शाश्वतस्य च धर्मस्य सुखस्यैकांतिकस्य च ।२७।

કારણ કે અમૃત અને નિર્વિકારી બ્રહ્મની તથા સનાતન ધર્મની તેમ જ એકાતિક સુખની પ્રતિષ્ઠા (આશ્રય) તે હુ જ છુ ૨૭

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे गुणत्रयविभागयोगो नाम चतुर्दशोऽध्याय ॥१४॥

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતારૂપ ઉપનિષદોમા બ્રહ્મવિદ્યા અને યોગશાસ્ત્રના વિષયભૂત શ્રીકૃષ્ણાર્જુન સવાદમા ગુણત્રયવિભાગયોગ નામનો ૧૪ મો અધ્યાય સપૂર્ણ

અધ્યાય ૧૫ મો, પુરુષોત્તમયોગ

श्रीभगवानुवाच । શ્રી ભગવાન્ કહે છે,

ऊर्ध्वमूलमधःशाखमश्वत्थं प्राहुरव्ययम् ।
छंदांसि यस्य पर्णानि यस्तं वेद स वेदवित्॥१॥

ઉંચા મૂળવાળો, નીચી શાખાવાળો એવા અશ્વત્થ (પીપલા)ને અવ્યય કહે છે, કે જેના પાંદડા વેદના છંદો છે, તેને જ જાણે છે તેને વેદવિદ્ જાણવો ૧

अधश्चोर्ध्वं प्रसृतास्तस्य शाखा गुणप्रवृद्धा विषयप्रवालाः । अधश्च मूलान्यनुसंततानि कर्मानुबंधीनि मनुष्यलोके ॥ २ ॥

નીચે અને ઉંચે તેની શાખાઓ પ્રસરેલી છે, (ત્રણ) ગુણોએ કરીને વિશેષ વૃદ્ધિ પામેલી છે, વિષયોરૂપી કુંપળોવાળી છે, વળી તેના મૂળો મનુષ્ય લોકોમા ઉપરહેઠે સર્વત્ર ફેલાયલા છે, એ મૂળો કર્મોને એકબીજા સાથે બાંધનારા છે ૨

न रूपमस्येह तथोपलभ्यते नांतो न चादिर्न च संप्रतिष्ठा । अश्वत्थमेनं सुविरूढमूलमसंगशस्त्रेण दृढेन छित्त्वा ॥ ३ ॥

ततः पदं तत्परिमार्गितव्य यस्मिन्गता न निवर्तंति भूयः । तमेव चाद्य पुरुष मपद्ये यतः प्रवृत्तिः प्रसृता पुराणी ॥ ४ ॥

આલોકમા આ(વૃક્ષ)નુ તેવુ રૂપ પ્રાપ્ત થતુ નથી, અને તેનો અત જણાતો નથી તેમ તેનો આરભ જણાતો નથી, તેમજ (સપ્રતિષ્ઠા) મધ્ય (સ્થિતિ) પણ જણાતી નથી અતિ દૃઢ મૂળવાળા આ અશ્વત્થ (પિંપળારૂપી સસાર)ને અસગ(અનાસક્તિ)રૂપી દૃઢ શસ્ત્રથી કાપીને (૩) પછી તે ધામ શોધવા યોગ્ય છે, કે જેમા ગયેલા ફરીને પાછા આવતા નથી જેમાથી આ પુરાણી સસારની પ્રવૃત્તિ પ્રસરેલી છે તેજ આદિ પુરુષને હુ શરણે છુ ૪

निर्मानमोहा जितसंगदोषा अध्यात्मनित्या विनिवृत्तकामाः । द्वंद्वैर्विमुक्ताः सुखदुःखसंज्ञैर्गच्छंत्यमूढाः पदमव्ययं तत् ॥ ५ ॥

માન અને મોહ વિનાના, સગના દોષો જેણે જીત્યા છે, અધ્યાત્મસ્વરૂપમા વિચારવાન છે તથા કામ જેમનો સપૂર્ણ નિવૃત્ત થયો છે એવા, સુખદુ ખની સજ્ઞાવાળા દ્વદ્વોથી છુટેલા અમૂઢો તે અવ્યય પદને પામે છે. ૫

न तद्भासयते सूर्यो न शशाङ्को न पावकः ।
यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम ॥ ६ ॥

નથી તેને સૂર્ય પ્રકાશ કરતો કે નથી ચદ્રમા પ્રકાશ કરતો કે નથી અગ્નિ પ્રકાશ કરતો કે જ્યા ગયા પછી તેઓ પાછા આવતા નથી તે મારુ ધામ ઉત્તમ છે ૬

ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ।
मनःषष्ठानीन्द्रियाणि प्रकृतिस्थानि कर्षति ॥७॥

મારોજ અશ જીવલોકમા જીવભૂત છે, તે સનાતન છે, તે પ્રકૃતિમા રહેલી મન જેમા છઠ્ઠુ છે એવી પાચ ઇન્દ્રિયોને ખેચે છે ૭

शरीरं यदवाप्नोति यच्चाप्युत्क्रामतीश्वरः ।
गृहीत्वैतानि संयाति वायुर्गन्धानिवाशयात्॥८॥

જેમ વાયુ ગધના આશય(પુષ્પો)માથી ગધને લઈ જાય છે તેમ જે ઇશ્વર રૂપ અશ(જીવ) મન જેમા છઠ્ઠુ છે એવી ઇન્દ્રિયો સહિત શરી-રને પામે છે અને શરીરમાથી મન જેમા છઠ્ઠુ છે એવી ઇન્દ્રિયો સહિત ઉત્ક્રમણ કરે (બહાર જાય) છે ૮

श्रोत्र चक्षुः स्पर्शन च रसन घ्राणमेव च ।
अधिष्ठाय मनश्चाय विषयानुपसेवते ॥ ९ ॥

(ઈશ્વરનો) આ જીવભૂત અશ કાનોનો, નેત્રોનો, તથા સ્પર્શેન્દ્રિય (ચામડી)નો, રસના (જીભ)નો અને નાકનો (એ પાચ જ્ઞાનેન્દ્રિયોનો) તથા મનનો આશ્રય ધરીને તેમના શબ્દાદિ વિષયોનુ સેવન કરે છે ૯

उत्क्रामत स्थित वापि भुजान वा गुणान्वितम् ।
विमूढा नानुपश्यति पश्यति ज्ञानचक्षुषः ॥१०॥

ગુણોએ યુક્ત જીવ(ભૂત ઈશ્વર)ને (શરીરમાથી) ઉત્ક્રમણ કરતા, (આ શરીરમા) રહેતા તથા ભોગ ભોગવતા વિમૂઢો (અજ્ઞાની જીવો) જોતા નથી, પરતુ જ્ઞાનચક્ષુવાળા દેખે છે ૧૦

यततो योगिनश्चैन पश्यत्यात्मन्यवस्थितम् ।
यतंतोऽप्यकृतात्मानो नैन पश्यत्यचेतसः॥११॥

યોગનો પ્રયત્ન કરતા યોગીઓ પોતામા (આત્મામા) રહેલા એ આત્માને દેખે છે, પ્રયત્ન કરવા છતા પણ અકૃતાત્મા (જેણે આત્મા ભગવાનનો કર્યો નથી) એવા અચિત્તો (મન્દમતિઓ) આત્માને દેખતા નથી ૧૧

यदादित्यगत तेजो जगद्भासयतेऽखिलम् ।
यच्चद्रमसि यच्चाग्नौ तत्तेजो विद्धि मामकम् ॥१२॥

જે તેજ સૂર્યમા રહેલુ છે અને જે ચન્દ્રમામા રહેલુ છે અને જે અગ્નિમા રહેલુ છે, તે તેજ આખા જગતને પ્રકાશ કરે છે તે જ તેજને તુ મારુ તેજ જાણ ૧૨

गामाविश्य च भूतानि धारयाम्यहमोजसा ।
पुष्णामि चौषधीः सर्वाः सोमो भूत्वा रसात्मकः ॥

અને પૃથ્વીમા પેસીને મારા બળવડે (સર્વ) ભૂતોને હુ ધારણ કરુ છુ, અને હુ રસરૂપ ચન્દ્રમા થઈને સર્વ ઔષધિઓનુ પોષણ કરુ છુ ૧૩

अह वैश्वानरो भूत्वा प्राणिना देहमाश्रितः ।
प्राणापानसमायुक्तः पचाम्यन्न चतुर्विधम् ॥१४॥

હુ વૈશ્વાનર (જઠરાગ્નિ) થઈને પ્રાણીઓના દેહનો આશ્રય કરી રહ્યો છુ અને પ્રાણ અને અપાન વાયુથી બરાબર રીતે યુક્ત થઈને (ભોજ્ય, ભક્ષ્ય, ચોષ્ય અને લેહ્ય એવા) ચાર પ્રકારના અન્નને પચાવુ છુ ૧૪

सर्वस्य चाह हृदि सन्निविष्टो मत्तः स्मृतिर्ज्ञानमपोहनं च । वेदैश्च सर्वैरहमेव वेद्यो वेदान्तकृद्वेदविदेव चाहम् ॥ १५ ॥

અને સર્વના હૃદયમા હુ રહેલો છુ, મારા થકી સ્મૃતિ, જ્ઞાન અને વિસ્મૃતિ છે, સવ વેદોવડે જાણવા યોગ્ય હુ જ છુ, વેદાત(વેદનો નિશ્ચય કરનાર શાસ્ત્રો)નો કર્તા અને વેદોને જાણનારો હુ જ છુ ૧૫

द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च ।
क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते ।१६।

આ લોકમા ક્ષર અને અક્ષર એ બે જ પુરુષો છે, સર્વ ભૂતોને ક્ષર અને કૂટસ્થને અક્ષર કહેવામા આવે છે ૧૬

उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ।
यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः।।१७।।

(એ બેઉથી) ઉત્તમ પુરુષ તો અન્ય છે, 'પરમાત્મા' એમ તેને કહ્યો છે, તે અવ્યય (અવિનાશી) ઇશ્વર ત્રણે લોકમા પેસીને સર્વને ધારણ કરે છે ૧૭

यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः १८

જેથી ક્ષરથી પર હું છુ અને અક્ષર બ્રહ્મથી પણ ઉત્તમ છુ, તેથી આલોકમા તથા વેદમા પુરુષોત્તમ નામથી હુ પ્રસિદ્ધ છુ ૧૮

यो मामेवमसंमूढो जानाति पुरुषोत्तमम् ।
स सर्वविद्भजति मां सर्वभावेन भारत ॥१९॥

અમોહથી રહિત થયેલો જે પુરુષ એ પ્રકારે પુરુષોત્તમ તરીકે મને જાણે છે તે હે ભારત, સર્વવિદ છે અને સર્વભાવથી મને ભજે છે ૧૯

इति गुह्यतमं शास्त्रमिदमुक्तं मयानघ ।
एतद्बुद्ध्वा बुद्धिमान्स्यात्कृतकृत्यश्च भारत ॥२०॥

હે અનઘ, મે આ રીતે આ અતિ ગૂઢ શાસ્ત્ર તને કહ્યુ, હે ભારત, એને જાણી પુરુષ (તાત્પર્ય જ્ઞાનવાન) બુદ્ધિવાળો તથા કૃતકૃત્ય થાય છે ૨૦

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे पुरुषोत्तमयोगो नाम पञ्चदशोऽध्यायः ॥ १५ ॥

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતારૂપ ઉપનિષદોમા બ્રહ્મવિદ્યારૂપ અને યોગશાસ્ત્રરૂપ વિષે શ્રીકૃષ્ણાર્જુન સવાદમા પુરુષોત્તમયોગ નામનો ૧૫ મો અધ્યાય સપૂર્ણ

અધ્યાય ૧૬મો, દૈવાસુરસંપદ્વિભાગયોગ

श्रीभगवानुवाच । શ્રીભગવાન્ કહે છે,

अभयं सत्वसंशुद्धिर्ज्ञानयोगव्यवस्थितिः ।
दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तप आर्जवम् ॥१॥
अहिंसा सत्यमक्रोधस्त्यागः शांतिरपैशुनम् ।
दया भूतेष्वलोलुत्वं मार्दवं ह्रीरचापलम् ॥२॥
तेजः क्षमा धृतिः शौचमद्रोहो नातिमानिता ।
भवंति संपद दैवीमभिजातस्य भारत ॥ ३ ॥

અભય, સત્ત્વ(અંતઃકરણ)ની શુદ્ધિ, જ્ઞાન અને યોગ એ બેઉમાં સ્થિતિ, દાન, અને દમ, (ઇન્દ્રિયનિગ્રહ) અને યજ્ઞ, સ્વાધ્યાય, તપ અને સરલતા, (૧) અહિંસા, સત્ય, અક્રોધ, ત્યાગ, શાંતિ, અપૈશુન (ચાડી ન કરવી), ભૂતોમાં દયા, ઇંદ્રિયોની લલુતારહિતપણું, મૃદુતા, લજ્જા, ચપલતારહિતપણું, (૨) તેજ, ક્ષમા, ધૃતિ, શૌચ, અદ્રોહ, માનપણાનો બીલકુલ અભાવ એ હે ભારત, અભિજાત (ખાનદાન) પુરુષની દૈવી સંપત્તિ થાય છે ૩

दंभो दर्पोऽभिमानश्च क्रोधः पारुष्यमेव च ।
अज्ञानं चाभिजातस्य पार्थ संपदमासुरीम् ॥४॥

દંભ, દર્પ અને અભિમાન, ક્રોધ અને પારુષ્ય (કઠોરપણુ) તથા અજ્ઞાન એ હે પાર્થ, અભિજાતની આસુરી સંપત્તિ છે ૪

दैवी संपद्विमोक्षाय निबंधायासुरी मता ।
मा शुचः संपदं दैवीमभिजातोऽसि पांडव ॥५॥

દૈવી સંપત્તિ વિમોક્ષ માટે છે તથા આસુરી સંપત્તિ બંધન માટે મનાયેલી છે હે પાંડવ, તું દૈવી સંપત્તિમા જન્મ્યો છે, માટે શોક મા કર ૫

द्वौ भूतसर्गौ लोकेऽस्मिन्दैव आसुर एव च ।
दैवो विस्तरशः प्रोक्त आसुरं पार्थ मे शृणु ॥६॥

આ લોકમા દૈવ અને આસુર એ જ બે પ્રકારની ભૂતસૃષ્ટિ છે, તેમા દૈવી ભૂતસૃષ્ટિ ઘણા વિસ્તારથી કહી છે હે પાર્થ, હવે આસુરસૃષ્ટિ વિષે મારાથી સાભળ ૬

प्रवृत्तिं च निवृत्तिं च जना न विदुरासुराः ।
न शौचं नापि चाचारो न सत्यं तेषु विद्यते॥७॥

આસુરસ્વભાવવાળા જનો પ્રવૃત્તિ તથા નિવૃત્તિને જાણતા નથી તથા નથી તેઓમા શૌચ કે નથી તેઓમા આચાર કે નથી તેઓમા સત્ય મળતુ, ૭

असत्यमप्रतिष्ठं ते जगदाहुरनीश्वरम् ।
अपरस्परसंभूतं किमन्यत्कामहैतुकम् ॥ ८ ॥

તે (આસુરો) જગતને અસત્ય, નિરાધાર, ઈશ્વર વિનાનું તથા પરસ્પરના સંયોગ (કાર્યકારણ) વિના બનેલું કહે છે, કામના ભોગ વિના તેમાં બીજો હેતુ શો હોઇ શકે? ૮

एतां दृष्टिमवष्टभ्य नष्टात्मानोऽल्पबुद्धयः ।
प्रभवंत्युग्रकर्माणः क्षयाय जगतोऽहिताः ॥ ९ ॥

આ દૃષ્ટિને અવલંબીને નષ્ટાત્મા (આત્મઘાતી), અલ્પબુદ્ધિવાળા, ઉગ્ર કર્મ કરનારા અને (પ્રાણીના) શત્રુઓ જગતનો નાશ કરવા માટેજ જન્મે છે, ૯

काममाश्रित्य दुष्पूरं दम्भमानमदान्विताः ।
मोहाद्गृहीत्वासद्ग्राहान्प्रवर्तन्तेऽशुचिव्रताः॥१०॥

દુષ્પૂર કામનો આશ્રય ધરીને, દંભ, માન અને મદથી ભરેલા તેઓ મોહથી અશુભ નિશ્ચયો ગ્રહણ કરી, અપવિત્ર આચરણવાળા થઈ પ્રવર્તે છે, ૧૦

चिन्तामपरिमेयां च प्रलयान्तामुपाश्रिताः ।
कामोपभोगपरमा एतावदिति निश्चिताः ॥११॥

અને નહિ મપાય એવી અને પ્રલયે જેનો અત આવે એવી ચિંતાનો આશ્રય કરી રહેલા તથા કામ અને ભોગને પરમ પુરુષાર્થ માનનારા એટલુ જ કર્તવ્ય છે એવા નિશ્ચયવાળા બને છે, ૧૧

आशापाशशतैर्बद्धाः कामक्रोधपरायणाः ।
ईहन्ते कामभोगार्थमन्यायेनार्थसञ्चयान् ॥१२॥

આશાના સેકડો પાશોથી બધાયેલા, કામ અને ક્રોધમા તત્પર થયેલા તેઓ વિષયભોગ માટે અન્યાયથી પૈસો એકઠો કરવા ઇચ્છે છે, ૧૨

इदमद्य मया लब्धमिम प्राप्स्ये मनोरथम् ।
इदमस्तीदमपि मे भविष्यति पुनर्धनम् ॥ १३ ॥
असौ मया हतः शत्रुर्हनिष्ये चापरानपि ।
ईश्वरोऽहमह भोगी सिद्धोऽह बलवान्सुखी १४
आढ्योऽभिजनवानस्मि कोऽन्योऽस्ति सदृशो मया । यक्ष्ये दास्यामि मोदिष्य इत्यज्ञानविमोहिताः ॥ १५ ॥
अनेकचित्तविभ्रान्ता मोहजालसमावृताः ।
प्रसक्ताः कामभोगेषु पतन्ति नरकेऽशुचौ॥१६॥

આ આજે મે મેળવ્યુ, આ મનોરથ હુ પામીશ, આ તો મારુ છે, (અને) વળી આ ધન પણ મારુ થશે, (૧૩) આ શત્રુને મે માર્યો છે અને બીજા શત્રુઓને પણ હુ મારીશ, ઈશ્વર હુ છુ, નિર્ગુણ ભોગી હુ છુ, સિદ્ધ હુ છુ, બળવાન છુ, સુખી છુ, (૧૪) હુ ધનવાન છુ, હુ કુલીન છુ, મારી બરોબરીઓ બીજો કોણ છે? હુ યજન કરીશ, હુ દાન કરીશ, હુ મોજ માણીશ, એવા એવા અજ્ઞાનથી તેઓ વિમૂઢ થયેલા છે, (૧૫) અનેક પ્રકારના ચિત્તના સઙ્કલ્પ વિકલ્પોથી વિભ્રાત થએલા, ચારે બાજુએ મોહરૂપી જાળથી વિટાયલા, વિષયભોગોમા અતિ આસક્ત એવા તેઓ અપવિત્ર નરકમા પડે છે ૧૬

आत्मसम्भाविताः स्तब्धा धनमानमदान्विताः ।
यजन्ते नामयज्ञैस्ते दम्भेनाविधिपूर्वकम् ॥१७॥

પોતાના મનથી જ મોટા માની બેઠેલા, નમ્રતા શૂન્ય, ધન, માન અને મદથી ભરેલા તેઓ નામના યજ્ઞોવડે દંભને લીધે અવિધિપૂર્વક યજન કરે છે ૧૭

अहङ्कार बलं दर्प काम क्रोधं च संश्रिताः ।
मामात्मपरदेहेषु प्रद्विषन्तोऽभ्यसूयकाः ॥ १८ ॥

અહંકાર, બળ, ગર્વ, કામ અને ક્રોધનો આશ્રય કરનારા તેઓ પોતાના અને પરના દેહોમાં રહેલો જે હું તેનો દ્વેષ કરે છે અને અદેખાઈ કરે છે ૧૮

तानहं द्विषतः क्रूरान्संसारेषु नराधमान् ।
क्षिपाम्यजस्रमशुभानासुरीष्वेव योनिषु ॥१९॥

સંસારમાં ક્રૂર, દ્વેષી, મનુષ્યોમાં અધમ તથા અશુભ કર્મ કરનાર તેઓને નિરંતર આસુરી યોનિમાં જ હું નાખું છું ૧૯

आसुरीं योनिमापन्ना मूढा जन्मनि जन्मनि ।
मामप्राप्यैव कौन्तेय ततो यान्त्यधमां गतिम्॥२०॥

આસુરી જાતિમાં પડેલા એ મૂઢો જન્મોજન્મ મને ન પામતા હે કૌંતેય, પાછા તેનાથી અધમ ગતિને પામે છે ૨૦

त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः ।
कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत्त्रयं त्यजेत्२१

નરકનું આ ત્રણ પ્રકારનું દ્વાર આત્માનો નાશ કરનારું છે કામ, ક્રોધ તથા લોભ, તેટલા માટે એ ત્રણેને અવશ્ય તજવા ૨૧

एतैर्विमुक्तः कौन्तेय तमोद्वारैस्त्रिभिर्नरः ।
आचरत्यात्मनः श्रेयस्ततो याति परां गतिम् ॥

હે કૌંતેય, એ ત્રણે તમના દ્વારોથી તદ્દન છુટેલો નર પોતાના શ્રેયને માટે (સત)આચરણ કરે છે, પછી પરમ ગતિ પામે છે ૨૨

यः शास्त्रविधिमुत्सृज्य वर्तते कामकारतः ।
न स सिद्धिमवाप्नोति न सुखं न परां गतिम्२३

જે શાસ્ત્રવિધિને છોડીને સ્વચ્છંદપણાથી વર્તે છે તે સિદ્ધિ પામતો નથી, સુખ પામતો નથી તેમ પરમ ગતિ પણ પામતો નથી, ૨૩

तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ ।
ज्ञात्वा शास्त्रविधानोक्तं कर्म कर्तुमिहार्हसि ।२४।

તેટલા માટે કર્તવ્ય અને અકર્તવ્યની વ્યવસ્થામા તારે શાસ્ત્ર પ્રમાણ ગણવુ શાસ્ત્રે વિહિત કરેલા કર્મ જાણીને તારે તે કરવા જોઇએ ૨૪

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे दैवासुरसंपद्विभागयोगो नाम षोडशोऽध्याय ॥१६॥

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતારૂપ ઉપનિષદોમાં બ્રહ્મવિદ્યારૂપ અને યોગશાસ્ત્રરૂપ શ્રીકૃષ્ણાર્જુન સવાદમા દૈવી અને આસુરી સપત્તિઓના ભેદ એ સુરસપદ્વિભાગયોગ નામનો ૧૬ મો અધ્યાય સપૂર્ણ

અધ્યાય ૧૭ મો, શ્રદ્ધાત્રયવિભાગયોગ

अर्जुन उवाच । અર્જુન પૂછે છે,

ये शास्त्रविधिमुत्सृज्य यजन्ते श्रद्धयान्विताः ।
तेषां निष्ठा तु का कृष्ण सत्वमाहो रजस्तमः ।१।

જેઓ શાસ્ત્રવિધિને છોડીને, શ્રદ્ધાળુ થઈને યજન કરે છે, તેમની નિષ્ઠા કેવા પ્રકારની છે? હે કૃષ્ણ, સાત્વિકી, રાજસી કે તામસી? ૧

श्रीभगवानुवाच । શ્રી ભગવાન્ કહે છે,

त्रिविधा भवति श्रद्धा देहिनां सा स्वभावजा ।
सात्विकी राजसी चैव तामसी चेति तां शृणु।२।

દેહીઓની શ્રદ્ધા સ્વભાવ જન્ય છે, તે ત્રણ પ્રકારની થાય છે, તેમને સાત્વિકી, રાજસી અને તામસી, કહે છે તે વિષે સાંભળ ૨

सत्त्वानुरूपा सर्वस्य श्रद्धा भवति भारत ।
श्रद्धामयोऽयं पुरुषो यो यच्छ्रद्धः स एव सः ।३।

સર્વ (પુરુષ)ની શ્રદ્ધા હે ભારત, સત્ત્વાનુરૂપા (પોતપોતાના સંસ્કાર વિશેષ યુક્ત અંતઃકરણ પ્રમાણે) થાય છે આવો પુરુષ શ્રદ્ધામય છે જે જેવી શ્રદ્ધાવાળો છે તેને તેવો સમજવો ૩

यजन्ते सात्विका देवान्यक्षरक्षांसि राजसाः ।
प्रेतान्भूतगणांश्चान्ये यजन्ते तामसा जनाः ॥४॥

સાત્ત્વિકો દેવોને યજે છે, રાજસો યક્ષોને અને રાક્ષસોને યજે છે, અને બીજા તામસજનો પ્રેતોને અને ભૂતસમૂહને યજે છે ૪

अशास्त्रविहितं घोरं तप्यन्ते ये तपो जनाः ।
दम्भाहङ्कारसंयुक्ताः कामरागबलान्विताः ॥५॥

જે જનો શાસ્ત્રોમાં ન કહેલું ઘોર તપ તપે છે, દંભ અને અહંકારથી ભરેલા છે, કામ, રાગ અને બળથી યુક્ત છે, ૫

कर्षयन्तः शरीरस्थं भूतग्राममचेतसः ।
मां चैवान्तःशरीरस्थं तान्विद्ध्यासुरनिश्चयान् ।६।

વળી જેઓ શરીરમાં રહેલા ભૂતસમૂહને તથા અંતઃકરણમાં રહેલા મને દુર્બળ કરે છે, તેઓ અવિચારી છે, તેમને તું આસુર નિશ્ચયવાળા જાણ ૬

आहारस्त्वपि सर्वस्य त्रिविधो भवति प्रियः ।
यज्ञस्तपस्तथा दानं तेषां भेदमिमं शृणु ॥७॥

વળી સર્વનો પ્રિય આહાર પણ ત્રણ પ્રકારનો થાય છે, તેમ યજ્ઞ, તપ તથા દાનના (ત્રણ ભેદ છે), તેઓના આ ભેદોને શ્રવણ કર ૭

आयुःसत्त्वबलारोग्यसुखप्रीतिविवर्धनाः । रस्याः स्निग्धाः स्थिरा हृद्या आहाराः सात्त्विकप्रियाः ८
कट्वम्ललवणात्युष्णतीक्ष्णरूक्षविदाहिनः ।
आहारा राजसस्येष्टा दुःखशोकामयप्रदाः ॥९॥
यातयामं गतरसं पूति पर्युषितं च यत् ।
उच्छिष्टमपि चामेध्यं भोजनं तामसप्रियम् ।१०।

આયુષ્ય, બુદ્ધિ, બળ, આરોગ્ય, સુખ અને પ્રીતિ(રુચિ)ને વધારનારા, સ્વાદિષ્ટ, ચિકાશવાળા (ઘી, તેલાદિ), શરીરમા (રક્તવીર્યાદિરૂપે) સ્થિર રહેનારા તથા હૃદયને પ્રસન્ન કરે એવા આહારો સાત્વિક જનોને પ્રિય હોય છે, (૮) કડવા, ખાટા, ખારા, ઘણા ઊના, તીખા, લુખા અને દાહ કરનારા આહારો રાજસ જનોને પ્રિય હોય છે, જે દુખકારક, શોકકારક અને રોગજનક છે, (૯) જે રાધ્યાને એક પહોર વીતી ગયેલુ, રસ ઉડી ગયેલુ, બગડેલુ, એક રાત વાસી રહેલુ, એઠુ, અને યજ્ઞમાન અપાય એવુ (શાસ્ત્રથી નિષેધ ગણાયેલુ) ભોજન છે તે તામસ જનોને પ્રિય હોય છે ૧૦

अफलाकाङ्क्षिभिर्यज्ञो विधिदृष्टो य इज्यते ।
यष्टव्यमेवेति मनः समाधाय स सात्त्विकः ।११।

अभिसन्धाय तु फलं दम्भार्थमपि चैव यत् ।
इज्यते भरतश्रेष्ठ तं यज्ञं विद्धि राजसम् ॥१२॥
विधिहीनमसृष्टान्नं मन्त्रहीनमदक्षिणम् ।
श्रद्धाविरहितं यज्ञं तामसं परिचक्षते ॥ १३ ॥

આ યજ્ઞ કરવો જ જોઇએ એમ મનમા નિશ્ચય કરી, ફળની આશાનો ત્યાગ કરનારાઓથી શાસ્ત્રોમા બતાવેલા જે યજ્ઞ કરાય તે જ યજ્ઞ સાત્ત્વિક જાણવો, (૧૧) ફલની આકાક્ષા રાખીને તેમ જ દભને માટે પણ હે ભરતશ્રેષ્ઠ, જે યજ્ઞ કરાય છે તે યજ્ઞને રાજસ જાણવો,(૧૨) શાસ્ત્રવિધિ રહિત, અન્નદાન રહિત, મત્ર રહિત, દક્ષિણા રહિત અને શ્રદ્ધા રહિત કરેલા યજ્ઞને તામસ યજ્ઞ કહે છે ૧૩

देवद्विजगुरुप्राज्ञपूजनं शौचमार्जवम् ।
ब्रह्मचर्यमहिंसा च शारीरं तप उच्यते ॥ १४ ॥

દેવ, દ્વિજ, ગુરુ અને પ્રાજ્ઞનુ પૂજન, શરીરની શુદ્ધિ, સરળતા, બ્રહ્મચર્ય તથા અહિંસા એ શરીર સબધી તપ કહેવાય છે ૧૪

अनुद्वेगकरं वाक्यं सत्यं प्रियहितं च यत् ।
स्वाध्यायाभ्यसनं चैव वाङ्मयं तप उच्यते १५

ઉદ્વેગ ન કરે એવુ, સાચુ, પ્રિય તથા હિતકર એવુ જે વાક્ય, તેમ જ વેદ વગેરે ગ્રન્થને અભ્યાસ એ વાઙ્મય તપ કહેવાય છે ૧૫

मनःप्रसादः सौम्यत्वं मौनमात्मविनिग्रहः ।
भावसंशुद्धिरित्येतत्तपो मानसमुच्यते ॥ १६ ॥

મનની પ્રસન્નતા, સૌમ્યતા, મૌન, મનનો સપૂર્ણ નિગ્રહ અને અત કરણની સારી વૃત્તિ, એ માનસિક તપ કહેવાય છે ૧૬

श्रद्धया परया तप्तं तपस्तत्त्रिविधं नरैः ।
अफलाकाङ्क्षिभिर्युक्तैः सात्त्विकं परिचक्षते ।१७।

ફળની આકાક્ષા ન રાખનારા, યોગયુક્ત નરોએ પરમ શ્રદ્ધાવડે કરેલા ઉપર કહેલા ત્રણે પ્રકારના તપને સાત્ત્વિક કહે છે, ૧૭

सत्कारमानपूजार्थं तपो दम्भेन चैव यत् ।
क्रियते तदिह प्रोक्तं राजसं चलमध्रुवम् ॥१८॥

સત્કાર, માન અને પૂજા માટે તથા દભથી જ જ તપ કરાય છે તેને આલોકમા રાજસ કહે છે, તે ચલાયમાન અને અધ્રુવ છે, ૧૮

मूढग्राहेणात्मनो यत्पीडया क्रियते तपः ।
परस्योत्सादनार्थं वा तत्तामसमुदाहृतम् ॥१९॥

જે તપ અજ્ઞાનવાળા આગ્રહથી પોતાને પીડીને અથવા બીજા પ્રાણીને વિનાશ કરવા માટે આચરાય છે તેને તામસ તપ કહ્યુ છે ૧૯

दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे ।
देशे काले च पात्रे च तद्दान सात्त्विकं स्मृतम्२०

અમુક દાન દેવુ જ જોઇએ, એમ ધારીને જે દાન દેશ, કાળ ને પાત્ર જોઇને અને અનુપકારી માણસને દેવાય છે તે દાન સાત્વિક કહેવાય છે, ૨૦

यत्तु प्रत्युपकारार्थं फलमुद्दिश्य वा पुनः ।
दीयते च परिक्लिष्टं तद्दानं राजस स्मृतम्॥२१॥

સામો માણસ ફરીથી પોતાપર ઉપકાર કરે તે માટે અથવા પુન ફળ થવાની આશા રાખીને તથા મનથી કચવાઇને જે દાન દેવાય છે તે રાજસ કહેવાય છે, ૨૧

अदेशकाले यद्दानमपात्रेभ्यश्च दीयते ।
असत्कृतमवज्ञात तत्तामसमुदाहृतम् ॥ २२ ॥

જે દાન અપવિત્ર સ્થાનમા અને અવિહિત કાળમા અને અપાત્રોને અને સત્કાર કર્યા વિના તથા તિરસ્કારપૂર્વક અપાય છે તે તામસ કહેવાય છે ૨૨

ओं तत्सदिति निर्देशो ब्रह्मणस्त्रिविधः स्मृतः ।
ब्राह्मणास्तेन वेदाश्च यज्ञाश्च विहिताः पुरा २३

ૐ, તત્ અને સત્ એવો ત્રણ પ્રકારનો બ્રહ્મનો નિર્દેશ કહેલો છે અને તેવડે પૂર્વે (મેં અથવા પ્રજાપતિએ(બ્રાહ્મણોને (બ્રહ્મને જાણનારાઓને) વેદોને અને યજ્ઞોને ઉત્પન્ન કર્યા છે ૨૩

तस्मादोमित्युदाहृत्य यज्ञदानतपःक्रियाः ।
प्रवर्तन्ते विधानोक्ताः सततं ब्रह्मवादिनाम् ।२४।

તે માટે ૐ એમ બોલીને બ્રહ્મવાદીઓની શાસ્ત્રમા કહેલી યજ્ઞ, દાન અને તપ રૂપ ક્રિયાઓ નિરતર પ્રવર્તે છે ૨૪

तदित्यनभिसन्धाय फलं यज्ञतपःक्रियाः ।
दानक्रियाश्च विविधाःक्रियन्ते मोक्षकाङ्क्षिभिः।

ફળની ઇચ્છા ન રાખીને તત્ (બ્રહ્મ) तत એમ બોલીને મોક્ષની કાક્ષા રાખનારાઓથી જાતજાતની યજ્ઞક્રિયા, તપક્રિયા અને દાનક્રિયાઓ કરાય છે ૨૫

सद्भावे साधुभावे च सदित्येतत्प्रयुज्यते ।
प्रशस्ते कर्मणि तथा सच्छब्दः पार्थ युज्यते २६

અપૂર્ણતાની નિવૃત્તિ માટે સદ્ભાવમા અને સાધુભાવમા 'સત્' सत એ શબ્દ વપરાય છે,

તેમજ કલ્યાણકારી કર્મમા પણ હે પાર્થ, સત્ એ શબ્દ યોજાય છે ૨૬

यज्ञे तपसि दाने च स्थितिः सदिति चोच्यते ।
कर्म चैव तदर्थीय सदित्येवाभिधीयते ॥ २७ ॥

યજ્ઞમા, તપમા અને દાનમાની સ્થિતિને પણ 'સત્' सत् એમ કહેવાય છે અને તે માટે જે કર્મ કરાય તે પણ સત્ सत् એમ કહેવાય છે ૨૭

अश्रद्धया हुतं दत्त तपस्तप्तं कृतं च यत् ।
असदित्युच्यते पार्थ न च तत्प्रेत्य नो इह॥२८॥

અશ્રદ્ધાથી હોમેલુ, દાન કરેલુ, તપ તપેલુ અને જે કઈ કર્યું હોય તે અસત્ असत् એમ કહેવાય છે. હે પાર્થ, તે (યજ્ઞ, દાન, અને તપ) પરલોકમા ફલદાતા થતા નથી તથા આલોકમા પણ ફલ-દાતા થતા નથી ૨૮

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे श्रद्धात्रयविभागयोगो नाम सप्तदशोऽध्याय. ॥१७॥

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતારૂપ ઉપનિષદોમા બ્રહ્મવિદ્યારૂપ અને યોગશાસ્ત્રરૂપ શ્રીકૃષ્ણાર્જુનસવાદમા શ્રદ્ધાત્રય વિભાગયોગ નામનો ૧૭ મો અધ્યાય સપૂર્ણ

અધ્યાય ૧૮ મો, મોક્ષસંન્યાસયોગ

अर्जुन उवाच । અર્જુન કહે છે,

संन्यासस्य महाबाहो तत्त्वमिच्छामि वेदितुम् ।
त्यागस्य च हृषीकेश पृथक्केशिनिषूदन ॥ १ ॥

હે મહાબાહો, હે હૃષીકેશ, હે કેશિનિષૂદન, હું સન્યાસનું તથા ત્યાગનું તત્ત્વ જુદું જુદું જાણવા ઇચ્છું છું ૧

श्रीभगवानुवाच । શ્રીભગવાન્ કહે છે,

काम्यानां कर्मणां न्यासं संन्यासं कवयो विदुः ।
सर्वकर्मफलत्यागं प्राहुस्त्यागं विचक्षणाः ॥ २ ॥

કવિઓ (પંડિતો) કામ્ય કર્મોના ત્યાગને સન્યાસ કહે છે અને વિચક્ષણ નરો સર્વ કર્મોના ફળોના ત્યાગને ત્યાગ કહે છે ૨

त्याज्यं दोषवदित्येके कर्म प्राहुर्मनीषिणः ।
यज्ञदानतपः कर्म न त्याज्यमिति चापरे ॥ ३ ॥

દોષની પેઠે કર્મ ત્યજવા યોગ્ય છે એવું કેટલાક બુદ્ધિમાનો કહે છે યજ્ઞ, દાન અને તપ, એ કર્મો ન છોડવા, એમ બીજાઓ કહે છે ૩

निश्चयं शृणु मे तत्र त्यागे भरतसत्तम ।
त्यागो हि पुरुषव्याघ्र त्रिविधः संप्रकीर्तितः ४

હે ભરતસત્તમ, તે (કર્મ) ત્યાગ વિષે મારો સિદ્ધાંત સાભળ હે પુરુષવ્યાઘ્ર, ત્યાગ પણ ત્રણ પ્રકારનો વર્ણવ્યો છે ૪

यज्ञदानतपःकर्म न त्याज्यं कार्यमेव तत् ।
यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम् ॥५॥

યજ્ઞ, દાન અને તપ, એ સબધી કર્મો છોડવા યોગ્ય નથી, તે તો કરવાના જ છે યજ્ઞ, દાન તથા તપ એ કર્મો બુદ્ધિમાનોને પાવન કરનારા છે ૫

एतान्यपि तु कर्माणि संगं त्यक्त्वा फलानि च ।
कर्तव्यानीति मे पार्थ निश्चितं मतमुत्तमम् ॥६॥

વળી એ (યજ્ઞ, દાન તથા તપાદિ) કર્મો તો સગ (આસક્તિ) અને ફળોને છોડીને અવશ્ય કરવા એવુ હે પાર્થ, મારુ નિશ્ચિત ને ઉત્તમ મત છે ૬

नियतस्य तु संन्यासः कर्मणो नोपपद्यते ।
मोहात्तस्य परित्यागस्तामसः परिकीर्तितः ॥७॥

વળી નિયતકર્મ(એટલે નિત્ય કરવાના કર્મો છે તે)નો તો ત્યાગ સભવતો જ નથી મોહુથી તેનો જે પરિત્યાગ તેને તામસ ત્યાગ કહેલો છે, ૭

दुःखमित्येव यत्कर्म कायक्लेशभयात्त्यजेत् ।
स कृत्वा राजस त्याग नैव त्यागफलं लभेत् ८

આ એક દુ ખ છે એમ કરી જે કર્મો કરવાના છે, તેને કાયાને કષ્ટ થવાના ભયથી જે છોડે છે, તે માણસ રાજસ ત્યાગ કરે છે અને તે ત્યાગનુ ફળ તે કદી પણ પામતો નથી, ૮

कार्यमित्येव यत्कर्म नियतं क्रियतेऽर्जुन ।
सङ्ग त्यक्त्वा फलं चैव स त्यागः सात्त्विको मतः

આ કર્તવ્ય છે, એમ જાણીને હે અર્જુન! જે નિયત કર્મ છે તે સગ અને ફળ છોડીને કરાય છે તે ત્યાગ સાત્વિક કહેવાય છે ૯

न द्वेष्ट्यकुशलं कर्म कुशले नानुषज्जते ।
त्यागी सत्त्वसमाविष्टो मेधावी छिन्नसंशयः।१०।

જે માણસ અકુશળ કર્મમા દ્વેષ કરતો નથી અને કુશળ કર્મમા પ્રીતિ કરતો નથી તે ત્યાગી છે સત્ત્વગુણમા તેનો અપૂર્ણ પ્રવેશ છે, તે બુદ્ધિમાન છે, તેના સશયોનો નાશ થયલો છે. ૧૦

नहि देहभृता शक्य त्यक्तु कर्माण्यशेषतः ।
यस्तु कर्मफलत्यागी स त्यागीत्यभिधीयते ।११।

દેહાભિમાનીથી તો અશેષ (સપૂર્ણ રીતે) કર્મો છોડાવા શકયજ નથી, છતા જે કર્મફળનો ત્યાગી છે તેજ ત્યાગી છે એમ કહેવાય છે ૧૧

अनिष्टमिष्टं मिश्र च त्रिविध कर्मणः फलम् ।
भवत्यत्यागिना प्रेत्य न तु सन्यासिना क्वचित्॥

કર્મનુ અનિષ્ટ, ઈષ્ટ તથા મિશ્ર, એમ ત્રણ પ્રકારનુ ફળ છે તે અત્યાગીઓને મુઆ પછી પણ મળે છે, પણ સન્યાસીઓને કદી (મરણ પહેલા કે મૃત્યુ પછી) પણ મળતુ નથી ૧૨

पञ्चैतानि महाबाहो कारणानि निबोध मे ।
साङ्ख्येकृतान्तेप्रोक्तानिसिद्धयेसर्वकर्मणाम्१३

હે મહાબાહો, સર્વ કર્મોની સિદ્ધિ માટે કર્મની સમાપ્તિવાળા સાખ્ય સિદ્ધાતમા (વેદાતમા) કહેલા આ પાચ કારણો મારાથી સમજી લે ૧૩

अधिष्ठानं तथा कर्ता करणं च पृथग्विधम् ।
विविधाश्च पृथक्चेष्टा दैवं चैवात्र पञ्चमम्॥१४॥

એમા અધિષ્ઠાન (આધાર–શરીર) તથા કર્તા (જીવ) અને (ઇન્દ્રિયાદિ) જુદી જુદી કરણો તથા અનેક પ્રકારની જુદી જુદી ક્રિયારૂપ ચેષ્ટાઓ તેમજ દૈવ પણ એ કારણોમા પાચમુ ગણાય છે ૧૪

शरीरवाङ्मनोभिर्यत्कर्म प्रारभते नरः ।
न्याय्यं वा विपरीत वा पञ्चैते तस्य हेतवः॥१५॥

શરીર, વાણી અને મનથી જે ન્યાય્ય અથવા વિપરીત કર્મ માણસ આરભે છે તે (કર્મ)ના આ પાચ હેતુઓ છે ૧૫

तत्रैव सति कर्तारमात्मान केवल तु यः ।
पश्यत्यकृतबुद्धित्वान्न स पश्यति दुर्मतिः॥१६॥

ત્યા (કર્મની) એવી વ્યવસ્થા છે છતા જે માણસ (અસગ) આત્માનેજ કર્તા દેખે છે, તે દુર્મતિ અકૃત બુદ્ધિપણાને લીધે (સસ્કારી બુદ્ધિપણાના અભાવને લીધે) ખરુ દેખતો નથી ૧૬

यस्य नाहंकृतो भावो बुद्धिर्यस्य न लिप्यते ।
हत्वापि स इमॉल्लोकान्न हन्ति न निबध्यते ।१७।

હુ કર્તા છુ એવો જેનો ભાવ નથી અને જેની બુદ્ધિ લેપાતી નથી, તે આ લોકોને હણીને પણ હણાતો નથી અને બધાતો નથી ૧૭

ज्ञानं ज्ञेयं परिज्ञाता त्रिविधा कर्मचोदना ।
करण कर्म कर्तेति त्रिविधः कर्मसङ्ग्रहः ॥ १८ ॥

જ્ઞાન, જ્ઞેય અને પરિજ્ઞાતા, એ ત્રણ પ્રકારના કર્મના પ્રેરક છે, કરણ, કર્મ અને કર્તા એમ ત્રણ પ્રકારનો કર્મનો સગ્રહ (આશ્રય) છે ૧૮

ज्ञानं कर्म च कर्ता च त्रिधैव गुणभेदतः ।
प्रोच्यते गुणसङ्ख्याने यथावच्छृणु तान्यपि १९

વળી જ્ઞાન અને કર્મ અને કર્તા, ગુણના ભેદે કરીને ત્રણ પ્રકારના સાખ્યશાસ્ત્રમા કહ્યા છે, તે પણ તુ બરાબર સાભળ ૧૯

सर्वभूतेषु येनैकं भावमव्ययमीक्षते ।
अविभक्त विभक्तेषु तज्ज्ञानं विद्धि सात्विकम्२०

જેવડે જુદા જુદા પડેલા સર્વ ભૂતોમા એક જ અવિભક્ત અવ્યય ભાવને જોવાય છે તે જ્ઞાનને તુ સાત્વિક જ્ઞાન જાણ, ૨૦

पृथक्त्वेन तु यज्ज्ञान नानाभावान्पृथग्विधान ।
वेत्ति सर्वेषु भूतेषु तज्ज्ञानं विद्धि राजसम् ।२१।

વળી સર્વ ભૂતોમા જે જ્ઞાન જુદાપણાથી જુદા જુદા ભેદથી રહેલા વિવિધ ભાવોને જાણે છે ત જ્ઞાનને તુ રાજસ જ્ઞાન જાણ, ૨૧

यत्तु कृत्स्नवदेकस्मिन्कार्ये सक्तमहैतुकम् ।
अतत्त्वार्थवदल्पं च तत्तामसमुदाहृतम् ॥ २२ ॥

વળી એકજ કાર્યમા પરિપૂર્ણની પેઠે બધુ લાગ્યુ હોય, જે હેતુથી રહિત, તત્ત્વાર્થથી રહિત અને અલ્પ હોય તે જ્ઞાનને તામસ જ્ઞાન કહ્યુ છે ૨૨

नियतं सङ्गरहितमरागद्वेषतः कृतम् ।
अफलप्रेप्सुना कर्म यत्तत्सात्त्विकमुच्यते ॥२३॥

ફલની ઇચ્છા નહિ કરનારાએ આસક્તિ વિના, રાગ અને દ્વેષ વિના ઠરાવેલુ કાર્ય કર્યું હોય તે સાત્વિક કર્મ કહેવાય છે, ૨૩

यत्तु कामेप्सुना कर्म साहङ्कारेण वा पुनः ।
क्रियते बहुलायासं तद्राजसमुदाहृतम् ॥ २४ ॥

ફળની કામનાવાળાથી અથવા વળી અહકાર-વાળાથી ઘણો ક્લેશ કરાવે એવુ જે કર્મ કરાય છે તેને રાજસ કર્મ કહ્યુ છે, ૨૪

अनुबन्धं क्षयं हिंसामनपेक्ष्य च पौरुषम् ।
मोहादारभ्यते कर्म तत्तामसमुदाहृतम् ॥ २५ ॥

અનુબધ (પૂર્વાપરનો સબધ), ક્ષય, હિસા અને પુરુષાર્થને વિચાર્યા વિના મોહથી જે કર્મ આરભાય છે, તે તામસ કહેવાય છે ૨૫

मुक्तसङ्गोऽनहंवादी धृत्युत्साहसमन्वितः ।
सिद्ध्यसिद्ध्योर्निर्विकारः कर्ता सात्त्विक उच्यते

સગ(આસક્તિ)થી મુક્ત, પોતાને કર્તા ન માનનારો, ધૈર્ય અને ઉત્સાહથી યુક્ત, સિદ્ધિ અને અસિદ્ધિમા વિકારરહિત એવો કર્તા તે સાત્વિક કર્તા કહેવાય છે, ૨૬

रागी कर्मफलप्रेप्सुर्लुब्धो हिंसात्मकोऽशुचिः ।
हर्षशोकान्वितः कर्ता राजसः परिकीर्तितः ।२७।

રાગ(પ્રીતિ)વાળો, કર્મના ફળની ઇચ્છાવાળો, લોભી, હિંસક સ્વભાવવાળો, અપવિત્ર હર્ષ અને શોકયુક્ત એવો કર્તા તે રાજસ કર્તા કહેવાય છે, ૨૭

अयुक्तः प्राकृतः स्तब्धः शठो नैष्कृतिकोऽलसः ।
विषादी दीर्घसूत्री च कर्ता तामस उच्यते ।२८।

અયુક્ત (અસ્થિર), પ્રાકૃત (અવિવેકી), સ્તબ્ધ (જડ), શઠ (માયાવી), નૈષ્કૃતિક (પારકાનુ છેદનભેદન કરનાર), આળસુ, વિષાદી (રોજનો રડતો), અને દીર્ઘસૂત્રી (તરત નિકાલ ન કરે તે) કર્તા તામસ કર્તા કહેવાય છે ૨૮

बुद्धेर्भेदं धृतेश्चैव गुणतस्त्रिविधं शृणु ।
प्रोच्यमानमशेषेण पृथक्त्वेन धनंजय ॥ २९ ॥

બુદ્ધિના તથા ધૃતિના ભેદો ત્રણ ગુણથી ત્રણ પ્રકારના છે તે જુદા જુદા સંપૂર્ણ રીતે કહેવાય તે હે ધનંજય, સાંભળ ૨૯

प्रवृत्तिं च निवृत्तिं च कार्याकार्ये भयाभये ।
बन्धं मोक्षं च या वेत्ति बुद्धिः सा पार्थ सात्त्विकी॥

પ્રવૃત્તિને તથા નિવૃત્તિને, કાર્યને અને અકાર્યને, ભયને અને અભયને, બંધને અને મોક્ષને જે બુદ્ધિ જાણે છે, તે બુદ્ધિ હે પાર્થ, સાત્ત્વિકી છે, ૩૦

यया धर्ममधर्मं च कार्यं चाकार्यमेव च ।
अयथावत्प्रजानाति बुद्धिः सा पार्थ राजसी ३१

જે બુદ્ધિથી ધર્મને અને અધર્મને, કાર્યને અને અકાર્યને માણસ બરાબર રીતે જાણતો નથી તે બુદ્ધિ હે પાર્થ રાજસી છે, ૩૧

अधर्मं धर्ममिति या मन्यते तमसावृता ।
सर्वार्थान्विपरीतांश्च बुद्धिः सा पार्थ तामसी ३२

મોહથી ઢંકાયેલી જે બુદ્ધિ અધર્મને ધર્મ માને છે, તથા સર્વ અર્થોને ઉલટા જાણે છે તે બુદ્ધિ હે પાર્થ, તામસી જાણવી ૩૨

धृत्या यया धारयते मनःप्राणेन्द्रियक्रियाः ।
योगेनाव्यभिचारिण्या धृतिः सा पार्थ सात्त्विकी॥

યોગવડે અવ્યભિચારિણી (અચલિત) એવી જે ધૃતિ (ધીરજ)વડે મન, પ્રાણ અને ઇન્દ્રિયોની ક્રિયાઓને ધારણ કરે છે તે ધૃતિ હે પાર્થ, સાત્વિકી છે, ૩૩

यया तु धर्मकामार्थान्धृत्या धारयतेऽर्जुन ।
प्रसङ्गेन फलाकाङ्क्षी धृतिः सा पार्थ राजसी ३४

વળી જે ધૃતિવડે ધર્મ, કામ અને અર્થને હે અર્જુન, ધારણ કરે છે અને પ્રસંગને લઇને ફળની આકાંક્ષાવાળી છે તે ધૃતિ હે પાર્થ, રાજસી છે, ૩૪

यया स्वप्नं भयं शोकं विषादं मदमेव च ।
न विमुञ्चति दुर्मेधा धृतिः सा पार्थ तामसी ३५

જે ધૃતિથી સ્વપ્ન, ભય, શોક, વિષાદ તથા મદને દુર્બુદ્ધિમાન પુરુષ છોડતો નથી તે ધૃતિ હે પાર્થ, તામસી જાણવી ૩૫

सुखं त्विदानीं त्रिविधं शृणु मे भरतर्षभ ।
अभ्यासाद्रमते यत्र दुःखान्तं च निगच्छति ३६

વળી હવે ત્રણ પ્રકારના સુખને પણ હે ભરત-ર્ષભ, સાભળ જ્યા અભ્યાસને લીધે મનુષ્ય રમણ કરે છે તથા દુ ખના અતને પામે છે, ૩૬

यत्तदग्रे विषमिव परिणामेऽमृतोपमम् ।
तत्सुख सात्त्विक प्रोक्तमात्मबुद्धिप्रसादजम् ३७

જે પ્રારભમા ઝેર જેવુ લાગે અને પરિણા-મમા અમૃતતુલ્ય લાગે અને તે સાથે પોતાની બુદ્ધિની પ્રસન્નતાથી જે ઉપજે છે તે સુખ સાત્વિક સુખ કહ્યુ છે, ૩૭

विषयेन्द्रियसयोगाद्यत्तदग्रेऽमृतोपमम् ।
परिणामे विषमिव तत्सुख राजस स्मृतम् ॥३८॥

વિષયો અને ઇદ્રિયોના સયોગથી થતુ, જે પ્રારભમા અમૃતતુલ્ય લાગે અને પરિણામે ઝેર જવુ જણાય તે સુખ રાજસ કહ્યુ છે, ૩૮

यदग्रे चानुबन्धे च सुख मोहनमात्मनः ।
निद्रालस्यप्रमादोत्थं तत्तामसमुदाहृतम् ॥ ३९॥

જે સુખ આરભે તથા અનુબધે પોતાનીજ બુદ્ધિને મોહ કરે તથા નિદ્રા, આળસ અને પ્રસાદથી ઉત્પન્ન થાય, તે સુખ તામસ જાણવુ ૩૯

न तदस्ति पृथिव्या वा दिवि देवेषु वा पुनः ।
सत्वं प्रकृतिजैर्मुक्तं यदेभिः स्यात्त्रिभिर्गुणैः ४०

પૃથ્વીમા કે આકાશમા કે દેવોમા પણ એવુ સત્વ નથી કે જે પ્રકૃતિજન્ય આ ત્રણ ગુણોથી મુક્ત હોય ૪૦

ब्राह्मणक्षत्रियविशा शूद्राणा च परन्तप ।
कर्माणि प्रविभक्तानि स्वभावप्रभवैर्गुणैः ॥४१॥

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રોના કર્મો, હે પરતપ, તેમના સ્વભાવથી ઉપજેલા ગુણોવડે વેહેંચાયેલા છે ૪૧

शमो दमस्तपः शौच क्षान्तिरार्जवमेव च ।
ज्ञान विज्ञानमास्तिक्य ब्रह्मकर्म स्वभावजम् ४२

શમ (મનોનિગ્રહ), દમ (ઇન્દ્રિયનિગ્રહ), તપ, પવિત્રતા, ક્ષમા અને સરળતા તેમજ (શ્રૌત) જ્ઞાન, (પરમાત્માનુ) વિજ્ઞાન અને આસ્થા એ સ્વભાવથી થનારા બ્રાહ્મણના કર્મ છે, ૪૨

शौर्यं तेजो धृतिर्दाक्ष्यं युद्धे चाप्यपलायनम् ।
दानमीश्वरभावश्च क्षात्रं कर्म स्वभावजम्॥४३॥

શૂરવીરતા તેજસ્વીપણુ, ધૈર્ય, ચતુરાઈ અને યુદ્ધમાં પાછું ન જ હઠવું, ઉદારતા અને ઐશ્વર્ય એ સ્વભાવથી થનારા ક્ષત્રિયોના કર્મ છે, ૪૩

कृषिगोरक्ष्यवाणिज्यं वैश्यकर्म स्वभावजम् ।
परिचर्यात्मकं कर्म शूद्रस्यापि स्वभावजम् ।४४।

ખેતી, ગાયોનુ રક્ષણ અને વાણિજ્ય એ સ્વભાવથી થનારા વૈશ્યોના કર્મ છે, અને ચાકરી કરવી, એ સ્વભાવથી થતુ શૂદ્રોનુ કર્મ છે ૪૪

स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः ।
स्वकर्मनिरतः सिद्धिं यथा विन्दति तच्छृणु।४५।

પોતપોતાના કર્મોમા મચેલા પુરુષ મોક્ષરૂપી મોટી સિદ્ધિને પામે છે પોતાના કર્મમા મચેલો જે રીતે સિદ્ધિને પામે છે તે સાભળ ૪૫

यतः प्रवृत्तिर्भूतानां येन सर्वमिदं ततम् ।
स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः ४६

જેથી ભૂતોની ઉત્પત્તિ થઈ છે, જેણે આ સર્વ વ્યાપેલુ છે, તે સર્વેશ્વરને પોતાના કર્મોથી સારી રીતે પૂજીને મનુષ્ય સિદ્ધિ પામે છે ૪૬

श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वभावनियतं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ।४७।

સારી રીતે અનુષ્ઠાન કરેલા પરધર્મથી વિગુણ (ઓછા ગુણવાળો) પણ સ્વધર્મ શ્રેષ્ઠ છે સ્વભાવે નક્કી કરેલુ કર્મ કરતો પુરુષ દોષ પામતો નથી ૪૭

सहजं कर्म कौंतेय सदोषमपि न त्यजेत् ।
सर्वारम्भा हि दोषेण धूमेनाग्निरिवावृताः ॥४८॥

જે કર્મ હે કૌંતેય, સહજ છે તે દોષવાળુ હોય તોપણ તજવુ નહિ, કેમકે કર્મમાત્ર, જેમ ધુમાડાથી અગ્નિ ઢકાયેલો હોય છે તેમ, દોષોથી ઢકાયેલા છે ૪૮

असक्तबुद्धिः सर्वत्र जितात्मा विगतस्पृहः ।
नैष्कर्म्यसिद्धिं परमां संन्यासेनाधिगच्छति ४९

સર્વત્ર આસક્તિ રહિત બુદ્ધિવાળો, મનને જીતનારો, જેની સ્પૃહા જતી રહી છે તેવો પુરુષ સન્યાસથી પરમ નૈષ્કર્મ્ય સિદ્ધિને પામે છે ૪૯

सिद्धिं प्राप्तो यथा ब्रह्म तथाप्नोति निबोध मे ।
समासेनैव कौंतेय निष्ठा ज्ञानस्य या परा॥५०॥

સિદ્ધિને પ્રાપ્ત થયેલો પુરુષ જે પ્રકારે અક્ષર બ્રહ્મને પામે છે તે પ્રકારને અને જ્ઞાનની જે પરમ નિષ્ઠા છે તેને સંક્ષેપે હે કૌંતેય, સાંભળ ૫૦

बुद्ध्या विशुद्धया युक्तो धृत्यात्मानं नियम्य च ।
शब्दादीन्विषयांस्त्यक्त्वा रागद्वेषौ व्युदस्य च ॥

(કર્મફલત્યાગમાં) વિશુદ્ધ (સાંખ્યમાર્ગીય) બુદ્ધિથી યુક્ત, અને (યોગવડે અવ્યભિચારી) ધૃતિથી આત્માનું નિયમન કરીને, (અંતર્યામી ધ્યાનૈકનિષ્ઠ થઈને) શબ્દાદિ વિષયોનો ત્યાગ કરીને અને રાગદ્વેષને કાઢી નાખીને, ૫૧

विविक्तसेवी लघ्वाशी यतवाक्कायमानसः ।
ध्यानयोगपरो नित्यं वैराग्यं समुपाश्रितः ।५२।

એકાંત દેશનું સેવન કરનારો, અલ્પ આહાર કરનારો, જેણે વાચા, કાયા અને મન જીત્યાં છે એવો, નિરંતર ધ્યાનયોગમાં તત્પર, વૈરાગ્યનું સારી રીતે સેવન કરનારો, ૫૨

अहंकारं बलं दर्पं कामं क्रोधं परिग्रहम् ।
विमुच्य निर्ममः शान्तो ब्रह्मभूयाय कल्पते ।५३।

અહ્કાર, બળ, ગર્વ, કામ, ક્રોધ તથા પરિગ્રહને છોડી, મમતારહિત તથા શાત એવો પુરુષ બ્રહ્મભાવને પામવા સમર્થ થાય છે ૫૩

ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति ।
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ॥५४॥

બ્રહ્મને પામેલો અને આનદી આત્માવાળો કશાનો શોક કરતો નથી કે કશાની ઇચ્છા નથી કરતો સર્વ ભૂતોમા સમદૃષ્ટિવાળો તે મારી પરા (ઉત્તમ) ભક્તિને પામે છે ૫૪

भक्त्या मामभिजानाति यावान्यश्चास्मि तत्त्वतः ।
ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदनन्तरम् ॥५५॥

હું જેટલા પરિમાણવાળો છુ અને જેવો છુ તે વિષે ભક્તિથી તત્ત્વપૂર્વક તેમને જાણે છે પછી મને તત્ત્વપૂર્વક જાણીને જ તે મને મળે છે ૫૫

सर्वकर्माण्यपि सदा कुर्वाणो मद्व्यपाश्रयः ।
मत्प्रसादादवाप्नोति शाश्वतं पदमव्ययम् ॥५६॥

મારો સપૂર્ણ આશ્રય રાખીને નિરતર સર્વ કર્મોને કરવા છતા પણ મારી કૃપાથી જ શાશ્વત અવ્યય પદને તે પામે છે ૫૬

चेतसा सर्वकर्माणि मयि सन्यस्य मत्परः ।
बुद्धियोगमुपाश्रित्य मच्चित्तः सततं भव ॥५७॥

ચિત્તથી સર્વ કર્મોને મારામા સમર્પણ કરી, મારે અધીન થઈ, બુદ્ધિયોગનો આશ્રય કરીને, નિરતર મારે વિષે ચિત્ત રાખનાર તુ થા ૫૭

मच्चित्तः सर्वदुर्गाणि मत्प्रसादात्तरिष्यसि ।
अथ चेत्त्वमहङ्कारान्न श्रोष्यसि विनङ्क्ष्यसि ।५८।

મારે વિષે ચિત્ત રાખનાર તુ, મારી કૃપાથી સવ દુર્ગો(કામ ક્રોધાદિ કિલ્લા)ને ઓળગી જઈશ જો કદાપિ તુ અહકારથી આ ઉપદેશ સાભળીશ નહિ તો વિનાશ પામીશ ૫૮

यदहङ्कारमाश्रित्य न योत्स्य इति मन्यसे ।
मिथ्यैष व्यवसायस्ते प्रकृतिस्त्वां नियोक्ष्यति ॥

અહકારનો આશ્રય કરીને, હુ યુદ્ધ નહિ કરુ એમ જે તુ માને છે એ તારો નિશ્ચય ખોટો છે કારણ કે તને પ્રકૃતિ નક્કી યુદ્ધમા જોડશે ૫૯

स्वभावजेन कौंतेय निबद्धः स्वेन कर्मणा ।
कर्तुं नेच्छसि यन्मोहात्करिष्यस्यवशोऽपि तत्६०

પોતાના સ્વભાવજન્ય કર્મો વડે હે કૌન્તેય, નિરન્તર બધાયેલો એવો તુ મોહને લીધે જે કરવા ઇચ્છતો નથી, તે તુ પરવશ થઇને પણ કરીશ ૬૦

ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।
भ्रामयन्सर्वभूतानि यन्त्रारूढानि मायया ॥६१॥

યત્ર ઉપર બેસાડેલા પૂતળાની પેઠે સર્વ ભૂતોને પોતાની માયાવડે ભમાવતો ઇશ્વર સર્વ ભૂતોના હૃદયસ્થળમા હે અર્જુન, રહે છે ૬૧

तमेव शरणं गच्छ सर्वभावेन भारत ।
तत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम्

સર્વ ભાવથી હે ભારત, તેને શરણે જા, તેની કૃપાથી પરમ શાતિ અને સનાતન ધામને તુ પામીશ ૬૨

इति ते ज्ञानमाख्यातं गुह्याद्गुह्यतरं मया ।
विमृश्यैतदशेषेण यथेच्छसि तथा कुरु ॥६३॥

એ રીતે ગુહ્યમા પણ અતિ ગુહ્ય એવુ જ્ઞાન મે તને કહ્યુ છે, હવે તે વિષે સપૂર્ણ વિચારીને જેમ તારી ઇચ્છામા આવે તેમ કર ૬૩

सर्वगुह्यतमं भूयः शृणु मे परमं वचः ।
इष्टोऽसि मे दृढमिति ततो वक्ष्यामि ते हितम्६४

વળી ફરીને ગુહ્યમા પણ અતિ ગુહ્ય મારુ પરમ વચન સાભળ, કેમકે તુ મને ઘણોજ માનીતો છે, તે માટે હુ તને તારા હિતની એક વાત કહુ છુ ૬૪

मन्मना भव मद्भक्तो मद्याजी मा नमस्कुरु ।
मामेवैष्यसि सत्य ते प्रतिजाने प्रियोऽसि मे ६५

"તુ મારે વિષે મન રાખનારો થા, મારો ભક્ત થા, મારુ યજન કરનારો થા ને મને નમસ્કાર કર તુ જરુર મનેજ પામીશ આ સત્ય પ્રતિજ્ઞા છે, તુ મને પ્રિય છે ૬૫

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥

સર્વ ધર્મોનો પરિત્યાગ કરી એક મારેજ શરણે આવ હુ તને સર્વ પાપોથી મુકત કરીશ, (માટે) શોક ના કર ૬૬

इदं ते नातपस्काय नाभक्ताय कदाचन ।
न चाशुश्रूषवे वाच्य न च मा योऽभ्यसूयति ६७

આ રહસ્ય તારે કદિ ન કેહેવુ તપશ્ચર્યા ન કરનારને તેમ ન કેહેવુ ભક્તિરહિત જનને અને

ન કહેવુ સાભળવાની ઇચ્છારહિતને, અને ન કહેવુ જે મારો દ્વેષ કરે છે તેને ૬૭

य इदं परमं गुह्यं मद्भक्तेष्वभिधास्यति ।
भक्तिं मयि परां कृत्वा मामेवैष्यत्यसंशयं ।६८।

જે કોઈ આ પરમ રહસ્ય મારામા પરમ ભક્તિ રાખી મારા ભક્તોમા ફેલાવશે તે નિ સ-શય મને જ પામશે ૬૮

न च तस्मान्मनुष्येषु कश्चिन्मे प्रियकृत्तमः ।
भविता न च मे तस्मादन्यः प्रियतरो भुवि॥६९॥

અને તેના કરતા મનુષ્યોમા બીજો કોઇ પણ મને અત્યત પ્રિય નથી અને પૃથ્વીમા તેનાથી મને પ્રિય બીજો કોઈ થવાનો પણ નથી ૬૯

अध्येष्यते च य इमं धर्म्यं संवादमावयोः ।
ज्ञानयज्ञेन तेनाहमिष्टः स्यामिति मे मतिः ।७०।

અને ધર્મને અનુસરતા આ આપણા સવાદને જે ભણશે તેણે જ્ઞાનયજ્ઞવડે મને પૂજ્યો એવો મારો મત છે ૭૦

श्रद्धावाननसूयश्च शृणुयादपि यो नरः ।
सोऽपि मुक्तः शुभाँल्लोकान्प्राप्नुयात्पुण्यकर्मणाम्।

જે શ્રદ્ધાવાન અને અસૂયારહિત પુરુષ આ સંવાદ સાંભળશે તે મુક્ત થઈ પુણ્યકર્મોવાળાના શુભ લોકોને પામશે ૭૧

कच्चिदेतच्छ्रुतं पार्थ त्वयैकाग्रेण चेतसा ।
कच्चिदज्ञानसंमोहः प्रणष्टस्ते धनंजय ॥ ७२ ॥

હે પાર્થ, તે આ એકાગ્ર ચિત્તે સાંભળ્યું કે કેમ? હે ધનંજય, તારો અજ્ઞાનજનિત સંમોહ સારી રીતે નાશ પામ્યો કે? ૭૨

अर्जुन उवाच । અર્જુન કહે છે,

नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाच्युत ।
स्थितोऽस्मि गतसन्देहः करिष्ये वचनं तव ।७३।

આપની પ્રસન્નતાથી હે અચ્યુત, મારો મોહ નાશ પામ્યો છે મને સ્મૃતિ પ્રાપ્ત થઈ છે, હું સંદેહ રહિત થયો છું હવે આપના વચન પ્રમાણે ચાલીશ ૭૩

संजय उवाच । સંજય કહે છે,

इत्यहं वासुदेवस्य पार्थस्य च महात्मनः ।
संवादमिममश्रौषमद्भुतं रोमहर्षणम् ॥ ७४ ॥

એવી રીતે મેં વાસુદેવનો અને મહાત્મા પાર્થનો રુવાં ઉભાં કરે એવો આ અદ્‌ભુત સંવાદ આપને સંભળાવ્યો છે ૭૪

व्यासप्रसादाच्छ्रुतवानेतद्गुह्यमहं परम् ।

योगं योगेश्वरात्कृष्णात्साक्षात्कथयतः स्वयम् ॥

જે યોગને સાક્ષાત્ યોગેશ્વર શ્રીકૃષ્ણ પોતે કહેતા હતા તે આ પરમ ગુહ્યયોગ મેં શ્રીવેદ-વ્યાસના પ્રસાદથી સાભળ્યો હતો ૭૫

राजन्संस्मृत्य संस्मृत्य संवादमिममद्भुतम् ।

केशवार्जुनयोः पुण्यं हृष्यामि च मुहुर्मुहुः॥७६॥

હે રાજન્, કેશવ અને અર્જુનનો આ પુણ્ય-પ્રદ અને અદ્ભુત સવાદ સભારી સભારીને, હુ વારવાર હરખાઉ છુ ૭૬

तच्च संस्मृत्य संस्मृत्य रूपमत्यद्भुतं हरेः ।

विस्मयो मे महान्राजन्हृष्यामि च पुनः पुनः ॥

શ્રી હરિના તે અતિ અદ્ભુત રૂપને સભારી સભારી હે રાજન્, મને મોટો વિસ્મય થાય છે, અને ફરી ફરીને હુ હરખાઉ છુ. ૭૭

यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः ।

तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥७८॥

જ્યા યોગેશ્વર શ્રીકૃષ્ણ અને જ્યા ધનુર્ધર પાર્થ છે, ત્યા લક્ષ્મી, વિજય, સપત્તિ અને અચલ નીતિ છે, એવો મારો દૃઢ અભિપ્રાય છે ૭૮

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां यागशास्त्रे श्रीकृष्णार्जुनसवादे सन्यास-योगो नामाष्टादशोऽध्याय ॥ १८ ॥

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતારૂપ ઉપનિષદોમા બ્રહ્મવિદ્યારૂપ અને યોગશાસ્ત્રરૂપ શ્રીકૃષ્ણાર્જુનસવાદમા મોક્ષ સન્યાસયોગ નામનો ૧૮ મા અ યાય સપૂર્ણ

શ્રીકૃષ્ણાર્પણમસ્તુ

श्रीकृष्णार्पणमस्तु ॥ शुभं भवतु ॥

સમાપ્ત

१ दानमयूख —मीमासकश्रीनीलकण्ठ- मू रु आ पै
भट्टविरचित । अत्र दानसामान्येतिकर्त
व्यता, मण्डपादिलक्षणम्, रजतादितु-
लाविधि दानानि दानप्रयोगाश्च विस्त
रेण निरूपिता । मू रु २—०—०

२ उत्सर्गमयूख —मीमासकश्रीनील
कण्ठभट्टविरचित । अत्रवापीकूपतडा-
गारामाणामुत्सर्गविधि. कथित । मू रु ०—३—०

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]